શ્રી

# તાત્ત્વિક લેખસંગ્રહ

[ ૨૫ લેખોનો સંગ્રહ ]

-: લેખક :-

આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

-: પ્રકાશક :-

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર.

# તાત્ત્વિક લેખસંગ્રહ

[ પચીશ લેખોનો સંગ્રહ ]

લેખક :

આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

પ્રકાશક :

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

વીર સં. ૨૪૭૬ ] *** [ વિ. સં. ૨૦૦૬

મૂલ્ય રૂા. બે

પ્રથમાવૃત્તિ

પ્રત ૧૦૦૦

મુદ્રક :—
શ્રી મહોદય પ્રિન્ટીંગ પ્રેસ,
ભાવનગર.


# વિષયાનુક્રમ


| નંબર | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | દેહાધ્યાસીને ... ... ... ... ... | ૧ |
| ૨ | બોધસુધા ... ... ... ... ... | ૫ |
| ૩ | સર્વોત્તમ અતિથિ ... ... ... ... | ૮ |
| ૪ | સેવાધર્મ ... ... ... ... ... | ૧૪ |
| ૫ | ધનની મહત્ત્વતા શા માટે? ... ... ... | ૧૯ |
| ૬ | ત્યાગથી સુખ... ... ... ... ... | ૨૪ |
| ૭ | ધર્માધર્મમીમાંસા ... ... ... ... | ૩૦ |
| ૮ | પ્રભુ પ્રત્યક્ષ છે ... ... ... ... | ૪૧ |
| ૯ | ભોગમીમાંસા ... ... ... ... ... | ૪૯ |
| ૧૦ | પ્રભુદર્શન ... ... ... ... ... | ૬૮ |
| ૧૧ | આત્મા દેહવ્યાપી શામાટે? ... ... ... | ૭૪ |
| ૧૨ | સત્કાર્યવાદ ... ... ... ... ... | ૮૧ |
| ૧૩ | નિશ્ચય અને વ્યવહાર ... ... ... ... | ૯૭ |
| ૧૪ | વિશ્વવ્યાપક પદાર્થો ... ... ... ... | ૧૦૯ |
| ૧૫ | સંબંધમીમાંસા ... ... ... ... | ૧૨૨ |
| ૧૬ | તાત્ત્વિક વિચારણા ... ... ... ... | ૧૩૪ |
| ૧૭ | પર્યુષણા ... ... ... ... ... | ૧૫૦ |
| ૧૮ | પ્રાપ્યાપ્રાપ્યમીમાંસા ... ... ... ... | ૧૫૯ |
| ૧૯ | શ્રી મહાવીર પ્રભુનો સત્યાગ્રહ ... ... ... | ૧૭૫ |
| ૨૦ | નોજીવમીમાંસા ... ... ... ... | ૧૮૧ |
| ૨૧ | આત્માની ઓળખાણ ... ... ... ... | ૧૯૩ |
| ૨૨ | શ્રી મહાવીર પ્રભુની અહિંસા ... ... ... | ૨૦૩ |
| ૨૩ | સ્યાદ્વાદ–રહસ્ય ... ... ... ... | ૨૧૧ |
| ૨૪ | કર્મ–પ્રકૃતિ ... ... ... ... ... | ૨૧૮ |
| ૨૫ | અક્ષરઅનક્ષરમીમાંસા ... ... ... ... | ૨૨૮ |

# નિવેદન.

रागाद्वा द्वेषाद्वा मोहाद्वा वाक्यमुच्यते ह्यनृतम् ।
यस्य तु नैते दोषास्तस्यानृतकारणं किं स्यात् ॥ १ ॥

સંસારમાં જીવો રાગથી, દ્વેષથી અને મોહ-અજ્ઞાનથી અસત્ય બોલે છે. અર્થાત્ જૂઠું બોલવાના રાગાદિ ત્રણ કારણો છે. જેમનામાં આ ત્રણે કારણો નથી તેમને અસત્ય બોલવાનું બીજું કાંઈપણ કારણ હોતું નથી. રાગ, દ્વેષ તથા મોહ એ ત્રણે દોષો છે અને તે આત્મામાં વિકૃતભાવ-વિભાવના ઉત્પાદક છે. જ્યાંસુધી આત્માની વિભાવ દશા હોય છે ત્યાંસુધી આત્માનું જાણવું-જણાવવું, સમજવું-સમજાવવું તાત્ત્વિક હોતું નથી, તેથી તેમાં સત્યાંશ હોતો નથી. આત્મા સત્ય છે અને જ્ઞાન-દર્શન-ચારિત્ર તેનો સ્વભાવ છે, અર્થાત્ જ્ઞાનાદિસ્વરૂપ આત્મા છે તે સ્વસ્વરૂપથી ભ્રષ્ટ થતો નથી; કારણ કે જ્ઞાનાદિસ્વરૂપનો નાશ થાય તો આત્માનો પણ નાશ થવાનો પ્રસંગ ઉપસ્થિત થાય માટે વિભાવ એટલે સ્વરૂપનાશ નહિ પણ રાગાદિ દોષોના આવરણથી વિરૂપ આભાસ થવો, અતાત્ત્વિક જાણવું-જણાવવું, જેમકે-કરિયાતું અથવા મીઠું ભળેલી સાકર પોતાના મિઠાશ સ્વભાવને છોડતી નથી પણ કડવાશ અથવા તો ખારાશરૂપ દોષના સંસર્ગને લઇને મીઠી લાગતી નથી, પણ ભિન્ન સ્વાદવાળી લાગે છે. સર્વથા મીઠીયે નહિ તેમ સર્વથા કડવી કે ખારી



પૂજ્યપાદ પંજાબ કેશરી

આચાર્ય મહારાજશ્રી

વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ

પણ નહિ, પણ વિચિત્ર સ્વાદવાળી જણાય છે, અને તેથી સાકરમાં મિઠાશ હોવા છતાં પણ તે મિષ્ટાન્ન બનાવી શકતી નથી; તેવી જ રીતે રાગાદિ દોષમિશ્રિત આત્મામાં સમ્યગ્‌જ્ઞાનાદિ હોવા છતાં પણ તે તાત્ત્વિક જાણવા-જણાવવા આદિનું કાર્ય કરી શકતો નથી, પણ જ્યારે રાગાદિ દોષો દૂર થવાથી શુદ્ધ થાય છે ત્યારે તે સમ્યગ્‌જ્ઞાનાદિ કાર્યનો સાધક બને છે.

રાગ, દ્વેષ, મોહરૂપ દોષોનો ક્ષય એટલે કે શુદ્ધ આત્મસ્વરૂપના આવારક ચાર ઘાતી કર્મોનો ક્ષય થવાથી આત્મા વીતરાગ બને છે. અને તેથી તેનું શુદ્ધાત્મસ્વરૂપ કેવળજ્ઞાન પ્રગટે છે, પછી તે સર્વજ્ઞ કહેવાય છે. આવા સર્વજ્ઞ દેવ શ્રી મહાવીર પ્રભુએ ચરાચર જગતનું તાત્ત્વિક સ્વરૂપ જાણવાને અને તે સાચી રીતે જાણીને સમ્યગ્‌જ્ઞાનદ્વારા આત્મશુદ્ધિ કરીને પૌદ્‌ગલિક પ્રપંચોથી મુક્તિ મેળવવાને માટે દ્રવ્ય, ચરણકરણ, ગણિત અને ધર્મકથા એમ ચાર અનુયોગોની અર્થથી પ્રરૂપણા કરી, જેને ગણધર લબ્ધિસંપન્ન ગૌતમ આદિ મહાપુરુષોએ ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસાની સરળતા માટે સૂત્રસંકલના કરી, જેના અવલંબનથી અનેક ભવ્ય જીવો તાત્ત્વિક જ્ઞાન મેળવીને આત્મવિકાસી બન્યા છે, બને છે અને બનશે.

દ્રવ્ય, ચરણકરણ, ગણિત તથા ધર્મકથારૂપ ચાર અનુયોગમાંથી દ્રવ્યાનુયોગને પ્રધાનતા આપવામાં આવી છે. સર્વથા દ્રવ્યાનુયોગશૂન્ય ચરણકરણાદિ ત્રણ અનુયોગ પ્રાયઃ આત્માની શુદ્ધિના સાધક બની શકતા નથી; કારણ કે જીવ દ્રવ્ય તથા અજીવ દ્રવ્યની સાચી ઓળખાણ સિવાય વીતરાગના ચારિત્રની ઓળખાણ થઇ શકતી નથી, અને ચારિત્રને સાચી રીતે ઓળખ્યા સિવાય તો વીતરાગની આજ્ઞા પ્રમાણે ચારિત્રની આરાધના થઇ શકે નહીં, અને તેથી આત્મપ્રદેશમાંથી કર્મરજ કાઢીને આત્માને સ્વચ્છ બનાવી શકાય નહિ. શ્રી શય્યંભવસૂરિ પણ કહે છે કે—

जो जीवे वि न याणेइ, अजीवे वि न याणेइ ।
जीवाजीवे अयाणंतो, कह सो नाहीइ संजमं ॥ १ ॥
जो जीवे वि वियाणेइ, अजीवे वि वियाणइ ।
जीवाजीवे वियाणंतो, सो हु नाहीइ संजमं ॥ २ ॥

વીતરાગનો દ્રવ્યાનુયોગનો સિદ્ધાંત સમ્યગ્જ્ઞાનનો હેતુ હોવાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ તથા શુદ્ધિનો અદ્વિતીય સાધક છે, કે જે એક આત્મસ્વરૂપ હોઈને તાત્ત્વિક દર્શન છે, તેથી તે વીતરાગપણાનો સૂચક છે. વીતરાગના દ્રવ્યાનુયોગના સિદ્ધાંત સિવાય અન્ય કોઈપણ સિદ્ધાંત મધ્યસ્થતા જાળવવાને સફળતા મેળવી શકયો નથી. તેમજ વિષમ ભાવોની દુર્ભેદ્ય વિષમ ગ્રન્થિ-ભેદ પણ વીતરાગનો સિદ્ધાંત જ કરી શકયો છે. વિષમ દૃષ્ટિરૂપ ભાવરોગ મટાડીને સમદૃષ્ટિરૂપ ભાવ આરોગ્યતા દ્રવ્યાનુયોગના ઔષધ સિવાય પ્રાપ્ત થઇ શકતી નથી. આ સર્વ કારણોને લઈને જ વીતરાગકથિત દ્રવ્યાદિ ચારે અનુયોગોમાં બીજા ત્રણ અનુ-યોગોને ગૌણ રાખીને દ્રવ્યાનુયોગને પ્રધાન માનવામાં આવ્યો છે.

સર્વજ્ઞોના સંકેતો સમજવા સહેલા નથી. જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી ઘણું સારું જણાય ખરું, પણ સાથે સાથે દર્શન-મોહના ક્ષયોપશમ સિવાય સાચું સમજાય નહિં. સાચું સમજ્યા સિવાય ઘણું સારું જાણવા માત્રથી શાશ્વત શાંતિ, આનંદ, સમભાવ અને સુખવાળા આત્મસ્વરૂપ પરમાત્માનું દર્શન પ્રાપ્ત થાય નહિ, અને અમુક અંશે પણ પરમાત્મદર્શન સિવાયના સુખ–શાંતિ તથા આનંદ પુદ્ગલાનંદીપણે અવિવેકી જીવોની અસત્કલ્પના માત્ર છે, અને તેથી તે સુખ–શાંતિ આદિ વિપરીત પરિણામમાં પરિણમતાં પ્રત્યક્ષ જણાય છે. સચરાચર જગતને જાણવાને તથા સમજવાને માટે અલ્પજ્ઞ અજ્ઞાની જીવોએ ભિન્ન


ભિન્ન ભાષાઓમાં જે સંકેતોનો સંચય કર્યો છે તેને જાણવા સમજવા પ્રયાસ કરીને સર્વજ્ઞોના વચનોની અવહેલના કરનાર કહેવાતા જ્ઞાની તથા વિદ્વાનોની પ્રશંસાનું પાત્ર બની પ્રસન્ન થવું તે મિથ્યામોહનું દાસત્વપણું સ્પષ્ટ સૂચવે છે. મિથ્યાજ્ઞાનથી વિકૃત દૃષ્ટિને લઇને સર્વજ્ઞદર્શિત યથાર્થ ભાવોને અન્યથાપણે જાણી સમજીને અન્યથાપણે જણાવવામાં આવે તો તેથી કાંઇ તે ભાવો પોતાના સ્વભાવથી ચ્યૂત થઇને અન્યથાપણે પરિણમતા નથી અર્થાત્ મિથ્યા પ્રરૂપકની પ્રરૂપણામાં પરિણમતા નથી; પણ સત્ય દ્રષ્ટા સર્વજ્ઞોના વચનોને અનુસરે છે. મિથ્યામોહગર્ભિત જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી કહેવાતા જ્ઞાની તથા વિદ્વાન સર્વજ્ઞોના વચનોને અસત્ય જાણી જણાવીને તેનો અનાદર કરવાનું સાહસ કરે છે, પણ મિથ્યામોહના ઉપશમભાવવાળો ભવ્ય જીવ તો અલ્પજ્ઞ હોય તો પણ સર્વજ્ઞોના વચનોને પોતાની અલ્પ બુદ્ધિથી દૂષિત કરતો નથી, પણ સાચી રીતે જાણી જણાવીને બહુમાનપૂર્વક અત્યાદર કરે છે. કદાચ જ્ઞાનાવરણના પ્રભાવથી ભાષાની ત્રુટીને લઇને અન્યથા જણાય અને પછી પરોપદેશથી કે સ્વતઃ આવરણનું અંતર ખસી જવાથી દૃષ્ટિની શુદ્ધિથી સાચું જણાતાં કદાગ્રહને આધીન થતો નથી, પણ સ્વતંત્રપણે સાચાનો ઉપાસક બને છે, કારણ કે તેની દૃષ્ટિ મિથ્યા મળ વગરની સ્વચ્છ હોવાથી તે જાણે છે અને શ્રધ્ધે છે કે રાગ–દ્વેષમુક્ત વીતરાગ પુરુષ સર્વજ્ઞ હોવાથી તેમનાં વચનોમાં અસત્યનો અંશ પણ હોતો નથી. તેઓશ્રી સર્વથા સત્યના જ્ઞાતા અને વક્તા હોય છે.

નિરાવરણ આત્મસ્વરૂપ સર્વજ્ઞ પ્રભુશ્રીના ચારે અનુયોગોમાં સમ્યગ્જ્ઞાન, દર્શન તથા ચારિત્રનું સ્વરૂપ જાણવાનું તથા આદરવાનું સાચી રીતે વર્ણવ્યું છે. અને તેથી ચારે અનુયોગ સકર્મક જીવોની આત્મશુદ્ધિના સાધક છે, છતાં દ્રવ્યાનુયોગ શેષ અનુયોગોને સાચી રીતે જાણવાને, શ્રદ્ધવાને તથા આદરવાને

સરળતા કરી આપતો હોવાથી તેને અગ્રસ્થાન આપ્યું છે. તેથી તેનું પરિશીલન ભાવશુદ્ધિની ભાવનાવાળાને અત્યાવશ્યક છે. જો કે દ્રવ્યાનુયોગ સમજવાને જ્ઞાનાવરણીયના ક્ષયોપશમપૂર્વક ઉપયોગની સ્થિરતાની પણ જરૂરત છે, છતાં અલ્પ પ્રજ્ઞાવાળા પણ આત્મશુદ્ધિની ભાવનાથી જો વારંવાર પરિશીલન કરે તો જ્ઞાનાવરણના ક્ષયોપશમપૂર્વક મિથ્યામોહના ઉપશમભાવને પણ પ્રાપ્ત કરી શકે છે, છતાં છદ્મસ્થ જીવને દ્રવ્યાનુયોગના ગહન વિષયમાં સ્ખલના પામવાનો સંભવ રહે છે. તો યે સમ્યગ્ જ્ઞાનપૂર્વક એકાંત સ્વપરના આત્મહિતની ભાવનાવાળો ભવ્ય જીવ દોષનું પાત્ર બનતો નથી કારણ કે તેની પ્રભુના સમ્યગ્ સિદ્ધાંતને દૂષિત કરવાની ભાવના હોતી નથી. તેથી તે પોતાની સ્ખલના જણાતાં સુધારી લે છે, પણ જાણપણાના મિથ્યાભિમાનને લઈને કદાગ્રહને આધીન થતો નથી. તેનું મુખ્ય કારણ તો મિથ્યામોહનો ઉપશમભાવ હોય છે. અને વીતરાગ પ્રભુના સિદ્ધાંતોને સાચી રીતે સમજવાને માટે ઉપશમભાવની અત્યંત આવશ્યકતા હોય જ છે. પૂર્વના મહાપુરુષો સમ્યગ્જ્ઞાન, દર્શન તથા ચારિત્રની પ્રાપ્તિ માટે પ્રભુના સિદ્ધાંતોનું વાંચન, શ્રવણ તથા મનન કરવાનું કહી ગયા છે. તેમના વચનોનું યથાશક્તિ પાલન કરવા આ પુસ્તકમાં પ્રયાસ કરવામાં આવ્યો છે, તો કોઈપણ સ્થળે પ્રભુના સિદ્ધાંત વિરુદ્ધ સમજીને લખાયું હોય તો મિચ્છામિ દુક્કડં.

**—આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ**

આ પુસ્તકના લેખક–



પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રી

વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

# ઉપોદ્ઘાત.

વિદ્વાન પુરુષોના હાથથી લખાયેલ લેખો, સાહિત્ય અને ધર્મ-ક્ષેત્રોમાં ચિરસ્થાયી સ્થાન ભોગવે છે. આવા લેખો લખવામાં ઉંડા અભ્યાસ, સમન્વયશક્તિ અને એકાગ્રતાની જરૂર છે. તેમાં પણ આપણા પૂજ્ય સાધુ મહારાજા લેખો લખે ત્યારે તેમના જીવનમાં ઓતપ્રોત થયેલ ઉચ્ચ ચારિત્ર-ભાવના પણ પ્રકાશિત થાય છે.

આપણા સમાજમાં આચાર્ય મહારાજશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજના ચારિત્ર, મર્મગ્રાહી સમન્વયશક્તિ અને હૃદયપ્રવેશી લેખનપદ્ધતિથી ભાગ્યે જ કોઈ અજાણ હશે. તેઓ તાત્ત્વિક અને ગહન વિષય હાથમાં લેવા છતાં તેને પોતાની હૃદયંગમ શૈલીથી દરેક વિદ્વાન કે સુજ્ઞ, બાલ કે પ્રૌઢ સૌ સમજી શકે તેવી સાદી અને હળવી ભાષામાં રજૂ કરી શકે છે અને તે કારણે જ તેઓશ્રીના લેખો ચોમેરથી પ્રશંસા પ્રાપ્ત કરી રહ્યા છે.

તેઓશ્રી ન્યાયાંભોનિધિ સ્વ. જૈનાચાર્ય શ્રી વિજયાનંદસૂરિજીના શિષ્ય સ્વ. મુનિશ્રી ઉદ્યોતવિજયજીના શિષ્ય છે. અધ્યાત્મપ્રિય અને કર્તવ્યનિષ્ઠ હોવાથી ફક્ત ભવ-તરણીય જ્ઞાન-ધ્યાન અને તેવી જ લેખનપ્રવૃત્તિમાં મશગૂલ રહે છે.

આ પુસ્તકમાં તેઓશ્રીના "**શ્રી જૈન ધર્મ પ્રકાશ**" માસિકમાં જૂદે જૂદે સમયે પ્રગટ થયેલા સં. ૧૯૯૮ થી સં. ૨૦૦૬ સુધીમાં પ્રકાશિત થયેલા લેખોનો સંગ્રહ પ્રસિદ્ધ કરવામાં આવે છે. જે લેખો પોતે જ તત્ત્વાજ્ઞાન અને અધ્યાત્મ-રસથી ભરપૂર હોવાથી તે સંબંધી અમારે અત્રે કંઈ જ વિશેષ

કહેવાનું રહેતું નથી. તેઓશ્રીની પ્રેરણાથી આ ગ્રંથ-પ્રકાશનમાં **શ્રી** પાલનપુર તપગચ્છ-ઉપાશ્રયના જ્ઞાનખાતા તરફથી આર્થિક સહાય, શેઠશ્રી ગગલભાઈ ચેલાજી મારફત મળી છે, જે માટે તેઓનો આભાર માનવામાં આવે છે.

આ લેખો જૈનદર્શનના મૂળભૂત સિદ્ધાંતો ઉપર ઘણો પ્રકાશ પાડે છે. તાત્ત્વિક શૈલિએ ન્યાય અને બુદ્ધિગમ્ય ભાષામાં દાખલા-દલીલો સાથે લેખો લખાયા છે. અલબત, કેટલાક લેખોનો વિષય ગહન હોવાથી કઠીન છે, પણ બની શકે તેટલો તે વિષય કાળજીપૂર્વક વાંચવાથી સમજી શકાય તેવો લખવામાં આવ્યો છે. આવા લેખો સમજવાને જૈનદર્શનના સિદ્ધાંતોનો પૂર્વ અભ્યાસ અને પૂર્વ પરિચય આવશ્યક છે. આ લેખો જૈનદર્શનમાં એક કાયમી સાહિત્ય પૂરું પાડે છે, એટલે પુસ્તકાકારે છપાવવામાં આવે છે. જૂદા જૂદા લેખોનો ક્રમવાર સંક્ષિપ્ત સાર અહીં આપવામાં આવે છે—

( ૧ ) '**દેહાધ્યાસીને**' આ પહેલા લેખમાં—બહારથી દેખાતા સુંદર શરીરની અંદર રહેલ મળમૂત્ર, માંસ આદિ ઘૃણાપાત્ર મલિનતાનું ભાન કરાવી અશુચિ ભાવનાનું સ્વરૂપ બતાવેલ છે, અને તે ભાવના ભાવતાં સંસારી જીવને શરીરની અસારતા સમજી દેહ ઉપરનો મોહ છોડવા ઉપદેશ આપવામાં આવ્યો છે.

( ૨ ) '**બોધસુધા**' આ બીજા લેખમાં-માનવીના વ્યાવહારિક, નૈતિક અને આધ્યાત્મિક જીવનને પ્રેરણાદાયી બોધવચનો આપવામાં આવ્યા છે.

( ૩ ) '**સર્વોત્તમ અતિથિ**'વાળા ત્રીજા લેખમાં—બાર મહિને આવતા પર્યુષણ જેવા ઉત્તમ અતિથિનો સત્કાર કેવી રીતે કરવો અર્થાત્ તે પર્વમાં આપણે શું શું ક્રિયાનુષ્ઠાન કેવી રીતે કરવું તેનો સુંદર ભાષામાં ખ્યાલ આપવામાં આવ્યો છે.

(૪) '**સેવાધર્મ**'વાળા ચોથા લેખમાં-લૌકિક અને લોકોત્તર એમ બે પ્રકારની સેવાના માર્ગો બતાવવામાં આવ્યા છે અને પ્રભુ મહાવીર પ્રાણીમાત્રના લોકોત્તર સેવક હતા તેનું વર્ણન આપવામાં આવ્યું છે. લૌકિક સેવાથી પણ લોકોત્તર સેવાની અધિકતા બતાવવામાં આવી છે.

(૫) "**ધનની મહત્ત્વતા શા માટે?**" આ પાંચમા લેખમાં-માણુસને ધનની લાલસા કેવી તીવ્ર હોય છે, ધનપ્રાપ્તિ માટે પોતાનું જીવન કેવી રીતે વેડફી નાખે છે, ધનવાન માણુસ-ને વિના લાયકાતે સમાજમાં મોટું સ્થાન શા માટે આપવામાં આવે છે, ધર્મરૂપી ધન મેળવવામાં માણુસ કેટલો પ્રમાદ રાખે છે વિગેરે હકીકત બતાવવામાં આવેલ છે.

(૬) '**ત્યાગથી સુખ**' આ છઠ્ઠા લેખમાં—બહિર્વસ્તુ-ઓનો ત્યાગ કરવાથી પૌદ્ગલિક ઉંચા પ્રકારનું સુખ અથવા સ્વર્ગાદિ સુખોની પ્રાપ્તિ મળશે એવી માન્યતાથી ત્યાગ કરનાર માણુસ વાસ્તવિક રીતે ભોગમાં સુખ માનનાર છે, ત્યાગમાં સુખ માનનાર નથી, આવો ત્યાગ આત્મઉન્નતિમાં બાધક છે, સાધક નથી, વિગેરે બતાવી ત્યાગનું સાચું સ્વરૂપ બતાવવામાં આવેલ છે.

(૭) '**ધર્માધર્મમીમાંસા**' આ સાતમા લેખમાં—ધર્મ અને અધર્મ એટલે વસ્તુનો સ્વભાવ અને વિભાવ એવો તાત્ત્વિક અર્થ બતાવી સૂક્ષ્મ રીતે સમીક્ષા કરેલ છે. જડ અને ચેતનના સંયોગથી એક બીજામાં કેવી વિકૃતિ દેખાય છે વિગેરે હકીકત તત્ત્વની દૃષ્ટિએ પૃથક્કરણ કરી લેખમાં મૂકેલ છે. આખો લેખ વાંચવા વિચારવા જેવો ગહન વિષયથી ભરેલો છે.

(૮) '**પ્રભુ પ્રત્યક્ષ છે**' આ આઠમા લેખમાં—આત્મા-નો સ્વભાવ કેવળજ્ઞાન સ્વરૂપ છે, કર્મના આવરણ આવવાથી આત્માના શુદ્ધજ્ઞાન સ્વભાવનો તિરોભાવ થાય છે, અને તે આવરણ

ખસી જવાથી આત્માના શુદ્ધજ્ઞાન સ્વભાવનો આવિર્ભાવ થાય છે. તેવી શુદ્ધદશામાં બિરાજતો આત્મા પ્રભુ છે. તે પ્રભુપદ કેવળજ્ઞાનીને પ્રત્યક્ષ છે; છદ્મસ્થને પરોક્ષ રીતે ઇંદ્રિયો અને મનદ્વારા તેનું જ્ઞાન થાય છે. જૈનદર્શનમાં બતાવેલ જ્ઞાનનું સ્વરૂપ આ લેખમાં બતાવેલ છે.

( ૯ ) '**ભોગમીમાંસા**' આ નવમા લેખમાં—જૈનદર્શનમાં વ્યવહારનયની અપેક્ષાએ આત્માને કર્તા, ભોક્તા માનવામાં આવે છે, નિશ્ચયનયની અપેક્ષાએ આત્માને અકર્તા, અભોક્તા માનવામાં આવે છે તે બતાવવા ભોગનું સ્વરૂપ શાસ્ત્રીય રીતે બતાવવામાં આવ્યું છે.

( ૧૦ ) '**પ્રભુદર્શન**' આ દશમા લેખમાં—પ્રભુના સાચા દર્શનનું સ્વરૂપ અને ફળ બતાવેલ છે. ખરી શ્રદ્ધા અને જ્ઞાન વિના ફક્ત પૌદ્ગલિક સુખ મેળવવાની ઇચ્છાથી કરવામાં આવતું દર્શન પૂજન ફક્ત મૂર્તિનું દર્શન છે, પણ વીતરાગ દશા પ્રાપ્ત કરવાના ઉદ્દેશથી કરેલ દર્શન પૂજન ખરૂં પ્રભુદર્શન છે.

( ૧૧ ) '**આત્મા દેહવ્યાપી શામાટે ?**' આ લેખમાં—આત્મા દેહપ્રમાણ જૈનદર્શનમાં શા માટે માનવામાં આવે છે, સર્વવ્યાપી કેમ માનવામાં આવતો નથી તેનું દલીલ સાથે સમર્થન કરવામાં આવેલ છે.

( ૧૨ ) '**સતકાર્યવાદ**' આ લેખમાં—સત્કાર્યવાદનું સ્વરૂપ બાતવેલ છે. સતકાર્યવાદ અને અસત્ કાર્યવાદની ચર્ચા દર્શનકારો વચ્ચે જૂના વખતથી ચાલી આવે છે. સાંખ્યદર્શન સતકાર્યવાદી છે, ન્યાયદર્શન અસતકાર્યવાદી છે. સાયન્સની પરિભાષામાં સત્કાર્યવાદ એટલે ઉત્ક્રાંતિવાદ ( Theory of Evolution ) અને અસતકાર્યવાદ એટલે ઉત્પત્તિવાદ ( Theory of Creation ). સતકાર્યવાદ કહે છે કે કાર્ય ( Effect ) કારણમાં ( Cause ) રહેલું છે, નવું ઉત્પન્ન થતું નથી, ફક્ત

કારણમાં પરિવર્તન થાય છે. અસતકાર્યવાદ કહે છે કે કાર્ય કારણમાં રહેતું નથી, પણ નવું ઉત્પન્ન થાય છે. જૈનદર્શન કહે છે કે કાર્ય કારણમાં દ્રવ્યરૂપે રહેલું છે, અને પર્યાયરૂપે નવું ઉત્પન્ન થાય છે અને આખું વસ્તુસ્વરૂપ દ્રવ્યપર્યાયરૂપ હોવાથી આ સવાલનો અપેક્ષાદષ્ટિથી–નયદૃષ્ટિથી જૈનદર્શન સમન્વય કરે છે.

આ લેખમાં ભગવાનના 'ક્રિયમાણં કૃતં'' વચનનો જમાલિએ વિરોધ કરી 'કૃતં કૃતં' વાદ સ્થાપિત કરવા જે દલીલો કરેલ છે તેની ચર્ચા લેખક મહારાજશ્રીએ કરેલ છે. લેખ વાંચવા–વિચારવા જેવો છે.

(૧૩) '**નિશ્ચય અને વ્યવહાર**'વાળા આ તેરમા લેખમાં—નિશ્ચય અને વ્યવહારનું સ્વરૂપ તાત્ત્વિક દૃષ્ટિએ બતાવવામાં આવેલ છે. નિશ્ચય દૃષ્ટિ એટલે વસ્તુના શુદ્ધ સ્વરૂપને પ્રધાનતા આપી બતાવવી; વ્યવહાર દૃષ્ટિ એટલે સામાન્ય જનતાને સ્થૂળ દૃષ્ટિથી જે સ્વરૂપે વસ્તુ દેખાય તેને પ્રધાનતા આપી બતાવવી; દા. ત. આત્મા શુદ્ધસ્વરૂપે જ્ઞાન–દર્શન–ચારિત્ર સ્વરૂપ છે, કર્તા નથી, ભોકતા નથી એ નિશ્ચય દૃષ્ટિથી આત્માનું સ્વરૂપ છે. સકર્મક આત્મા કર્તા છે, ભોક્તા છે, સુખી છે, દુઃખી છે તે વ્યવહાર દૃષ્ટિ છે.

લેખક મહારાજશ્રીએ નિશ્ચય અને વ્યવહારનું સ્વરૂપ જૂદા જૂદા દૃષ્ટિબિંદુથી બતાવ્યું છે. તત્ત્વજ્ઞાનની વિચારણામાં, ધર્મ અને સમાજ વ્યવસ્થાની ચર્ચામાં બંને દૃષ્ટિના સ્થાન બતાવ્યા છે. નિશ્ચયના અનાદરમાં સત્યનો હ્રાસ થાય છે, વ્યવહારના અનાદરમાં તીર્થનો ઉચ્છેદ થાય છે; માટે બંને વ્યવહાર અને નિશ્ચયને યોગ્ય સ્થાન મળવું જોઈએ, એવો સિદ્ધાંત પ્રતિપાદન કરવામાં આવ્યો છે.

(૧૪) '**વિશ્વવ્યાપક પદાર્થો**'વાળા ચૌદમા લેખમાં જૈનદર્શનમાં બતાવેલ મૂળભૂત છ દ્રવ્યો–જીવ, પુદ્ગલ, ધર્મા-

સ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળનું સ્વરૂપ સૂક્ષ્મ-દૃષ્ટિથી બતાવવામાં આવેલ છે. એક બીજાનો સંબંધ બતાવ્યો છે, રૂપી અને અરૂપીનો ભેદ બતાવ્યો છે; આખો લેખ વાંચવા-વિચારવા જેવો છે.

( ૧૫ ) '**સંબંધમીમાંસા**'વાળા પંદરમા લેખમાં—બે પ્રકારના સંબંધો સ્વરૂપસંબંધ અને સંયોગસંબંધનું સ્વરૂપ બતાવ્યું છે. ગુણ અને ગુણીનો અભેદ કેવી રીતે ઘટે તે સમજાવેલ છે. જ્ઞાન આત્માનો ગુણ હોવાથી જ્ઞાનગુણથી આત્મા સંસારી કે મુક્ત દશામાં જૂદો પડી શકતો નથી. આ બધી હકીકત લેખમાં સવિસ્તર મૂકવામાં આવેલ છે.

( ૧૬ ) '**તાત્ત્વિક વિચારણા**'વાળા સોળમા લેખમાં—વસ્તુનું નિરીક્ષણ સૂક્ષ્મ દૃષ્ટિથી અને સ્થૂલ દૃષ્ટિથી કેવી રીતે થઈ શકે તેની સમજણ આપેલ છે. ઇંદ્રિયજન્ય જ્ઞાન સ્થૂલ દૃષ્ટિનો વિષય છે. ચક્ષુ, કર્ણ આદિ ઇંદ્રિયો પોતાના વિષયોને કેવી રીતે ગ્રહણ કરે છે, કયા કયા પદાર્થો ઇંદ્રિયોના વિષય બનતા નથી, અતીન્દ્રિય જ્ઞાન પ્રાપ્ત કરવાને કયા કયા સાધનોની જરૂર છે વિગેરે જ્ઞાનપ્રાપ્તિના સાધનોની આ લેખમાં ચર્ચા છે.

( ૧૭ ) '**પર્યુષણા**' આ સત્તરમા લેખમાં—પર્યુષણપર્વનું મહાત્મ્ય બતાવેલ છે. ગૃહસ્થો અને સાધુઓનું કર્તવ્ય બતાવેલ છે. આ પર્વ રાગદ્વેષ ઓછા કરી, કષાયનો ત્યાગ કરી, મનને આત્મસ્વરૂપમાં જોડી ઉજવવા ઉપદેશ આપવામાં આવ્યો છે.

( ૧૮ ) '**પ્રાપ્યાપ્રાપ્યમીમાંસા**'વાળા અઢારમા લેખમાં-બાહ્યની વસ્તુઓનું ઈંદ્રિયોદ્વારા જ્ઞાન થતી વખતે પાંચ ઈંદ્રિયો પૈકી સ્પર્શ રસ ઘ્રાણ તથા કર્ણેન્દ્રિય એ ચાર ઈંદ્રિયો બહારની વસ્તુઓ સાથે સંયોગ સંબંધથી જોડાઇને બોધ કરાવે છે માટે પ્રાપ્યકારી કહેવામાં આવે છે. ચક્ષુ અને મન બહારની વસ્તુ

સાથે જોડાયા વિના બોધ કરાવે છે, માટે અપ્રાપ્યકારી કહેવામાં આવે છે. જૈનદર્શનના મંતવ્યનું આ લેખમાં સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે.

( ૧૯ ) '**શ્રી મહાવીર પ્રભુનો સત્યાગ્રહ**' આ લેખમાં-આધિભૌતિક અને આધ્યાત્મિક એમ બે પ્રકારના સત્યાગ્રહ બતાવ્યા છે. આધ્યાત્મિક સત્યાગ્રહમાં આત્મસંપત્તિ પ્રાપ્ત કરવાનો ઉદ્દેશ હોવાથી મોહની ગુલામીમાંથી છૂટવાનો પ્રયાસ કરવામાં આવે છે; આધિભૌતિકમાં પૌદ્ગલિક સંપત્તિ મેળવવાનો ઉદ્દેશ હોવાથી પારકાની પરાધીનતામાંથી મુક્ત થવાનો પ્રયાસ કરવામાં આવે છે. શ્રી મહાવીરનો સત્યાગ્રહ કેવો આધ્યાત્મિક હતો તે પ્રભુના જીવનના દૃષ્ટાંતોથી આ લેખમાં બતાવવામાં આવેલ છે.

( ૨૦ ) '**નોજીવમીમાંસા**'—જૈન સિદ્ધાંતમાં જીવ અને અજીવ બે પદાર્થો માનવામાં આવ્યા છે. તે બંનેમાં સંપૂર્ણ વિશ્વનો સમાવેશ થઇ જાય છે. રોહગુપ્ત નામના આચાર્યે 'નોજીવ' નામનો ત્રીજો પદાર્થ માની ત્રીજા જૂદા પદાર્થની પ્રરૂપણા કરેલ છે. નોજીવરાશિની પ્રરૂપણા દાખલા દલીલ કે શાસ્ત્રના આધારથી ટકી શકે તેવી નથી એવું આ લેખમાં દલીલોથી સમજાવવામાં આવ્યું છે.

( ૨૧ ) '**આત્માની ઓળખાણ**' આ લેખમાં—આત્મા-આત્મતત્ત્વની સાબિતી કેવી રીતે પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રમાણથી થઇ શકે તે બતાવેલ છે.

( ૨૨ ) '**શ્રી મહાવીર પ્રભુની અહિંસા**' આ લેખમાં-અહિંસાનું તાત્ત્વિક સ્વરૂપ બતાવેલ છે. બીજાઓ અહિંસાને અંગે જે માન્યતા ધરાવે છે તે કેટલે દરજ્જે અપૂર્ણ ભૂલ-ભરેલી છે તે આ લેખમાં સમજાવવામાં આવ્યું છે અને શ્રી મહાવીર પ્રભુના જીવનના દૃષ્ટાંતોથી અહિંસાનું સાચું સ્વરૂપ સાબિત કરેલ છે.

( ૨૩ ) '**સ્યાદ્વાદ-રહસ્ય**' આ લેખમાં જૈન દર્શનના સ્યાદ્વાદની સમજણ આપવામાં આવેલ છે. વેદાંતમાં જેમ અદ્વૈત-વાદ, સાંખ્યમાં પુરૂષ-પ્રકૃતિ-દ્વૈતવાદ, બૌધમાં જેમ ક્ષણિકવાદ અને વિજ્ઞાનવાદ વસ્તુસ્વરૂપ બતાવનાર મૌલિક સિદ્ધાંતો છે તેમ અનેકાંતવાદ જૈનદર્શનનો મૌલિક સિદ્ધાંત છે. તે સિદ્ધાંત ને પ્રતિ-પાદન કરનાર શૈલી સ્યાદ્વાદ છે. લેખક મહારાજશ્રીએ આ લેખમાં સ્યાદ્વાદનું સ્વરૂપ બતાવેલ છે. સ્યાદ્ અને એવ શબ્દથી શું શું સુચિત થાય છે તેનો તાત્ત્વિક દૃષ્ટિએ દૃષ્ટાંતો આપી સ્ફોટ કર્યો છે.

( ૨૪ ) '**કર્મપ્રકૃતિ**' આ લેખમાં સંસારના મૂળની બે પ્રકૃતિઓ-જીવ પ્રકૃતિ અને અજીવ પ્રકૃતિ, અર્થાત્ આત્મપ્રકૃતિ અને કર્મપ્રકૃતિનું સ્વરૂપ બતાવેલ છે. કર્મના અનાદિકાળના આત્મા સાથેના સંબંધથી આત્માની કેવી વિકૃત દશા જોવામાં આવે છે; કર્મપ્રકૃતિ મુખ્યપણે આઠ છે તેનું વિવેચન કરવામાં આવેલ છે. મોહનીયકર્મનું સામર્થ્ય બતાવેલ છે, આખો લેખ મનનપૂર્વક વાંચવા જેવો છે.

( ૨૫ ) '**અક્ષરઅનક્ષરમીમાંસા**' આ લેખમાં સત્-( Reality )નું જે સ્વરૂપ ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મકસત જૈન સિદ્ધાંતમાં બતાવેલ છે, તેનું પૃથક્કરણ કરી રહસ્ય સમજાવેલ છે. વસ્તુમાં ધ્રૌવ્યતા એક સ્થિર સ્થાયી તત્ત્વ છે, તે તત્ત્વ અન-ક્ષર અવિનાશી છે અને ઉત્પાદવ્યયતા ક્ષર તત્ત્વ છે. અનક્ષર તત્ત્વને દ્રવ્ય કહેવામાં આવે છે. ક્ષર તત્ત્વને પર્યાય કહેવામાં આવે છે. વસ્તુમાંથી એક તત્ત્વ બીજા તત્ત્વથી જૂદું પડી શકતું નથી. આ બધા વિચારો આ લેખમાં આપવામાં આવ્યા છે.

**જીવરાજ ઓધવજી દોશી,**
**પ્રમુખઃ શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.**

# તાત્ત્વિક લેખસંગ્રહ

## દેહાધ્યાસીને.

### ( અશુચિભાવનાનું સ્વરૂપ. )

### ( ૧ )

ઓ ડહાપણના દરિયા–બુદ્ધિના ભંડાર–માનવી ! તારું જીવન અને શરીર પ્રત્યેક ક્ષણે ઘસાઇને ક્ષીણ થતું જાય છે, તારી સુંદરતાનો ઓપ ઝાંખો પડતો જાય છે, છતાં તું કેમ તારી જાતને ઓળખવાનો પ્રયત્ન કરતો નથી ? માનવસંસારથી પર સુરક્ષિત પ્રદેશ મેળવવાની કાળજી કેમ રાખતો નથી ? તને જડ ઉપર જેટલો પ્રેમ છે તેટલો ચેતન ઉપર નથી. અનાદિ કાળના સહવાસથી તને જડ બહુ જ ગમે છે. આનંદ, સુખ, સુંદરતા બધું તને જડમાં જણાય છે. કેટલી બધી અજ્ઞતા ! સૌંદર્ય ને લાવણ્યની ભ્રમણાથી માંસ, મેદ, અસ્થિ, રુધિર, મળ, મૂત્ર અને વીર્યના પિંડરૂપ દેહમાં અત્યંત આસક્તિ ધારણ કરીને તેના ઉપભોગની લાલસાવાળો રહે છે. એક માંસનો, એક મેદનો, એક હાડકાંનો, એક રુધિરનો, એક વિષ્ટાનો, એક મૂત્રનો અને એક વીર્યનો–આમ સાતે ધાતુના જુદા જુદા ઢગલા પડ્યા હોય અને તને કહેવામાં આવે કે–'તત્ત્વવેત્તા અને જ્ઞાની પુરુષોની પંક્તિમાં ગણાવાનો દાવો કરનાર ઓ માનવી ! એક મિનિટ તું આ ઢગલાઓ પાસે બેસ, આ

બધી સુંદર લાગતી વસ્તુઓનો ઉપયોગ કરીને આનંદ માન અને સુખશાંતિ મેળવ.' તો તું દુર્ગંધ આવવાથી તેમ જ બિભત્સ લાગવાથી એક સેકંડ પણ ઊભો ન રહેતાં આંખ, નાક, મોં બંધ કરીને ત્યાંથી પલાયન થઇ જઇશ. તે જ દુર્ગંધમય–જુગુપ્સનીય સાતે ધાતુને ચામડાની કોથળીમાં જુદા જુદા આકારમાં વ્યવસ્થિત રીતે ગોઠવી દીધા પછી તને નથી આવતી ઘૃણા કે નથી આવતી દુર્ગંધ. તેનાથી દૂર નાસવાને બદલે પોતાના સમિપમાંથી પણ ખસેડવાને ઇચ્છતો નથી. કેટલી બધી બાલીશતા! જેને તું પ્રેમપૂર્વક ચહાય છે, જેને તું સ્નેહથી વારંવાર નિહાળે છે તો યે તૃપ્તિ થતી નથી અને સુખને માટે વારંવાર જેનો તું સ્પર્શ કરે છે તે દેહ, આ સાત ધાતુની જ બનાવટ છે; છતાં છૂટી પડેલીનો તિરસ્કાર અને માનવ આકૃતિમાં મિશ્રણ થયેલીનો સ્વીકાર કરવાનું શું કારણ? ધાતુઓના મિશ્રણથી દુર્ગંધતા તથા બિભત્સપણું દૂર થઈ જાય છે? ના, એમ નથી, પણ સાતે ધાતુને માનવ આકૃતિમાં વ્યવસ્થિતપણે ગોઠવનાર આત્મા–દેહનો અધિષ્ઠાતા દેહમાં જ રહેતો હોવાથી તેને દુર્ગંધ આવતી નથી તેમ જ આત્માથી અધિષ્ઠિત દેહમાં બિભત્સપણું પણ લાગતું નથી. આત્માથી અલગ થઈ ગયેલા દેહમાં દુર્ગંધ તથા બિભત્સપણું તને જણાય છે. આત્માધિષ્ઠિત દેહમાંથી મળમૂત્રાદિ ધાતુઓમાંથી કોઈ પણ ધાતુ જુદી પડી ગયેલી હોય છે તો તેની પણ તું ઘૃણા કરે છે. દેહ–આત્માના સંયોગમાં પણ દેહમાંથી વિકૃત થઇને કે સ્વાભાવિકપણે ઝરતા અશુચિ પદાર્થોની તુ દુર્ગંધ આવવાથી ઘૃણા કરે છે.

મળમૂત્રાદિ વસ્તુઓ એક જ પ્રકારની હોવા છતાં ભિન્ન ભિન્ન વર્ણ તથા સ્પર્શવાળા ચામડાના કોથળામાં રહેલી હોવાથી તું દેહમાં સુંદરતા તથા અસુંદરતાનો ભેદ પાડે છે. શ્વેત વર્ણવાળી તથા પાતળી કોમળ ચામડીમાં સુંદરતાનો આરોપ કરીને તેને તું વધારે ચહાય છે, અને કાળા વર્ણવાળી જાડી ખડબચડી ચામડીને અસુંદર માની તેની તું ઘૃણા કરે છે. બહારથી ચામડીમાં ફેર હોવાથી કાંઈ અંદર ભરેલી અશુચિમાં લેશમાત્ર ફેર હોતો નથી. દુનિયાની મહાન વિભૂતિઓને છોડીને બીજા પ્રાણીમાત્રના દેહમાં રહેલી મળમૂત્રાદિ અશુચિ એક સરખી જ પ્રકૃતિવાળી હોય છે. મળ–મૂત્ર તથા આંખ, નાભી વિગેરે અવયવોમાંથી નીકળતો મેલ ગોરી ચામડી હો અથવા કાળી ચામડી હો, એક સરખી દુર્ગંધવાળો હોય છે. સુડોળ–ઘાટીલું–લાવણ્યતા-વાળું શરીર પણ રુધિર, માંસ આદિ અશુચિ પદાર્થોનું જ બનેલું છે. રુધિર, માંસ, ચરબી અને હાડકાં જે અવયવમાં, વજનમાં, માપમાં અને આકૃતિમાં જેટલા પ્રમાણવાળા હોવા જોઈએ તેટલા જ પ્રમાણવાળાં હોવાં તે લાવણ્યતા કહેવાય છે કે જેને તું જોઈને ઘણી જ ચાહનાથી તેના ઉપભોગની તીવ્ર ઇચ્છા રાખે છે, જે શરીરમાં લાવણ્ય અને સુંદરતા જણાય છે તે જ શરીરમાંથી નીકળતા શ્લેષ્મ, મળમૂત્ર વિગેરે જોઈને તને ઘૃણા આવે છે પણ તેવા શરીરની ઘૃણા આવતી નથી. અધોવાયુની દુર્ગંધથી તું ઘૃણા કરીને નાક બંધ કરે છે પણ તેવા વાયુવાળા શરીરની ઘૃણા કરીને નાક બંધ કરતો નથી. જ્યારે શરીરમાં વિકાર, રક્તપિત્ત કે કોઢરોગ થયો હોય અને આંગળીઓ, નાક, કાન ખરી પડ્યા હોય તેમ જ શરીરમાંથી

દુર્ગંધમય પરુ વિગેરે જુગુપ્સનીય વસ્તુ નીકળતી હોય ત્યારે તો તને તેવા શરીરની પણ ઘૃણા આવે છે.

જાણપણાના ગર્વમાં ઓગળી જનાર ઓ માનવી ! તું ગર્ભથી જ દેહનો સહવાસી હોવાથી, અરે ! તું પોતે જ માતાના ઉદરમાં મળમૂત્રના મધ્યમાં નવ મહિના રહીને મળ-મૂત્રાદિ સાતે ધાતુને દેહના આકારમાં પરિણમાવીને તન્મય થયેલો હોવાથી હું દેહસ્વરૂપ છું, આવી માન્યતાને દૃઢપણે વળગી રહેલો છે તો પછી તને દેહની ગંધ કે ઘૃણા ક્યાંથી આવે ? પણ તને ખબર છે કે સ્વરૂપથી જ અપવિત્ર દેહના સહવાસમાં નિરંતર રહેનાર અને દેહને જ પોતાનું સ્વરૂપ માનનાર તારો આત્મા પવિત્ર થવાનાં અન્યાન્ય અનેક પ્રયત્ન કરવા છતાં પણ કેવી રીતે પવિત્ર બની શકશે ? સાંભળ ! એક ગામની ભાગોળે ભંગી લોકો વિષ્ટાના ઢગલા કરતા હતા. તે રસ્તે થઇને કેટલાક વટેમાર્ગુઓ નીકળ્યા. દુર્ગંધ આવવાથી તેમણે પોતાનાં મોં નાક બંધ કર્યાં. તે જોઇને વિષ્ટા બોલી– ‘ અમે ગઈ કાલે જ કંદોઇની દુકાને સુંદર થાળોમાં સુંદર કપડાથી સજ્જિત મીઠાઇના રૂપમાં હતી, ત્યારે આ લોકો ત્યાં આવીને કંદોઇની ના હોવા છતાં પણ ઢાંકેલાં કપડાં ઉંચકીને અમને હાથમાં લઇને જોતા હતા, પછી મોં માંગ્યું મૂલ્ય આપીને લઈ ગયા. ફકત એક જ દિવસ આ દેખાતા દેહનો સંગ કર્યો જેથી અમે આ દશાને પામ્યા તો પછી નિરંતર તેના સહવાસમાં રહેનાર તમારી શી દશા થશે ? ’

# બોધ-સુધા.

## ( ૨ )

૧. અન્યની પ્રશંસા કરવી કોઇને ન ગમે, પણ કરાવવી તો સહુ કોઇને ગમે છે. પોતાની શક્તિ તથા સ્થિતિનું ભાન પોતાને હોવા છતાં ગુણમાં અને સંપત્તિમાં હું મહાન્ છું એમ કહેવડાવવાને માટે ગુણવાનપણાનો કે સંપત્તિવાળા હોવાપણાનો ડોળ કરવો પડે છે.

૨. જીવનમાં નૈતિક જીવન ઉત્તમ છે અને ધાર્મિક જીવન સર્વોત્તમ છે.

૩. વિજ્ઞાન, કળા તેમજ ઈતર વિષય સંબંધી જ્ઞાન, પોતાના જીવનને સુધારી, બીજાના જીવનને સુધારવા વિરલા જ મેળવે છે પણ મિથ્યાભિમાનને પોષી પોતાના ક્ષુદ્ર વિચારોનો પ્રચાર કરવા અને ક્ષુદ્ર વાસનાઓને પોષવા ઘણા માણસો મેળવે છે.

૪. આનંદ તથા સુખના સમયમાં આપત્તિ, વિપત્તિ આવે તો આનંદની ભ્રમણાથી તેનો આદર કરશો નહીં.

૫. પરિણામે કલેશ તથા દુઃખના ભયંકર રૂપને ધારણ કરનાર આનંદ તથા સુખ સસ્તા મળતાં હોય તો પણ ખરીદવાં નહિ.

૬. કામની આવડત હોય છતાં અધિકાર અને મર્યાદાનું ઉલ્લંઘન થતું હોય તો તેવા કાર્યની દિશામાં એક ડગલું પણ ભરવું નહિ.

૭. ભિન્ન ભિન્ન વિચારના અનેક વ્યક્તિઓનો આશ્રય લેવામાં માનવજીવન અસ્થિર અને અવ્યવસ્થિત બને છે, માટે સ્વશ્રેયસાધક માનવીએ ઇચ્છિત ધ્યેય સાધવાને ઉત્તમ વિચાર

તથા માન્યતાવાળા એક જ વ્યક્તિના આશ્રય તળે શાંતિ તથા સંતોષપૂર્વક જીવન વ્યતીત કરવું.

૮. હજારો મનુષ્યની સમક્ષ મનગમતું વિચારવામાં કોઇનો પણ પ્રતિબંધ નથી; પરંતુ મનગમતું બોલવામાં કે વર્તન કરવામાં ઘણા વિરોધી નીકળશે.

૯. પૂર્ણ પાપના ઉદય સિવાય અધર્મ તથા અનીતિના અધમ કાર્યમાં ફાવટ આવી શકતી નથી.

૧૦. વાણી તથા વર્તન કરતાં વિચારથી વધુ અપરાધી બનાય છે, તેમજ વધુ શ્રેય પણ સાધી શકાય છે; કારણ કે દુર્લભ, અપ્રાપ્ત પારકી વસ્તુઓનો મનથી ભોગોપભોગ જ્યારે ઇચ્છા થાય ત્યારે કરી શકાય છે. તેમજ આર્થિક તથા શારીરિક સંપત્તિમાં પોતાની નબળાઈ હોવા છતાં પણ દરેક પ્રકારની શુભ ભાવના કરી શકાય છે.

૧૧. જેને કોઇ પણ પ્રકારનો સ્વાથ હોતો નથી તે જ પોતાનામાં રહેલી નબળાઇ અન્યને જણાવી શકે છે.

૧૨. અધિકારી સિવાય ખોટી રીતે માયા કરી બીજાની પાસે માન મેળવવું તે ભવિષ્યમાં અપમાનનું પાત્ર બનવાથી અપમાન મેળવવા બરાબર છે, છતાં મૂઢ માનવી મને માન મળે છે એમ માની ખુશી થાય છે, અને મિથ્યાભિમાનમાં આવી જઇને જીવવાના સિદ્ધાંતો જાળવી શકતો નથી.

૧૩. કીર્તિ, મોટાઈ, લોકપ્રિયતા તથા આદરસત્કાર મેળવવા જનતાને મનગમતું ભલે કરો, પણ આત્માનું અશ્રેય કરી

જીવનના છેડે અધોગતિરૂપ દુઃખના દરિયામાં ડૂબી જવાનું હોય તો બધું ય નકામું છે.

૧૪. અણુસમજણમાં જીવતાં દશ ગયાં, વીશ ગયાં, ત્રીશ ગયાં અને ચાળીશ ગયાં તો હવે સમજણમાં જીવતા ક્યારે શીખશો?

૧૫. બુદ્ધિમત્તા અને ડહાપણ જણાવવા તે તો સહુ કોઇને ગમે છે પણ પોતાની બુદ્ધિમત્તાનું તથા ડહાપણનું કાર્ય કરવાનું કોઇકને જ ગમે છે.

૧૬. પોતાની ચિંતા કરનાર તો સહુ કોઈ હોય છે પણ નિઃસ્વાર્થપણે પરની ચિંતા કરનાર તો કોઈક જ દયાળુ હોય છે.

૧૭. કોઈ પણ વ્યક્તિ પોતાની દુર્બુદ્ધિના અંગે કોઇના વિરોધમાં જૂઠાણાનો આશ્રિત બનીને ખોટો કોલાહલ કરી મૂકે તો તેથી કદાચ કોઈ અણજાણ, અલ્પબુદ્ધિ માનવી વિચારની નિર્બળતાથી ભ્રમિત થઇ શકે છે પણ ડાહ્યા, બુદ્ધિશાળી, વિચારશીલ ભ્રમિત થઈ શકતા નથી.

૧૮. પ્રભુની ઉપાસના કરી પ્રભુના સ્વરૂપને મેળવવા પ્રયાસ કરનારને, ધાન્યના કીડાની જેમ વિવેકશૂન્ય, ધાન્ય ખાઇને જ જીવી જાણનાર અજ્ઞાની માનવીની પરવા હોતી નથી.

૧૯. માનવી બધું યે મેળવી શકે છે, પણ ચારિત્ર મેળવવું ઘણું જ કઠણ છે; કારણ કે નિર્દોષ જીવન જીવ્યા સિવાય ચારિત્ર મળી શકતું નથી.

૨૦. વિષયાધીન આત્મા સત્ત્વહીન બની જાય છે અને અધર્મ તથા અનીતિના પંથે દોરવાઈ જાય છે; જેથી અનેક અકાર્યો સેવીને અપરાધી બને છે.

૨૧. વ્યભિચારી, માનવ જીવનની કદર કે કિમ્મત કરી જાણતો નથી. એવાને પોતાના આત્માની જરાય દયા હોતી નથી, કારણ કે પરલોકની પીડાથી તે નિર્ભય અને નિઃશંક હોય છે.

૨૨. મૃત્યુને અને ધર્મને ભૂલીને જ અકાર્ય સેવાય છે, કારણ કે તે સિવાય તો અકાર્યના પંથે પળી શકાતું નથી.

૨૩. અપકીર્તિનો ભય હોય તો અપકૃત્યોની દિશાથી વિમુખ થઈ જાઓ.

૨૪. વિકાસ સાધવો હોય તો વિશ્વની વિચિત્ર લીલામાં મૂંઝાશો નહિ.

૨૫. વિકાસ સાધવા માટે જ પૂર્વપુરુષોએ પર્યુષણ જેવા મહાપર્વની યોજના કરી છે, તેનું આરાધન સારી રીતે કરવું અને તે પર્વમાં કરવાના અગિયાર કાર્યોમાંથી જેટલા બને તેટલા જરૂર કરવા.

---

## સર્વોત્તમ અતિથિ

### ( ૩ )

કોઇ કોઇ વખત આવે તે પરોણા કહેવાય. આવા પરોણા તમારે ત્યાં આવે છે ત્યારે તમે પોતાની શક્તિ પ્રમાણે આવનારની પરોણાગત કરો છો, તે દિવસે બીજા બધાંય કામકાજ છોડી દઈને પરોણાની સેવામાં રહો છો, સારી રસોઈ તૈયાર કરાવી જમાડો છો, પલંગ ઉપર તળાઇ પાથરીને બેસાડો છો, બહુ જ નમ્રતાથી પરોણાની સાથે વાતો કરીને તેને પ્રસન્ન રાખો છો, પરોણાની જરૂરિયાતો પૂરી પાડવા પોતાથી બનતું કરો છો, ગામાંતર જવું હોય તો પણ તે દિવસે જતા નથી,

તમારી પાસે જોઇતી વસ્તુ ન હોય તો ઉધાર–ઉછીની લઇને પણ પરોણાનું સ્વાગત જાળવો છો અને પરોણાની સેવામાં કોઈપણ પ્રકારની ઊણપ આવવા દેતા નથી.

આવા પરોણાની પરોણાગત કરવાથી તમને શું લાભ? જગતમાં સારું કહેવાય, ઘરની આબરુ વધે, સગા–સંબંધીમાં વખાણ થાય, આદર–સત્કાર મળે, માન–પ્રતિષ્ઠા વધે અને ગૃહસ્થ જીવનની જરૂરિયાતો સહેલાઈથી પાર પાડી શકાય આ લાભ એક જ જીવનને માટે હોય છે અને તે પણ અનિશ્ચિત અને વ્યવહાર પૂરતો જ હોય છે. આત્મવિકાસ કે શ્રેય માટે કાંઈપણ હોતું નથી અર્થાત્ કોઇપણ પ્રકારનો આત્મિક લાભ મળી શકતો નથી.

જ્યારે આવા એક કેવળ દેહની સાથે જ સંબંધ ધરાવનાર અને તાત્ત્વિક દૃષ્ટિથી વિચાર કરતાં કાંઇપણ લાભ ન આપનાર પરોણાની પૂરતી કાળજી રાખીને તેનો આદરસત્કાર તથા સેવા તન, મન, ધનથી કરો છો તો પછી જે પરોણાની સેવાનું ફળ ઉત્તમ પ્રકારની નિર્જરા અથવા તો ઉત્તમ પ્રકારનું પુન્ય ઉપાર્જન કરીને સ્વર્ગ તથા મોક્ષનું સુખ મેળવી શકાય છે તેની સેવા કરવામાં નિરાદરતા અથવા તો અરુચિ બતાવવી કે ઉપેક્ષા કરવી તે બુદ્ધિમત્તા ન કહેવાય. જે પરોણાનો આત્માની સાથે સંબંધ હોય તે જ્યારે આવે ત્યારે તેની સેવા કરવી તે આત્માનું કર્ત્તવ્ય છે. આવો આત્માનો સાચો સંબંધી પરોણો આત્માને સાચી સંપત્તિથી સમૃદ્ધ બનાવીને સર્વોત્તમ મોક્ષનો લાભ આપી શાશ્વત સુખી બનાવે છે, માટે જ્યારે આવા પરોણા આવે ત્યારે પોતાનું તન–મન–ધન અને જીવન અર્પણ કરીને પણ તેની સેવા કરવી જોઇયે.

**પર્યુષણપર્વ:** તે બાર મહિને આવનાર પરોણા છે. તેની સેવા શ્રી મહાવીર પ્રભુના માર્ગમાં રહીને નિરપરાધીપણે વિચરનાર મહાપુરુષો પણ કરે છે. સેવાના અનેક પ્રકાર છે. દેહની સાથે સંબંધ ધરાવનાર પરોણાની સેવા ઉપરોક્ત પ્રમાણે થાય છે ત્યારે આત્માના હિતૈષી પરોણાની સેવાની રીતિ જુદા જ પ્રકારની છે. દેહના સંબંધીની સેવા ભોગ્ય પૌદ્‌ગલિક વસ્તુઓથી થાય છે અને આત્મ સંબંધીની સેવા પૌદ્‌ગલિક વસ્તુઓના ત્યાગથી થાય છે, માટે જ આવા પરોણાની સેવા ત્યાગી મહાપુરુષો જેવી ઉચ્ચતમ અને ઉચિત રીતથી કરી શકે છે તેવી જ રીતે ભોગી પુરુષો કરી શકતા નથી. ત્યાગી પુરુષો આવા ઉત્તમ અતિથિના સત્કાર માટે નિરાહાર વૃત્તિથી વિશ્વતારક પરમ પુરુષોનાં જીવન સંભારે છે, પ્રભુશ્રી મહાવીરની આજ્ઞાઓનો અણજાણપણે અનાદર થયો હોય તો તેની આલોચના કરી મિથ્યાદુષ્કૃત દઈને આત્મશુદ્ધિ કરે છે અને નિરપરાધી જીવનની વૃત્તિ જાળવવા વિહારચર્યાથી વિરામ પામે છે. આ પ્રમાણે ત્યાગી પુરુષો આવેલા પર્વનો સત્કાર કરે છે. જગબંધુ વિશ્વપૂજ્ય શાસનનાયક શ્રી મહાવીર પ્રભુએ ત્યાગીને મુખ્ય રાખી ભોગીને પણ વાર્ષિક પર્વ આરાધન કરવાની ભલામણ કરી છે.

સર્વથા નિરારંભી જીવનમાં જીવી જગતને સાચા જીવનમાં જીવતાં શિખવનાર શ્રી મહાવીર પ્રભુએ જગતને શું ગમે છે તે જ્ઞાનદૃષ્ટિથી સાચી રીતે જાણીને માનવજાતના હિત માટે પર્વની સેવા કરવા આ પ્રમાણે આજ્ઞા કરી છે કે-સર્વથા નિરપરાધીપણે જીવી જાણો, અને જો તેમ ન બની શકે તો

અલ્પ અપરાધે જીવો પણ માનવજીવનને સાપરાધી તો ન જ બનાવશો. અલ્પ અપરાધી તે દેશવિરતિ અને નિરપરાધી તે સર્વવિરતિ. કોઇપણ જીવને–પછી તે ચાર, છ કે દશ પ્રાણ-વાળો હોય–દુઃખ આપવું તે અપરાધ કહેવાય છે. જીવને સર્વોત્કૃષ્ટ દુઃખ તેના પ્રાણ હરણ કરવાથી થાય છે. જીવોને દુઃખ આપવાના અનેક પ્રકાર છે. ક્રોધાવેશથી માર્મિક, અપ્રિય, તિરસ્કારનાં તથા કટુ વચન બોલીને, મિથ્યાભિમાનથી અપમાન કરીને, માયાથી છળપ્રપંચ કરી અન્યને આપત્તિ–વિપત્તિમાં ફસાવીને અને લોભથી અન્યની પ્રિય વસ્તુઓનું હરણ કરીને પ્રાણીઓને દુઃખી કરવામાં આવે છે અને પાંચે ઇંદ્રિયોના વિષયોની આસક્તિથી પોતાની ક્ષુદ્ર વાસનાઓ પોષવાને જીવોના પ્રાણ હરણ કરીને સર્વોત્કૃષ્ટ દુઃખ આપવામાં આવે છે. આ બધાય પ્રકારના દુઃખોમાંથી કોઈ પણ પ્રકારનું દુઃખ કોઈ પણ પ્રાણીને ન આપવામાં આવે તો જ પર્વની આરાધના–સેવા કરી કહી શકાય; કારણ કે કોઇને પણ દુઃખ ન આપવાથી નિરપ-રાધી બની શકાય છે અને જે નિરપરાધી હોય છે તે જ પર્વની સેવાનો અધિકારી હોઈ શકે છે; માટે જ ત્યાગી મહા-પુરુષોને પર્વની આરાધના કરવામાં પ્રધાનતા આપવામાં આવી છે કારણ કે ત્યાગી મહાપુરુષો નિરંતર નિરારંભી જીવનમાં જીવવાથી નિરપરાધી હોય છે.

આત્મસ્વરૂપ, સુખ, આનંદ તથા જીવનને ન ઓળખવાથી તમે નિરંતર સાપરાધી જીવનમાં જીવ્યા છો તો પણ જ્યાં સુધી પર્વની વિદ્યમાનતા હોય ત્યાંસુધી તો તમારે નિરપરાધી-પણે રહેવું જ જોઇએ. ભૂલથી પણ કોઈનો અપરાધ થઈ જાય

તો તરત તેની ક્ષમા માગી લેવી પણ હમેશની ટેવ તરફ ન તણાવું. અપરાધોથી બચવાને માટે તેના કારણે તથા તેવા પ્રસંગોથી દૂર રહેવું. ખોટાં સુખ–આનંદ તથા જીવન માટે તમે અત્યંત અપરાધો કર્યાં છે કે જેથી પરિણામે અત્યંત દુઃખ તથા અનંતા મરણને તાબે તમારે થવું પડશે; માટે જ માનવ જીવન મેળવ્યું છે તો સાચું સમજો અને નિરપરાધી બનવા પ્રયત્ન કરો કે જેથી અનાદિકાળથી લાગેલી તમારી સુખની ભૂખ ભાંગે.

આ પર્વરૂપ પરોણો બાર મહિને આવે છે અને તમારા પોતાના અવશ્ય કર્ત્તવ્યોનું સ્મરણ કરાવે છે. બાર મહિનાના વચગાળે અજ્ઞાનતાથી તુચ્છ, અસાર તથા ક્ષણિક તન, ધન, જીવન, સુખ તથા આનંદ માટે નિરપરાધી અને અશક્ત અનેક જીવોને અનેક પ્રકારે દુઃખ આપી અપરાધમય જીવન ગાળ્યું હોય તો તેમની ક્ષમા માંગી લો અને ભવિષ્યમાં નિરપરાધપણે રહેવા કાળજીપૂર્વક પ્રયત્ન આદરો. વીતરાગી પુરુષોના જીવન સાંભળીને તમારા જીવનને તેની સાથે સરખાવો અને જે શ્રેષ્ઠતર જીવન હોય તેમાં જીવવા પ્રયત્ન કરો. ઓછામાં ઓછા ત્રણ દિવસ નિરાહાર વૃત્તિથી નિરપરાધી જીવોને અભયદાન આપી પરોણાનો સત્કાર કરો, સમભાવમાં રહીને તમારાં શાશ્વતાં જીવન, આનંદ તથા સુખની શુદ્ધિ કરો. તાત્પર્ય કે–નિરંતર જો તમે નિરારંભીપણે નિરપરાધ ન રહી શકયા હો તો પર્વરૂપ અતિથિના આતિથ્ય માટે તો તમે તમારો આત્મધર્મ સંભાળો અને આત્મશ્રેય માટે પર્વનું બહુમાન કરો.

જ્યાં સુધી જીવવાને માટે પણ જીવને જડવસ્તુની જરૂર

પડે છે ત્યાંસુધી તે સર્વથા નિરપરાધી બની શકતો નથી. એટલા જ માટે પ્રભુ ઘોર તપ કરી જીવ્યા અને આત્માના જીવનસ્વરૂપનો વિકાસ કર્યો. કોઈ પણ જીવને પોતાના મન-વચન-કાયાના વ્યાપારથી દુઃખ ન થાય એવા હેતુથી પોતે ધ્યાનસ્થ અને મૌનપણે રહ્યા. આ પ્રમાણે સર્વથા નિરપરાધી જીવનમાં રહીને પ્રભુએ માનવજીવનના ફળરૂપ નિર્મૂળ સંપૂર્ણ કેવળજ્ઞાન મેળવીને કૃતકૃત્ય થયા પછી પોતાના સંપૂર્ણ જ્ઞાનથી સંસારવાસી જીવોને સુખી થવા અને જીવવા અવળો પ્રયાસ કરતા જોઇને પોતાનો અનુભવેલો માર્ગ બતાવ્યો.

ક્ષણવિનશ્વર દેહને ઉદ્દેશીને કરવામાં આવતી પ્રવૃત્તિ માત્ર સારંભી હોવાથી આત્માને સાપરાધી બનાવે છે માટે તેવી પ્રવૃત્તિયો છોડી દઇને પોતાને સાચી રીતે ઓળખી પોતાને-આત્માને માટે કોઈ પણ પ્રકારની કરવામાં આવતી પ્રવૃત્તિ નિરારંભી જ હોય છે અને તે આત્માને નિરપરાધી બનાવી અનંત જ્ઞાન, જીવન અને સુખ આદિ પોતાની સંપત્તિ પ્રાપ્ત કરાવી શાશ્વતું સુખ આપે છે માટે જ આવી આત્મહિતકારી પ્રવૃત્તિઓનો નિરંતર આદર ન થતો હોય તો પણ **પર્યુષણ જેવો ઉત્તમ અતિથિ** આવે ત્યારે તેના સત્કાર માટે ધર્માચરણ આદરીને માનવજીવનને સાર્થક કરવું તે વીર પ્રભુના અનુયાયીનું અવશ્ય કર્ત્તવ્ય છે.

# સેવા ધર્મ

## ( ૪ )

સેવા કરવી જોઇએ, એમ કહેવું જેટલું સહેલું છે, કરી બતાવવું સહેલું નથી. સેવક બન્યા સિવાય કોઇ પણ સેવા કરી શકે નહિં. સંસારમાં સ્વામી બનવા તો સહુ કોઇ ચ્હાય છે, પણ સેવક બનનાર તો ભાગ્યે જ કોઈક નિકળશે. અમે સેવા કરીયે છીએ, એમ કહેનારની પ્રવૃત્તિ તથા મનોવૃત્તિ તપાસીએ છીએ તો અનેક પ્રકારની તૃષ્ણાઓની આશ્રિત બનેલી હોય છે. માન-પ્રતિષ્ઠા, મોટાઈ, અર્થલાલસા અને કામતૃષ્ણા આદિ ઘણી જાતની આશાઓથી સેવાનો દેખાવ કરનારની સંખ્યા મોટા પ્રમાણમાં જણાય છે પણ સાચી સેવાના ઉપાસકો વિરલા જ હોય છે.

જેણે કામ-ક્રોધ-માયા-લોભ અને મિથ્યાભિમાનની મિત્રતા છોડી દીધી છે તે જ સેવાનો પૂજારી બનવાને યોગ્ય છે અને તેનામાં જ સેવકપણાનો ગુણ વાસ કરી શકે છે. સેવક એટલે પ્રાણી માત્રનો ચાકર-દાસ. તેનામાં સ્વામીપણાની સ્ફુરણા પણ થતી નથી, ગમે તે ભોગે પણ હરવખત સહુની ઉચિત સેવા કરવાને તૈયાર જ રહે છે. જાતિ, ધર્મ, વય, સ્થિતિ આદિના ભેદો ભૂલી જઈને બધાયની એક સરખી રીતે સેવા કરે છે. સેવાના બદલાની જરાય આશા રાખતો નથી; કારણ કે સ્વાર્થ-ગર્ભિત સેવા ગુલામી છે પણ સેવા નથી.

જેનામાં ક્ષમા, નમ્રતા, દયા, સરળતા સ્વાભાવિક હોય છે તે સેવકપદને સારી રીતે શોભાવી શકે છે. આવા ગુણો આપેલા

કે લાવેલા મળતા નથી, પણ જન્માંતરથી જ તેના સંસ્કારો પડેલા હોય છે તે સાધારણ નિમિત્ત મળવાથી વિકસિત થાય છે, તેથી કોઇની પણ પ્રેરણા વગર સેવાની વાટે વળે છે; માટે કુદરતી બક્ષીસ સિવાય સેવાધર્મી બની શકાય નહિં. અનુકરણથી પણ કેટલાક સેવા કરતાં શીખે છે; પરંતુ તેમાં સંસ્કારી કોઇક જ હોય છે કે જે સેવાધર્મને નિર્દોષપણે પાળી શકે છે. બાકી ઘણા તો બીજાને સેવા કરવાથી મળતી માન–પ્રતિષ્ઠા, આદર-સત્કાર, તથા અર્થ આદિની તૃષ્ણાઓ પોષાતી જોઈને સેવાના ક્ષેત્રમાં વિચરે પણ સેવાની પોષ્યતા ન હોવાથી પરિણામે સ્વ–પરનું હિત કરી શકતા નથી. સાથે એક જ સેવક હોય તો જગતનો ઉદ્ધાર કરી શકે છે; પણ તુચ્છ વાસનાઓથી પ્રેરાઇને સ્વામી બનવાની સ્પૃહાથી બનેલા હજારો સેવકો હોય છતાં પણ દુનિયા રીબાય છે, પીડાય છે અને દુઃખના દાવાનળમાંથી નિકળી શાંતિ મેળવી શકતી નથી. દુનિયા આવા સેવકોના વિશ્વાસે દોરાય છે અને પોતાની પ્રિય વસ્તુઓ કહેવાતા સેવકને અર્પણ કરે છે છતાં પરિણામે સ્વામી બનવાની નીતિરીતિ ભાળીને છેતરાય છે એટલે સેવકાભાસની દિશામાંથી પાછી વળે છે.

લૌકિક અને લોકોત્તર એમ બે પ્રકારની સેવા છે તેમાં લૌકિક સેવા એટલે આપત્તિવિપત્તિમાં પડેલા અથવા તો કોઈ પ્રકારના પ્રતિકૂળ સંયોગોને લઈને દુઃખ ભોગવતા પ્રાણીયોને સુખી કરવા તન–મન–ધનથી નિઃસ્વાર્થપણે પ્રયત્ન કરવો. શારીરિક, માનસિક તથા આર્થિક સ્થિતિ નબળી થવાથી જીવનવ્યવસ્થા જળવાતી નથી, જેથી પ્રાણીઓના જીવનનો અંત આવે છે. આવા જીવોની કાળજીપૂર્વક સંભાળ લેવી, તેમના જીવન ઉગારવા

પોતાનાથી બનતું કરવું, જીવવાના સાધનો મેળવી આપવાં વિગેરે

લોકોત્તર સેવા અશક્ત તથા અનાથ જીવોને જીવવા દેવા માટે મોજશોખ છોડી દેવા, જેમાં અનેક નિરપરાધી જીવોનો વિનાશ થતો હોય એવા પાંચે ઇંદ્રિયોના વિષયોથી વિરામ પામવું, અલ્પ અપરાધે જીવાય તેમ વર્તવું વિગેરે. આ બંને પ્રકારની સેવામાં લૌકિક સેવા કરનાર સાચો સેવક બીજા જીવોનું દુઃખ પોતાનું સુખ આપીને ખરીદે છે. પોતાને આવવાવાળી આપત્તિ–વિપત્તિની અવગણના કરીને બીજા જીવોને સુખી કરવા કરેલા પ્રયાસની સફળતાથી અત્યંત આનંદ માને છે. આવા સેવકો મનથી પણ કોઈ પણ પ્રાણીને પીડા આપતા નથી. અનેક પ્રકારે પોતાનો અપરાધ કરવા છતાં પણ દુઃખથી પીડાતા બીજા જીવને પોતાનો શત્રુ ન માનતાં સ્નેહીની જેમ તેની સારવાર કરવા ઉજમાળ થાય છે અને પોતાની પ્રિય વસ્તુના ભોગે તેનું દુઃખ દૂર કરી સુખી કરે છે. આવી સેવા કરવા છતાં પણ તેનામાં અભિમાન હોતું નથી તેમજ કંટાળો કે ગ્લાનિ પણ હોતી નથી.

પ્રભુ મહાવીર પ્રાણી માત્રના લોકોત્તર સેવક હતા, કારણ કે પ્રભુએ સંસારવાસી જીવમાત્રની રક્ષારૂપ લોકોત્તર સેવા કરી એટલા જ માટે પ્રભુ સંસારના સ્વામી બન્યા છે અને પૂજાયા છે. જે સમગ્ર સંસારનો સેવક છે, તે જ સમગ્ર પ્રાણીનો સ્વામી બની શકે છે. પ્રભુએ સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવોની પણ રક્ષા કરી છે. કોઈપણ પ્રાણીને દુઃખ ન થાઓ એવા હેતુથી જ મહિનાઓ સુધી આહાર આદિનો ત્યાગ કરીને એક સ્થળે નિષ્પ્રકંપ ધ્યાનસ્થ રહ્યા છે. જીવમાત્રના રક્ષણરૂપ લોકોત્તર સેવા કરવાથી

જ પ્રભુશ્રીએ મૃત્યુ ઉપર વિજય મેળવી આત્માના અમર-પણાનો વિકાસ કર્યો છે. સેવા માટે સંસારમાં કહેવાતા દુઃખોથી અડગ રહીને શાશ્વત સુખ મેળવ્યું છે. પ્રાણી માત્ર સાચું સુખ મેળવો એવી ભાવનાથી જ સાચા–શાશ્વત સુખનો માર્ગ બતાવી સંસારની અપૂર્વ સેવા કરી છે. કષાય આસક્ત જીવોએ આપેલા દુઃખોનો અનાદર કરીને તેમને સુખી કરવા જ પ્રભુએ પ્રયાસ કર્યો છે. આવી રીતે પ્રભુશ્રી પ્રાણીમાત્રને સાચું સુખ આપીને અને પ્રાણીમાત્રની લોકોત્તર સેવા કરીને શ્રેષ્ઠતર સેવક બનવાનું શીખવી ગયા છે.

દીન–દુઃખી, અનાથ–અશક્તની તો દયા લાવીને સારવાર કરનાર કોઈ ને કોઈ નીકળી આવે છે, પણ મિથ્યાભિમાની, માયાવી, લોભી, ક્રોધી અને અનેક પ્રકારના અપરાધો કરનારની તો કોઈ પણ સેવા કરતું નથી. એવાઓ ઉપર તો બધાય શત્રુતા રાખે છે અને રીસે બળે છે. વાઘ તથા સિંહ જેવા ઘાતકી પશુઓ, સાપ તથા વિંછી જેવા ઝેરી જંતુઓ અને અત્યંત નિર્દય–ક્રૂર ઘાતકી માણસોની સેવા કરનાર સંસારમાંથી કેટલા નીકળશે ? પ્રભુશ્રીએ આવા જીવોની પણ અપૂર્વ લોકોત્તર સેવા કરી છે. ગોશાળો, ગોવાળીયો, શૂળપાણી, સંગમ, ચંડકોશીઓ અને એવી જ પ્રકૃતિ તથા પ્રવૃત્તિના બીજા પણ ઘણા જીવોની અદીનપણે સહર્ષ સેવા કરીને પ્રભુશ્રીએ જગતને સેવા કરતાં શીખવાડયું છે. કોઇ સેવાભાવી રસ્તામાં ચાલ્યો જતો હોય અને કોઇ અનાથને વ્યાધિથી પીડાતો જુએ કે તરત જ તેની સારવારમાં રોકાઇ જાય છે, તેને દવાખાનમાં લઈ જઈને તેની

દવાદારૂનો તથા સારવાર માટે માણસનો પથ્ય ખોરાકનો પ્રબંધ કરી આપે છે. કદાચ કામ પડે તો પોતે જાતે પણ અશક્ત બીમારનો જરાયે સૂગ રાખ્યા વગર મળમૂત્ર સાફ કરે છે. ભૂખ્યાને અન્ન, નગ્નને વસ્ત્ર વિગેરે આપીને સેવા કરનાર સંસારમાં ઘણા જણાય છે. કેટલાક સેવાભાવીઓ તો પોતાની આર્થિક સ્થિતિ જોઈએ તેવી ન હોવાથી પોતે આર્થિક મદદ નથી કરી શકતા તો પણ બીજા શ્રીમંતો પાસેથી પૈસાની ભીખ માંગીને પણ દુઃખી માણસોની સેવા કરે છે. આ પ્રમાણે અનેક પ્રકારની સેવા કરનાર સેવકોમાંથી કષાયથી દુઃખી થતા માણસની સેવા કરીને તેની વ્યાધિ શાંત કરનાર કેટલા નીકળશે? કષાય વ્યાધિથી પીડાતા માણસોની ગાળો, આક્ષેપો, અવર્ણ-વાદ તથા પ્રાણાંત કષ્ટ સહન કરીને અનુકૂળ ઉપચારદ્વારા કષાય વ્યાધિ મટાડવા પ્રયાસ કરનાર જગતમાં કેટલા દયાળુ હશે? અસાતાવેદનીયના ઉદયથી શારીરિક વ્યાધિ કનડે છે અને ક્રોધમોહનીયના ઉદયથી માનસિક ભાવ વ્યાધિ બેભાન બનાવે છે. વેદનીય અને મોહનીય બંને કર્મ છે માટે બંને પ્રકારની વ્યાધિવાળા દયાના પાત્ર છે છતાં વેદનીયથી પીડાતા ઉપર દયા કરવી અને મોહનીયથી દુઃખ ભોગવનાર ઉપર દ્વેષ કરવો તે સાચા સેવકના માટે દૂષણરૂપ છે. પ્રભુશ્રીની લોકોત્તર વિશ્વસેવામાં આવી કોઈ પણ વાતની ઊણપ રહી નથી.

દ્રવ્યવ્યાધિ અને ભાવવ્યાધિ એમ વ્યાધિ બે પ્રકારનો હોવાથી તેનો ઉપચાર પણ દ્રવ્યથી અને ભાવથી થઇ શકે છે. દ્રવ્ય વ્યાધિ મટાડવાને ઔષધીવિશેષ દ્રવ્યનો ઉપયોગ કરવામાં આવે છે ત્યારે ભાવવ્યાધિવાળાને ક્ષમા, નમ્રતા,

દયા, મિષ્ટ ભાષણ અને નમસ્કાર આદિ ભાવ ઉપચારથી શાંતિ પમાડવામાં આવે છે. દ્રવ્ય રોગની સેવા કરતાં ભાવ રોગની સેવા કરવી ઘણું જ કઠણ કાર્ય છે. જેમણે કષાયો ઉપર વિજય મેળવ્યો હોય, તે જ ભાવ રોગીની સેવા કરી શકે છે. અને તે જ્ઞાની પુરુષો સિવાય સંસારમાં કષાયવિષયના દાસ બનેલા અનધિકારી કરી શકતા નથી.

આખો સંસાર દુઃખી છે, કારણ કે જ્યાં જીવને શરીરો ધારણ કરવાં પડે છે ત્યાં સુધી જીવ શારીરિક, માનસિક આદિ દુઃખોથી છૂટી શકતો નથી. આ બધા દુઃખોનું મૂળ કર્મ છે. તે જ્યાં સુધી વિદ્યમાન છે ત્યાં બાહ્યના અનેક ઉપચારો કરવા છતાં પણ કોઈ પણ દુઃખથી મુકાતું નથી. આવા કર્મયોગથી દુઃખી સંસારને મુક્ત કરવા પોતાનું સમગ્ર જીવન અર્પણ કરી અને સંપૂર્ણ વિકાસ કરીને લોકોત્તર સેવા કરનાર તો વિશ્વબંધુ પ્રભુ જ સમર્થ થઈ ગયા છે અને તેમના પગલે ચાલીને બીજા પણ મહાપુરુષો સંસારની સેવા કરીને લોકોત્તર સેવક તરીકે પ્રસિદ્ધિમાં આવ્યા છે.

“ सेवाधर्मः परमगहनो योगीनामप्यगम्यः ॥ ”

## ધનની મહત્ત્વતા શા માટે ?

( ૫ )

સહુ કોઈને ધન ગમે. એક વરસનું જ્ઞાનવાળું બાળક પણ ધન જોઈને ઘણું જ હરખાય. હાથમાં રાખેલો રૂપીઓ બાલકની નજરે ચઢે તો ઘણું જ ખુશી થઈને હાથમાંથી ઝટ ઝૂંટવી

લેશે, કે જેને પછી લેવો ભારે થઈ પડશે. તેના હાથમાંથી લેવા બળાત્કાર કરીશું તો ઘણું જ દુઃખ મનાવી રૂદનદ્વારા ન આપવાની ભાવના વ્યકત કરશે. લાખનો લાભ સાંભળી કંગાળ માનવી પ્રફુલ્લિત મનવાળો થઈને હર્ષ મનાવે છે તેટલો જ હર્ષ પુત્રજન્મ સાંભળીને ભાગ્યે જ મનાવશે. માનવીને એક જ ક્ષણે ધર્મપ્રાપ્તિ તથા ધનપ્રાપ્તિમાંથી એક જ વસ્તુની પ્રાપ્તિ થતી હોય તો પ્રાયઃ ધર્મની પ્રાપ્તિ જતી કરીને ધનપ્રાપ્તિ સ્વીકારશે.

જગતને ઉદ્યમી બનાવવા સૂર્ય જ્યારે ઉદયાચળ પર આવે છે ત્યારે માનવી જીવન જાળવવાનું કાર્ય જલદીથી સમેટી લઇને ધનપ્રાપ્તિના વ્યવસાય તરફ વળે છે, કારણ કે જગતને વિશ્રાંતિ આપવા સૂર્ય જ્યારે અસ્તાચળની ઓથમાં ચાલ્યો જાય છે ત્યારે મળે, ન મળે, થોડું મળે અથવા વધુ મળે તો પણ અસંતોષને લઇને ધનના જ સ્મરણમાં સૂઇ ગયેલા માનવ–જગતને ઉઠતાંવેંત જ તૃષ્ણા ધનપ્રાપ્તિના ક્ષેત્ર તરફ ઘસડી જાય છે. ધર્મથી ધર્મ મળે છે એવી શ્રદ્ધાવાળા પણ ધનના જ ધ્યાનમાં પ્રભુની સેવા તથા જાપ શીઘ્રતાથી પતાવી દઈને ધન મેળવવાના ક્ષેત્રમાં દોડી જાય છે.

માનવીને જીવન તથા ધન બંને મળે છે છતાં જીવન કરતાં પણ ધનની મહત્ત્વતા વધુ ગણે છે. જેને પ્રયત્ન કરવા છતાં પણ ધન મળતું નથી તે પોતાના જીવનને નિરર્થક માની તેને ત્યાગવાની ચાહના કરે છે. નિર્ધનને કદાચ ધર્મધન મળતું હોય તો પણ તે તેને રુચતું નથી. અને જીવનમાં ધનના અભાવે નિરસતાનો અનુભવ કરે છે, ધનવાનોને જોઇને નિરંતર

મનમાં બળ્યા કરે છે. જીવવાના સાધનો પોતાની પાસે પૂરતાં હોવા છતાં પણ સુખે જીવી શકતો નથી. દુઃખે જીવીને ધર્મ-ધનથી પણ કંગાળ બનેલો દુઃખથી મરીને દુર્ગતિમાં ચાલ્યો જાય છે. કેટલાક ધર્મની સેવા કરનારાઓ પણ અજ્ઞાનતાને લઇને ધનની તૃષ્ણાથી ધર્મની કિમત કે કદર કરી શકતા નથી.

માનવ જીવનમાં ધનની આવશ્યકતા કેટલી? શા માટે માનવ જગત ધનનું પ્રધાન ઉપાસક બન્યું હશે? જો લાખપતિ લાખ વરસ જીવતો હોય, ક્રોડપતિ ક્રોડ વરસ જીવતો હોય અર્થાત્ ધન આયુષ્યની વૃદ્ધિ અને ધનાભાવ આયુષ્યની હાનિનું કારણ બની શકતું હોય, જેની પાસે જેટલું ધન હોય તેટલું ભોગવી રહ્યા પછી જ મત્યુ ફાવી શકતું હોય અથવા તો ધનવાન જીવન પર્યંત આધિવ્યાધિથી મુક્ત હોય તો જ તૃષ્ણાનો આદર કરીને ધન સંગ્રહ કરવો ડહાપણ-ભરેલું કહી શકાય. પણ જો એમાંનો કશોય લાભ ન મળતો હોય તો ધન માટે કિમતી માનવ જીવન વેડફી નાખનાર પોતાની જાતનો શત્રુ જ કહી શકાય. સંસારમાં ક્રોડોની સંપત્તિ હોવા છતાં પણ માનવીઓ મૃત્યુનો આદર કરતા જણાય છે માટે આખાય જગતમાં મૃત્યુનું સામ્રાજ્ય હોવાથી તેની આજ્ઞામાંથી મુક્ત થવાને પ્રથમ તો આયુષ્ય વધારવું જોઇએ અને ત્યારપછી જ ધન વધારવાની તૃષ્ણા રાખવી જોઇએ.

સંસારમાંથી મુકિત મેળવવાની ઇચ્છા રાખનાર આત્માને ચારે તરફથી પકડી રાખનાર પરિગ્રહોમાં ધનને પ્રધાનતા આપવામાં આવી છે, કારણ કે બાહ્ય વૃત્તિથી બધોય પરિગ્રહ છોડી દઇને દેહ ઉપર પણ મમતા ન રાખનાર ત્યાગી કહેવાતાનું પણ મન

ધનનું નામ સાંભળીને પીગળી જાય છે, ધનવાનને જોઇને આકર્ષાય છે અને અનીતિ તથા અધર્મમાં ઓતપ્રોત થયેલા વિલાસી શ્રીમંતની સાદર પ્રશંસા કરવા લલચાય છે. અનેક દુર્ગુણોથી દબાયલા પણ ધનના પ્રતાપે સંસારમાં ગુણી કહેવડાવવાનો હક ધરાવે છે ત્યારે અનેક ગુણોના આશ્રિત હોવા છતાં પણ લક્ષ્મીથી તરછોડાયલા તિરસ્કારનું પાત્ર બને છે. આત્મશ્રદ્ધાહીન અજ્ઞાની નિર્ધનને જીવન અકારું લાગે છે, નિર્ધન પોતાને જીવનમૃત માને છે ત્યારે ધનવાન પોતાને અમર માને છે તેમજ સ્વર્ગ તથા મુક્તિનો અધિકારી પણ પોતાને જ માને છે. ઐહિક જીવનને પ્રધાન માનનાર ધનવાનની અજ્ઞાની માનવ સમાજમાં માન પ્રતિષ્ઠા અત્યંત ઉન્નતશીલ હોય છે. ધનના માટે ધર્મ કરનારાઓ પણ ધનવાનને અત્યંત માનની દૃષ્ટિથી જુએ છે અને પોતાને કંગાળ માની ધનવાનો કરતાં પોતાને હલકા સમજે છે. બાહ્યથી સર્વ ત્યાગી પુદ્ગલાનંદી આત્માઓ પણ કોઇપણ પ્રકારના આત્મિક ગુણો મેળવ્યા સિવાય ધનવાનોની છત્રછાયાને લઇને સર્વગુણસંપન્ન કહેવાય છે અને મોટા પ્રતિષ્ઠિત તરીકે ઓળખાય છે તેમજ મિથ્યાભિમાનથી ફૂલાય છે. પોતાના વાણી, વિચાર અને વર્તનમાં પ્રભુ–અસંમત હોવા છતાં પણ અણુસમજુ જનતામાં પ્રભુસંમતિની છાપ પાડવાની સફળતા મેળવવામાં ધનવાનોના જ પ્રભાવનો આશ્રય લે છે. પંચમ કાળમાં પણ ચોથા આરાનું ભાન કરાવવામાં ધર્મના માટે જીવન અર્પણ કરનાર કરતાં ધનવ્યય કરનારને જ પ્રાયઃ પ્રધાનતા આપવામાં આવે છે. ધાર્મિક પ્રવૃત્તિમાં જ જીવન ઓતપ્રોત કરનાર ધનહીન

માનવીથી કહેવાતા ત્યાગી પણ મોં મરડે છે. ધનહીન જનતા સ્વાધીન થાય તેની અથવા ન થાય તેની કાંઈપણ ચિંતા ધર્માધિકારીઓને હોતી નથી, પણ ધનવાન જનતાને પોતાની બનાવવાને માટે તનતોડ પ્રયત્ન કરવામાં આવે છે. આત્મોન્નતિ તથા પ્રભુના કથનની પણ પરવા ન કરીને શ્રીમંતોને વશ કરવાના જ ઉપાયો યોજવામાં આવે છે. જેના વધારે શ્રીમંતો અનુયાયી હોય છે એવા ત્યાગી મહાત્માઓ પંચમ કાલમાં મહાપુરુષો કહેવાય છે, અને પ્રભુનો સાચો માર્ગ જાણનાર તથા બતાવનાર પણ તેમને જ માનવામાં આવે છે.

અણસમજુ જનતામાં લક્ષ્મી–ધન મેળવવાને જેટલી ધગશ રહેલી છે તેટલી જ અરુચિ–ઉપેક્ષા ધર્મધન મેળવવાને માટે છે. કોઇપણ પ્રકારે અધર્મ, અનીતિ કરીને પણ ધનવાન બનવાની ધૂન પ્રાયઃ સહુને લાગેલી હોય છે. કેટલાકની તો એવી માન્યતા થઇ ગઈ છે કે ધન વગર ધર્મ પણ થઇ શકતો નથી, પણ તે એક મોટી ભૂલ છે, કારણ કે જેટલાઓએ મુક્તિ મેળવી છે તે બધા નિર્ધન હતા અર્થાત્ પરિગ્રહધારી કોઈપણ મુકિત મેળવી શકયો નથી. જેમને પૂન્યોદયથી ધનસંપત્તિ મળી હતી તેમણે પણ મુકિત મેળવવાને માટે છોડી દેવી પડી છે. સંપૂર્ણ આત્મસ્વરૂપ મેળવવાને માટે તો માનવ જીવનનો સદ્વ્યય કરવાની જરૂરત છે. કેવળ ધનનો સદ્વ્યય કરવાથી આત્મવિકાસ સાધી શકાતો નથી. પૈસાથી પુન્ય ઉપાર્જન થાય પણ મુકિત મેળવી શકાય નહીં. માનવ જીવન બધાય માનવી પાસે હોય છે. ધન ન પણ મળે પરંતુ જીવન તો માનવી માત્રને મળે છે. સંસારમાં ધન આપનારાઓ હજારો

મળી આવશે પણ જીવન અર્પણ કરનાર તો લાખોમાં પાંચ સાત પણ ભાગ્યેજ મળશે. પોતાનું જીવન બચાવવાને માટે પોતાની સઘળીયે ધનસંપત્તિનો ત્યાગ કરતા ઘણાયે દૃષ્ટિગોચર થાય છે પણ ધન માટે જીવનનો ત્યાગ કરતાં સહુ કોઇ સંકોચાય છે અર્થાત્ માનવી જીવન આગળ ધનની કશી ય કિંમત ગણતો નથી માટે જ ધન કરતા જીવન કિંમતી ગણાય છે અને તે માનવી માત્ર પાસે હોવાથી તેનો સદુપયોગ કરીને આત્માની સાચી શ્રીમંતાઈ મેળવી શકે છે, આમ હોવા છતાં પણ પંચમ-કાળના પ્રભાવને લઇને ત્યાગી કે ભોગી પ્રાયઃ સર્વને ધન પ્રિય થઈ પડયું છે; તેથી પ્રભુના માર્ગની ઉપાસના કરતાં ધનની તથા ધનવાનની ઉપાસનાને પ્રધાનતા આપવામાં આવી છે.

## ત્યાગથી સુખ

( ૬ )

માનવીમાં ભોગથી સુખ માનવાની શ્રદ્ધા ઘર કરીને બેસી ગઇ છે તે કેમે કરીને નીકળતી નથી અને એટલે માટે જ માનવી ત્યાગી બનવામાં અત્યંત દુઃખો માને છે. જ્યારે કોઇ ત્યાગ માર્ગ સ્વીકારવાને તૈયાર થાય છે ત્યારે તેને ઘણા માણસો એમ કહેતા નજરે પડે છે કે—જોજો, ત્યાગી બનવાને તૈયાર તો થયા છો પણ પહેલાં સારી રીતે વિચાર કરીને આ કામ કરજો, નહિ તો પાછળથી પસ્તાવું પડશે; કારણ કે સંસાર ત્યાગ કરવાનું કામ ઘણું જ કઠણ છે, ઘણું જ દુઃખ સહન કરવું પડે છે. રેતીના કોળીઆ અને લોઢાના ચણા

ખાવા સહેલા છે પણ ત્યાગ માર્ગનું પાલન કરવું ઘણું જ વસમું છે. સાચું છે, આમ કહેનારાઓની વાત જરાયે અસત્ય નથી કારણ કે અનેક જન્મોથી ભોગમાં સુખની દૃઢ શ્રદ્ધા રાખનાર આત્માને ત્યાગથી સુખની શ્રદ્ધા થવી દુઃશકય છે. પૌદ્ગલિક પ્રપંચોમાંથી છૂટો થનાર માનવી પણ એમ માને છે કે મારે ઘણું જ કષ્ટ ભોગવવું પડશે, પણ તે કષ્ટ ભોગવવાનું ફળ મને સુખ મળશે. ભાવી જન્મમાં હું સદ્ગતિ મેળવીને સુખી થઇશ. આવી માન્યતાથી સ્પષ્ટ જણાઇ આવે છે કે તે ત્યાગ માર્ગ અંગીકાર કરનાર પણ ભોગોમાં સુખ માને છે પણ ત્યાગમાં સુખ માનતો નથી. જો ત્યાગમાં સુખ માને તો પછી ત્યાગ માર્ગમાં રહીને પરમ સુખનો અનુભવ કરે. સ્વતઃ અથવા તો ઉદીરણાથી ઉદયમાં આવતા અશુભ કર્મથી ઉદ્વેગ ન પામે અને શુભના ઉદયથી સુખશાંતિ ન માને પણ બંને પ્રકારના ઉદયમાં સમભાવે રહે અને એવી ધારણા પણ ન રાખે કે દુઃખ આવ્યું છે તે વેઠી લો, આગલા જન્મમાં સુખ મળશે; માટે જ્યાં સુધી પૌદ્ગલિક સુખને દુઃખસ્વરૂપ ન માને અને ત્યાગને સુખસ્વરૂપ ન માને ત્યાં સુધી તાત્ત્વિક દૃષ્ટિથી તે ત્યાગી ન કહી શકાય. દેવલોકની ઇચ્છા કે પૌદ્ગલિક ઊંચા પ્રકારનું સુખ ભોગવનાર માનવી બનવાની ઇચ્છા સાચા ત્યાગ ધર્મથી મળતા આત્મિક સુખની બાધક છે, માટે જ જડાસક્તિ ટળ્યા સિવાય ત્યાગી બની શકાય નહિં અને ત્યાગ સિવાય સુખી થવાય નહિં.

જેમ રોગ મટાડવા દવા વાપરનાર કુપથ્ય ટાળે તો રોગ મટે પણ જો રોગ વધારનાર વસ્તુ વાપરે તો દવા ગુણ કરે નહિં અને રોગ મટે નહિં, તેમ ભાવ રોગ મટાડી શાશ્વતી

આરોગ્યતા મેળવવા ત્યાગરૂપ ભાવ ઔષધિ વાપરનાર ભાવ રોગ વધારનાર જડાસક્તિરૂપ કુપથ્ય વાપરે તો ભાવરોગ મટાડી શાશ્વતી આરોગ્યતા મેળવી શકે નહિં. નિરંતર રોગગ્રસ્ત રહેનાર માનવી રોગથી ટેવાઇ ગયેલો હોવાથી અને આરોગ્યતાના અનુભવથી સર્વથા વંચિત રહેવાથી રોગપોષક સ્વાદિષ્ટ માનેલી મનભાવતી વસ્તુઓ વાપરે છે અને રોગથી દુઃખી હોવા છતાં પણ પોતાને સુખી માને છે, તેવી જ રીતે અનાદિ ભાવ રોગથી રંગાયલો આત્મા ભાવરોગપોષક જડ વસ્તુઓને અત્યંત આસક્તિભાવે વાપરીને પોતાને સુખી માને છે. એટલે જ પૌદ્‌ગલિક સુખના સાધનરૂપ જડ વસ્તુઓના ત્યાગની ઇચ્છા કરતો નથી. અને જે ત્યાગે તે વધારે સારાં પૌદ્‌ગલિક સુખની ઇચ્છાથી બાહ્ય ત્યાગ કરીને પોતાને કષ્ટ વેઠવાનું માને છે અર્થાત્ ત્યાગથી દુઃખ માને છે.

પ્રભુની દૃષ્ટિથી જોનારને ત્યાગથી સુખ મળી શકે છે એમ સાચું જણાય છે પણ સાચું માનવારૂપ શ્રદ્ધાના બાધક કર્મ આડાં આવવાથી જાણ્યા પ્રમાણે માનતો નથી અને જડના ભોગમાં જ સુખ માની રહ્યો છે. કર્મજન્ય અનેક પ્રકારના દુઃખોમાંથી છૂટી જવાના આશયથી જ પુન્યકર્મથી પ્રાપ્ત થયેલા પૌદ્‌ગલિક સુખના સાધનોના ત્યાગીને છોડેલી જડાત્મક વસ્તુઓના ભોગની સ્ફુરણા સરખીયે થતી નથી. જેમ મળપણે પરિણત થયેલ અન્નાદિ ખાદ્ય વસ્તુઓનો મળોત્સર્ગરૂપ ત્યાગ કરીને તેને વાપરવાની કોઇને પણ ઇચ્છા થતી નથી; એટલું જ નહિ પણ તેનું સ્મરણ પણ કોઈ કરતું નથી. અણુસમજુ બાળક અનુપયોગથી વિષ્ટામાં હાથ

નાખીને પછી તે જ ખરડાયલ હાથ મોંમાં નાખે છે; પણ તે જ જ્યારે સમજણો થાય ત્યારે વિષ્ઠાનો છાંટો અનુપયોગથી પણ જો શરીર ઉપર ગયો હોય તો તેને પાણીથી ધોઈ નાંખી શરીર સ્વચ્છ બનાવે છે. અજ્ઞાની આત્મા મળપણે ત્યાગેલા વૈષયિક સુખોને ભોગવીને રાજી થાય છે અને સુખ માને છે. પરંતુ જ્ઞાની પુરુષો તો વિષ્ટાની જેમ છોડેલા ભોગો ભોગવવાને સંકલ્પ સરખોયે કરતા નથી. કદાચ પ્રમત્તભાવે વૈષયિક ભોગોની ઇચ્છા થઈ જાય તો પ્રાયશ્ચિત્ત કરીને સ્ફુરણારૂપ મળના છાંટાને ધોઈ નાખીને આત્મશુદ્ધિ કરી લે છે.

સંસારમાં અજ્ઞાનતાને લઈને ભોગથી સુખની શ્રદ્ધાવાળા પણ જો બુદ્ધિપૂર્વક વિચાર કરે તો તેમને સ્પષ્ટ જણાશે કે–પૌદ્ગલિક સુખના માટે જડાત્મક વસ્તુઓ ગ્રહણ કરવા માત્રથી સુખ મળી શકતું નથી; પણ તે વસ્તુઓના ત્યાગથી સુખ મળે છે, અર્થાત્ પૌદ્ગલિક સુખ ગ્રહણ કરેલી વસ્તુઓના ત્યાગથી થાય છે. પાંચે ઇંદ્રિયોના વિષયો જડના ધર્મ છે અને તે આત્માને બહુ જ ગમે છે કારણ કે અનાદિ કાળથી અજ્ઞાની આત્મા વિષયના ભોગોથી સુખ માનતો આવ્યો છે અને એટલા માટે જ વિષય સ્વરૂપ ગુણધર્મવાળી જડ વસ્તુઓનો સંગ્રહ કરીને તેને અત્યંત આસક્તિભાવથી ભોગવે છે તે પણ સુખ તો ગ્રહણ કરેલી વસ્તુઓના ત્યાગથી જ થાય છે. ગમે તેટલી જડાત્મક વસ્તુઓનું ગ્રહણ કરે પણ સુખના માટે તો ગ્રહણ કરેલી વસ્તુઓનો અવશ્ય ત્યાગ કરવો જ પડે છે, જેમકે હજારો, લાખો કે ક્રોડોની ધનસંપત્તિ ભેગી કરનાર મેળવેલા ધનને જમીનમાં દાટી મૂકે, અથવા તો ઓછું

થઈ જવાની આશંકાથી કોઈ સુરક્ષિત સ્થળે રાખી મૂકે, અને કાંઇ પણ ન ખરચે તો તે પૌદ્‌ગલિક સુખના સાધન મેળવી શકતો નથી અને સુખ પણ ભોગવી શકતો નથી; પણ જો મેળવેલા ધનનો ત્યાગ કરે અર્થાત્ કંજુસાઈ કાઢી નાખીને વસ્ત્ર, આભૂષણ, બાગ-બંગલા આદિ બનાવવામાં અને મોટર, ચાકર આદિ રાખવામાં ધન વાપરે તો દુનિયાએ માની રાખેલું સુખ ભોગવી સુખી માણસ તરીકે પંકાય છે. નહિં તો છતે પૈસે કંગાળ બની દરેક પ્રકારે દુઃખી જ જીવન ગાળે છે.

માનવી સુખ મેળવવાને સ્વાદિષ્ટ ભોજન જમે છે, પણ ભોજન જમવા માત્રથી સુખ મળી શકતું નથી; કારણ કે સ્વાદીષ્ટ લાગતી વસ્તુ વધુ પ્રમાણમાં ખવાઈ જવાથી તેને અકળામણ થાય છે, તે જ્યારે જમેલી વસ્તુ મળપણે પરિણત થઇને નિકળી જાય છે અર્થાત્ દસ્ત સાફ આવી જાય છે ત્યારે તેને શાંતિ મળે છે. જો ઝાડો ન થાય અને મળ ભરાઇ રહે તો દવા ખાઇને પણ ખાધેલી વસ્તુનો ત્યાગ કરે ત્યારે જ તેની બેચેની દૂર થાય છે અને શાંતિ મેળવે છે. જો વસ્તુના ભોગ-માત્રથી સુખ થતું હોય તો પછી જઠરાગ્નિમંદતાને લઇને ખાધેલી વસ્તુ ન પચવાથી વિકૃતિ થઈ જાય છે જેથી આફરો ચઢી જઇને પુષ્કળ ચૂંક આવવાથી દુઃખ થાય છે તે ન થવું જોઇએ અને મળત્યાગથી સુખ થાય છે તે પણ ન થવું જોઇએ.

જ્યાંસુધી જીવ કર્મ ભોગવે છે ત્યાંસુધી જન્મ-જરા-મૃત્યુ આદિના દુઃખોમાંથી છૂટી શકતો નથી, તેને અનેક જન્મો ધારણ કરીને અનેક પ્રકારનાં દુઃખ ભોગવવા પડે છે, તે જ્યારે સર્વ કર્મનો ત્યાગ કરે છે ત્યારે જ શાશ્વતું સુખ મેળવી શકે છે.

કેટલાક માનવી પુન્યકર્મ ભોગવવાથી સુખ માને છે. એટલે કે સંસારી જીવો જેને સુખ માને છે તે પુન્યકર્મના ભોગથી થાય છે પણ ત્યાગથી સુખ મળતું નથી. પરંતુ સૂક્ષ્મદૃષ્ટિથી વિચાર છીએ તો જનતાની માન્યતામાં કાંઇક સમજફેર થતી હોય એવું જણાય છે; કારણ કે જનતા જેને ભોગ માને છે તે પણ એક પ્રકારનો ત્યાગ જ છે. જીવ જે વખતે દુઃખ ભોગવતો હોય છે તે વખતે પણ સત્તામાં–સંચિતપણે પુષ્કળ પુન્ય હોવાં છતાં પણ તેનું ફળ સુખ મેળવી શકતો નથી પણ જ્યારે ઉદયમાં આવી આત્મપ્રદેશથી છૂટું પડે છે અર્થાત્ તેનો ત્યાગ થાય છે કે જેને બીજા શબ્દોમાં કહીએ તો ભોગવાય છે ત્યારે જ જીવ સુખી છે એમ કહી શકાય છે. જો કે ભોગને ત્યાગની દૃષ્ટિથી સુખ માનીએ તો પાપકર્મના ત્યાગસ્વરૂપ ભોગથી પણ સુખ જ મળવું જોઇએ, દુઃખ કેમ થાય છે? વાત સાચી છે; પણ ત્યાગથી જે સુખ કહેવામાં આવ્યું છે તે મુખ્યપણે આત્માના ગુણસ્વરૂપ સુખની અપેક્ષાથી છે, પૌદ્‌ગલિક સુખની અપેક્ષાથી નથી, છતાં પૌદ્‌ગલિક વસ્તુના ભોગથી સુખ માનનાર આત્માને સમજાવવા ગૌણપણે બાહ્યદૃષ્ટિથી પૌદ્‌ગલિક ભોગને પણ એક પ્રકારનો ત્યાગ બતાવીને અને સર્વ ત્યાગ માર્ગ તરફ દોરીને ભોગથી સુખ થાય છે એવા સંસ્કારો ભૂસી નાખવાને માટે જ છે, નહિં તો જેઓ ભોગથી સુખ માને છે તે એકાંત નથી. કેટલાક ભોગથી દુઃખ પણ થાય છે, અનુકૂળ અને પ્રતિકૂળ એમ બે પ્રકારના વિષયો હોવાથી અનુકૂળ વિષયભોગથી જ સુખ થાય છે અને પ્રતિકૂળ વિષયભોગથી દુઃખ થાય છે પણ આ બધું સુખ–દુઃખ બાહ્યદૃષ્ટિથી જડાત્મક

વસ્તુઓને આશ્રયીને છે. બાકી વાસ્તવિક સાચા સુખ માટે તો ત્યાગની જ મહત્ત્વતા છે. ત્યાં ભોગને અંશમાત્ર પણ અવકાશ નથી. પુન્ય તથા પાપ બંને પ્રકારના કર્મના ત્યાગથી જ સુખસ્વરૂપ પ્રગટ થાય છે. પુન્યના ભોગથી જે સુખ બતાવ્યું છે તે પૌદ્ગલિક સુખની અપેક્ષાથી જ છે જેથી તે ભોગને ત્યાગના નામથી ઓળખાવ્યો. પાપના ભોગથી પૌદ્ગલિક સુખ થતું નથી એટલે તેની ઉપેક્ષા કરીને પૌદ્ગલિક સુખ માટે તેને ત્યાગ તરીકે ઓળખાવ્યું નથી છતાં જ્યારે આત્મિક સુખના વિકાસ માટે કરવામાં આવે છે ત્યારે પુન્ય તથા પાપ બંનેનો ત્યાગ કરવામાં આવ્યો છે. તાત્પર્ય કે બંનેના ત્યાગથી આત્મિક સુખ મળી શકે છે. આ પ્રમાણે વિચાર કરતાં સમજાય છે કે એકંદરે **ત્યાગથી જ આત્મા સુખ મેળવી શકે છે.**

## ધર્માધર્મમીમાંસા

( ૭ )

**આપણો** ધર્મ આપણી પાસે જ છે, તે બીજા કોઈની પણ પાસેથી મળી શકતો નથી; બીજા તો નિમિત્ત માત્ર હોય છે. જોનારી તો આંખો જ હોય છે, જોવાની શક્તિ આંખોમાં છે, પણ તેમાં કસર થવાથી, જોવાની શક્તિને રોકનાર કોઈ બીજી વસ્તુ આડી આવી જવાથી દવાની જરૂરત પડે છે, તે દવા જોવામાં નિમિત્ત માત્ર છે તેથી તે જોવાની શક્તિ નથી આપતી પણ જોવાની શકિતને રોકનાર વસ્તુને દૂર કરે છે; એટલે આંખો જોવાની શકિત પ્રગટ થવાથી સારી રીતે જોઇ શકે છે

તેવી જ રીતે જીવન, સુખ, આનંદ તથા જ્ઞાનાદિ આત્માની શક્તિને રોકનાર જડ વસ્તુઓ આડી આવવાથી આત્માને પુસ્તક, પ્રભુપ્રતિમા, પ્રભુઉપદેશ તથા વિકાસી પુરુષો વિગેરે જડ તથા ચેતન નિમિત્તોની જરૂર પડે છે. આવા નિમિત્તોથી આત્માની શક્તિને રોકનાર જડ નષ્ટ થવાથી આત્મશક્તિ પ્રગટ થાય છે, શક્તિનો વિકાસ થાય છે તેને ધર્મ કહેવામાં આવે છે. નિમિત્તો કાંઇ આત્માને નવી શક્તિ આપતા નથી પણ તેનું કામ તો આત્મશક્તિબાધક જડને નષ્ટ કરવાનું હોય છે; બાકી શક્તિ તો આત્મામાં સ્વરૂપસંબંધથી હતી તે પ્રગટ થાય છે.

ભિન્ન ભિન્ન સ્વભાવવાળી વસ્તુઓનો સંયોગ થવાથી એક બીજાના સ્વભાવનો નાશ નથી કરી શકતી પણ વિકાર (વિભાવ) ઉત્પન્ન કરી શકે છે. આવો વિભાવ બંને વસ્તુઓમાં થાય છે પણ એકમાં થાય અને બીજીમાં ન થાય એવો નિયમ નથી; કારણ કે સંયોગ સંયોગી ઉભય વસ્તુમાં રહેલો છે. સાકર અને કરિયાતું બે ભેગાં ભળે તો સાકરમાં વિકાર થાય છે તેમ કરિયાતામાં પણ થાય છે; કારણ કે જેમ સાકરનો સંયોગ કરિયાતા સાથે હોય છે તેમ કરિયાતાનો સંયોગ સાકર સાથે હોય છે. એટલે સાકરમાં મીઠાશ તથા કડવાશથી જુદો ત્રીજો સ્વાદ આવે છે, તેવી જ રીતે કરિયાતું પણ કડવું તથા મીઠું લાગતું નથી–ભિન્ન સ્વાદવાળું લાગે છે. આને વિકાર કહેવામાં આવે છે. વર્ણ, ગંધ અને રસ બદલાવાથી આપણે કહીએ છીએ કે આ વસ્તુ બગડી ગઈ છે, તે વસ્તુના સ્વભાવસ્વરૂપ વર્ણ, ગંધ અને રસમાં ઇતર વસ્તુનો સંયોગ થવાથી પરિવર્તન થાય છે ત્યારે તેને બગડેલી કહેવામાં આવે છે. બગાડ,

વિકાર અને વિભાવ આ ત્રણે શબ્દનો એક જ અર્થ થાય છે, અર્થાત્ આ શબ્દોમાં નામનો ફરક છે પણ અર્થનો નથી.

બે ભેગી ભળેલી વસ્તુઓમાં વિકૃતિ જણાય છે છતાં બંને વસ્તુઓની પ્રકૃતિમાં તો જરાય પરિવર્તન થતું નથી. ભેગી ભળેલી સાકરના કણોમાં તો મીઠાશ જ રહેવાની અને કરિયાતાના કણીઆઓમાં કડવાશ જ રહેવાની. વ્યવહારથી જ વિકૃતિ કહેવાય છે અને તે સંયોગને કહેવામાં આવે છે. અર્થાત્ ભિન્ન સ્વભાવોનો સંયોગ તે વિકૃતિ અને તેનો વિયોગ તે પ્રકૃતિ, માટે જ સંસારમાં વિકૃતિ જેવી કોઇ શાશ્વતી તાત્ત્વિક વસ્તુ નથી પણ પ્રકૃતિ તો તાત્ત્વિક અને નિત્ય વસ્તુ છે અને તે સ્વભાવ અથવા તો ધર્મના નામથી ઓળખાય છે. એટલા જ માટે સંસારમાં જેને અધર્મ કહેવામાં આવે છે તે વિકૃતિને લઈને જ છે; બાકી ધર્મના અભાવસ્વરૂપ અધર્મ જેવી કોઈ વસ્તુ જ સંસારમાં નથી, ધર્મ શાશ્વતો–નિત્ય છે ત્યારે અધર્મ અશાશ્વતો–અનિત્ય છે.

આવી જ રીતે આત્મા તથા જડનો સંયોગ થવાથી સંયોગસ્વરૂપ વિકૃતિ ઉત્પન્ન થાય છે. આ સંયોગમાં આત્મા તથા જડ પોતપોતાની પ્રકૃતિ છોડતાં નથી પણ બંને ભિન્ન સ્વભાવે એકત્રિત થવાથી વ્યવહારમાં કાંઈક વિચિત્રતા જણાય છે કે જેને આત્માની વિભાવદશા કહેવામાં આવે છે. જેવી રીતે આત્માની વિભાવદશા હોય છે તેવી જ રીતે ભેગા મળેલા જડની પણ વિભાવદશા હોય છે; કારણ કે સંયોગ બંનેમાં રહેલા હોવાથી બંનેમાં વિકૃતિ થાય છે એટલે વિભાવદશા પણ

બંનેની કહેવાય છે. જડ અને જીવ બંને જુદા સ્વભાવવાળા હોવાથી બંનેની વિભાવદશા પણ જુદા જ પ્રકારની હોય છે. આત્મા પોતાના સ્વભાવને મુખ્ય રાખી વિભાવમાં પ્રવૃત્તિ કરે છે ત્યારે જડ પોતાના સ્વભાવને મુખ્ય રાખીને પ્રવૃત્તિ કરે છે. આત્માને જાણવામાં જેટલું વિપરીત જણાય છે તે જડના સંસર્ગને લઈને તેના સ્વભાવનું પરિણામ છે અને તે ભાવોને વિપરીત જાણવારૂપ આત્માની વિભાવદશા છે કે જે એક પ્રકારના વિકારસ્વરૂપ છે. આ વિકારના અંગે આત્મા જડ વસ્તુઓને પોતાની પોષક, રક્ષક, આનંદ તથા સુખની ઉત્પાદક જાણે છે, જડ વસ્તુઓમાં અનુકૂળતા તથા પ્રતિકૂળતાની માન્યતાને લઈને પ્રાપ્તિ તથા અપ્રાપ્તિથી હર્ષ–શોક ધારણ કરે છે, અનેક પ્રકારની વિક્રિયામાં આત્માનું જ્ઞાન પ્રસરેલું હોવાથી તેને કષાયી અને વિષયી કહેવામાં આવે છે, પોતે અક્રિય હોવા છતાં પણ અનેક પ્રકારની ક્રિયા કરવાવાળો કહેવાય છે. આ પ્રમાણે જડના સંસર્ગને લઈને થવાવાળી વિકૃતિ તે આત્માની વિભાવદશા છે.

જડ–પુદ્ગલની વિભાવદશા પોતાના સ્વભાવના અંગે જુદા જ પ્રકારની છે. સંસારમાં જેટલા શરીરો જણાય છે તે બધાય જડની વિભાવદશા છે અને તે આત્માના સંસર્ગને લઈને થયેલી હોય છે. વનસ્પતિના શરીરરૂપે વિભાવને પ્રાપ્ત થયેલું જડ–પદ્ગલ પોતાને યોગ્ય ખોરાક લઈને પોતાને પોષે છે. તે સિવાયના મનુષ્ય, પશુ–પક્ષી આદિના શરીર પણ જડના વિકારસ્વરૂપ છે કે જે વ્યવસ્થિતપણે આહાર, વિહાર આદિની ક્રિયા કરે છે, તેમાં આત્મસ્વભાવનું મિશ્રણ હોય

છે. પાંચે ઇંદ્રિયોને ઉપયોગમાં આવતા જેટલા વિષયો છે તે બધા વિભાવદશાને પ્રાપ્ત થયેલા પુદ્ગલો છે. વિભાવદશાને પ્રાપ્ત થયેલા મનસ્વરૂપ પુદ્ગલનો વિચાર કરીએ તો તે જ્ઞાનસ્વરૂપ જણાય છે; કારણ કે જેટલું જાણવું તથા વિચારવું થાય છે તે મનથી જં થાય છે. જો કે મનની સાથે આત્મા ભળેલો હોય એટલે જાણનાર તો આત્મા જ હોય છે, છતાં પ્રગટપણે તો જાણવું તે મનનું કાર્ય જણાય છે. અધ્યવસાય તથા વિચારમાં પણ એટલા માટે જ ભેદ પડે છે. અધ્યવસાય આત્મસ્વભાવ છે અને વિચાર પૌદ્ગલિક વિભાવ છે. આત્માને પોતાને જાણવાને સ્કંધપણે પરિણમીને વિભાવને પ્રાપ્ત થયેલાં પુદ્ગલો લેવાં પડે છે, તે પુદ્ગલસ્કંધોને વિચારપણે પરિણમાવે છે ત્યારે પુદ્ગલસ્કંધોમાં જણાવવારૂપ વિકાર થાય છે તે પુદ્ગલોની વિભાવદશા કહેવાય છે. પુદ્ગલો જડ હોવાથી તેમાં જાણવાનો કે જણાવવાનો સ્વભાવ નથી છતાં આત્માની સાથે ભળવાથી તેમાં સકર્મક આત્માને જણાવવાની–જ્ઞાન કરાવવાની વિકૃતિ થાય છે તે જ તેની વિભાવદશા છે.

ભિન્ન સ્વભાવની વસ્તુઓનો સંયોગ થવાથી વિકૃતિ થાય છે તેમ એક જ સ્વભાવની વસ્તુઓનો સંયોગ થવાથી પણ વિકૃતિ થાય છે. સંસારમાં છ દ્રવ્યો છે, તેમાં એક રૂપી છે, બાકીના પાંચ અરૂપી છે. જીવ અને પુદ્ગલ આ બે દ્રવ્ય અનેક છે; બાકી ઔપચારિક કાળ સિવાય ત્રણ એક એક છે. છએ દ્રવ્ય ભિન્ન સ્વભાવવાળાં છે. જગતની વિચિત્રતા અથવા તો દૃશ્ય જગતનું અસ્તિત્વ બે દ્રવ્ય(જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય)ને આશ્રીને દ્રવ્યોના સંયોગરૂપ વિકૃતિ તે જ

જગત કહેવાય છે. જેમ જીવદ્રવ્ય અનેક છે તેમ પુદ્‌ગલ દ્રવ્ય પણ અનેક છે. આ બંને દ્રવ્યો ભિન્ન સ્વભાવવાળા છે તેના સંયોગરૂપ વિકૃતિને સહુ કોઇ પ્રત્યક્ષ કરી શકે છે, પણ વિયોગ થવાથી શુદ્ધ દશામાં રહેલા પ્રકૃતિસ્વરૂપ બંનેને અતિશય જ્ઞાની સિવાય કોઇપણ પ્રત્યક્ષ કરી શકતું નથી. અરૂપી એક સ્વભાવવાળા અનેક દ્રવ્યોનો સંયોગ થવા છતાં પણ તેમાં વિકૃતિ થતી નથી, પણ એક સ્વભાવ-વાળા રૂપી દ્રવ્યો ભેગાં થાય તો તેમાં વિકૃતિ થાય છે. પુદ્‌ગલ દ્રવ્ય વિકૃતિ થયા સિવાય જીવ દ્રવ્યમાં વિકૃતિ ઉત્પાદક સંયોગથી જોડાતું નથી, અનેક પરમાણુઓના સંયોગથી થયેલા વિકૃતસ્વરૂપ સ્કંધોના સંયોગથી જીવમાં વિકૃતિ થાય છે અને તે જીવની વિભાવદશા કહેવાય છે. જ્યાં સુધી પુદ્‌ગલ દ્રવ્યમાં વિકૃતિ–વિભાવદશા ન થાય ત્યાં સુધી જીવની વિભાવદશા પુદ્‌ગલ દ્રવ્ય ન કરી શકે. અનેક પુદ્‌ગલ–પરમાણુ છૂટા પડેલાં છે તે જીવના સંસર્ગમાં આવવા છતાં પણ વિકૃતિ કરી શકતા નથી. તેવી જ રીતે શુદ્ધ એક જ સ્વભાવવાળ અનેક આત્મ દ્રવ્યોનો સંયોગ થાય છે તો ય તેમાં વિકૃતિ ન થવાથી વિભાવદશાને પ્રાપ્ત કરી શકતાં નથી, કારણ કે તે અનેક છે છતાં અરૂપી છે. ધર્મ, અધર્મ, આકાશ આ ત્રણે દ્રવ્ય અરૂપી છે પણ એક છે, જીવ દ્રવ્યની જેમ અનેક નથી. આ ત્રણે દ્રવ્ય એક હોવાથી પ્રત્યેકમાં વિકૃતિ નથી એટલે ભેગાં ભળીને રહેવા છતાં પણ આપસમાં વિકૃતિ ઉત્પન્ન કરી શકતા નથી; કારણ કે વિકૃતિ–વિભાવ ભિન્ન સ્વભાવવાળાં અનેક દ્રવ્યોના સંયોગથી થાય છે અને ખાસ કરીને તો વિકૃતિમાં પુદ્‌ગલ

દ્રવ્યોમાં હોઈ શકે છે, અને તે જીવદ્રવ્યમાં જેવી રીતે વિકૃતિ ઉત્પન્ન કરી છે તેવી રીતે ધર્મ આદિ ત્રણ દ્રવ્યોમાં વિકૃતિ ઉત્પન્ન નથી કરી શકતું; કેવળ આકાશ દ્રવ્યમાં જે ઘટાકાશ–મઠાકાશ આદિ કહેવાય છે તે પુદ્ગલની વિભાવદશાના ઉપચારને લઈને જ છે. પુદ્ગલને લઈને જીવમાં થવાવાળી વિકૃતિ ભિન્ન પ્રકારની છે, કારણ કે કર્મ પુદ્ગલોના સંસર્ગથી આત્માના સ્વભાવસ્વરૂપ કેવળ–જ્ઞાનાદિ ગુણો પોતાનું કાર્ય કરી શકતા નથી, તેમજ આત્મા અક્રિય હોવા છતાં પણ પુદ્ગલ પોતાના સ્વભાવસ્વરૂપ ક્રિયાની અસરથી આત્માને આકાશપ્રદેશમાં ભ્રમણ કરાવે છે, કર્મજન્ય નાના–મોટા શરીરોમાં આત્માનો સંકોચ–વિકોચ કરાવે છે, આવી વિકૃતિ ઉત્પન્ન કરવાની શકિત ધર્મ, અધર્મ અને આકાશ દ્રવ્યમાં નથી. આ ત્રણે અરૂપી દ્રવ્યો પોતપોતાના સ્વભાવ પ્રમાણે નિરંતર વર્ત્યે જાય છે પણ જીવ દ્રવ્યમાં પોતાનો સ્વભાવ ન હોવા છતાં પણ સંકોચ–વિકોચ, અલ્પજ્ઞતા, સક્રિયતા તથા અનંત જીવન, અનંત આનંદ, અનંત સુખ આદિ ગુણોનું વિપરીતપણું જણાય છે તે બધું ય વિભાવને લઈને છે. ધર્મ આદિ ત્રણ દ્રવ્યોમાં જીવ તથા પુદ્ગલ દ્રવ્યનો સંસર્ગ થવાથી પણ વિભાવ થતો નથી તેનું ખાસ કારણ તેઓ અરૂપી–એક–લોકવ્યાપી અને અનાદિ કાળથી જ વિભાવના અભાવવાળા છે. જીવ તથા પુદ્ગલ અનાદિ કાળથી જ વિભાવપણે પરિણમતાં આવ્યાં છે અને અનેક છે એટલે તેનાં અનાદિકાળના સંયોગને લઈને વિકૃતિ થતી આવી છે તેથી જીવ તથા પુદ્ગલની વિભાવદશા અનાદિકાળની છે. જીવ તથા પુદ્ગલ દ્રવ્ય અનેક છે છતાં તેમાં

ફરક એટલો જ છે કે જેમ પરમાણુ પુદ્ગલમાં કેટલાક અનાદિકાળથી શુદ્ધ સ્વભાવસ્થ છે તેવી રીતે અનાદિકાળથી કયારેય જડ સંસર્ગ ન થયો હોય એવાં જીવદ્રવ્ય શુદ્ધ સ્વભાવસ્થ નથી; અનાદિ કાળથી જ વિભાવમાંથી સ્વભાવમાં આવીને શુદ્ધ થતા આવ્યા છે અને તે મુક્તાત્મા તરીકે કહેવામાં આવે છે તેમને પાછી વિભાવદશા પ્રાપ્ત કરાવનાર જડનો સંસર્ગ થતો નથી, જડમાં આવો નિયમ નથી. વિભાવ ઉત્પાદક પુદ્ગલ સ્કંધો આત્મસંબંધથી છૂટા પડીને વિખરાઇ જઇને પુદ્ગલ–પરમાણુરૂપ શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરવા છતાં પણ પાછાં સ્કંધના સ્વરૂપમાં ભેગાં મળીને આત્માઓની સાથે સંબંધ થવાથી વિભાવદશાને પામે છે, ત્યારે કર્મના સંયોગથી અનાદિ કાળથી વિભાવદશામાં રહેનાર આત્માઓ એક વખત સંપૂર્ણ શુદ્ધ થઇને સ્વભાવનો વિકાસ કર્યા પછી નિત્યવિકાસી જ રહે છે, અનેક પ્રકારના પુદ્ગલ સ્કંધોનો સંસર્ગ થાય છે તોયે વિભાવને પ્રાપ્ત કરી શકતા નથી.

આ પ્રમાણે જગતમાં વસ્તુ ત્રણ ભાવવાળી છે. સ્વભાવ, વિભાવ અને પરભાવ. તેમાં સ્વભાવ દરેક વસ્તુમાં સ્વરૂપ સંબંધથી રહે છે અને વિભાવ સંયોગ સંબંધથી થાય છે. પરભાવ ભિન્ન સ્વભાવવાળા દ્રવ્યોમાં સ્વરૂપસંબંધથી રહે છે, જેમકે–આત્મ દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી પુદ્ગલદ્રવ્યનો સ્વભાવ તે પરભાવ અને પુદ્ગલના સ્વભાવની અપેક્ષાથી આત્માનો સ્વભાવ ને પરભાવ કહેવાય છે. આવી જ રીતે દરેક વસ્તુમાં પોતાની અપેક્ષાથી સ્વભાવ અને પરની અપેક્ષાથી પરભાવ હોય છે. ગમે તેવી ભિન્ન સ્વભાવવાળી વસ્તુના સંયોગથી કોઈ વસ્તુ પોતાનો સ્વભાવ છોડતી નથી, પણ વિભાવને પામી શકે છે;

પરન્તુ અનાદિ શુદ્ધ-સ્વભાવસ્થ અવિકૃત વસ્તુ ભિન્ન સ્વભાવ-વાળી વસ્તુઓના સંયોગથી પણ વિભાવદશને પામતી નથી. છ દ્રવ્યોમાં કેવળ જીવ અને પુદ્ગલ એ બે જ દ્રવ્ય એવાં છે કે, અનાદિ કાળથી જ વિભાવદશાને પામેલાં છે. કોઈ સમય પણ સર્વથા સ્વભાવસ્થ હતાં જ નહીં, કારણ કે છએ દ્રવ્ય અનાદિ કાળથી ભેગાં ભળીને રહેલાં છે છતાં જીવ તથા પુદ્ગલ છોડીને બીજા કોઇ પણ દ્રવ્યમાં વિભાવ-ઉત્પાદક સંયોગ જોવામાં આવતો નથી. તેનાં કારણો પૂર્વે બતાવ્યાં જ છે તે અને બીજું ખાસ કારણ તો અરૂપી અને લોકવ્યાપી હોવાથી બીજા દ્રવ્યોના સંયોગથી પણ ક્રિયા થતી નથી એટલે સ્વભાવમાં વિકૃતિ ન થવાથી વિભાવદશા થઈ શકતી નથી. (સક્રિય રૂપી પદાર્થોનો સંયોગ વિકૃતિનો ઉત્પાદક બની શકે છે, પણ અક્રિય અરૂપી પદાર્થોના સંયોગથી વિકૃતિની ઉત્પત્તિ થઇ શકે નહીં.) જો કે જીવ દ્રવ્ય પણ લોકવ્યાપી છે છતાં અનાદિ કાળથી દેહ-વ્યાપી હોવાથી તેમાં ક્રિયા થાય છે એટલે તેની વિભાવદશા પણ અનાદિ કાળની જ છે. જીવદ્રવ્ય અનાદિકાળથી દેહવ્યાપી કેમ છે? તેનો નિર્ણય તો સર્વજ્ઞો જ કરી શકે છે તો પણ અત્યારે જૈન સિદ્ધાંત કહે છે તેમ દેહવ્યાપી જીવનો આપણને અનુભવ થાય છે. જીવની સાથે વિભાવ ઉત્પાદક પુદ્ગલસ્કંધોનો સંયોગવિયોગ થયા કરે છે તે ક્યાંથી થાય છે અને શા માટે થાય છે? રૂપી અને અરૂપીનો મેળ કેવી રીતે મળે? અરૂપીને રૂપી અનુગ્રહ કે ઉપઘાત કેવી રીતે કરી શકે? ઈત્યાદિ બાબતોને સમજાવવાને માટે, માટી અને સોનું, દૂધ અને પાણી, લોઢાનો ગોળો અને અગ્નિ, મધ-બ્રાહ્મી આદિ અનેક વસ્તુઓના ઉદાહરણ આપ્યાં છે પણ તે કાંઈક અપૂર્ણ

જેવાં લાગે છે, કારણ કે ઉદાહરણવાળી બધી વસ્તુઓ રૂપી-પુદ્‌ગલસ્વરૂપ છે એટલે પુદ્‌ગલો એક બીજાની સાથે ભળીને અનુગ્રહ તથા ઉપઘાત કરી શકે છે તેમજ એક બીજામાં ઓતપ્રોત થઈને રહી શકે છે. પણ રૂપી અને અરૂપી કેવી રીતે ઓતપ્રોત થઇ શકે અને લાભ-હાનિ પહોંચાડી શકે ? આ વિષયમાં અને જીવ લોકવ્યાપી છે છતાં ફક્ત કેવળી સમુદ્‌ઘાત વખતે જ લોકવ્યાપી એક સમય રહી શકે છે તે સિવાય અનાદિ અનંત કાળ સુધીમાં જીવ કયારેય લોકવ્યાપી થઈ શકતો નથી પણ દેહવ્યાપી જ રહે છે, સર્વ કર્મથી મુકાઈને સર્વથા સ્વરૂપસ્થ થયા પછી પણ અમુક અંશ ન્યૂન દેહપ્રમાણ જ આકાશપ્રદેશોમાં વ્યાપ્ત થઈને રહે છે, સકર્મક આત્મામાં ક્રિયા હોય છે એટલે કેવળી સમુદ્‌ઘાતમાં લોકમાં વ્યાપે છે અને અકર્મક થયા પછી અક્રિય હોવાથી વ્યાપ્ત થતો નથી એમ સમજીએ તોયે સર્વકર્મથી મુકાતાં પૂર્વપ્રયોગની પ્રેરણાથી સાત રાજ ઊંચે લોકને છેડે જઈ શકે છે તેમ પૂર્વ પ્રયોગથી લોકવ્યાપી કેમ થતો નથી ? આ વિષયમાં સર્વજ્ઞ કહે તે સાચું માનવું જ પડે છે; કારણ કે આવી બાબતોમાં અલ્પજ્ઞોની અલ્પ બુદ્ધિ કામ આપી શકતી નથી.

વસ્તુસ્થિતિ આવી હોવાથી જ્યાંસુધી યથાર્થ બોધ ન થાય ત્યાંસુધી સાચું જણાય નહીં એટલે સાચી પ્રવૃત્તિ પણ થાય નહીં જેથી સાચું ફળ મળી શકે નહીં; માટે જ ધર્મ તથા અધર્મ દ્રવ્ય છે, ગુણ છે કે ક્રિયા છે તેની સાચી ઓળખ કરવાની જરૂરત છે; કારણ કે જ્યાંસુધી સાચું સમજાય નહીં ત્યાંસુધી સાચી રીતે ધર્મ થઇ શકે નહીં. વસ્તુસ્વરૂપ

દૃષ્ટિ સન્મુખ રાખ્યા સિવાય વસ્તુની પ્રાપ્તિ થઇ શકતી નથી. તેનો અનુભવ હમેશાં મનુષ્ય માત્રને થઇ રહ્યો છે. મિઠાઈ, અનાજ, ઝવેરાત તથા કાપડ આદિ વસ્તુઓના ગ્રાહક જોઇતી વસ્તુના જાણુ હોય તો જ બજારમાં અકેક પ્રકારની દુકાનો હોવા છતાં પણ ઇચ્છિત વસ્તુવાળાની જ દુકાને ઊભો રહે છે પણ બીજી દુકાને જતો નથી. મીઠાઈનો ગ્રાહક કાપડવાળાને ત્યાં જતો નથી અને કાપડનો ગ્રાહક ઝવેરીને ત્યાં જતો નથી; કારણ કે તેને જોઇતી વસ્તુને સાચી રીતે જાણીને દૃષ્ટિ સન્મુખ રાખેલી હોય છે એટલે ભૂલવાનો પ્રસંગ ન બનવાથી ધારેલી વસ્તુ મેળવી શકે છે. નશાવાળો અથવા તો વસ્તુસ્વરૂપનો અણ-જાણ ભૂલે છે તેથી અવળી પ્રવૃત્તિ કરી ઇચ્છિત વસ્તુ મેળવી શકતો નથી. વસ્તુતત્ત્વ વિચારતાં જણાય છે કે ધર્મ, અધર્મ અને વિધર્મનો સ્વભાવ, વિભાવ અને પરભાવમાં સમાવેશ થાય છે એટલે તે ગુણ છે પણ દ્રવ્ય તથા ક્રિયા નથી, દ્રવ્યનો સ્વભાવ તે ધર્મ, વિભાવ તે અધર્મ અને પરભાવ તે વિધર્મ કહેવાય છે. વ્યવહારમાં ક્રિયાને જે ધર્મ કહેવામાં આવે છે તે ઔપ-ચારિક છે. આત્માને વિભાવદશામાંથી સ્વભાવદશામાં લાવવાને માટે કરવામાં આવતી કાયિક, વાચિક અને માનસિક પ્રવૃત્તિમાં સ્વભાવસ્વરૂપ ધર્મનો ઉપચાર કરવામાં આવે છે તે જ્યારે આત્મા અંશે અંશે પણ સ્વભાવદશાને પ્રાપ્ત કરે ત્યારે જ યથાર્થ કહી શકાય, પણ જે પ્રવૃત્તિથી આત્માની વિભાવદશા પોષાય તેમાં ધર્મનો ઉપચાર કેવી રીતે થઈ શકે? માટે સર્વથા જ્ઞાનશૂન્ય કેવળ ક્રિયા માત્રને ધર્મ માનવો તેમાં કેટલું તથ્ય છે તે જ્ઞાની પુરુષો જ જાણી શકે છે.

# " પ્રભુ પ્રત્યક્ષ છે."

## ( ૮ )

એમ તો બધા એક સરખી રીતે માને છે કે–સર્વથા શુદ્ધાત્મસ્વરૂપ પ્રભુનો અલ્પજ્ઞો સાક્ષાત્કાર કરી શકતા નથી કારણ કે તે અરૂપી છે માટે નિરાકાર છે તેથી તે અદ્રશ્ય છે. નિરાવરણવિશિષ્ટ જ્ઞાન સિવાય જડાત્મક કોઇ પણ ઇંદ્રિય પ્રભુને ગ્રહણ કરી શકતી નથી, માટે સર્વજ્ઞ થયેલા જ આત્માને પ્રભુ પ્રત્યક્ષ છે; બાકીના જીવો તો અનુમાનથી અથવા તો શાસ્ત્રોમાં લખાયેલા સર્વજ્ઞોક્ત વચનોથી જાણી શકે છે.

પ્રથમ તો શાસ્ત્રોમાં મંડનપદ્ધતિથી વસ્તુસ્વરૂપનું વર્ણન કરવામાં આવે છે તે જેને બુદ્ધિગમ્ય ન થવા છતાં પણ શ્રદ્ધાગમ્ય થાય છે તેને તો કોઇપણ પ્રકારની આશંકાનું કારણ ન હોવાથી યુક્તિ–પ્રયુક્તિને અવકાશ હોતો નથી, પણ કેવળ બુદ્ધિગમ્ય વસ્તુને જ આદરનારને માટે શાસ્ત્રમાં ખંડન–મંડન બંને પદ્ધતિઓને અનુસરીને યુક્તિ–પ્રયુક્તિનો આશ્રય લેવામાં આવ્યો છે. આ વસ્તુ ભિન્ન ભિન્ન માન્યતાને અનુસરીને પ્રસિદ્ધિ પામેલા દરેક શાસ્ત્રોમાં દૃષ્ટિગોચર થાય છે.

અલ્પજ્ઞો કેવળ બુદ્ધિગમ્ય બધું કરી શકતા નથી તેમ જ જેટલું બુદ્ધિગમ્ય થાય છે તેટલાનો સાક્ષાત્કાર પણ કરી શકતા નથી. તો પણ બળવત્તર જડસ્વરૂપ મોહ કર્મના દબાણને લઇને જડવાદના પક્ષપાતી હોવાથી આત્માનું અસ્તિત્વ અને તેની વિશિષ્ટ, વિશિષ્ટતર શક્તિઓમાં અનેક આશંકાઓ ઊભી કરીને આવરણગ્રસ્ત પોતાની ઘણી જ ટૂંકી બુદ્ધિથી

તેની અસિદ્ધિ માટે યુક્તિ-પ્રયુક્તિ કરે છે, કારણ કે તેમણે પોતાના જીવનમાં વિલાસને પ્રધાનતા આપેલી હોય છે, માટે તેમને અનાત્મવાદી થવું જ પડે છે. જે અનાત્મવાદી છે તે પ્રાયઃ વિષયાસક્ત હોવાથી ઇંદ્રિયોના દાસ હોય છે. તેઓ પોતાના ક્ષુદ્ર વિષયો પોષવાને આત્મવાદિયોને, કે જેમનાથી પોતાની વિષયાસક્તિ પોષાતી હોય તેમને, અનાત્મવાદ તરફ દોરવા પોતાની દુર્બુદ્ધિનો ઉપયોગ કરે છે. વાણી તથા વર્તનમાં તેમનો દેખીતો ડોળ આત્મવાદ જેવો જ હોય છે જેથી અણજાણ આત્મવાદી દોરાઇ જાય છે. પછીથી ઓછી બુદ્ધિવાળાને અનાત્મવાદથી વાસિત કરે છે.

વિષયાસક્ત ભલે જડવાદને પોષે પણ આત્મવાદ સિવાય જડવાદને અવકાશ જ નથી. બુદ્ધિગમ્ય અને જેટલું પ્રત્યક્ષ છે તેટલું જ સાચું છે, એમ માને છે તે મોટી ભૂલ કરે છે, અથવા તો બુદ્ધિ અને પ્રત્યક્ષનું સાચું સ્વરૂપ ઓળખ્યા સિવાય વિલાસનો માર્ગ સરળ બનાવે છે; સદ્‌બુદ્ધિથી વિચાર કરવાથી સ્પષ્ટ સમજાય છે કે, પ્રતિપક્ષી વસ્તુ સિવાય કોઇ પણ વસ્તુનું અસ્તિત્વ હોઈ શકતું નથી. જડનું અસ્તિત્વ માની તેની સિદ્ધિ માટે જે કાંઈ બોલાય છે તે ચૈતન્યના વિરોધમાં જ બોલાય છે માટે ચૈતન્ય જેવી વસ્તુ સંસારમાં અસ્તિત્વ ધરાવે છે, ત્રણે કાળમાં વિદ્યમાન છે. આત્મા જેવી કોઇ વસ્તુ જ ન હોય તો જડની ઓળખાણ આપી શકાય જ નહિં. જડની વ્યાખ્યા ઉપરથી ચૈતન્યની સિદ્ધિ થાય છે. જડથી વિપરીત ગુણ-ધર્મવાળો આત્મગુણ-ધર્મથી વિપરીત ધર્મવાળું જડ છે અર્થાત્ ચૈતન્યની વ્યાખ્યાથી જડની સિદ્ધિ થાય છે.

બંનેમાં એક વસ્તુ વિદ્યમાન ન હોય તો બીજી હોઈ શકે જ નહિં, તો પછી તેને ઓળખવા વ્યાખ્યાની તો વાત જ કેવી ?

જે વસ્તુને જાણે છે, જણાવે છે, ઓળખે છે, ઓળખાવે છે તે ચૈતન્ય અને જે જાણવાના તથા ઓળખવાના સ્વભાવ-સ્વરૂપ જ્ઞાન વગરનું છે તે જડ કહેવાય છે. જડમાં જ્ઞાન હોતું નથી પણ જડને ઓળખાવનારમાં જ્ઞાન હોય છે અને તેને આત્મા–જીવ–ચૈતન્ય વિગેરે નામોથી ઓળખવામાં આવે છે. જડ વસ્તુઓને ઇંદ્રિયોદ્વારા જાણનાર પણ આત્મા જ છે કારણ કે ઇંદ્રિયો પોતે જડ હોવાથી કાંઇપણ જાણી શકતી નથી. આત્માનો જડ દેહથી વિયોગ થાય છે ત્યારે ઇંદ્રિયો વિદ્યમાન હોવા છતાં પણ જાણવા જણાવવાનું કાંઈ પણ કાર્ય કરી શકતી નથી, તેમજ દેહના છેદન, ભેદન તથા દહન આદિથી અથવા તો ચંદનવિલેપન આદિ ઉપચારોથી સુખ, દુઃખ, શાંતિ, આનંદ, કલેશ તથા સંતાપ આદિના ચિહ્નો દેહ ઉપર કાંઈ પણ દૃષ્ટિગોચર થતા નથી; માટે તેમાં જ્ઞાનસ્વરૂપ આત્મા નથી, પણ જડસ્વરૂપ કેવળ દેહ દૃષ્ટિગોચર થાય છે.

આ પ્રમાણે આત્મા તથા અનાત્મા–જડ બંને વસ્તુઓ પ્રત્યક્ષ છે, ફક્ત બંનેના પ્રત્યક્ષની રીત જુદી છે. જેમ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને શબ્દના પ્રત્યક્ષની રીત જુદી હોય છે, અર્થાત્ આંખથી વર્ણ, નાકથી ગંધ, જીભથી રસ, કાનથી શબ્દ અને ત્વચાથી સ્પર્શ પ્રત્યક્ષ થાય છે. પણ આંખથી શબ્દ, કાનથી વર્ણ, જીભથી ગંધ કે નાકથી રસ વિગેરે પ્રત્યક્ષ થતું નથી તેવી જ રીતે આત્મા અને અનાત્મા–જડ બંનેનું પ્રત્યક્ષ પણ જુદી રીતે થાય છે. જડનું પ્રત્યક્ષ આવરણવાળા

સકર્મક આત્માને ઇંદ્રિયોદ્વારા થાય છે અને આવરણ રહિતને ઇંદ્રિયોની જરૂરત પડતી નથી અને આત્માનું પ્રત્યક્ષ કેવળ શુદ્ધાત્માને જ થાય છે પણ ઇંદ્રિયોદ્વારા જેમ જડનું પ્રત્યક્ષ થાય છે તેમ થઈ શકતું નથી. જડ વસ્તુઓને અને પોતાને, અથવા તો જ્ઞેય માત્રને જાણે છે તે જ આત્મા છે–ચૈતન્ય-સ્વરૂપ છે. ઇંદ્રિયો જડ હોવાથી રૂપી તથા અરૂપી કોઇપણ જ્ઞેય પદાર્થનું પ્રત્યક્ષ કરી શકે નહિ. તેમજ આવરણવાળો આત્મા જડસ્વરૂપ કર્મના સંસર્ગને લઇને અશુદ્ધ હોવાથી જ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્માનો સાક્ષાત્કાર કરી શકે નહિં પણ અજ્ઞાન-સ્વરૂપ અશુદ્ધ આત્માનું પ્રત્યક્ષ કરી શકે છે, અર્થાત્ મોહ-નીય કર્મના દબાણને લઇને જીવાત્મા વસ્તુમાત્રનાં સાચા સ્વરૂપને ઓળખી શકે નહિં. જન્મ, જરા, મરણ, સુખ, દુઃખ આદિ અવસ્થાઓ શુદ્ધ આત્માની નથી તોયે અજ્ઞાનતાને લઈને આત્મા માને છે કે–હું સુખી છું, દુઃખી છું, મરું છું, જન્મું છું, ઘરડો છું, જુવાન છું, રૂપાળો છું વિગેરે. આ પ્રમાણે માનનાર જે આત્મા છે તે અજ્ઞાનતાને લઇને જડના સંસર્ગથી થવાવાળી વિકૃતિયોને પોતાની માને છે. આવી જ રીતે દરેક દેહધારી આત્માઓ પોતપોતાનું પ્રત્યક્ષ કરી શકે છે અને પોતાને અનુભવાતી લાગણીઓ તથા વૃત્તિ અનુસાર પ્રવૃત્તિયોની સરખામણી કરીને બીજા જીવાત્માઓને અનુમાનથી જાણી શકે છે. જ્યારે સમ્યગ્જ્ઞાન–દર્શન આદિને મલિન કરનાર કર્મનો ક્ષય થવાથી પોતે શુદ્ધ થાય છે ત્યારે પોતે પ્રભુસ્વરૂપ થવાથી શુદ્ધ તથા અશુદ્ધ આત્મા માત્રનો સાક્ષાત્કાર કરી શકે છે, યાવત્ જ્ઞેયને સાચા સ્વરૂપે જાણે છે,

જુએ છે એટલે પ્રભુનું પ્રત્યક્ષ થવાથી પોતાનો અને પ્રભુનો સ્વરૂપભેદ ટળી જાય છે. પોતે વ્યક્તિગત ભિન્ન હોવા છતાં શક્તિથી–સ્વરૂપથી અભિન્ન જાણે છે, કે જે એક વસ્તુનું સત્ય સ્વરૂપ છે. શુદ્ધાત્મા જ્ઞાનાદિ કોઇપણ શક્તિમાં પ્રભુથી અંશમાત્ર પણ ન્યૂન હોતો નથી. જ્ઞાનની સર્વોત્કૃષ્ટ દશા બને છે. પ્રભુપદ એટલે આત્માની શુદ્ધ દશા, તે સિવાય તો પ્રભુ પદ જેવી બીજી કોઇપણ વસ્તુ નથી કે જેને પ્રાપ્ત કરવાથી પ્રભુ બની શકાય. શુદ્ધઆત્મદશાથી ભિન્ન પ્રભુપદ પ્રાપ્ત થતું હોય તો પછી જેમ માનવી ધન પ્રાપ્ત થવાથી શ્રીમંત કહેવાય છે અને ધનનો નાશ થવાથી પાછો કંગાળ કહેવાય છે તેમ પ્રભુની દશા પણ થાય. કોઇનું આપેલું પ્રભુપદ મેળવીને આત્મા પ્રભુ બને તો પછી આપનારાઓ પદભ્રષ્ટ કરે એટલે પાછો અપ્રભુ બની જાય, પણ આ પદનો સાધુ, ઉપાધ્યાય કે આચાર્યના પદની જેમ આરોપ થઇ શકતો નથી, પણ ઘાતી અથવા તો સર્વ કર્મક્ષય થવાથી પ્રગટ થયેલી આત્માની શુદ્ધ દશા છે, અર્થાત્ કર્મના આવરણથી તીરોભાવે રહેલું શુદ્ધાત્માનું સ્વરૂપ પ્રગટ થાય છે એટલે તેને પ્રભુ કહેવામાં આવે છે. અને તે પ્રભુને પ્રત્યક્ષ કરવાથી આત્માને પ્રભુસ્વરૂપે જુએ છે. પ્રભુસ્વરૂપ સઘળા આત્મા સ્વસ્વરૂપના તિરોભાવથી જીવાત્મા તરીકે ઓળખાતા હતા તે જ સ્વ–સ્વરૂપનો આવિર્ભાવ થવાથી પ્રભુ–પરમાત્મસ્વરૂપે ઓળખાયા. જેમ સેલડી, ગાજર આદિ ભિન્નભિન્ન વનસ્પતિઓમાં ઓછા–વત્તા પ્રમાણમાં જેટલે અંશે મીઠાશ રહેલી છે તે બધીય તિરોભાવે રહેલી સાકર છે. તે જ્યારે પ્રયોગોદ્વારા પ્રગટ થાય છે ત્યારે કોઈપણ

વનસ્પતિના નામથી નથી ઓળખાતી પણ એક સાકરના નામથી જ ઓળખાય છે. દરેક વનસ્પતિમાં મીઠાશબાધક અંશ છૂટો પડવાથી કેવળ શુદ્ધ મીઠાશ જ રહે છે એટલે ત્યાં વનસ્પતિના ભેદને અવકાશ રહેતો નથી, તેમ સંસારમાં જેટલા પ્રકારના શરીરો જણાય છે તેમાં જેટલે અંશે જ્ઞાન–જાણુવાપણું છે તે જ આત્મસ્વરૂપ છે, દરેક દેહમાં આત્મા અશુદ્ધ દશામાં તિરોભાવે રહેલો છે તે જ્ઞાનની તારતમ્યતાથી જણાય છે. જ્યારે તપ, જપ આદિ પ્રયોગોદ્વારા શુદ્ધ થાય છે ત્યારે જ્ઞાનનો સંપૂર્ણ વિકાસ થવાથી પ્રગટ થાય છે. અને સંપૂર્ણ શુદ્ધિ થવાથી સર્વથા શુદ્ધાત્મદશા પ્રગટે છે અર્થાત્ સ્વ-સ્વરૂપનો સંપૂર્ણ આવિર્ભાવ થાય છે. સર્વથા અશરીરી થયા સિવાય જ્ઞાનની સર્વોત્કૃષ્ટ દશા સર્વજ્ઞપણું પ્રાપ્ત થાય નહિ એવો નિયમ નથી પણ આત્મા સર્વજ્ઞ તો સદેહે જ થાય છે અને અશરીરી પછી થાય છે અર્થાત્ કોઈપણ જીવાત્મા સર્વજ્ઞ થયા સિવાય અશરીરી–સર્વથા સર્વ દેહમુક્ત થઈ શકે નહિં, કારણ કે માનવદેહ સર્વજ્ઞપણાનું સાધક છે પણ બાધક નથી અને તે માનવદેહદ્વારા જ આત્મા સર્વ શુદ્ધિ મેળવી શકે છે. અનેક દેહના આશ્રયમાં રહીને સક્રિયપણે જે અશુદ્ધિ મેળવેલી હોય છે તેને માનવ દેહની મદદવડે અશુદ્ધિઉત્પાદક ક્રિયાથી વિપરીત ક્રિયાદ્વારા શુદ્ધિ પ્રાપ્ત કરી શકે છે. તે સંપૂર્ણ શુદ્ધિ મેળવતા સુધી દેહના આશ્રયમાં રહીને સર્વથા જડસ્વરૂપ કર્મથી મુકાઈ જાય છે. એટલે છેવટે અશરીરી બનીને સાદિ અનંતકાળ સુધી દેહમુક્તિના અનંતર ક્ષણે પ્રાપ્ત થયેલી આત્મદશામાં સ્થિર રહે છે. જો અશરીરી થયા પછી સર્વજ્ઞ-

પણું પ્રાપ્ત થતું હોય અથવા તો અનાદિ અશરીરી જ સર્વજ્ઞ હોય તો શૂન્યવાદ આવી જાય છે; કારણ કે અલ્પજ્ઞો અરૂપી અને અપ્રત્યક્ષ વસ્તુઓને સર્વજ્ઞના કહ્યા સિવાય જાણી શકે નહિં. સર્વજ્ઞો જ સદેહ અવસ્થામાં અરૂપી અને અપ્રત્યક્ષ વસ્તુઓને અલ્પજ્ઞો આગળ કહી જણાવે છે, જેને તેઓ પોતાના શિષ્યોને અને તેઓ પોતાના શિષ્યોને કહી જણાવે છે. આમ પરંપરાથી જ્યારે ભૂલવા માંડે છે ત્યારે સ્મરણમાં રાખવાને માટે સર્વજ્ઞોના વચનોને પુસ્તકરૂપે લખી લે છે, તેને વિશેષજ્ઞો થોડી બુદ્ધિવાળાઓને સહેલાઇથી સમજવાને માટે અનેક પ્રકારના દાખલા, દલીલો, હેતુ, યુક્તિ–પ્રયુક્તિથી સર્વજ્ઞોક્ત વચનોનો ટીકારૂપે વિસ્તાર કરે છે. પરોક્ષ વસ્તુઓમાં ઉત્પન્ન થતી અનેક પ્રકારની આશંકાઓનું પોતાની ક્ષાયોપશમિકી બુદ્ધિથી સમાધાન કરે છે એટલે થોડી બુદ્ધિવાળા પણ સર્વજ્ઞના વચનોને સમજી શકે છે. આ બધાયનું આદિ કારણ સદેહ ઉચ્ચારાયલાં સર્વજ્ઞોના વચનો જ છે. જો સદેહ–દેહધારી સર્વજ્ઞ ન માનવામાં આવે તો દૃશ્ય વસ્તુઓ માટે અનેક પ્રકારની મિથ્યા કલ્પના કરવાથી અને અદૃશ્ય વસ્તુઓનો અભાવ માનવાથી સર્વશૂન્યતાનો પ્રસંગ આવે અથવા તો દૃશ્ય તથા અદૃશ્ય જગતની વિચિત્રતા જાણવાને માટે અસત્ કલ્પના કરીને પણ અશરીરીદ્વારા પ્રેરણા જ્ઞાન માનવું પડે કે જે તદ્દન અસંગત છે, યુક્તિયુક્ત નથી, કારણ કે પ્રેરણા જ્ઞાન વાણી વગર હોઇ શકે નહિં અને વાણી દેહ વગર સંભવી શકે નહિં. અરૂપી અશરીરીથી પ્રેરણા જ્ઞાન મળી શકે જ નહિં પણ અશરીરી સર્વ શુદ્ધાત્મસ્વરૂપ પ્રભુના આદર્શને

સન્મુખ રાખવાથી અધ્યવસાય શુદ્ધિદ્વારા આત્મશુદ્ધિની પ્રેરણા મળવાથી સર્વજ્ઞપણું મેળવી શકાય છે જેથી પ્રભુના નિરાવરણ જ્ઞાનનો સાક્ષાત્કાર થતાંની સાથે જ પ્રભુનો પણ સાક્ષાત્કાર થઈ જાય છે અને શુદ્ધ થયેલો આત્મા સાદિઅનંત કાળ સુધી પ્રભુસ્વરૂપે સ્થિર થઈ જાય છે. જ્યાં સુધી તે દેહધારી રહે છે ત્યાં સુધી બીજા અલ્પજ્ઞ જીવોને જગતનું સાચું સ્વરૂપ સમજાવે છે, જેથી તેઓ પણ સમ્યક્ ક્રિયાદ્વારા સર્વજ્ઞપણું મેળવી પ્રભુપદ પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે પરંપરાથી અનાદિ કાળથી સદેહ સર્વજ્ઞ બનીને પ્રભુપદ પ્રાપ્ત કરતા આવ્યા છે, માટે વ્યક્તિગત પ્રભુ થવાથી અનંત પ્રભુ હોઈ શકે છે તે બધાય સર્વજ્ઞ દશા પ્રાપ્ત કર્યા પછી જ પ્રભુપદને વરેલા હોય છે. તેઓ પ્રભુનો સાક્ષાત્કાર કર્યા સિવાય પ્રભુપદ પ્રાપ્ત કરી શકતા નથી માટે પ્રથમ નિરાવરણ જ્ઞાનથી પ્રભુનો સાક્ષાત્કાર કરે છે કે જે જ્ઞાનને કેવળજ્ઞાન કહેવામાં આવે છે. કેવળ-જ્ઞાનના વિકાસને માનવ દેહ કે માનવ જીવન રોકી શકતું નથી, અર્થાત્ માનવી સર્વજ્ઞ થઈ શકે છે. તેના માટે જગત્-માં ન જણાય તેવું કાંઈપણ હોતું નથી, યાવત્ જ્ઞેય માત્રને જાણે છે, અણુજાણને જણાવે છે જેથી તે પોતાના બોધ પ્રમાણે જાણે છે, પણ જોઈ શકતા નથી; કારણ કે જ્યાં સુધી આવ-રણ હોય ત્યાં સુધી કોઈ જણાવે તો જાણી શકાય પણ જોઈ શકાય નહિં. જ્યારે આવરણ ખસે છે ત્યારે બીજાના જણાવ્યા સિવાય જોઈ શકે છે. અર્થાત્ આત્મપ્રત્યક્ષ કરી શકે છે. રૂપી અને અરૂપી એમ બે પ્રકારની વસ્તુ હોવાથી પ્રત્યક્ષ પણ બે પ્રકારનું છે. રૂપીમાં પણ સ્થૂળ અને સૂક્ષ્મ એમ બે પ્રકારે

રૂપી હોય છે. તેમાં સ્થૂળ રૂપીનું પ્રત્યક્ષ આવરણગ્રસ્ત આત્મા પણ ઇંદ્રિયોદ્વારા કરી શકે છે, પણ અત્યંત સૂક્ષ્મ રૂપીને ઇંદ્રિયો ગ્રહણ કરી શકતી નથી માટે તેને આત્મા જ પ્રત્યક્ષ કરે છે. આત્મા ઉપર આવરણ હોવા છતાં પણ સૂક્ષ્મ રૂપી પ્રત્યક્ષ કરવાની શક્તિનો વિકાસ થઈ શકે છે, તેથી આત્મા ઇંદ્રિયોની તેમ જ સર્વજ્ઞોના વચનોની સહાયતા વગર પણ ક્ષાયોપશમિક જ્ઞાનથી સૂક્ષ્મ રૂપી જોઈ શકે છે. અરૂપી પ્રત્યક્ષના માટે તો આત્મા સર્વથા નિરાવરણ જ્ઞાન મેળવી શકે નહિં ત્યાં સુધી જોઇ શકે નહિં, પણ સર્વજ્ઞોના વચનોથી જાણી શકે. આવરણગ્રસ્ત આત્માને જે આત્મા પ્રત્યક્ષ થાય છે તે સકર્મક રૂપી આત્માનું માનસ પ્રત્યક્ષ છે, દેહાદિની ક્રિયાથી આત્માનું અનુમાન થાય છે અને નિરાવરણ-કેવળજ્ઞાનદશામાં શુદ્ધાત્મસ્વરૂપે પોતાને જોઈ શકે છે; અને તે જ પ્રભુ છે.

## ‘ ભોગમીમાંસા ’

### ( ૯ )

જે માનવી ભોગથી સુખ માને છે તેણે ભોગ શું વસ્તુ છે તેનો સમ્યગ્ બુદ્ધિપૂર્વક પ્રથમ વિચાર કરવાની અત્યંત આવશ્યકતા છે. ભોગના બે અર્થ થાય છે. એક તો વાપરવું અને બીજો સંયોગ. તેમાં વાપરવારૂપ ભોગ બે પ્રકારનો છે. એક તો પોતાની જ વસ્તુ વાપરવી અને બીજો પારકી વસ્તુ વાપરવી. પોતાની વસ્તુ વાપરવારૂપ ભોગ આત્માને માટે

સમ્યગ્જ્ઞાનાદિ છે કે જેને આત્મા પ્રત્યેક ક્ષણે વાપરી રહ્યો છે. જ્ઞાન, દર્શન તથા ચારિત્ર આદિ વાપરીને આત્માએ પોતાનું સ્વરૂપ જાળવી રાખ્યું છે. અને જીવન વાપરીને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખ્યું છે. જ્ઞાન, દર્શનાદિ ગુણો છે અને તે આત્માના પોતાના હોવાથી આત્મસ્વરૂપ છે એટલે તેનો ત્રણે કાળમાં વિયોગ થતો નથી. એટલા માટે જ આત્માને તાત્ત્વિક દૃષ્ટિથી સ્વ-સ્વરૂપનો ભોક્તા કહ્યો છે. આત્માને સમ્યગ્જ્ઞાનાદિ પોતાના ગુણો ભોગવવાને માટે પૌદ્‌ગલિક કોઈ પણ વસ્તુની જરૂરત પડતી નથી; કારણ કે તાદાત્મ્ય સંબંધથી પોતાની અંદર જ રહેલા પોતાના જ ગુણોને ભોગવવાને માટે ભિન્ન ગુણ-ધર્મવાળા દ્રવ્યની આવશ્યકતા હોય જ નહિ. સાકરને પોતાનું સ્વરૂપ જાળવી રાખવાને માટે મીઠાશ વાપરવા કરીઆતાની જરૂરત પડતી નથી, અગ્નિને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા ઉષ્ણતા વાપરવાને માટે પાણીની આવશ્યકતા હોતી નથી. અર્થાત્ કરીઆતાના સંયોગથી સાકર મીઠી કહેવાય નહિં અને પાણીના સંયોગથી અગ્નિ ઉષ્ણ કહેવાય નહિ; કારણ કે ભિન્ન સ્વરૂપવાળા દ્રવ્યોના ગુણો પણ ભિન્ન હોવાથી કરીઆતાનો ગુણ સાકરની મીઠાશનો અને પાણીનો ગુણ અગ્નિની ઉષ્ણતાનો બાધક છે પણ સાધક નથી. તેવી રીતે આત્માને જ્ઞાનાદિ ગુણો વાપરવાને માટે જડદ્રવ્યના સંયોગની જરૂરત નથી, કારણ કે પુદ્‌ગલ દ્રવ્ય આત્મ દ્રવ્યથી ભિન્ન ગુણધર્મવાળું છે એટલે જ્ઞાનાદિ ગુણો વાપરવાને માટે આત્માને બાધક થાય છે પણ સાધક થઈ શકતું નથી.

આત્મા નિરંતર જ્ઞાનાદિ ગુણોનો ભોકતા છે એટલે

આત્માનો ભોગ પરના સંયોગરૂપ નથી પણ સ્વ-સ્વરૂપ છે. એટલે કોઈ પણ વસ્તુના સંયોગ સિવાય-પછી તે વસ્તુ જડ હોય કે ચૈતન્ય હોય, દ્રવ્ય હોય, ગુણ હોય કે પર્યાય હોય-વસ્તુ માત્રને પોતાના જ્ઞાન ગુણથી જાણવી તે જ આત્માનું ભોગવવાપણું છે. બાકી તો તેનું ભોક્તાપણું તાત્ત્વિક દૃષ્ટિથી જોઈએ તો બીજી કોઇપણ રીતે બની શકતું નથી. આવી જ રીતે દ્રવ્યમાત્ર પોતપોતાના ગુણોનો ભોગવે છે અને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખે છે. ભોગ સંબંધને કહેવામાં આવે છે, તે બે પ્રકારે છેઃ એક તાદાત્મ્ય સંબંધ અને બીજો સંયોગ સંબંધ. ગુણ ગુણીનો સ્વરૂપ સંબંધ છે, અર્થાત્ ગુણ પોતપોતાના દ્રવ્યમાં તાદાત્મ્ય સંબંધથી રહે છે અને દ્રવ્યોનો પરસ્પર સંયોગ સંબંધ છે. છએ દ્રવ્ય સંયોગ સંબંધથી ભેગા મળીને રહે છે છતાં ભિન્ન ગુણ-ધર્મવાળાં હોવાથી એક સ્વરૂપ થઈ જતાં નથી, કારણ કે જે દ્રવ્યમાં જે ગુણ સ્વરૂપ સંબંધથી રહે છે તે ગુણ તે દ્રવ્ય છોડીને બીજામાં જઇ શકે નહિં કારણ કે ગુણ-ગુણીનો અભેદ સંબંધ હોવાથી એકબીજાથી છૂટા પડી શકતા નથી. જ્યાં ગુણ હોય છે ત્યાં ગુણી અવશ્ય હોય જ છે અને જ્યાં ગુણી હોય છે ત્યાં ગુણ હોય છે, અર્થાત્ બે દ્રવ્યોનો સંયોગ થાય છે ત્યાં એક બીજાનો ગુણ એક બીજામાં જતો નથી છતાં જો બાહ્ય દૃષ્ટિથી જોતાં જણાય તો ત્યાં તે ગુણના દ્રવ્યનો અંશ સૂક્ષ્મપણે રહેલો હોય છે; જેમ કે-દેવતામાં તપાવેલી ઈંટમાં અથવા તો ગરમ પાણીમાં બાળી નાંખે તેવી ઉષ્ણુતા જણાય છે પણ દેવતા જણાતો નથી છતાં અગ્નિ સૂક્ષ્મપણે રૂપાંતરથી રહેલો છે કે જેને લઇને ઉષ્ણુતા જણાય છે. તે

સૂક્ષ્મરૂપે રહેલો અગ્નિ જ્યારે નષ્ટ થવાથી ઇંટ ઠંડી થઇ જાય છે. અમુક વખત સુધી વસ્ત્રોની પેટીમાં કસ્તુરી, કપૂર આદિ સુગંધી વસ્તુ રાખીને કાઢી લેવામાં આવે તો ય પેટીમાં સુગંધી બની રહે છે પણ સુગંધી દ્રવ્ય જણાતું નથી તેથી કાંઇ સુગંધી દ્રવ્યથી છૂટી પડેલી સુગંધ પેટીમાં નથી પણ વસ્ત્રોમાં કસ્તુરી આદિ દ્રવ્ય સૂક્ષ્મપણે પ્રવેશ કરી ગયું છે તેની સુગંધ છે, આવી જ રીતે ભિન્ન ગુણવાળા દ્રવ્યમાં ભિન્ન ગુણમાત્રનું પ્રત્યક્ષ થાય ત્યાં તે ગુણના આધારભૂત દ્રવ્ય પણ અવશ્ય રહેલું જ હોય છે, છતાં સૂક્ષ્મતાને લઇને જણાતું નથી. જો દ્રવ્યની સાથે સંયોગ સંબંધ કહી શકાય અને વિયોગ થવાથી પોતાના દ્રવ્યમાં પણ તેનો સંયોગ સંબંધ મનાય. આવી રીતે જો ગુણ-ગુણીનો સંયોગ સંબંધ માનવામાં આવે તો પછી નિશ્ચિત દ્રવ્ય જેવી કોઈ વસ્તુ જ ન રહે, કારણ કે આ અમુક દ્રવ્ય છે, એમ નિશ્ચિત કરનાર તેનો અસાધારણ ગુણ હોય છે. જેમકે મીઠાશ ગુણ સાકરને, કડવાશ કરિયાતાને, શીતળતા પાણીને, ઉષ્ણતા અગ્નિને અને ઉપયોગગુણ આત્માને નિશ્ચિત જણાવે છે. સંયોગ વિયોગવાળી વસ્તુ તો દ્રવ્ય છે. તેમનો એક બીજાની સાથે સંયોગ-વિયોગ થાય છે પણ ગુણનો તો થઇ શકે જ નહિં. એક ગુણનો બીજા ગુણ સાથે કે કોઇ પણ દ્રવ્યની સાથે સંયોગ સંબંધ થાય જ નહિ. અને જો ગુણોને સંયોગ-સંબંધવાળા માનવામાં આવે તો પછી ચેતન, જડ થાય અને અજીવ જીવ થઇ જાય. સાકર કરીઆતુ અને અગ્નિ પાણી થઈ જાય. આવી જ રીતે જો થાય તો દ્રવ્ય ગુણની વ્યવસ્થા ન રહેવાથી બધુંય અવ્યવસ્થિત થઇ જાય.

સમાન ગુણવાળા અનેક દ્રવ્ય ભેગાં થાય તોયે એક દ્રવ્યનો ગુણ બીજા દ્રવ્યમાં ભળે નહીં પણ જે દ્રવ્યમાં જેટલો ગુણ હોય તેટલો જ તેમાં સ્થિર રહે પણ વૃદ્ધિ–હાનિ થાય નહિં. અનંત સિદ્ધાત્માઓ ભેગા ભળીને રહે છે અને બધાયમાં જ્ઞાન–દર્શનાદિ ગુણ એક સરખા રહેલા છે પણ એક સિદ્ધનો ગુણ પોતાના આત્મદ્રવ્યમાંથી છૂટો પડીને બીજા સિદ્ધમાં ભળી શકે નહિ અર્થાત્ ભિન્ન સિદ્ધાત્મા(દ્રવ્ય)ના ગુણ તરીકે કહી શકાય નહિં, છતાં બધાય સિદ્ધોના જ્ઞાનાદિ ગુણ પોતાનું જાણ-વાનું કાર્ય કરવામાં જુદા પડતા નથી. એક સરખી રીતે એક સાથે જ કરે છે, પણ આત્મા દ્રવ્યની દૃષ્ટિથી તેમાં ભેદ પડે છે. જેમ હજાર દીવા એક સ્થળે મૂકયા હોય તો બધાય દીવાનો પ્રકાશ ભેગો મળીને અજવાળું કરે છે તે પ્રકાશમાં જરાયે ભેદ જણાતો નથી કે આટલો પ્રકાશ અમુક દીવાનો છે અને આટલો પ્રકાશ અમુકનો. એમ પ્રકાશના વિભાગ પાડી શકાય નહિ પણ ભેગો અભિન્નપણે દેખાતો પ્રકાશ હજાર દિવામાં ભિન્નપણે રહેલો છે. તે જ્યારે એક દીવો ત્યાંથી ઊંચકીને બીજે લઈ જવામાં આવે ત્યાં તેનો પ્રકાશ, પ્રકાશસમૂહમાંથી નિકળી તેની સાથે જાય છે ત્યારે સ્પષ્ટ સમજાય છે કે એક સ્વરૂપ દેખાતો પ્રકાશ, હજાર દીવાના સમૂહરૂપ છે. એક શેર વાટેલી સાકરનો ભૂકો પડયો હોય તેના પ્રત્યેક કણમાં મીઠાશ રહેલી હોય છે. તે એક કણની બીજા કણમાં જતી નથી અને જો જાય તો તે કણ ફીક્કો થઈ જાય પણ તેમ થતું નથી; કારણ કે ભૂકામાંથી એક કણ લઇને જીભ ઉપર મૂકીયે તો તે મીઠો લાગે છે. આ ભેગા ભળેલા કણીઆઓની મીઠાશ પરિમિત પાણીમાં નાખવાથી

તેને મીઠું બનાવે છે. ભેગા ભળેલા કણીઆઓની મીઠાશમાં બતાવી શકાય નહિં કે આટલી મીઠાશ અમુક કણની અને આટલી અમુકની. તેવી જ રીતે અનંત સિદ્ધાત્માનું જ્ઞાન ભેગું ભળીને એક સરખું કાર્ય કરતું હોય ત્યાં આટલું જ્ઞાન અમુક આત્માનું એમ છૂટું પાડી શકાય નહિં, પણ તે દરેક આત્મ દ્રવ્યમાં ભિન્નપણે રહેલું હોય છે. કોઇ પણ આત્માનું જ્ઞાન તેમાંથી નિકળીને બીજા આત્મામાં પ્રવેશ કરી શકે નહિં. દીપકોનો પ્રકાશ કે સાકરની મીઠાશ, દીવાઓની સંખ્યા કે સાકરનું પ્રમાણ વધવાથી વધે છે અને ઘટવાથી ઘટે છે. તેમ આત્માઓને માટે હોતું નથી. આત્માઓની સંખ્યા વધવાથી જ્ઞાનમાં કાંઇ પણ વૃદ્ધિ થતી નથી. શુદ્ધાત્માઓના સંયોગની સંખ્યા ગમે તેટલી વધે તોયે જ્ઞાન તો છે એટલું જ રહેવાનું, તેમાં જરાયે વૃદ્ધિ થતી નથી. ઘાતી કર્મ ક્ષય થવાથી જેટલું અને જેવું જ્ઞાન એક આત્માને થાય છે તેટલું અને તેવું જ બીજા આત્માઓને થાય છે એટલે તે સંપૂર્ણ હોવાથી ઘણા આત્માઓ ભેગા ભળે તોયે જ્ઞાનમાં ન્યૂનાધિકતા થઇ શકતી જ નથી. અને બીજું કારણ એ પણ છે કે અરૂપી દ્રવ્યના ગુણ પણ અરૂપી જ હોય છે. એટલે શુદ્ધ અરૂપી દ્રવ્યના ગુણોની હાનિ વૃદ્ધિ થઇ શકતી નથી. જેટલા પ્રમાણમાં ગુણ એક અરૂપી દ્રવ્યમાં હોય છે તેટલા જ પ્રમાણમાં બીજા અરૂપી દ્રવ્યમાં પણ હોય છે. એટલે એક દ્રવ્ય હોય કે અનેક સદૃશ દ્રવ્યનો સંયોગ હોય તોયે એક સરખી રીતે જ ગુણો રહેવાના. અને રૂપી દ્રવ્યના ગુણ રૂપી હોવાથી દ્રવ્યના સંયોગની ન્યૂનાધિકતાના

પ્રમાણુમાં ગુણુમાં પણ ન્યૂનાધિકતા થવાની જ. સંયોગ અનેક પ્રકારે થાય છે. દ્રવ્યનો દ્રવ્યની સાથે, દ્રવ્યનો ગુણની સાથે, ગુણનો દ્રવ્યની સાથે અને ગુણનો ગુણની સાથે–આ ચાર પ્રકારનો સંયોગ પ્રત્યેક સદૃશ તથા વિસદૃશ દ્રવ્ય તથા ગુણનો વિચાર કરતાં અપેક્ષાથી આઠ પ્રકારનો સમજાય છે. વિસદૃશ દ્રવ્ય તથા વિસદૃશ ગુણનો સંયોગ જેમ કે–દૂધ અને પાણી. આ બે વિસદૃશ દ્રવ્યમાં અસાધારણ ગુણ, વર્ણ તથા રસાદિ ભિન્ન હોવા છતાં પણ પ્રવાહીપણારૂપ સાધારણ ગુણને લઈને બંને એક બીજામાં ઓતપ્રોત થઈ જાય છે. એટલે બંને એક રૂપ દેખાય છે. બેમાં જે દ્રવ્યની અધિકતા હોય છે તે સ્પષ્ટ જણાય છે અને ન્યૂન પ્રમાણુવાળું દ્રવ્ય જણાતું નથી, પણ ભળેલું તો હોય જ છે. મીઠાશ અને ખારાશ અત્યંત ભિન્ન રસાદિવાળા સાકર અને મીઠું બંને વિસદૃશ દ્રવ્યનો સંયોગ થાય છે ત્યારે સ્વાદમાં વિચિત્રતા જણાય, છતાં શ્વેત વર્ણમાં સરખાપણું હોવાથી ભેગાં ભળેલાં ભિન્ન જણાતાં નથી, એક સ્વરૂપે જણાય છે. તે જીભ ઉપર મૂકવાથી બન્ને દ્રવ્ય જુદા હોવાથી તેની ભિન્નતા ઓળખાય છે.

સદૃશ ગુણ–ધર્મવાળાં દ્રવ્યો જેવાં કે બુદ્ધાત્માઓ ભેગા ભળેલા એક રૂપે દેખાય છે, તેમના ગુણ–ધર્મ સદૃશ હોવાથી અર્થાત્ અરૂપી અને જ્ઞાનાદિ ગુણ એક સરખા હોવાથી સર્વજ્ઞો સિવાય તેમની ભિન્નતા કોઈ પણ જાણી શકે નહિ; કારણ કે શુદ્ધાત્માને કોઈ પણ ઇંદ્રિય ગ્રહણ કરી શકતી નથી. એટલે અલ્પજ્ઞો જાણી શકતા નથી પણ સાકર આદિ રૂપી દ્રવ્ય ભેગાં ભળ્યાં હોય તો જીભ આદિ ઇંદ્રિયોથી તેમની મીઠાશ

આદિની ન્યૂનાધિકતાને લઈને જાણી શકાય છે, કે ઘણાં દ્રવ્ય ભેગાં ભળ્યાં છે કે ન્યૂન છે. તેવી જ રીતે વિસદૃશ દ્રવ્યોનો; જેમકે સાકર ને કરીઆતું અથવા મીઠું, એમના સંયોગોને ઇંદ્રિયદ્વારા અલ્પજ્ઞ માણસ પણ જાણી શકે છે. આ પ્રમાણે રૂપી દ્રવ્ય માત્રનો સંયોગ ઇંદ્રિયથી જાણી શકાય છે. કેટલીક વસ્તુઓમાં ગુણ પ્રત્યક્ષ થાય છે અને દ્રવ્ય અપ્રત્યક્ષપણે ગૌણ રહે છે. જેમકે–ગરમ કરેલી ઇંટ તથા પાણી. સુગંધી વસ્તુથી વાસિત વસ્ત્ર વિગેરે. આ અધ્યાયમાં ગુણનો ભિન્ન દ્રવ્યની સાથે સંયોગ પ્રત્યક્ષ છે અને તે ગુણ જે દ્રવ્યમાં સ્વરૂપસંબંધથી રહે છે તેનો ભિન્ન દ્રવ્યની સાથે સંયોગ અપ્રત્યક્ષ છે. મીઠાશ, ખારાશ, ઉષ્ણતા આદિ રૂપી ગુણોનું ભેગા ભળવું અને જ્ઞાનાદિ અરૂપી ગુણોનું ભેગા ભળવું તે એક અપેક્ષાથી ગુણોનો સંયોગ કહી શકાય. જો કે બે દ્રવ્યના સંયોગથી જ બંને દ્રવ્યોના ગુણ ભેગા ભળ્યા છે છતાં એક દ્રવ્ય સૂક્ષ્મપણે રહેલું હોવાથી અપ્રત્યક્ષ છે અને એક દ્રવ્ય પ્રત્યક્ષ છે એ અપેક્ષાથી જ ગુણોનો સંયોગ કહી શકાય. પણ દ્રવ્યોના સંયોગ વગર કેવળ ગુણોનો સંયોગ થઈ શકતો જ નથી. દ્રવ્યો એક સ્વરૂપમાં હોઇને ભિન્ન હોય (આત્મદ્રવ્ય) અને ગુણો (જ્ઞાનાદિ) એક સ્વરૂપવાળા અને અભિન્ન સ્વભાવવાળા હોય તે સમાન દ્રવ્યો સંયોગમાં કે જ્યાં ગુણ અભિન્ન જણાય અને દ્રવ્ય ભિન્ન જણાય ત્યાં ગુણોનો સંયોગ કહેવાય અને જ્યાં ભિન્ન ગુણ હોય તથા દ્રવ્ય પણ ભિન્નસ્વરૂપ તથા સ્વભાવવાળું હોય તેવા બે દ્રવ્યના સંયોગમાં ગુણ જણાય પણ દ્રવ્ય ન જણાય ત્યાં ગુણનો દ્રવ્યની સાથે અથવા તો દ્રવ્યનો ગુણની સાથે સંયોગ કહી શકાય, જેમ કે

ઉપર બતાવ્યા પ્રમાણે ગરમ પાણી, સુગંધી વસ્ત્ર વિગેરે, જો કે ઇંદ્રિયો રૂપી ગુણને ગ્રહણ કરે છે પણ દ્રવ્યને સાક્ષાત્કાર કરી શકતી નથી છતાં ગુણ ને ગુણી અભિન્ન હોવાથી ગુણના સાક્ષાત્કારની સાથે દ્રવ્યને પણ સાક્ષાત્કાર કરે છે અર્થાત્ ગુણ-દ્વારા ગુણીને જાણી શકે છે.

આત્માને પોતાનો જ્ઞાન ગુણ ભોગવવાને બીજા દ્રવ્યોની અનાવશ્યકતા જણાવી તે ગુણ–ગુણીના અભેદ સંબંધને લઈ ને અર્થાત્ જ્ઞાનદ્વારા આત્મા જે જાણે છે તે જ્ઞાન ભિન્ન વસ્તુ-ઓની સાથે કોઈ પણ સંબંધથી જોડાઈ ને આત્માને જણાવતું નથી પણ આત્માના અવગાહિત ક્ષેત્રમાં રહીને–આત્મપ્રદેશોમાં અભિન્નપણે રહીને વસ્તુ માત્રને જણાવે છે. જો જ્ઞાન વસ્તુ-ની સાથે સંબંધિત થઈ ને–જોડાઈને આત્માને જણાવવાના સ્વભાવવાળું હોય તો પછી સ્વરૂપસંબંધવાળા આત્માને પણ વસ્તુ માત્રની સાથે સંબંધ થવાથી આત્મા સર્વવ્યાપી થઈ જાય, પણ તે ઈષ્ટ નથી, કારણ કે સર્વજ્ઞોને અલોકાકાશનો પણ સાક્ષાત્કાર થાય છે એટલે અલોકમાં પણ આત્મ દ્રવ્ય રહેવાનો પ્રસંગ આવે, પરંતુ ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિ-કાય દ્રવ્યો ( કે જેની સહાયતા વગર હાલીચાલી શકાય નહિં તેમ જ સ્થિર રહી શકાય નહિં ) અલોકમાં ન હોવાથી ત્યાં જીવ તથા પુદ્ગલ દ્રવ્યનું જવું અને રહેવું બની શકે નહિં. તેમજ જ્ઞાન અરૂપી હોવાથી સૂર્યના કિરણોની જેમ પરિમિત ક્ષેત્રમાં રહેલા આત્મામાંથી નીકળીને બહારની વસ્તુઓની સાથે સંબંધિત થાય તો આત્મા અનાત્મા થઈ જાય અને જે વસ્તુ-ઓમાં જ્ઞાન પ્રવેશ કરે તે બધીયે આત્મસ્વરૂપ થઇ જાય

માટે આત્માના અંદર અભિન્નપણે રહીને જ જ્ઞાન વસ્તુ માત્રનો બોધ કરાવે છે, જેથી આત્માને જ્ઞાન ગુણ વાપરવાને વસ્તુ માત્રનો જ્ઞેય તરીકે ઉપયોગ કરવો પડે છે એટલે આત્મા પર-વસ્તુઓનો ભોક્તા માત્ર જ્ઞાતા તરીકે જ બની શકે છે.

દેહધારી આત્મા ઈતર જડાત્મક વસ્તુઓના ભોક્તા કહેવાય છે, તે ભોગ સંયોગ–સ્વરૂપ છે. સકર્મક આત્મા મિથ્યાત્વ, અવિરતિ આદિ હેતુઓદ્વારા અનેક પ્રકારના કર્મ બાંધે છે. અર્થાત્ કર્મપણે પરિણત થયેલા પુદ્ગલોનો આત્માની સાથે સંયોગ થાય છે તે કર્મપુદ્ગલો અનાદિકાળથી શુભ અને અશુભ એમ બે પ્રકારે ઓળખાય છે. જ્યારથી આત્માની સાથે કર્મનો સંયોગ છે ત્યારથી પુન્ય–પાપરૂપે કર્મ ચાલ્યાં આવે છે. શુભ કર્મના ઉદય( ભોગ )થી શુભ પૌદ્ગલિક વસ્તુઓનો સંયોગ પ્રાપ્ત થાય છે, અને અશુભના ઉદયથી અશુભ પુદ્ગલો-નો સંયોગ થાય છે. પૌદ્ગલિક વસ્તુઓમાં શુભાશુભપણું જીવોના સંસર્ગને લઈને થયેલું હોય છે; કારણ કે જીવને ભોગમાં આવતી પૌદ્ગલિક વસ્તુઓ જીવે ગ્રહણ કરીને મૂકી દીધેલા શરીરપણે પરિણત થયેલા અથવા તો શબ્દાદિપણે પરિણત થયેલા પુદ્ગલ સ્કંધો હોય છે. તે શરીરને ધારણ કરવાવાળા અથવા તો શબ્દાદિપણે પુદ્ગલોને પરિણમાવવાવાળા જીવો પોતપોતાના શુભાશુભના ઉદય અનુસાર પુદ્ગલ સ્કંધોને ગ્રહણ કરે છે જેથી શરીરપણે પરિણત થયેલા અથવા તો શબ્દાદિપણે પરિણત થયેલા પુદ્ગલોનો ભોગોપભોગ કરનાર જીવોને સુખ–દુઃખાદિની ભાવના ઉત્પન્ન કરે છે. જીવને જડા-ત્મક વસ્તુઓનો ભોગોપભોગ, પાંચ ઇંદ્રિયોદ્વારા થાય છે.

ઇંદ્રિયો સાથે વર્ણાદિ જડ ધર્મવાળી વસ્તુઓનો સંયોગ જ્યાં સુધી બન્યો રહે છે ત્યાંસુધી જીવ સુખ–દુઃખનો અનુભવ કરે છે અને જ્યારે વિયોગ થાય છે ત્યારે એમાંનું કશુંયે હોતું નથી, છતાં સંયોગ છૂટયા પછી પણ સંયોગ કાળની વિકૃતિની વાસનાથી સુખદુઃખની આછી અસર રહે છે જેથી માણસો પાછળથી પણ સંભારીને કાંઇક સુખ–દુઃખનો અનુભવ કરે છે.

પૌદ્‌ગલિક વસ્તુના ભોગની બે સ્થિતિ છેઃ અર્થાત્ ત્યાગરૂપ અને સંયોગરૂપ, એમ ભોગ બે પ્રકારનો છે. જીવને પૌદ્‌ગલિક વસ્તુના ભોગને માટે કર્મની અત્યંત આવશ્યકતા રહે છે; કારણ કે કર્મ સિવાય શરીર નથી હોતું અને શરીર સિવાય ઇંદ્રિયોના અભાવને લઇને પૌદ્‌ગલિક ભોગ બની શકતો નથી, માટે ભોગની વ્યવસ્થા આ પ્રમાણે છે–પ્રથમ તો આત્માની સાથે કર્મનો સંયોગ, ત્યારપછી તે કર્મનો ઉદય–આત્માથી કર્મ છૂટાં થવાને તેમાં ક્રિયા ઉત્પન્ન થવી–અર્થાત્ કર્મનો ત્યાગ, પછી તે કર્મના ત્યાગકાળમાં–કર્મ છૂટતી વખતે જીવોએ ગ્રહણ કરીને છોડી દીધેલાં જડાત્મક શરીરોનો અથવા તો સચેતન શરીરદ્વારા ગ્રહણ કરાયલા શબ્દાદિ પુદ્‌ગલોનો સંયોગ થવો તેને સંસારમાં અજ્ઞાની જીવો સુખ, દુઃખ, આનંદ આદિ ભાવો-દ્વારા ભોગપણે જણાવે છે. કેટલીક ઇંદ્રિયો જેવી કે–આંખ, નાક, કાન અને ત્વચા આ ચાર ઇંદ્રિયો સાથે તો માત્ર સંયોગ જ થાય છે. તેમાં આંખ સાથે તો સંયોગ પણ થતો નથી, કારણ કે આંખ પૌદ્‌ગલિક વસ્તુના સંયોગ વગર પણ યોગ્ય કાળ તથા દેશમાં રહેલી વર્ણાદિ ધર્મવાળી વસ્તુને ગ્રહણ કરી શકે છે. જીભની સાથે થવાવાળા રસાદિ ગુણવાળા

પુદ્ગલોના સંયોગમાં બીજી ઇંદ્રિયો કરતાં કાંઇક વિલક્ષણતા રહેલી છે. જીભથી ગ્રહણ કરેલા પુદ્ગલો શરીરના વર્ણાદિ પોષવામાં તથા દેહને પુષ્ટ બનાવવામાં પરિણમી જાય છે ત્યારે બીજી ઇંદ્રિયો સાથે અમુક વખત સંયોગ રહીને પછી વિયોગ થાય છે. અને ફરીને પાછી તે જ વસ્તુઓનો સંયોગ થઇ શકે છે, પણ વિક્રિયા થઇને વસ્તુ નષ્ટ થતી નથી. પણ જીભથી ગ્રહણ કરાયલા પુદ્ગલોમાં વિક્રિયા થવાથી નષ્ટ થાય છે, તેવાં જ કાયમ રહેતાં નથી પણ રૂપાંતર થઈ જાય છે. અને એટલા જ માટે નાક, કાન આદિ ચાર ઇંદ્રિયોથી ગ્રહણ કરાતી વસ્તુઓને ઉપભોગ તરીકે ઓળખાવી છે અને જીભથી ગ્રહણ કરાતી વસ્તુને ભોગપણે કહી છે. તાત્વિક દૃષ્ટિથી વિચાર કરતાં આત્માને પર–પૌદ્ગલિક વસ્તુનો ભોગ ખાસ કરીને તો કર્મપણે પરિણમેલા પુદ્ગલ સ્કંધોનો હોય છે, તે સિવાય તો વૈષયિક સુખ અથવા તો દુઃખ જેવી કોઈ વસ્તુ નથી. સર્વ કર્મ ક્ષય થયા પછી આત્માને સંયોગસ્વરૂપ કોઇપણ પ્રકારની પરવસ્તુનો ભોગ સંભવતો નથી. કર્મપુદ્ગલસ્કંધોમાં અનુકૂળતા–પ્રતિકૂળતા, સુખ–દુઃખ જેવું કાંઈપણ હોતું નથી; પણ અનાદિ કાળથી આત્માના સંસર્ગમાં આવતા કર્મપુદ્ગલોમાં અનેક પ્રકારની વાસનારૂપ પ્રકૃતિયો રહેલી છે જેને લઇને આત્મા તદ્રૂપે પરિણમે છે અને તે પરિણામોને લઇને પૂર્વના કર્મ પુદ્ગલોની નિર્જરા–આત્માથી છૂટા પડતી વખતે નવીન કર્મપુદ્ગલોનો આત્મા સાથે સંયોગ થાય છે. અને તે પુદ્ગલો પરિણામને અનુસરીને વાસિત થાય છે. કર્મ ભોગવવાને આત્માને શરીરની જરૂરત પડે છે માટે પાંચ પ્રકારના શરીર-

માંથી એક પણ શરીર વગર એક સમય પણ રહ્યો નથી. અર્થાત્ અનાદિકાળથી આત્મા એક સમય પણ અશરીરિકપણે રહ્યો નથી. પાંચ શરીરમાંથી કાર્મણ (કર્મના સમૂહરૂપ) અને તૈજસ (કાર્મણના જ અંશરૂપ પણ કાર્યભેદે ભેદવાળું) આ બે કારણ શરીર તો એક સમય પણ આત્માથી છૂટાં પડતાં નથી. અને જો આ બે શરીર સર્વથા આત્માથી છૂટા પડી જાય તો આત્માના જ્ઞાનાદિ ગુણોનો સંપૂર્ણ વિકાસ થઈ જાય છે જેને લઈને અશરીરી થવાથી આત્મા મુક્તાત્મા કહેવાય છે. પછી તેને કર્મવર્ગણાના તેમજ ઇતર પુદ્ગલ સ્કંધોનો સંયોગ થવા છતાં પણ તે વિભાવ સ્વરૂપ થઈ શકતો નથી, તેને જન્મ–જરા–મરણ આદિ કાંઇપણ હોતું નથી. પોતાના અરૂપી–અચેતન અને અક્રિયાદિ ગુણોને પૌદ્ગલિક વસ્તુની કાંઈપણ અસર થતી નથી અને ભાવી અનંતા કાળ સુધી શુદ્ધ સહજાનંદ સ્વરૂપમાં જ સ્થિર રહે છે.

જેમ વડનું સૂક્ષ્મ બીજ નષ્ટ ન થાય ત્યાં સુધી સ્થૂલકાય કાર્યરૂપ અનેક વડો થયા જ કરે છે તેમ જ્યાં સુધી આ બે કારણ શરીરોનો સર્વથા વિયોગ ન થાય, પૂર્વાપરનું અનુસંધાન ચાલ્યું આવે ( અર્થાત્–પૂર્વના કર્મનો સત્તામાંથી ઉદય અને ઉદયમાં આવીને–ભોગવાઈને ક્ષય–વિયોગ થાય છે તે વખતે રાગ–દ્વેષની ચીકાશના પ્રમાણમાં નવા કર્મનો સંયોગ અનુસંધાન થાય છે ) ત્યાં સુધી ઔદારિક, વૈક્રિય અને આહારકરૂપ કાર્ય શરીરોનો વિયોગ–સંયોગ થયા કરે છે, કારણ કે કર્મના ફળરૂપ ભોગ આ શરીરોમાં જ થાય છે, કર્મનો ભોગ-અનુભવનું સાધન આ શરીરે જ છે. આ ત્રણ શરીરોમાંથી ખાસ

કરીને ઔદારિક તથા વૈક્રિય આ બે શરીરોમાં કર્મફળ ભોગવાય છે; બાકી આહારક અત્યંત અલ્પ કાળ રહે છે એટલે કાર્યણ શરીર રહેવા છતાં પણ તેમાં કર્મ ફળનાં ભોગ જેવું ખાસ કાંઈ હોતું નથી, કારણ કે આહારક શરીર અતિશયશાળી મનુષ્ય સિવાય સંસારમાં બીજા કોઈ પણ જીવને હોતું નથી, પણ ઔદારિક તથા વૈક્રિય શરીર તો સંસારી દરેક જીવો મેળવે છે. આ બે શરીરોને આશ્રયીને સંસારી જીવોને ચાર વિભાગમાં વહેંચી નાંખ્યા છે. મનુષ્ય, તિર્યંચ, દેવતા અને નારક. તેમાં મનુષ્ય તથા તિર્યંચને ઔદારિક શરીર હોય છે અને દેવ તથા નારકને વૈક્રિય શરીર હોય છે. આ શરીરોને ધારણ કરીને જીવો અનાદિ કાળથી તેનું ફળ ભોગવતા આવ્યા છે. કર્મનું ફળ ભોગવવામાં કર્મ સિવાયની ઇતર પૌદ્ગલિક વસ્તુઓ નિમિત્તભૂત બને છે તેમજ સકર્મક આત્માઓ પણ નિમિત્ત બને છે. અનાદિકાળથી જ શુભાશુભ પ્રકૃતિવાળાં કર્મ હોવાથી શુભ પ્રકૃતિનું ફળ ભોગવવામાં શુભ પ્રકૃતિના ઉદયવાળા જીવોએ ગ્રહણ કરેલાં પુદ્ગલ સ્કંધો નિમિત્ત થાય છે ત્યારે અશુભનું ફળ ભોગવવામાં અશુભ પ્રકૃતિવાળાએ ગ્રહણ કરેલાં પુદ્ગલો દુઃખમાં નિમિત્ત થાય છે. અનાદિ કાળથી કર્મની સાથે ઓતપ્રોત થયેલો આત્મા કર્મની પ્રકૃતિયો સાથે ભળી જવાથી જ્યારે વર્ણાદિ ધર્મવાળા ઇતર પુદ્ગલો સાથે સંયોગસંબંધથી જોડાય છે ત્યારે અનાદિથી જડ પ્રકૃતિના પડેલા સંસ્કારોને લઇને શુભાશુભની માન્યતાથી સુખ-દુઃખ અનુભવે છે. બાકી સુખ-દુઃખ જેવી કોઇ તાત્ત્વિક વસ્તુ નથી. પોતાને સુખી અથવા તો દુઃખી માનનાર જીવને પૂછવામાં આવે કે સુખ-

દુઃખ શું વસ્તુ છે? દેખાડશો, તો તે સુખ–દુઃખ, આનંદ–હર્ષ–શોક વિગેરેનો કોઈ પણ ઇંદ્રિયથી પ્રત્યક્ષ કરાવી શકશે નહિ. પણ એટલું જ કહીને વિરામ પામશે કે હું સુખ ભોગવું છું અથવા તો દુઃખ ભોગવું છું. જડાત્મક વસ્તુના સંયોગસ્વરૂપ ભોગમાં સુખ, દુઃખ, આનંદ આદિને જ ભોગ તરીકે બતાવ્યાં છે; બાકી વસ્તુનો સંયોગ માત્ર ભોગ નથી. વસ્તુ સંયોગ તો નિમિત્ત માત્ર છે અને એટલા માટે જ કહેવાય છે કે અમુક સુખ ભોગવે છે અને અમુક દુઃખ ભોગવે છે. પૌદ્‌ગલિક વસ્તુઓનો સંબંધ કર્મજન્ય ઔદારિક તથા વૈક્રિય શરીર સાથે થાય છે. આ શરીરો પાંચ ઇંદ્રિયના સમૂહરૂપે છે તેની સાથે વર્ણાદિ ધર્મવાળી વસ્તુઓનો સંયોગ કરાવવામાં જીવની સાથે ઓતપ્રોત થયેલા અનેક પ્રકારના કર્મનો ઉદય કારણભૂત થાય છે. જેવા રૂપે પરિણત થયેલા કર્મપુદ્‌ગલો હોય છે તેવા રૂપે પરિણત થયેલા પુદ્‌ગલોનો સંયોગ થાય છે. જ્યાં સુધી આત્મા સાથે ઓતપ્રોત થયેલા કર્મપુદ્‌ગલોમાં આત્માથી છૂટા પડવાની ક્રિયા થતી નથી અર્થાત્ સત્તામાં રહેલા હોય છે ત્યાં સુધી શરીરની સાથે કે આત્માની સાથે ઇતર પુદ્‌ગલોનો સંયોગ થતો નથી, એટલે કર્મનાં ફળ-સ્વરૂપ સુખ–દુઃખનો પણ ભોગ થતો નથી. કર્મ ભોગવવું એટલે આત્માની સાથે રહેલા કર્મપુદ્‌ગલોનું છૂટું પડવું અને કર્મફળ ભોગવવું એટલે કર્મ છૂટાં પડતી વખતે આત્માને સુખ–દુઃખનો અનુભવ થવો. કર્મની અનેક ભિન્ન ભિન્ન પ્રકારની પ્રકૃતિયો બતાવી છે તેમાં સુખ–દુઃખ આદિની ભાવના ઉત્પન્ન કરનાર મોહ કર્મની પ્રકૃતિયો છે. બીજા કર્મોની શુભ

અથવા અશુભ પ્રકૃતિયોના ઉદયમાં શુભ તથા અશુભ પુદ્-ગલોનો શરીર સાથે સંબંધ ભલે થાય પણ જ્યાં સુધી મોહ કર્મની પ્રકૃતિ ઉદયમાં સાથે ન ભળે ત્યાં સુધી આત્મા સુખ-દુઃખાદિનો અનુભવ કરી શકતો નથી, અર્થાત્ કર્મના ફળ-સ્વરૂપ સુખ-દુઃખને ભોગ તરીકે માનતો નથી. જ્યારે મોહ કર્મની પ્રકૃતિ આત્માથી સર્વથા છૂટી પડી જાય છે-ક્ષય થઈ જાય છે ત્યારે આત્મા ઈતર કર્મના ઉદયથી ખેંચાઈને પ્રાપ્ત થનાર શુભાશુભ પૌદ્ગલિક વસ્તુઓનો પોતાને ભોક્તા તરીકે માનતો નથી પણ સત્યરૂપ દ્રષ્ટા તરીકે જ માને છે. પછી સુખ-દુઃખના ભોગ જેવું કશુંયે હોતું નથી અર્થાત્ કર્મ પુદ્ગલોનો ત્યાગ અને તેના ત્યાગ સમયે યત્કિંચિત્ કર્મ પુદ્ગલોનો અથવા તો પૌદ્ગલિક વસ્તુઓનો સંયોગ સંબંધ માત્ર થાય છે કે જેને મોહ કર્મની પ્રકૃતિના ઉદયવાળો સુખ, દુઃખના ભોગની ભાવના રાખે છે તેવી ભાવનાનો અંશ પણ મોહ ક્ષયવાળાને હોતો નથી. વસ્તુ માત્ર પોતાના સ્વભાવ પ્રમાણે વર્તે તેમાં આત્મા દ્રષ્ટા તરીકે રહીને પોતાના સ્વ-રૂપમાં રમ્યા કરે છે.

શરીર (સ્પર્શ) ઇંદ્રિય વ્યાપક છે અને બીજી પ્રાણ આદિ ચાર ઇંદ્રિયો વ્યાપ્ય છે, અર્થાત્ સ્પર્શ ઇંદ્રિય આખાય શરીરમાં રહેલી છે અને પ્રાણ આદિ શરીરના અમુક દેહમાં રહેલી છે. જ્યાં પ્રાણ આદિ ચાર ઇંદ્રિયો રહેલી છે ત્યાં સ્પર્શઇંદ્રિય પણ છે પણ જ્યાં જ્યાં સ્પર્શઇંદ્રિય છે ત્યાં ત્યાં બધેય બીજી ઇંદ્રિયો નથી એટલા માટે જ સ્પર્શઇંદ્રિય અધિક દેશમાં રહેવાવાળી હોવાથી વ્યાપક કહેવાય છે અને બીજી

ઇંદ્રિયો શરીરના અલ્પ દેશમાં રહે છે માટે વ્યાપ્ય કહેવાય છે અને એટલા માટે જ વર્ણ, ગંધ, રસ અને શબ્દનો સંયોગરૂપ ભોગ શરીરના ભિન્ન ભિન્ન દેશોમાં થાય છે પણ આખા શરીરથી થતો નથી. ઘ્રાણ આદિ ઇંદ્રિયોની શક્તિ નષ્ટ થાય છે ત્યારે પણ શરીર (સ્પર્શઇંદ્રિય) તો કાયમ જ રહે છે અને તે શરીરની સાથે ગંધાદિ પુદ્ગલોનો સંયોગ થવા છતાં પણ આત્મા ભોગ તરીકે ઉપયોગ કરી શકતો નથી, પરંતુ શરીરના એક દેશમાંથી સ્પર્શઇંદ્રિયની શક્તિ નષ્ટ થઈ ગઈ હોય તોયે શરીરના બીજા ભાગમાં કોઈ પણ સ્પર્શનો ભોગ સ્પર્શ ઇંદ્રિયથી નિરંતર થાય છે અને તે શરીરના કોઇ પણ દેશપ્રદેશથી તેમ જ શરીરપણે રહેલી ઘ્રાણાદિ કોઇ પણ ઇંદ્રિયથી થઈ શકે છે તેથી પણ સ્પર્શઇંદ્રિયને વ્યાપક માની છે અને બીજી ઇંદ્રિયોને વ્યાપ્ય માની છે. ઈતર પૌદ્ગલિક સ્કંધોના સંયોગરૂપ નિમિત્તથી અથવા તો નિમિત્ત વગર અમુક પ્રકારની પ્રકૃતિવાળાં કર્મ જ્યારે ઉદયમાં આવે છે ત્યારે શરીરરૂપે પરિણત થયેલા પુદ્ગલસ્કંધોમાં વિકૃતિ થાય છે કે જેને રોગ કહેવામાં આવે છે, તે વ્યાપક સ્પર્શઇંદ્રિયના આધારભૂત આખા શરીરથી ભોગવાય છે. શરીરના એક દેશમાં થયેલી વિક્રિયાની અસર આખા શરીરમાં થાય છે પણ નાસિકા આદિ બાકીની ઇંદ્રિયોના વિષયને તો તે વિષયગ્રાહક ઇંદ્રિય જ જાણી શકે અર્થાત્ એક જ શરીરમાં અવયવપણે રહેલી હોવા છતાં પણ એક ઇંદ્રિય સંબંધ બીજી ઇંદ્રિયના વિષયને વેદી શકે નહિ. જો કે પ્રત્યેક ઇંદ્રિય પોતપોતાના વિષયનો જ

અનુભવ કરી શકે છે, સ્પર્શઇંદ્રિય પણ પોતાના જ વિષયને ગ્રહણ કરી શકે છે, બીજી ઇંદ્રિયો તો ભિન્નભિન્ન પ્રદેશમાં રહેલી હોવાથી એક બીજીની સાથે સંબંધ ધરાવતી નથી પણ સ્પર્શ ઇંદ્રિયની સાથે તો બધી ઇંદ્રિયોનો સંબંધ છે છતાં તે બીજી ઇંદ્રિયોના વિષયોને ગ્રહણ કરી શકતી નથી. આ પ્રમાણે પ્રત્યેક ઇંદ્રિય સ્વવિષયને જ ગ્રહણ કરવાવાળી હોય છે છતાં સ્પર્શઇંદ્રિયમાં કાંઈક વિશિષ્ટતા રહેલી છે. સ્પર્શઇંદ્રિય પોતાનો વિષય ગ્રહણ કરવા ઉપરાંત અશાતાવેદનીયના ઉદયથી શરીરના વ્યવસ્થિત તત્ત્વોના બંધારણમાં જ્યારે વિકૃતિ ઉત્પન્ન થાય છે ત્યારે આત્મા દુઃખ મનાવે છે. આ વિકૃતિ ભિન્નભિન્ન નામવાળા અનેક પ્રકારના રોગ તરીકે સંસારમાં ઓળખાય છે. આંખ, નાક, કાન, જીભ આદિ ઇંદ્રિયોમાં રહેલી સ્પર્શ ઇંદ્રિયમાં વિકૃતિ થાય છે કે જેને નાક આદિના રોગ તરીકે ઓળખવામાં આવે છે. તે રોગોથી તે તે ઇંદ્રિયના વિષયને ગ્રહણ કરવાની શક્તિ નષ્ટ થવાથી પોતાના વિષયોનો અનુભવ કરી શકતી નથી તેથી તે રોગોને તે ઇંદ્રિયોના કહેવાય છે છતાં તે સ્પર્શઇંદ્રિયની વિકૃતિને લઈને થયેલા હોવાથી તેનો સંબંધ મુખ્યત્વે કરીને તો સ્પર્શઇંદ્રિય સાથે જ હોય છે. તાત્પર્ય કે—અશાતાવેદનીય કર્મના ઉદયની અસર શરીર ઉપર થાય છે, ચામડીમાં રહેલી સ્પર્શઇંદ્રિય ઉપર થાય છે પણ તે સ્પર્શઇંદ્રિયના આધારભૂત શરીરમાં ભિન્ન વિષયને ગ્રહણ કરવાવાળી બીજી ઇંદ્રિયોનો સંબંધ હોવાથી તેમાં પણ વિકૃતિ થાય છે. અને શરીરના અવયવપણે પરિણત થયેલા વર્ણાદિવિષયગ્રાહક પુદ્ગલો નષ્ટ થવાથી તે ઇંદ્રિય સ્વવિષયને ગ્રહણ

કરી શકતી નથી, અર્થાત્ અશાતાના ઉદયથી નાક, કાન આદિમાં રોગ થવાથી માનવીની આંખની કીકીમાં કે કાનના પડદામાં કસર થઇ જાય છે એટલે તે બ્હેરો અને આંધળો થાય છે તેથી તે જોઇ શકતો નથી તેમ સાંભળી પણ શકતો નથી. કોઇ પણ પ્રકારની અસાતાનો ઉદય હોય કે ન હોય, તેની શરીરમાં કોઈ પણ પ્રકારની વિકૃતિ–રોગ હોય કે ન હોય, તોયે જે કર્મની પ્રકૃતિ જીવ તથા દેહનો સંબંધ જોડી રાખે છે કે જેને આયુષ્ય કર્મ કહેવામાં આવે છે તેનો ક્ષય થવાથી જીવ તથા દેહના સંયોગનો વિયોગ થાય છે, તેને સંસારમાં મૃત્યુના નામથી ઓળખવામાં આવે છે. દેહના વિયોગરૂપ મૃત્યુ થયા પછી ભોગ જેવું કાંઈ પણ રહેતું નથી પણ ભોગના કારણરૂપ કાર્મણ શરીરનો આત્માની સાથે સંયોગ રહેલો હોવાથી પાછા ઔદારિક તથા વૈક્રિયરૂપ કાર્ય શરીર ઉત્પન્ન થાય છે અને પાછી તે શરીરોદ્વારા ભોગની શરૂઆત થાય છે. આ પ્રમાણે જ્યાં સુધી કાર્મણ શરીરનો આત્માની સાથેથી સર્વથા વિયોગ ન થાય ત્યાં સુધી ઔદારિકાદિ કાર્યશરીરની ઉત્પત્તિ બની રહેવાથી ભોગની પરંપરા ચાલુ જ રહે છે, તે સર્વ કર્મ ક્ષય થયા પછી આત્મા કેવળ સ્વ–સ્વરૂપનો જ ભોક્તા રહે છે. પછી અવાસ્તવિક પર-વસ્તુના ભોગ જેવું કાંઈ પણ રહેતું નથી કારણ કે આત્માના ગુણોનો સંપૂર્ણ વિકાસ થયા પછી તાત્વિક જ વસ્તુ કાયમ રહે છે.

# પ્રભુદર્શન

## ( ૧૦ )

દર્શન શબ્દ ગુણવાચક છે અને તેના અનેક અર્થ થાય છે. દર્શન એટલે જોવું, સામાન્ય જ્ઞાન, તાત્ત્વિકરુચિ, સિદ્ધાંત આદિ અનેક વાચ્યોમાં દર્શન શબ્દ વપરાય છે. પ્રભુના સિદ્ધાંત-નું સામાન્ય જ્ઞાન, પ્રભુના વચનોની રુચિ અથવા તો સદ્ભૂત ગુણોનું ચિંતવન, વ્યવહારથી પ્રભુદર્શન કહેવાય અને આત્મા તથા પરમાત્માની અભેદદશાની પ્રાપ્તિ અર્થાત્ વીતરાગ દશાની પ્રાપ્તિ તે નિશ્ચયથી પ્રભુદર્શન કહી શકાય.

વ્યવહાર તથા નિશ્ચય બંને સાથે જ રહે છે. ફરક માત્ર એટલો જ હોય છે કે–વ્યક્તિવિશેષને લઈને મુખ્યતા–ગૌણતા રહેલી છે. જેને વ્યવહાર મુખ્ય હોય છે તેને નિશ્ચય ગૌણ રહે છે અને જેણે નિશ્ચયને પ્રધાનતા આપેલી હોય છે તે વ્યવ-હારને ગૌણ રાખે છે. (અલ્પજ્ઞ–છદ્મસ્થને વ્યવહારની પ્રધાનતા અને નિશ્ચયની ગૌણતા હોય છે ત્યારે સર્વજ્ઞને નિશ્ચય પ્રધાન અને વ્યવહાર ગૌણ હોય છે) જેઓ નિશ્ચયનો સર્વથા અના-દર કરવાનું કહે છે તેઓ ભૂલે છે, કારણ કે ધ્યેય સન્મુખ રાખ્યા સિવાય કાંઈ પણ પ્રવૃત્તિ કરી શકાય નહિં. પ્રયોજન સિવાય તો મંદ મનુષ્ય પણ એક ડગલું પણ ભરી શકે નહિં, માટે કોઈ પણ પ્રવૃત્તિ કરતાં પહેલાં ધ્યેય તો નક્કી કરવું જ પડે છે. વ્યવહાર એટલે ક્રિયા અને નિશ્ચય એટલે જ્ઞાન, આ બે ભેગાં ભળ્યા સિવાય કોઇ પણ કાર્યની સિદ્ધિ થઈ શકતી નથી, અને એટલા માટે જ પૂર્વપુરુષો કહી ગયા

છે કે—"**सम्यग्ज्ञानक्रियाभ्यां मोक्षः**" સાચું જાણીને કરવાથી જ જીવ મુક્તિ મેળવી શકે છે માટે જે કાંઈ કરવું હોય તેનું જ્ઞાન પ્રથમ હોવું જ જોઈએ.

પ્રભુ એટલે કોણ? પ્રભુનો સિદ્ધાંત શું છે? તથા પ્રભુને નમવું પૂજવું શા માટે? આ બધાયનું પ્રથમ સાચું જ્ઞાન હોય તો જ વ્યવહારથી પણ પ્રભુદર્શન કર્યું કહેવાય. જો પ્રભુને સાચી રીતે ન ઓળખતા હોઈએ, પ્રભુના સિદ્ધાંતને પણ સાચી રીતે સમજી જાણતા ન હોઈએ તો પ્રભુપ્રતિમાને જોવા માત્રનું નામ દર્શન કહી શકાય. જેઓ પ્રભુને ઓળખતા નથી તેઓ પ્રભુ આગળ ઊભા રહીને સ્તુતિ કરે છે, તેને પોતે પણ સમજી શકતા નથી કે અમે પ્રભુનું બહુમાન કરીએ છીએ કે કેમ અને એટલા માટે જ કેટલાક પ્રભુસ્વરૂપથી અણજાણ જડ સ્વરૂપ પ્રભુપ્રતિમાના અવયવોનું તથા મુકુટ, કુંડળ કે રચવામાં આવતી આંગી વિગેરેનું વર્ણન સ્તુતિ–સ્તવનોમાં જોડતાં તથા બોલતાં દૃષ્ટિગોચર થાય છે, પણ પ્રભુના સદ્ભૂત ગુણગર્ભિત સ્તવન–સ્તુતિ જોડનાર તથા બોલનાર બહુ જ ઓછા નજરે આવે છે. બાહ્યદૃષ્ટિ પાષાણની પ્રતિમામાં પણ પ્રભુને જોઈ શકે છે અને પોતે પ્રભુ બની શકે છે, પુસ્તકોમાં લખાયલી વર્ણપંક્તિઓથી પ્રભુના સિદ્ધાંતનો બોધ મેળવી શકે છે. પણ અનાત્મદૃષ્ટિ પાષાણની પ્રતિમા માત્ર જોઈ શકે છે પણ પ્રભુને જોઇ શકતો નથી, તેથી પ્રભુને મળી શકતો પણ નથી. તેમજ પુસ્તકોમાંથી જ્ઞાન મેળવી શકતો નથી પણ અજ્ઞાન જ મેળવી શકે છે. અર્થાત્ અનાત્મજ્ઞ–પુદ્ગલાનંદી જીવ વિષયાસક્ત હોવાથી માન–મોટાઈરૂપ મિથ્યાભિમાન તથા ક્ષુદ્ર વાસનાઓ પોષવાને

માટે પ્રભુના સિદ્ધાંતગર્ભિત શાસ્ત્રો વાંચે વિચારે છે અને જનતામાં પોતાનું જાણપણું બતાવીને અજ્ઞાની જીવોને પોતાના અનુયાયી બનાવી, તેમની પાસેથી વૈષયિક સુખના સાધનો મેળવી, પાંચે ઇંદ્રિયોના વિષયોને પોષીને સંતોષ માને છે, પણ પ્રભુની વાણીનો આત્મવિકાસના સાધન તરીકે ઉપયોગ કરતા નથી માટે જ પુદ્‌ગલાનંદી જીવોને સમ્યગ્‌શાસ્ત્ર વાંચવા છતાં પણ મિથ્યાશાસ્ત્રપણે પરિણમે છે, તેવી જ રીતે પ્રભુને પણ પૌદ્‌ગલિક સુખના સાધન મેળવવાને માટે જ નમે છે, પૂજે છે તેથી તે જડસ્વરૂપ પ્રતિમાનો ઉપાસક કહેવાય પણ શુદ્ધાત્મ સ્વરૂપ પ્રભુનો ઉપાસક બની શકે નહિ; કારણ કે તેની જડાત્મક દૃષ્ટિ હોવાથી ચૈતન્યસ્વરૂપ પ્રભુની ઉપાસના બની શકતી નથી. જ્ઞાન, દર્શન, જીવન, સુખ આદિ ગુણસ્વરૂપ આત્મવિકાસની દૃષ્ટિથી ઉપાસના કરનાર પ્રતિમાની ઉપાસના કરતો નથી પણ પ્રભુની જ ઉપાસના કરે છે, કારણ કે પ્રભુ અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, સુખ, જીવન આદિ ગુણોના ધારણ કરનારા છે, તે સ્વરૂપ છે માટે અનંતચતુષ્ટય મેળવવાના આશયથી–અધ્યવસાયથી પ્રભુપ્રતિમાનું પૂજન તથા નમન થાય તો જ "**જિનપડિમા જિનસારિખી**" માની યથાર્થ કહી શકાય અને પ્રભુપૂજન તથા નમન સાચી રીતે કર્યું કહી શકાય પણ માત્ર જડસ્વરૂપ વૈષયિક સુખોના સાધન મેળવવાના હેતુથી જ પ્રભુપ્રતિમા પૂજનાર માત્ર પ્રતિમાનો જ પૂજક કહી શકાય અને તેના માટે જિનપ્રતિમાને જિન તુલ્ય માનવાનું ઘટી શકે નહિં પણ જડ સ્પૃહાથી જડનો ઉપાસક બની શકે.

પ્રભુ વીતરાગ છે માટે વીતરાગ દશા પ્રાપ્ત કરવામાં નિમિત્ત-

ભૂત થઇ શકે છે, પણ રાગ-દ્વેષના કારણભૂત વૈષયિક સુખના સાધન મેળવવાનું નિમિત્ત બની શકે નહિં; પ્રભુ વૈષયિક સુખના સાધન આપી શકે છે એવી શ્રદ્ધાથી તેમની પાસેથી કેવળ તુચ્છ વૈષયિક સુખની આશા રાખી, તેમને વંદન-પૂજન કરવું અને હંમેશાં ધન-સંપત્તિની માગણી કરવી તે અજ્ઞાનતા જ કહી શકાય. વીતરાગ દશા મેળવવાની જ શ્રદ્ધાથી પ્રભુવંદન-પૂજન કરતાં ભવસ્થિતિની કચાશને લઇને કદાચ પુન્ય-બંધ થઈ જાય અને પૌદ્ગલિક સુખના સાધન મળી જાય તો કાંઇ પણ બાધ આવતો નથી; કારણ કે શુદ્ધ શ્રદ્ધાથી કેવળ કર્મની નિર્જરા માટે વંદન-પૂજન કરનાર સાચા સુખનો અભિલાષી હોવાથી અનિચ્છાએ મળેલા વૈષયિક સુખના સાધનમાં આસક્ત બનતો નથી પણ ઉદાસીન ભાવે જરૂર પૂરતો જ તેનો ઉપયોગ કરે છે, પણ પુદ્ગલાનંદી જીવને પુન્ય ઉદયથી જો તે વસ્તુ મળી જાય તો પ્રભુ બક્ષિસ માની અત્યંત આસક્તિભાવે તેનો ઉપયોગ કરવાથી મિથ્યાત્વને પોસીને સંસાર વધારે છે, માટે પ્રભુ મિથ્યાત્વની વૃદ્ધિ કરી સંસાર વધારવામાં નિમિત્ત બની શકે જ નહિં, પણ વીતરાગ દશા પ્રાપ્ત કરી સંસારનો નાશ કરવામાં જ નિમિત્ત હોઇ શકે છે. પ્રભુ પોતે કર્મથી મુકાયા છે તેથી જ તે બીજાને કર્મથી છોડાવનારા છે, પણ કર્મ બંધાવનારા નથી. પુન્ય કર્મના બંધ સિવાય પૌદ્ગલિક સુખના સાધન મળી શકે નહિ, માટે જડ વસ્તુની માગણી કરનાર પુન્ય કર્મનો બંધ માંગે છે તે પ્રભુ કેવી રીતે બંધાવી શકે ? અર્થાત્ કર્મથી મુક્ત કર્મ બાંધવામાં કેવી રીતે નિમિત્ત બને ? અને જો કર્મ બાંધવામાં પ્રભુને નિમિત્તભૂત

માનવામાં આવે તો અસદ્‌ભૂત અવગુણોનો પ્રભુમાં આરોપ કરવાથી આત્મા અનંતસંસારી બને છે માટે કેવળ પૌદ્‌ગલિક સુખ મેળવવાની ઇચ્છાથી જ કરવામાં આવતું પૂજન વીતરાગનું કહી શકાય નહિ પણ કેવળ મૂર્તિનું જ કહેવાય.

કેટલાક માણસો પૌદ્‌ગલિક સુખની આશાથી મિથ્યાદૃષ્ટિ દેવ, દેવીને નમે છે, પૂજે છે અને બાધા પણ રાખે છે. તેમને જ્યારે પૂછવામાં આવે છે કે તમે વીતરાગના ઉપાસક થઇને મિથ્યાદૃષ્ટિ દેવ–દેવીઓને શામાટે નમો છો અને પૂજો છો ? ત્યારે તેઓ ઉત્તરમાં જણાવે છે કે–અમે સાંસારિક–પૌદ્‌ગલિક સુખ માટે નમીએ છીએ, પૂજીએ છીએ પણ તારક સમજીને મુકિતના માટે અમે નમતા પૂજતા નથી. જો એમ જ હોય તો પછી પૌદ્‌ગલિક સુખવાળી મિથ્યાદૃષ્ટિ દેવની જેવી શ્રદ્ધાથી વીતરાગ દેવને પણ પૂજવા નમવાથી મિથ્યાદૃષ્ટિ દેવમાં અને વીતરાગમાં ફેર શું રહ્યો ? બંનેને એક જ પંક્તિમાં મૂકવાની અજ્ઞાનતા જ કહી શકાય. જો કેવળ કર્મની નિર્જરા કરીને વીતરાગ દશા મેળવવાની શ્રદ્ધા–અધ્યવસાયથી જ પ્રભુ–દર્શન, પૂજન થાય તો જ મિથ્યાદૃષ્ટિ દેવ–દેવીને જુદા પાડી શકાય અને અનંતચતુષ્ટય મેળવી આત્મવિકાસની શુદ્ધ શ્રદ્ધા હોવા છતાં ભલે પછી પુન્ય જ કેમ ન બંધાય તો પણ દર્શન–પૂજન કરનાર દોષના ભાગી બની શકતા નથી.

પ્રભુપ્રતિમા, સદ્‌ભૂત સ્થાપના નિક્ષેપ છે તેમાં વીતરાગના સદ્‌ભૂત ગુણોનો જ આશય થઇ શકે છે અને સુદેવ તરીકે જ નમન પૂજન થઇ શકે છે, પણ પૌદ્‌ગલિક સુખના સાધન આપી વૈષયિક ઇચ્છાઓ પોષવી તથા નિંદક અને પૂજકને હાનિ લાભ પહોંચાડવારૂપ અવગુણો કે જે વીતરાગદશાના વિરોધી

હોઈને રાગીદ્વેષી કુદેવોમાં રહેલા છે તેનો વીતરાગની પ્રતિમામાં આરોપ કરી નમન-પૂજન થાય નહિ. અને તેમ કરવામાં આવે તો કુદેવપણાનો આરોપ કરી નમવા-પૂજવાથી પ્રભુની મહાન્ આશાતના થાય છે, અને તેથી મહામોહનીય કર્મ ઉપાર્જન કરીને અનંત સંસાર વધારવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે.

આ પ્રમાણે તાત્ત્વિક દૃષ્ટિથી વિચાર કરીએ તો પ્રભુપ્રતિમાનું દર્શન તથા પૂજન વીતરાગ દશા પ્રાપ્ત કરવાનું જ સાધન બની શકે છે, પણ પુદ્ગલાનંદીપણું પોષવા જડાત્મક વસ્તુઓને મેળવવાનું સાધન નથી; માટે જેટલે અંશે રાગ, દ્વેષ પાતળા પાડવામાં આવે તેટલે અંશે પ્રભુદર્શન કર્યું કહી શકાય. રાગ, દ્વેષ સંપૂર્ણ ક્ષય થવાથી સંપૂર્ણ પ્રભુદર્શન થાય છે. જ્યાં સુધી પુદ્ગલાનંદીપણું મંદ ન થાય, કષાય પાતળા ન પડે અને વૈષયિક વૃત્તિયો નબળી ન પડે ત્યાં સુધી પ્રભુ-પ્રતિમાનું દર્શન થાય પણ પ્રભુનું દર્શન થાય નહિ. પ્રભુનું દર્શન તે જ આત્મદર્શન અને આત્મદર્શન તે જ પ્રભુદર્શન કહેવાય. ચર્મ-ચક્ષુ-આંખોથી પ્રભુ દેખાતા નથી પણ આત્મ-જ્ઞાનદૃષ્ટિથી પ્રભુ દેખાય છે, માટે તે કેવળજ્ઞાનસ્વરૂપ છે. મિથ્યાત્વનાં પડ ખસે નહિં ત્યાં સુધી આત્મદૃષ્ટિ-જ્ઞાનદૃષ્ટિ ઉઘડે નહિં અને આછું આછું પણ પ્રભુદર્શન થાય નહિં. રાગ-દ્વેષનાં પડ જેમ જેમ ખસતાં જાય છે તેમ તેમ જ્ઞાનદૃષ્ટિ સ્વચ્છ થતી જાય છે અને દર્શન પણ સ્પષ્ટતર થતું જાય છે, માટે પ્રભુદર્શન તથા પૂજન કરતી વખતે કર્મ-નિર્જરા કરીને વીતરાગ દશા પ્રાપ્ત કરવાના જ અધ્યવસાય રાખવા અને પ્રભુના સદ્ભૂત ગુણોને જ સંભારવા જેથી આત્મશુદ્ધિની સાથે સાથે અનિચ્છાએ પણ પૌદ્ગલિક વસ્તુઓ સહજે મળી આવશે.

# આત્મા દેહવ્યાપી શામાટે ?

( ૧૧ )

જે પદાર્થનો ગુણ જે સ્થળે જણાય તે જ સ્થળે તે પદાર્થ હોઇ શકે છે, પણ ગુણ વગરના સ્થળે ગુણી રહી શકતો નથી. જેમકે જે સ્થળે મીઠાશ હોય ત્યાં જ સાકર પણ રહેલી છે પણ મીઠાશ ભિન્ન દેશમાં હોય અને સાકર ભિન્ન દેશમાં હોય તે બની શકતું નથી. એવી જ રીતે આત્માના ચૈતન્ય આદિ ગુણો શરીરમાં જ જણાય છે માટે આત્મા પણ શરીરમાં ઉપરની ચામડી સુધી ફેલાઇને રહેલો છે પણ આખા ય વિશ્વમાં ફેલાઇને રહેલો નથી; કારણ કે આત્માના ચૈતન્ય આદિ ગુણો દેહને છોડીને જગતના કોઇ પણ સ્થળે દેખાતા નથી પણ દેહમાં જ અનુભવાય છે; માટે આત્મા દેહવ્યાપી છે. જો કે ફૂલની સુગંધી નાકે અડાડ્યા વગર પણ ઘણે જ છેટે રહેલા ફૂલમાંથી આવે છે, અર્થાત્ જે સ્થળે ફૂલ હોય છે તેનાથી બીજે સ્થળે કે જ્યાં ફૂલ હોતું નથી ત્યાં ગંધ ગુણ રહે છે, તેથી કાંઇ ગુણ–ગુણીના સંબંધમાં બાધ આવતો નથીઃ કારણ કે ગંધગુણ જેમાં રહેલો છે એવા ફૂલના આશ્રયમાં રહેવા-વાળા પુદ્ગલો પોતાની મેળે અથવા તો પવનની પ્રેરણાથી ફૂલ-માંથી નીકળીને નાકે અડે છે જેથી માણસને સુગંધી આવે છે, અને જ્યાં ગંધગુણ છે ત્યાં ગુણીરૂપ પુદ્ગલો અવશ્ય હોય જ છે. ગુણીને છોડીને એકલો ગુણ રહી શકે જ નહિ અને એટલા માટે જ ગંધગુણના આધારભૂત પુદ્ગલો અને પુષ્પ બંને ભિન્ન દ્રવ્યો હોવાથી તેમનો સંબંધ છે, કારણ કે

દ્રવ્યોનો પરસ્પર સંયોગસંબંધ હોય છે અને દ્રવ્ય તથા ગુણનો સ્વરૂપસંબંધ હોય છે. (સંયોગસંબંધવાળાં દ્રવ્યો એકબીજાથી છૂટા પડી શકે છે પણ સ્વરૂપસંબંધવાળા ગુણ–ગુણી છૂટા પડી શકતા નથી) તેમજ રહી પણ શકતા નથી. તેનો અનુભવ આપણને પ્રત્યક્ષ થાય છે. કેવડો, ગુલાબ, મોગરો વગેરે અત્તર કાઢવામાં આવે તેમાં કેવડો આદિની સુગંધ હોય છે પણ પુષ્પ હોતું નથી. અત્તર કાઢ્યા પછી કેવડા આદિ પુષ્પો નિર્ગંધ બનેલાં જણાય છે અને તેમાં રહેલી ગંધ અત્તરમાં આવે છે તે સ્પષ્ટ બતાવી આપે છે કે કેવડા આદિમાં રહેલ ગંધનાં પુદ્ગલો પ્રયોગદ્વારા તેમાંથી નીકળીને તેલદ્રવ્યની સાથે સંયોગસંબંધથી ભળી ગયેલા હોય છે. પણ મીઠાશ હોય અને સાકરનો કણ ન હોય એમ બની શકતું નથી તેમ ગંધ હોય અને ગંધનું ગુણ પુદ્ગલ ન હોય તે બનવું અસંભવિત છે.

સંસારમાં માનવીમાત્રને સુખ, દુઃખ, બુદ્ધિ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન આદિ શરીરમાં જણાવાથી આત્મા પ્રત્યક્ષ પણ ત્યાં જ થાય છે. અત્યાર સુધીમાં કોઇ પણ અલ્પજ્ઞ, નિરતિશયી જ્ઞાનવાળા જીવને જેમ જીવ વગરનાં વિવિધ પ્રકારનાં શરીરો જણાય છે તેમ દેહ વગરનો આત્મા કયાં ય પણ જણાયો નથી, માટે બુદ્ધિપૂર્વક વિચાર કરીએ તો આત્મા દેહમાં ઉપરની ચામડી સુધી ફેલાયેલો જણાય છે તે સિવાય તો કયાંય પણ આત્માનું ચિહ્ન સરખું ય જણાતું નથી. શરીર પાંચ પ્રકારનાં છે : ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ. જેમ વડના ઝાડનું બીજ કે જેમાં આખોય વડ હોય છે તે કારણ અને વડનું ઝાડ કાર્ય કહેવાય છે તેમ આ પાંચ પ્રકારનાં શરીરમાંથી તૈજસ

અને કાર્મણ બંને કારણશરીર છે અને બાકીનાં ઔદારિક, વૈક્રિય અને આહારક કાર્યશરીર છે. કારણશરીર સર્વથા નષ્ટ થયા પછી કાર્યશરીર બની શકતું નથી. વડનું બીજ નષ્ટ થયા પછી વડ બની શકતો નથી તેમ કાર્મણશરીર નષ્ટ થયા પછી ઔદારિકાદિ શરીર બની શકતાં નથી. આત્માની સાથે કાર્મણ-શરીરનો અનાદિકાળથી જ સંબંધ છે માટે કારણશરીરરૂપ કર્મની સાથે ઓતપ્રોત થઇને રહેલો આત્મા ઔદારિકાદિ કાર્યશરીરમાં રહી શકે છે, કારણ કે કાર્યશરીર આત્માએ રેશમના કીડાની જેમ કારણશરીરદ્વારા બનાવેલું છે. અર્થાત્ જેમ રેશમનો કીડો ઝાડનાં પાંદડાં ખાઈને પોતે કોશેટો બનાવી તેમાં રહે છે તેમ જીવ કર્મદ્વારા ઔદારિકાદિ પુદ્‌ગલો ગ્રહણ કરીને તેનું શરીર બનાવીને તેમાં રહે છે. ઔદારિકાદિ કાર્યશરીર જેટલા પ્રમાણમાં નાનાં મોટાં હોય છે, જીવ પણ વિકોચ સ્વભાવથી તેટલા જ પ્રમાણમાં ફેલાઈને રહે છે પણ શરીરની બહાર નિરંતર માટે રહી શકતો નથી.

જ્યાં સુધી આત્માની સાથે કર્મનો સંબંધ છે ત્યાં સુધી તો આત્માને કાર્યશરીરની અત્યંત આવશ્યકતા રહે છે. સમુદ્‌ઘાતોમાં તથા શરીરના અવયવો છેદાઈને શરીરથી જુદા પડવામાં કાર્યશરીરની બહાર પણ આત્મપ્રદેશો ફેલાય છે અર્થાત્ ક્રોધ આવે છે ત્યારે શરીરપ્રમાણ આત્મપ્રદેશો શરીર-ની બહાર નીકળે છે. ઇલિકામરણ વખતે શરીરમાં રહેલો આત્મા ઉત્પત્તિના સ્થળ સુધી આત્મપ્રદેશો બહાર કાઢીને લંબાવે છે; તથા કેવલી આઠ સમયના સમુદ્‌ઘાતમાં ચોથા સમયે આત્મપ્રદેશોથી આખો લોક( વિશ્વ ) પૂરી દે છે કે

જે સમયે આત્મા વિશ્વવ્યાપી બને છે. આવા કારણોને લઈને આત્મા કાર્યશરીરથી બહાર પણ રહી શકે છે; પરંતુ સર્વથા શરીર રહિત રહી શકતો જ નથી, કારણ કે કાર્મણ–કારણશરીર તો આત્માની સાથે જ રહેવાનું તેમજ આશ્રયભૂત કાર્યશરીરનો પણ સંયોગ રહેવાનો જ. પૂર્વોક્ત સમુદ્‌ઘાત આશ્રયભૂત કાર્યશરીર વગર થઈ શકતા જ નથી કારણ કે કાર્યશરીરની બહાર ઉભરાઈને ફેલાયેલા આત્મપ્રદેશો મૂળ આધારભૂત કાર્ય-શરીરમાં જ સમાઈ જાય છે. મૂળ શરીરમાંથી બહાર નીકળીને ફેલાવું તથા પાછું મૂળ શરીરમાં સમાઈ જવું થાય છે અથવા નાનાંમોટાં શરીરના પ્રમાણમાં આત્મા ફેલાય છે, તે આત્મામાં રહેલી સંકોચ–સંકોચરૂપ શકિતનું પરિણામ છે. અને તેનું વ્યંજક કર્મદ્રવ્યનો સંસર્ગ છે. તે કર્મ સર્વથા આત્માથી છૂટું પડી ગયા પછી આત્મામાં સંકોચ–વિકોચ થતો નથી. જેમકે-પાંચ શેર પાણી મણ પાણી સમાય તેવા વાસણમાં નાખીને ગરમ કરવા ચુલા ઉપર મૂકયું હોય અને તેને સળગતા ચુલા ઉપર ઘણા વખત સુધી રાખી મૂકવામાં આવે તો અત્યંત ઉકળી જવાથી ઉભરાઈને વાસણની બહાર નીકળવા માંડે છે; કારણ કે પાણીમાં અગ્નિના પુદ્‌ગલો ઓત-પ્રોત થવાથી પાણી વિકોચભાવને લઈને ફેલાય છે, પાણીનું વાસણ ચુલા ઉપરથી ઉતારી લેવામાં આવે અથવા તો ચુલામાંથી દેવતા કાઢી નાખવામાં આવે તો પાણીમાંથી અગ્નિના પુદ્‌ગલો નીકળી જવાથી ઉભરો વાસણમાં સમાય જાય છે અને વાસણના એક ખૂણામાં રહી જાય છે. તેવી જ રીતે સમુદ્‌ઘાત વખતે અમુક પ્રકારના કર્મપુદ્‌ગલોનો ઉદય

વવાથી આત્મપ્રદેશો શરીરમાંથી નીકળીને બહાર ફેલાય છે, તે કર્મના પુદ્ગલો આત્માથી છૂટા પડી જાય છે ત્યારે આત્મા પાછો શરીરમાં સમાઈ જાય છે. આ સંકોચ-વિકોચ કર્મના સંસર્ગને લઇને થાય છે માટે એમ સમજાય છે કે તે આત્માનો સ્વભાવ નહિં પણ વિભાવ છે, નહિં તો અકર્મક દશામાં પણ આત્મામાં સંકોચ-વિકોચ થવો જોઈએ. પણ સર્વ કર્મ ક્ષય થઇ ગયા પછી જ્યારે આત્મા ઊર્ધ્વ ગતિથી લોકના છેડે સ્થિર થઇ જાય છે, પછી તેમાં ગમનાદિ કોઈ પણ પ્રકારની ક્રિયા જણાતી નથી અને જેટલા આકાશ-પ્રદેશમાં આત્મપ્રદેશો વ્યાપ્ત થઈને રહ્યા છે, અનંતા કાળ સુધી તેટલામાં જ સ્થિર પણ રહે છે.

શરીર છેદાઈને તેનું અવયવ અલગ પડેલું હોય છે ત્યારે તે અવયવમાં આત્મપ્રદેશો રહેલા હોવાથી કાંપે છે, તે વખતે શરીર અને કપાયલા અવયવની વચમાં ભાંગેલી કમળનાળના બે કટકાના વચમાં રહેલા ઝીણા તાંતણાઓની જેમ આત્મપ્રદેશો ફેલાઈને રહેલા હોય છે, ત્યાં પણ કાર્મણ શરીરનો તો સંયોગ હોય જ છે. જ્યારે અવયવમાં રહેલા આત્મપ્રદેશો સંકોચાઇને પાછા શરીરમાં દાખલ થઇ જાય છે ત્યારે કપાયલું અવયવ કંપતું બંધ થાય છે. જ્યારે આત્માનો કાર્યશરીરથી વિયોગ થાય છે અર્થાત્ મૃત્યુ થાય છે ત્યારે આત્મા બહુ જ સૂક્ષ્મપણે સંકોચાઈને કારણશરીરદ્વારા નવીન કાર્યશરીર બનાવવાના પ્રદેશમાં એક સમયમાં અથવા તો ત્રણ-ચાર સમયમાં પ્રાપ્ત થઈને ઔદારિકાદિ શરીર બનાવવાની સામગ્રી કાર્મણ શરીર-દ્વારા ગ્રહણ કરે છે અને તે સ્થળના યોગ્ય જેટલા પ્રમાણમાં

તથા જેવી સ્થિતિવાળું શરીર જોઇએ તેટલા પ્રમાણવાળું તેવું તૈયાર કરે છે અને બે ઘડીમાં પોતાને રહેવા લાયક શરીર બનાવી લે છે. શરીરનો પ્રારંભ અને સંપૂર્ણ સ્પષ્ટ અવયવોની સમાપ્તિમાં ઘણું અંતર રહે છે. અને તે અનેક પ્રકારનાં શરીરો હોવાથી સમાપ્તિના કાળની તારતમ્યતા રહે છે, અંતર્મુહૂર્તથી માંડીને નવ મહિના અને કદાચ એથીય વધારે સંપૂર્ણ અવયવી શરીર બનાવતાં લાગે છે. જેમ જેમ શરીરના અવયવો નિકળીને વધતા જાય છે તેમ તેમ આત્મા શરીરમાં ફેલાતો જાય છે અને સંપૂર્ણ અવયવી શરીરમાં સંપૂર્ણ આત્મપ્રદેશો વ્યાપી જાય છે. પછીથી તે જ શરીરમાં આત્માના બુદ્ધિ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન આદિ કાર્યો જણાય છે કે જે શરીર વગરના બીજા કોઈ પણ સ્થળે જણાતાં નથી જેથી આત્માનું અસ્તિત્વ દેહમાં જ પ્રતીત થાય છે.

આ પ્રમાણે આત્માના ગુણો શરીરમાં જ જણાવાથી ગુણી–આત્મા પણ દેહવ્યાપી હોવા છતાં કેટલાક અદૃષ્ટ પ્રારબ્ધને આત્માનો વિશેષ ગુણ માનીને તેને દેહથી ભિન્ન દેશાંતરમાં પણ રહેવાની સિદ્ધિ કરતાં કે–" અદૃષ્ટ આત્માનો વિશેષગુણ છે અને તે સર્વવ્યાપી હોઇને ઉત્પન્ન થવાવાળી ભોગવિભોગની વસ્તુનું નિમિત્ત બને છે. જો એમ ન હોય તો હિંદુસ્તાનમાં રહેવાવાળા માણસોના ભોગવિભોગની વસ્તુઓ જેવી કે–વસ્ત્ર, પાત્ર–સ્વર્ણ, રજત, મોટર, ઝવેરાત આદિ વસ્તુઓ સ્વદેશમાં તથા યુરોપ આદિ પરદેશોમાં તૈયાર થાય છે કે જેમાં માણસોનું પ્રારબ્ધ નિમિત્ત બને છે તે ન બનવી જોઇએ, પણ બને છે માટે આત્માનો અદૃષ્ટ ગુણ સર્વવ્યાપી હોવાથી ગુણી આત્મા

પણ સર્વવ્યાપી છે; કારણ કે ગુણીને છોડીને ગુણ રહી શકતો જ નથી." પણ આવી રીતે અદૃષ્ટ સર્વવ્યાપી બનીને આત્માને સર્વવ્યાપી બનાવી શકાતું નથી. જો આત્માઓ નાના–અનેક હોવાથી બધાય આત્માઓ દીવાના પ્રકાશની જેમ સેળભેળ થઈ જવાથી પરસ્પર એક બીજાના કર્મો ભોગવવાનો પ્રસંગ આવી પડે. જેણે જે કર્મ ન કર્યું હોય તે બીજાનું કરેલું પોતાને ભોગવવું પડે. અર્થાત્ પોતાનું કરેલું પુન્ય બીજો ભોગવે અને બીજાનું કરેલું પાપ પોતે ભોગવે એટલે કૃતનાશ અને અકૃતઆગમનો દોષ આવે, અથવા તો પોતાનું પુન્ય પણ ભોગવે અને બીજાનું પાપ પણ ભોગવે. કર્મ કરેલું હોય કે ન કરેલું હોય તોયે એક સાથે પુન્ય પાપ ભોગવવાનો પ્રસંગ આવી જવાથી ઘણો જ ગોટાળો થઈ જાય. આવો ગોટાળો ટાળવાને માટે એમ માનવામાં આવે છે કે શરીર ભોગાયતન–ભોગોનું સ્થળ–છે માટે શરીરમાં જ કર્મો ભોગવાય છે, બહાર ભોગવાતું નથી તો પછી પોતાનું ઉપાર્જન કરેલું અદૃષ્ટ શરીરની બહાર નીકળીને સર્વવ્યાપીપણે આત્મોપભોગની વસ્તુઓ કેવી રીતે બનાવી શકે? અને આત્મા પણ સર્વવ્યાપી કેવી રીતે હોઈ શકે? આમ વિચારતાં સ્પષ્ટ સમજાય છે કે અદૃષ્ટ આત્માનો ગુણ નથી પણ કર્મ દ્રવ્ય છે અને તેનો અનાદિકાળથી આત્માની સાથે સંયોગસંબંધ છે. જૂનાં કર્મ ભોગવાઇને ક્ષય થતાં જાય છે તેની સાથે સાથે નવાં બંધાતા જાય છે, માટે કર્મનો આત્માની સાથેનો સંબંધ પ્રવાહથી અનાદિ છે. એટલા માટે જ આત્મા સર્વ કર્મથી મુકાઇ જઇને શુદ્ધ બને છે. કર્મબંધ, ભોગ અને મોક્ષ શરીરમાં થાય છે માટે આત્મા દેહવ્યાપી છે.

# સત્કાર્યવાદ

## ( ૧૨ )

પ્રભુશ્રી મહાવીરના જમાલી ભાણેજ અને જમાઇ પણ થાય. તે રાજપુત્ર હતા. તેમણે વિરક્તભાવે દીક્ષા ગ્રહણ કરી. અરસનિરસ આહાર કરવાથી દાહજ્વરનો વ્યાધિ થયો. એક દિવસ અસહ્ય વેદનાને લઇને ઉભડક બેસી શકયા નહિં એટલે સાધુઓને જલદી સંથારો પાથરવાનું કહ્યું. સાધુઓ સંથારો પાથરવા લાગ્યા. જરા વાર લાગવાથી અકળાઇને જમાલીએ પૂછયું–કેમ સંથારો પાથર્યો ? ઉત્તરમાં સાધુઓએ હા ભણી એટલે પોતે સંથારા પાસે આવ્યા અને જુએ છે તો સંથારો પથરાતો હતો પણ પથરાયો નહોતો, તે જોઇને જમાલીને કાંઇક ક્રોધ આવ્યો અને મિથ્યાત્વ મોહનો ઉદય થવાથી પ્રભુનું **क्रियमाणं कृतं** વચન સંભારીને વિચારવા લાગ્યા કે–સંથારો પથરાય છે પણ પથરાયો નથી તે હું પ્રત્યક્ષ જોઇ રહ્યો છું માટે પ્રભુ જે કહે છે કે–કરાતું હોય તેને કર્યું કહેવું, તે બધું ય મિથ્યા છે; કારણ જે કાર્યની ઉત્પત્તિ માટે ક્રિયાની શરૂઆત કરી હોય તે કાર્ય સંપૂર્ણપણે ઉત્પન્ન ન કહેવાય. જ્યારે સંપૂર્ણ થઇ રહે ત્યારે જ થયું કહેવાય. અત્યારે જો કોઇને પણ બતાવીને પૂછવામાં આવે તો તે એમ જ કહેશે કે–સંથારો પથરાય છે, પથરાયો નથી. આ પ્રમાણે વિચાર કરીને જમાલીએ પ્રભુનો ' **क्रियमाणं कृतं** ' નો સિદ્ધાંત ખોટો ઠરાવીને પોતાનો ' **कृतं कृतं** ' થયું હોય તેને

જ થયું કહેવું એવો સિદ્ધાંત દૃઢ કરીને, આરોગ્યતા મેળવ્યા પછી જનતાને યુક્તિદ્વારા સમજાવીને પોતાના સિદ્ધાંતનો પ્રચાર કરવા લાગ્યા.

જમાલી પ્રભુનો સિદ્ધાંત ખોટો ઠરાવવાને માટે યુક્તિથી સમજાવે છે કે-ક્રિયમાણું કૃતં નથી કારણ કે જૂના ઘડાની જેમ કૃત વિદ્યમાન છે. જો કૃતને પણ કરવામાં આવે તો ક્રિયાને નિત્યપણાનો પ્રસંગ આવવાથી ક્રિયાની સમાપ્તિ જ થશે નહિ. અર્થાત્ અવિદ્યમાન વસ્તુ માટે ક્રિયા હોય છે પણ વિદ્યમાન માટે હોતી નથી. જે વસ્તુ સર્વથા અવિદ્યમાન હોય તેના માટે ક્રિયાની જરૂરત ખરી પણ સંપૂર્ણ વસ્તુ વિદ્યમાન હોય તેના માટે ક્રિયાની આવશ્યકતા રહેતી હોય તો પછી જેમ અવિદ્યમાન વસ્તુને બનાવવાને માટે કરવામાં આવતી ક્રિયા વસ્તુ તૈયાર થયા પછી વિરામ પામી જાય છે તેમ વિરામ પામશે નહિં અને નિરંતર ક્રિયા થયા જ કરશે કે જેનો અંત જ નહિં આવે; કારણ કે ક્રિયાની પ્રવૃત્તિનું કારણ વસ્તુની અવિદ્યમાનતા છે પણ વિદ્યમાનતા નથી. આ પ્રમાણે ક્રિયાની નિત્યતા તથા અપરિસમાપ્તિરૂપ દોષ આવે છે.

કરાતું હોય તેને કર્યું કહેવાથી બીજો દોષ એ આવે છે કે-જે વસ્તુ વિદ્યમાન હોય તેના માટે કરવામાં આવતી બધી ય ક્રિયા નકામી છે. ક્રિયાદ્વારા જે વસ્તુ તૈયાર કરવી છે તે તો વિદ્યમાન છે. જેમ કોઈ માણસની પાસે સુંદર મકાન તૈયાર હોય અને ઇંટ-ચૂનો-લાકડાં આદિ વસ્તુઓના ઢગલા કરતો હોય તે જેમ નકામું છે, તેમ ઘડો વિદ્યમાન

હોય તો પછી માટી લાવવી, પલાળવી, ગુંદવી, પીંડ બનાવી ચાક ઉપર ચઢાવવું વિગેરે ક્રિયા નિષ્ફળ જ કહી શકાય.

ત્રીજો દોષ કૃત-વિદ્યમાનની ક્રિયા કહેવી તે પ્રત્યક્ષ વિરોધ છે, કારણ કે ઉત્પત્તિના વખતે અવિદ્યમાન પ્રથમ નહોતું તે કાર્ય થતું દેખાય છે, માટે ક્રિયમાણું અકૃત જ હોઇ શકે છે અને જે ક્રિયાના આરંભમાં જ કાર્ય થાય છે એમ માનવામાં આવે તે તદ્દન અસંગત છે. સર્વજન પ્રત્યક્ષ છે કે કાર્યનો આરંભ અને સમાપ્તિના વચમાં ઘણું જ અંતર હોય છે. માટીનો પિંડ ચાક ઉપર ચઢાવ્યો કે તરત જ ઘડો દેખાતો નથી અથવા તો મશીનમાં રૂ નાંખ્યું કે તે જ ક્ષણે કપડું વણાઇને તૈયાર થતું નથી પણ લાંબા વખતે ક્રિયાને અંતે કાર્ય થતું દેખાય છે. ચાક પર માટીનો પિંડ ચઢાવ્યા પછી શિવક, સ્થાસ, કોશ, કુશુલ આદિ સમયમાં પણ ઘડો જણાતો નથી. લાંબા કાળના અંતે ઘડો દેખાય છે માટે ક્રિયાના કાળમાં કાર્યની ઉત્પત્તિ માનવી તે ઠીક નથી. ક્રિયાની સમાપ્તિ પછી કાર્યની ઉત્પત્તિ માનવી તે યોગ્ય છે.

આ પ્રમાણેની જમાલીની માન્યતાથી એ ફલિત થાય છે કે પોતે અસત્-અવિદ્યમાન હોય છે તે થાય છે પણ સત્-વિદ્યમાન હોય છે તે થાય છે એમ માનતા નથી અર્થાત્ પોતે અસત્ કાર્યવાદી છે. ત્યારે પ્રભુનો સિદ્ધાંત વિચારતાં સતકાર્યવાદીપણું દૃષ્ટિગોચર થાય છે. ક્રિયાનો આરંભ અને કાર્યની ઉત્પત્તિ એક જ સમયમાં થાય છે. ભિન્ન સમયમાં ભિન્ન કાર્યનો પ્રારંભ અને તેની સમાપ્તિ થાય છે. આ પ્રમાણે પ્રત્યેક ક્ષણમાં ભિન્ન ક્રિયાનો આરંભ તથા ભિન્ન કાર્યની ઉત્પત્તિ થાય છે. એક કાર્યને માટે

બીજા સમયની પણ જરૂરત રહેતી નથી તો પછી ઘણા સમયની તો વાત જ શી કરવી ? અર્થાત્ બે સમય મળીને એક કાર્ય કરતા નથી. ક્રિયાના આરંભ સમયમાં કાર્ય ન હોય અને બીજા સમયમાં દેખાય એમ બની શકે નહિં. કોઇપણ સમયની ક્રિયા કોઇ પણ પ્રકારના કાર્ય વગરની નથી. દરેક સમયમાં કાર્ય હોય છે અને તે સમય બદલાતાં બદલાય છે. એટલે કે, પ્રથમ સમયનું કાર્ય બીજા સમયમાં હોતું નથી. અને તે (ભવન) થવાના સ્વભાવવાળા દ્રવ્યની દૃષ્ટિથી સત્ છે પણ ખરશૃંગની જેમ અસત્ નથી. ભિન્ન ભિન્ન સમયોમાં થવાવાળાં કાર્યો પરસ્પર સર્વથા ભિન્ન નથી, કારણ કે કાર્યમાત્ર પરિણામો છે અને તે પરિણામી દ્રવ્યના છે, જે સત્ સ્વરૂપે ઓળખાય છે. કાર્યમાત્રમાં કારણ કોઇપણ અવસ્થામાં પરિણત દ્રવ્ય હોય છે. પૂર્વ કાર્ય (પરિણામ)નો નાશ અને ઉત્તરકાર્યની ઉત્પત્તિમાં કાર્યભેદે ભેદ કહી શકાય પણ કારણભેદ ન હોવાથી અભિન્ન કહેવાય, કારણ કે કાર્યમાત્રમાં સત્ સ્વરૂપવાળું દ્રવ્ય કારણ હોય છે. અને જે પૂર્વ-પૂર્વનું કાર્ય ઉપર-ઉપર કાર્યનું કારણ કહેવાય છે, અર્થાત્ કારણ હોય તે કાર્ય થાય છે અને કાર્ય હોય છે તે કારણ બને છે તે બધાય પરિણામસ્વરૂપ છે. કારણ હોય છે તે કાર્યપણે પરિણમે છે અને કાર્ય હોય તે કારણપણે પરિણમે છે. આ બધાયનો આધાર પરિણામી દ્રવ્ય છે. નિર્મૂળ પરિણામો થઇ શકે નહિ, કારણ કે પરિણામ એક પ્રકારનો ધર્મ છે માટે તેનો ધર્મી અવશ્ય હોય જ છે. પરિણામ, કાર્ય અથવા તો પર્યાય ત્રણે એક વસ્તુ છે, ભિન્ન નથી.

પરિણામરૂપ કારણ દરેક કાર્યનું ભિન્ન હોય છે પણ

પરિણામીમાં ભેદ નથી. કાર્ય, કારણના વિનાશરૂપ હોય છે કે જે કારણ પરિણામસ્વરૂપ છે. કારણનું કાર્ય બનવું તે કારણનો નાશ અને કાર્યનું કારણ બનવું તે કાર્યનો નાશ. અને એટલા માટે નાશ એટલે સર્વથા અભાવ નહિ પણ એક અવસ્થાથી બીજી અવસ્થામાં બદલાઇ જવું અર્થાત્ સર્વથા જૂનું નહિ તેમ સર્વથા નવું પણ નહિ એવી અવસ્થામાં પરિણમવું તે વસ્તુનો નાશ કહેવાય છે, જેમકે-રૂના તાંતણા બને છે અને તાંતણાનું કપડું બને છે અને કપડાના કોટ, ખમીસ વિગેરે બને છે. તેમાં રૂ કારણ અને તાંતણા કાર્ય, તાંતણાનું કપડું કાર્ય અને તાંતણા કારણ, રૂનો નાશ અને તાંતણાની ઉત્પત્તિ, તાંતણાનો નાશ અને કપડાની ઉત્પત્તિ-આવી રીતે દરેક વસ્તુમાં પૂર્વ પરિણામ કારણ અને ઉત્તર પરિણામ કાર્ય કહેવાય છે. જ્યારે રૂ તાંતણાના રૂપમાં પરિણમે છે ત્યારે તે તાંતણા કહેવાય છે, પણ રૂ કહેવાતું નથી; કારણ કે તાંતણા રૂનું કામ આપી શકતા નથી અને જ્યારે તાંતણાનું કપડું બને છે ત્યારે તે તાંતણાનું કાર્ય કરી શકતું નથી. આ પ્રમાણે ઉત્પત્તિ તથા નાશની વ્યવસ્થા છે પણ સર્વથા અભાવ કે સર્વથા સદ્‌ભાવસ્વરૂપ નથી. તાંતણાને ભેળા કરીને વણવામાં તો તે કપડાના રૂપમાં પરિણમે છે, ગુંથવામાં આવે તો જાળીના રૂપમાં અને બાળવામાં આવે તો રાખોડીના રૂપમાં પરિણમે છે; પણ સર્વથા અભાવ થતો નથી. તાત્પર્ય કે વસ્તુનું કોઈપણ પરિણામમાં પરિણમવું તે કાર્ય-ઉત્પત્તિ અને વસ્તુનું પરિવર્તન તે નાશ અર્થાત્ એક અવસ્થાથી બીજી અવસ્થામાં બદલાવું તે નાશ અને ઉત્તર અવસ્થાની પ્રાપ્તિ તે ઉત્પત્તિ.

આવા સ્વરૂપવાળાં નાશ તથા ઉત્પત્તિ એક જ ક્ષણમાં થાય છે, પણ પૂર્વ ક્ષણમાં નાશ અને ઉત્તર ક્ષણમાં ઉત્પત્તિ એવી રીતે ભિન્ન ક્ષણ હોતા નથી; માટે એક સામયિકી ક્રિયા નાશ તથા ઉત્પત્તિનું કારણ બને છે. ક્રિયાની શરૂઆતના ક્ષણમાં જ એક અવસ્થાનો નાશ અને બીજી અવસ્થાની ઉત્પત્તિ થતી હોવાથી જે નાશનો ક્ષણ છે તે જ ઉત્પત્તિનો પણ ક્ષણ છે; માટે ક્રિયાકાળ અને નિષ્ઠા(ઉત્પત્તિ)કાળ એક જ હોવાથી ઉત્પત્તિના માટે બીજો ક્ષણ હોતો નથી. પરિણામ-સ્વરૂપ વસ્તુનો નાશ તે જ પરિણામાંતરરૂપ વસ્તુની ઉત્પત્તિ છે. અને તે પરિણામોના આધારભૂત પરિણામી સત્સ્વરૂપ દ્રવ્ય છે. જો પરિણામોના આધારભૂત પરિણામથી સત્સ્વરૂપ દ્રવ્ય ન હોય તો પરિણામ કે કાર્ય જેવી કોઇપણ વસ્તુ જ હોઈ શકે નહિ; જેમકે–માટી ન હોય તો શિવક, સ્થાસ, કોશ, કુશુલ તથા ઘટ જેવી કોઇપણ વસ્તુ નહિ, તેમજ સુવર્ણ વગર કડું, કુંડળ આદિ અને દૂધ વગર દહીં, માખણ, ઘી આદિ જેવી વસ્તુ પણ હોઈ શકે નહિ; માટે સત્–વિદ્યમાન હોય તે થાય છે પણ અસત્-અવિદ્યમાન થતું નથી.

સત્કાર્યવાદ એટલે, છે તે થાય છે એમ કહેવું. સત્ પરિણામી દ્રવ્યને સૂચવે છે અને કાર્ય, પરિણામ અથવા તો પર્યાયને સૂચવે છે. પ્રત્યેક ક્ષણે બદલાતી અવસ્થાઓ પરિણામ-પર્યાય છે અને તેને ધર્મ પણ કહેવામાં આવે છે, જેના અંગે વસ્તુને અનંતધર્માત્મક કહેવામાં આવે છે. કોઇપણ પરિણામ-પર્યાય એવો નથી કે જેમાં દ્રવ્યનો અંશ ન હોય. જો તેમાં દ્રવ્યનો અંશ ન હોય તો પ્રથમ તો પર્યાય ન બની શકે,

કારણ કે તે ધર્મ હોવાથી સાકર વગરની મિઠાશની જેમ દ્રવ્યસ્વરૂપ ધર્મી વગરનો ધર્મ ખરશૃંગની જેમ અસત્ છે. અને પર્યાયને પૂર્વાપર પર્યાયનું કારણ દ્રવ્ય કહેવામાં આવે છે તે પણ અસંભવિત થાય અર્થાત્ ભૂત તથા ભાવિ પર્યાયના કારણને દ્રવ્ય માનવામાં આવે છે તે સતસ્વરૂપ દ્રવ્ય વગર બની શકતું નથી. જો માટી ન હોય તો ઘી ભરાતું હતું અથવા ઘી ભરાશે એવા આશયથી વર્તમાનકાળના ઘડાને ઘીનો ઘડો કહેવામાં આવે છે તે બની શકે જ નહિ; કારણ કે મૂળમાં માટી જ નથી તો પછી તેના પરિણામરૂપ ઘડો કયાંથી હોઇ શકે? અને પછી ઘડા વગર દ્રવ્ય ઘટ તથા ભાવ ઘટની વિચારણા જ અસ્થાને છે.

કોઇપણ વસ્તુ એકાન્ત નિત્ય અથવા તો એકાન્ત અનિત્ય નથી પણ સાપેક્ષ નિત્યાનિત્ય છે. જ્યારે વસ્તુમાં સતસ્વરૂપ આધારભૂત દ્રવ્ય તરફ દૃષ્ટિ આપવામાં આવે છે ત્યારે તે વસ્તુ નિત્ય દેખાય છે અને ક્ષણિક પરિણામસ્વરૂપ પર્યાયની દૃષ્ટિથી વિચારીએ તો તે જ વસ્તુ અનિત્યપણાનો બોધ કરાવે છે. પ્રત્યેક ક્ષણના પરિણામોને કેવળી જાણી શકે છે, જોઇ શકે છે, પણ નિરતિશયી જ્ઞાની છદ્મસ્થો જોઈ શકતા નથી, જાણી શકે છે. અસંખ્યાત સમય પછી થવાવાળા સ્થૂળ પરિણામોને અલ્પજ્ઞો પણ પ્રત્યક્ષ કરી શકે છે.

વસ્તુમાત્રનો બોધ નિશ્ચય તથા વ્યવહારથી થાય છે. એમાંથી એકનો પણ નિષેધ થઈ શકે નહિ, પણ મુખ્યતા તથા ગૌણતા રાખી શકાય છે. નિરતિશયી જ્ઞાનવાળા છદ્મસ્થને વ્યવહાર મુખ્ય હોવાથી પ્રત્યક્ષ દેખાતા સ્થૂળ પરિણામોને

પ્રધાનતા આપે છે અને એટલા માટે જ તે જ્યાં સુધી ઘટ અવસ્થા પ્રત્યક્ષ ન થાય ત્યાંસુધી ઘટોત્પત્તિ માનતા નથી પણ પીંડ તથા સ્થાસ આદિની અવસ્થામાં ઘટના અંશનો નિષેધ કરતા નથી. જે વસ્તુને કેવળજ્ઞાની જ પ્રત્યક્ષ કરી શકે પણ છદ્મસ્થ જોઈ શકે નહિં; છતાં કેવળીના પ્રવચનથી જાણી શકે ખરા તેવી વસ્તુને કેવળીની દૃષ્ટિથી કહેવી તે નૈશ્ચયિક દૃષ્ટિ કહેવાય અને જેને છદ્મસ્થો પણ પ્રત્યક્ષ કરી શકે છે એવી વસ્તુને છદ્મસ્થની દૃષ્ટિથી કહેવી તે વ્યવહારિક દૃષ્ટિ કહેવાય છે. અને એટલા માટે જ કેવળીઓને નિશ્ચય પ્રધાન તથા વ્યવહાર ગૌણ હોય છે ત્યારે છદ્મસ્થોને વ્યવહાર પ્રધાન અને નિશ્ચય ગૌણ હોય છે. જેથી છદ્મસ્થો પ્રત્યેક ક્ષણે થવા-વાળા કાર્ય તરફ લક્ષ્ય આપતા નથી અને જે કાર્ય માટે ક્રિયાની શરૂઆત કરવામાં આવી હોય તે સંપૂર્ણપણે ન થાય ત્યાંસુધી થયું કહેતા નથી, પણ કેવળીની દૃષ્ટિથી તો ક્રિયાની શરૂઆતથી જ કાર્યની ઉત્પત્તિ થાય છે અને તે કાર્ય ક્રિયાના પ્રથમ ક્ષણના પરિણામરૂપ હોવાથી છદ્મસ્થે ધારેલા કાર્યથી ભિન્ન હોય છે. આ પ્રમાણે પ્રત્યેક ક્ષણમાં ભિન્ન ભિન્ન કાર્યની ઉત્પત્તિ થતી હોવાથી તેની આરંભિક ક્રિયા પણ ભિન્ન હોય છે. જે ક્ષણમાં ધારેલું કાર્ય દેખાય છે તે જ ક્ષણમાં તેની આરં-ભિક ક્રિયા પણ હોય છે; પણ પૂર્વના અસંખ્યાત ક્ષણોમાં કરવા ધારેલા કાર્યની ઉત્પાદક ક્રિયા હોતી નથી એટલે છદ્-મસ્થની દૃષ્ટિથી તો ચાલુ ક્રિયામાં કાર્ય ન દેખાવાથી થયું ન માનતાં થાય છે એમ માને છે. અર્થાત્ '**क्रियमाणं कृतं**' નથી કહેતા પણ જ્યારે કાર્ય દેખાય ત્યારે થયું કહે છે અને થઇ

જાય ત્યારે થયું કહેવાના આશયથી '**कृतं-कृतं**' કહે છે. છદ્મસ્થો સ્થૂળ પરિણામોનું પ્રત્યક્ષ કરી શકતા હોવાથી માટીનો પિંડ ચાક ઉપર ચઢાવ્યા પછી શિવક, સ્થાસ, કોશ, કુશુલ આદિ અવસ્થાઓમાં ઘટપરિણતિ ન જણાવાથી સર્વથા ઘટને માનતા નથી પણ ઘટ થાય છે એમ માને છે અને ઘટ પ્રત્યક્ષ થાય છે ત્યારે જ ઘટ થયો માને છે. (જો કે માટીના પિંડથી લઈને ઘટની ઉત્પત્તિ સુધીમાં અસંખ્યાત સમયમાં અસંખ્યાત ભિન્ન-ભિન્ન કાર્યોત્પત્તિ થાય છે તેમાં અંશે અંશે તો ઘટ માનવો જ પડે છે) કારણ કે જો ઘટોત્પત્તિ પૂર્વના ક્ષણોમાં ઘટનો અંશ પણ ન હોય તો અંતિમ ક્ષણમાં ઘટ બની શકે નહિં. દરેક ક્ષણનું કાર્ય ભલે ભિન્ન હોય તોયે ઘટનું પરંપર કારણ હોવાથી અંશથી તેમાં ઘટ છે અને તેથી કરીને અંતિમ ક્ષણમાં સર્વાંશે ઘટોત્પાદક ક્રિયાનો આરંભ થવાથી સર્વાંશે ઘટ પ્રત્યક્ષ થાય છે.

પ્રત્યેક ક્ષણમાં થવાવાળા કાર્યની ક્રિયા પ્રાયોગિકી તથા વૈસ્રસિકી હોય છે. અર્થાત્ પરની પ્રેરણાથી થાય છે અને સ્વતઃ થાય છે. જીવની પ્રેરણાથી થવાવાળી ક્રિયાનું પરિણામ તે પ્રાયોગિક અને સ્વતઃ-પ્રેરણા વગર થવાવાળી ક્રિયાનું પરિણામ તે વૈસ્રસિક કહેવાય છે. જીવના પ્રયોગથી થવાવાળા ઘટ-પટાદિ પરિણામો ઘટપટના વિજ્ઞાનપૂર્વક થાય છે અને તે તે રૂપે પરિણમવાનો વસ્તુનો સ્વભાવ હોય છે કે જેને દ્રવ્ય કહેવામાં આવે છે. પ્રયોગથી અને સ્વતઃ ઉત્પન્ન થતી વસ્તુનો વિજ્ઞાન સાથે સંબંધ છે. પ્રયોગમાં વિજ્ઞાનથી વસ્તુની ઉત્પત્તિ થાય છે અને વિસ્રસામાં વસ્તુથી વિજ્ઞાનની ઉત્પત્તિ થાય છે. વિજ્ઞાન-

પૂર્વક પ્રયોગથી થવાવાળા પરિણામો નિયત તથા વ્યવસ્થિત હોય છે ત્યારે સ્વતઃ થવાવાળા પરિણામોમાં અનિયમિતતા તથા વિલક્ષણતા રહેલી છે.

જમાલીને દર્શનમોહનું દબાણ થવાથી જાણવા છતાં પણ પ્રભુના ક્રિયમાણ કૃત સિદ્ધાંતને ખોટો ઠરાવીને પોતાના ક્રિયમાણ અકૃત સિદ્ધાંતને સ્થાપન કર્યો અને નિહ્નવ કહેવાયા. ક્રિયમાણ કૃત અને ક્રિયમાણ અકૃતનો તાત્ત્વિક દૃષ્ટિથી વિચાર કરતાં ઘણો જ વિરોધ આવે છે. છતું થાય છે અને અછતું થાય છે, બંનેની દિશા જ જુદી છે. આકાશપુષ્પની જેમ અસત્ હોવાથી અવિદ્યમાન ઘટાદિ કાર્ય થઇ શકે નહિં અને જો અવિદ્યમાન થતું હોય તો ખરશૃંગ અવિદ્યમાન છે તે પણ થવું જોઇએ, માટે સત્–વિદ્યમાન હોય છે તે થાય છે અને જે વિદ્યમાનની ક્રિયાને નિત્યતા-અપરિસમાપ્તિ તથા નિષ્ફળતા આદિના દોષોથી દૂષિત કરવામાં આવી છે, તે દોષો અસત્–અવિદ્યમાનની ક્રિયાને માટે પણ સરખા જ છે એટલું જ નહિં પણ અછતું તો શશશૃંગની જેમ અસત્ હોવાથી બની શકતું જ નથી એટલે તેના માટે ક્રિયાની અત્યંત અનાવશ્યકતા છે. પણ સત્ વિદ્યમાન માટે તો અવસ્થાંતર પ્રાપ્ત કરાવવાને ક્રિયા કરાય છે; જેમ કે બે જણ બેઠા હોય ત્યાં ત્રીજો માણસ આવીને કહે કે જગ્યા કરો, એટલે બેઠેલા જરા ખસીને કહે છે કે લો, જગ્યા થઇ ગઈ, બેસો. કોઈ માણસ ઊભો હોય કે બેઠો હોય તેને કહેવામાં આવે કે પીઠ કરો એટલે તે માણસ સન્મુખ ઊભો હોય તો મોં ફેરવી લે છે વિગેરે અહિં જગ્યા અને પીઠ વિદ્યમાન છે છતાં અવસ્થાંતર પ્રાપ્ત કરાવ-

વાને માટે ક્રિયાને અવકાશ હોય છે. આવી જ રીતે તે વ્યવહારમાં છતી વસ્તુને માટે ક્રિયા કરવાના અનેક પ્રસંગ જેમ દૃષ્ટિગોચર થાય છે તેમ અછતી વસ્તુને માટે ક્રિયા કરવાનો એકેય પ્રસંગ ક્યાંય પણ દૃષ્ટિગોચર થતો નથી.

જમાલી, કુંભાર માટી લાવે છે ત્યારથી ઘડો બનવાની શરૂઆત માને છે અને જ્યાં સુધી ઘડો દેખાય નહિં ત્યાં સુધી થાય છે એમ માને છે. પણ ઉપર કહ્યું તેમ ઘડો બનવાની ક્રિયાની શરૂઆત જે સમયે ઘડો દેખાય છે તે સમયે જ થાય છે. તેના પહેલાં તો પ્રત્યેક સમયમાં થવાવાળા કાર્યોની ક્રિયાની શરૂઆત થાય છે કે જેની સમાપ્તિ તે જ ક્ષણે કાર્યોત્પત્તિની સાથે જ થાય છે. આ પ્રમાણે ઘડો દેખાતા સુધીમાં અસંખ્યાતા કાર્યો થઈ જાય છે. અને તે તે કાર્યની ઉત્પાદક ક્રિયા પણ ભિન્ન હોવાથી અસંખ્યાતી થાય છે કે જેનો નિષ્ઠાકાળ (સમાપ્તિ) એક જ સમયનો હોય છે. આ નિયમને અનુસરીને જ અંતિમ સમયમાં ઘટોત્પત્તિ ક્રિયા અને ઘટોત્પત્તિ થાય છે.

ક્રિયાના સમયમાં કાર્ય ન માનીને ક્રિયાની સમાપ્તિ થયાં પછીના સમયમાં કે જ્યાં અભાવ હોય છે ત્યાં કાર્ય માનવામાં આવે તો ક્રિયાની શરૂઆત પહેલાં કાર્ય દેખાવું જોઈએ, કારણ કે ક્રિયાની સમાપ્તિ પછી અને શરૂઆતના પહેલાં ક્રિયાનો અભાવ સરખો જ છે, છતાં ક્રિયાની સમાપ્તિ પછી કાર્ય દેખાય અને શરૂઆત પહેલાં ન દેખાય તેમાં કોઇ પણ નિયામક નથી અને જો ક્રિયા હોય ત્યાં સુધી કાર્ય ન થાય તો ક્રિયા કાર્યની બાધક બની અર્થાત્ ક્રિયા કાર્યોત્પત્તિમાં વિઘ્ન નાંખનારી થઈ અને તેથી કાર્યને ક્રિયાની જરૂર ન રહી, કાર્ય સ્વતંત્ર બન્યું.

આ પ્રમાણેનો જો નિયમ હોય તો પછી કોઈ પણ કાર્ય માટે ક્રિયા કરવાની આવશ્યકતા જ રહેતી નથી. ક્રિયા વગર જ કાર્ય થાય છે અને જો એમ થાય તો પછી મુક્તિ મેળવનારને જપ, તપ, સંયમ આદિ ક્રિયા કરવાની જરૂરત રહેતી નથી. તે વગર પણ મુક્તિ પ્રાપ્ત થઇ શકે છે, પણ આ પ્રમાણે તો કોઇને પણ ઇષ્ટ નથી તેમજ ક્રિયા વગર કોઇએ પણ મુક્તિ મેળવી હોય તેવું ક્યાંય પણ દૃષ્ટિગોચર થતું નથી. અને જો ક્રિયા કાર્યની સાધક હોય અર્થાત્ ક્રિયા તથા કાર્યનો નિત્ય સંબંધ હોય, ક્રિયા વગર કાર્ય થઈ શકતું જ ન હોય તો પછી ક્રિયાના સમયમાં જ કાર્ય થવું જોઈએ. ક્રિયા તથા કાર્ય ભિન્ન સમયમાં રહી શકતાં જ નથી. આ પ્રમાણે ક્રિય-માણ એટલે વર્તમાન ક્રિયાના ક્ષણમાં થવાવાળું કાર્ય નિયમથી કૃત જ છે અને જે કૃત છે તેમાં નિયમ નથી. વિકલ્પ છે અર્થાત્ કૃત ક્રિયમાણ પણ છે. એટલે કે માટીના પિંડાને ચાક ઉપર ચઢાવીને કરવામાં આવતી ક્રિયાના સમયમાં કાંઈક થયું હોય તે કૃત ક્રિયમાણ કહેવાય છે અને ચાક તથા નિંભાડામાંથી ઉતર્યા પછી થયેલું ઘટાદિ કાર્ય કૃત કહેવાય છે પણ ક્રિયમાણ કહેવાતું નથી.

જમાલીને મિથ્યાત્વના ઉદયથી પ્રભુના ક્રિયમાણ કૃતનું સાચું રહસ્ય સમજાયું નહિં તેથી તેનો નિષેધ કર્યો, પણ જો નય દૃષ્ટિથી વિચાર કર્યો હોત તો સાચી રીતે સમજાઇ જાત કે ઋજુસૂત્ર નિશ્ચયનયની અપેક્ષાથી 'ક્રિયમાણ કૃત' હોઇ શકે છે. પ્રભુનો ક્રિયમાણ કૃત કહેવાનો આશય ઋજુસૂત્ર નયની અપેક્ષાથી છે, કે જે નય નષ્ટ થયેલા ભૂત ક્ષણને અને થવા-

વાળા ભવિષ્યને માનતો નથી પણ વર્તમાન ક્ષણને જ માને છે. બાકી વ્યવહાર નયથી તો 'ક્રિયમાણ–અકૃત'નો પ્રભુ નિષેધ કરતા નથી, પરંતુ કર્મને આશ્રયીને જ 'ચલમાણે ચલિએ' ચાલતું હોય તે સમયે ચાલ્યું, ઉદિરાતું હોય તે સમયે ઉદીર્યું, વેદાતું હોય તે સમયે વેદ્યું તથા નિર્જરતું હોય તે સમયે નિર્જર્યું ઇત્યાદિ સૂત્રો કહ્યાં છે તે નિશ્ચયનયના મતથી જ છે. ત્યાં વ્યવહાર નયને અવકાશ નથી, માટે નિશ્ચયના મતથી તો સંથારો પથરાતો હતો ત્યારે સાધુઓએ જમાલીના પૂછવાથી પાથર્યો કહ્યો તે ઉચિત જ હતું; કારણ કે સંપૂર્ણ સંથારો પાથરવાની ક્રિયાની શરૂઆત તો અંતિમ સમયમાં થાય છે, તેના પહેલાં તો જે ક્ષણે જે આકાશપ્રદેશમાં સંથારાના અવયવો પથરાય છે તેટલો સંથારો પાથર્યો કહેવાય છે. અર્થાત્ જે સમયમાં સંથારાનો જે અવયવ પથરાતો હોય તેને પાથર્યો કહેવો. પ્રથમ ક્ષણથી જ સંપૂર્ણ સંથારો પાથરવાની ક્રિયા થતી નથી પણ સંથારાના અન્ય અવયવ પાથરવાની ક્રિયા થાય છે તે પ્રત્યેક ક્ષણમાં અન્ય અવયવો પાથરવાની ક્રિયાની સાથે જ તે તે અવયવો પથરાવાથી પાથર્યો કહી શકાય છે અને અંતિમ સમયમાં સંપૂર્ણ સંથારો પાથરવાની ક્રિયા થાય છે ત્યાં સંપૂર્ણ સંથારો પથરાયલો કહેવાય છે, માટે પથરાતો હોય તો સંથારો પાથર્યો કહી શકાય. જમાલી એકાંત દૃષ્ટિથી વ્યવહારને માની નિશ્ચયનો નિષેધ કરતાં કહે છે કે જેમ ઘડો કપડું ન કહેવાય અને કપડું ઘડો ન કહેવાય તેમ ક્રિયમાણ કૃત ન કહેવાય અને કૃત ક્રિયમાણ ન કહેવાય. બંનેનો નિશ્ચિત ભેદ છે અર્થાત્ બંને સર્વથા ભિન્ન છે. તેને જો એક માની લેવામાં આવે તો

છતાને કરવાનો પ્રસંગ આવે, ક્રિયા વિરામ પામે નહિં, પ્રથમ સમયમાં જ કાર્ય દેખાય, ક્રિયા નિષ્ફળ જાય અને લાંબા વખત પછી કાર્ય દેખાય છે તે બની શકે નહિ. એકાંત નિશ્ચિત ભેદ માનીને જમાલી આ પ્રમાણેની દલીલો કરે છે, પણ વિચાર કરતાં તે બરાબર નથી, કારણ કે સર્વથા અસત્‌ને કરવાપણું હોય તો પછી અછતું સમાન થવાથી આકાશપુષ્પને કરવાપણાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. તેમજ સર્વથા અછતું થતું હોય તો માટીના પિંડથી ખરશૃંગ પણ બનવું જોઈયે, કારણ કે જેવી રીતે અછતો ઘડો થાય છે તેવી રીતે ખરશૃંગ પણ અછતું થવામાં બાધ આવી શકતો નથી માટે કથંચિત્ સત્ હોય છે તે જ થાય છે. બીજું ક્રિયાની અપરિસમાપ્તિ માનવામાં આવી છે તે પણ ઠીક નથી, કારણ કે ક્રિયા એક વિષય (કાર્ય) સંબંધી હોય છે અને ભિન્ન વિષય સંબંધી પણ હોય છે. તેમાંથી જો એક વિષયની ક્રિયા હોય તો પણ દોષ આવી શકતો નથી. કૃત ક્રિયમાણ માને છે તેમના મનથી તો તૈયાર થયેલું જ કૃત કહેવાય છે માટે તેને જો કરવાનું માનવામાં આવે તો તેમને ક્રિયાનો અનુપરમ( અવિષમ )પણાનો દોષ આવી શકે છે પણ ક્રિયમાણ કૃત માનવાથી આ દોષ નથી આવી શકતો કારણ કે ક્રિયાની શરૂઆતના સમયે જ કૃત માનવામાં આવ્યું છે. અને ક્રિયાની શરૂઆત તથા સમાપ્તિ એક જ સમયમાં થવારૂપ છે. આવી રીતે પણ કૃત તથા ક્રિયમાણ અર્થાત્ ક્રિયા અને કાર્યની ઐક્યતામાં કૃત સત્ હોવાથી સત્‌ને કરવાનો પ્રસંગ ટળી શકતો નથી એવો જો આગ્રહ સેવાતો હોય તો તે સમજફેર થાય છે, કારણ કે જેણે પહેલાં સત્તા પ્રાપ્ત

કરી હોય-કાર્ય વિદ્યમાન હોય અને પછી ક્રિયા કરવામાં આવે તો જ કૃતને કરવાનો પ્રસંગ આવી જાય પણ જેણે ક્રિયાના સમકાળમાં જ સત્તા પ્રાપ્ત કરી હોય તેના માટે આ દોષ આવી શકતો નથી. જો ભિન્ન વિષય ક્રિયા માનવામાં આવે તો ક્રિયાના અવિષમપણાનો દોષ આવી શકે જ નહિ, કારણ કે પ્રત્યેક સમયમાં ભિન્ન ભિન્ન કાર્યોના કારણપણે સતત ક્રિયા ચાલુ જ રહેવાની અને ક્રિયમાણ કૃતની સાધક છે. ક્રિયમાણ કૃત પ્રત્યેક સમયમાં થાય છે તો પછી અંતિમ સમયમાં ઘટ કાર્ય તે પ્રથમ, આદિ સમયોમાં જણાવું જોઈએ એમ જે કહેવામાં આવ્યું છે તે પણ બની શકતું નથી, કારણ કે પ્રથમ સમયમાં સિવકની શરૂઆત થાય છે એટલે તે દેખાય છે. તેવી જ રીતે દ્વિતીય, તૃતીય આદિ ક્ષણોમાં ભિન્ન ભિન્ન કાર્યોની શરૂઆત થાય છે અને તે દેખાય છે, અંતિમ સમયમાં જ ઘટની શરૂઆત થાય છે એટલે ત્યાં જ ઘટ કાર્ય દેખાય છે. કારણને અનુસરીને કાર્ય થાય છે. ભિન્ન કારણથી ભિન્ન કાર્ય બની શકે નહિ. સિવક, સ્થાસ, કોશ, કુશુલ આદિ કાર્યોનો આરંભ થયો હોય ત્યાં સિવક આદિ જ બને પણ ઘટ બની શકે નહિ, અર્થાત્ અન્યના આરંભમાં અન્યની ઉત્પત્તિ થઈ શકે નહિ. અને જે ક્રિયાની નિષ્ફળતા બતાવી છે તે પણ ઠીક નથી. કૃત-ક્રિયમાણ-વિદ્યમાનને કરવામાં આવે તો ક્રિયા નિષ્ફળ થાય પણ ક્રિયમાણ કૃત એટલે ક્રિયાના સમયમાં જ કૃત હોય ત્યાં કાર્ય ક્રિયાની અપેક્ષા રાખવાવાળું હોવાથી નિષ્ફળ જતી નથી, અને ક્રિયાની શરૂઆત પછી લાંબે વખતે જે ઘડો દેખાય છે તેનું કારણ ઘટોત્પત્તિ સુધીમાં બીજાં અનેક કાર્યો થાય છે તેમાં

ઘડો થાય છે, લક્ષ્ય હોવાથી તેને લાંબે કાળે ઘટ જણાય છે, નહિં તો અંતિમ સમયમાં ઘટોત્પત્તિની ક્રિયા થાય છે માટે પ્રથમના ક્ષણ ઘટોત્પત્તિના નથી, પણ અંતિમ ક્ષણ ઘટોત્પત્તિનો છે. જે ક્ષણે જે કાર્ય દેખાય તે ક્ષણે તે કાર્યની આરંભ ક્રિયા હોય છે પણ જે કાર્ય દેખાતું ન હોય તેની આરંભક નથી માટે કોઇ પણ કાર્યને અનુલક્ષીને ક્રિયાની શરૂઆત કરી હોય અને ધારેલા કાર્યથી ભિન્ન કાર્યો દેખાય ત્યાં સુધી ધારેલા કાર્ય માટે ક્રિયાની શરૂઆત નહિ. જ્યારે ધારેલું કાય દેખાય ત્યારે જ તેની શરૂઆત જાણવી.

નિશ્ચય તથા વ્યવહારને ( કથંચિત્ ) જો ક્રિયમાણ કૃતનો નિશ્ચિત ભેદ માનવામાં આવે તો કોઇ પણ પ્રકારનો બાધ નડતો નથી. નિશ્ચય નયથી, ક્રિયમાણ તથા કૃતનો અભેદ છે પણ વ્યવહાર નયથી કૃત તથા ક્રિયમાણના અનેક પ્રકાર છે. ક્રિયમાણ કૃત જ છે, કૃત ક્રિયમાણ જ છે, ક્રિયમાણ ક્રિયાના વખતે હોય છે અને ક્રિયા વિરામ પામ્યા પછી અક્રિયમાણ હોય છે. વ્યવહારથી જે અંત્ય સમયમાં કાર્ય મનાય છે ત્યાં પ્રથમ સમયે પણ કાર્યની ઉત્પત્તિ હોય છે. જો પ્રથમ સમયમાં કાર્યનો અંશ ન હોય તો અંત્ય સમયે કાર્યોત્પત્તિ થાય નહિં. ભલે પછી તે અંશ અન્ય રૂપે કેમ ન દેખાય. જો પ્રથમ તાંતણાના પ્રવેશ સમયે કપડાંનો અંશ હોય તો છેલ્લા તાંતણાના પ્રવેશથી કપડું થાય નહિં માટે બીજા ત્રીજા તાંતણાના સંયોગથી પ્રત્યેક ક્ષણે થોડું થોડું કપડું બનતું જાય છે અને તે અંત્ય તાંતણાના પ્રવેશસમયે સંપૂર્ણ કપડું દૃષ્ટિગોચર થાય છે. જે જેની ક્રિયાના આદ્ય સમયમાં પટ હોતો નથી એટલે જ

અંત્ય સમયમાં પણ પટનો અભાવ જ હોય છે. જેમ ઝાડ અને થડ પરસ્પર વિરોધી નથી તેમ કૃત અને ક્રિયમાણનો પણ પરસ્પર વિરોધ નથી. જેનો જેની સાથે નિત્ય સંબંધ હોય છે તે તેનાથી એકાંતે ભિન્ન હોતું નથી. જેમ ઝાડ અને થડ કથંચિત્ ભિન્ન છે તેમ ક્રિયમાણ અને કૃત અભિન્ન હોવાથી સત્–વિદ્યમાન હોય છે તે થાય છે.

## નિશ્ચય અને વ્યવહાર.

( ૧૩ )

નિશ્ચય તાત્ત્વિક વસ્તુને માને છે ત્યારે વ્યવહાર વપરાશમાં આવતી વસ્તુને માને છે; નિશ્ચય સૂક્ષ્મ બુદ્ધિનો વિષય છે અને વ્યવહાર સ્થૂળ બુદ્ધિવાળી સામાન્ય જનતાનો વિષય છે; નિશ્ચય મૂળ પ્રકૃતિને પ્રધાનતા આપે છે અને વ્યવહાર વિકૃતિને પ્રધાનતા આપે છે. આમ હોવા છતાં પણ બંનેમાંથી એકે ય અગ્રાહ્ય કે અમાન્ય હોઈ શકે નહિ; કારણ કે બંને ય પ્રત્યેક વસ્તુમાં સંકળાઇને રહેલા છે, માટે તે વસ્તુસ્વરૂપના સાધક છે. એકનો પણ અભાવ હોય તો સંપૂર્ણ વસ્તુ જાણી શકાય નહિં. દ્રવ્ય–પર્યાય, સામાન્ય-વિશેષ તથા જ્ઞાન–ક્રિયા આદિના ઉપનામથી પણ બંને નયો પોતાને ઓળખાવે છે.

દુનિયામાં સામાન્ય જનતા ભમરાને કાળો અને બગલાને ધોળો માને છે ત્યારે નિશ્ચય દૃષ્ટિ બંનેમાં પાંચે વર્ણને માને છે; કારણ કે લોક તો વ્યવહારદૃષ્ટિ રહ્યા એટલે દેખાય તેવું

કહે, એટલે ભમરામાં કાળા વર્ણની અને બગલામાં ધોળા વર્ણની અધિકતા હોવાથી તેમ માને છે અને કહે છે, પણ નિશ્ચય નય તો તાત્ત્વિક દૃષ્ટિ હોવાથી દેખાય તેવું માનતો નથી. નિશ્ચયનું માનવું છે કે ભમરો તથા બગલાનું શરીર પુદ્ગલ પરમાણુઓના સ્કંધસ્વરૂપ છે, માટે જે પુદ્ગલ સ્કંધોથી તેમનાં શરીર બનેલાં છે તેમાં પાંચે વર્ણ હોય છે, માટે શરીરપણે પરિણમેલા પુદ્ગલસ્કંધમાં એક જ વર્ણ હોતો નથી, એટલે ભમરો તથા બગલું પાંચે વર્ણવાળું છે.

આ પ્રમાણે પારમાર્થિક તથા અપારમાર્થિક અથવા તો તાત્ત્વિક તથા અતાત્ત્વિક દૃષ્ટિવાળા બંને નયોમાંથી તાત્ત્વિક દૃષ્ટિવાળો નિશ્ચય નય શુદ્ધ તથા અશુદ્ધ એમ બે પ્રકારનો છે. આ બંને પ્રકારમાં નિશ્ચય સ્વરૂપ મૂળ વસ્તુમાં પરિવર્તનથી ભિન્ન ગુણધર્મવાળી વસ્તુના સંયોગ-વિયોગને લઈને શુદ્ધાશુદ્ધ માનવામાં આવે છે. જેમકે આત્માને કેવળજ્ઞાનસ્વરૂપ માનવો તે શુદ્ધ નિશ્ચયની દૃષ્ટિનો વિષય છે અને આત્માને મતિજ્ઞાની માનવો તથા કહેવો તે અશુદ્ધ નિશ્ચય નયનો વિષય છે. આ સ્થળે આત્માને જે શુદ્ધાશુદ્ધનું વિશેષણ લગાડવામાં આવે છે તે સ્વરૂપથી નથી પણ પરરૂપથી છે. અર્થાત્ નિશ્ચય શબ્દ તો આત્માને ઓળખાવે છે અને શુદ્ધ તથા અશુદ્ધ કર્મના આવરણ(ઉપાધિ)ના બોધક છે. આવરણના ક્ષયોપશમને લઈને આત્માને મતિજ્ઞાની કહેવામાં આવે છે. એટલે નિશ્ચય (આત્મા) અશુદ્ધ કહેવાય છે અને આવરણનો ક્ષય થવાથી નિશ્ચય (આત્મા) શુદ્ધ કહેવાય છે. અશુદ્ધની અપેક્ષાથી શુદ્ધ અને શુદ્ધની અપેક્ષાથી અશુદ્ધનો

મૂળ વસ્તુમાં વિકલ્પ કરવામાં આવે છે અને તે વિજાતીય વસ્તુના સંસર્ગરૂપ ઉપાધિને લઈને છે. જડ સ્વરૂપ કર્મ અને આત્મા બંને ભિન્ન ધર્મવાળી વસ્તુઓ છે અને તે અનેક પ્રકારના સંયોગોમાં ભેગી ભળવાથી ભિન્ન-ભિન્ન પરિણામોમાં પરિણમવા છતાં પણ પોતપોતાના ગુણ-ધર્મરૂપ સ્વરૂપને છોડતી નથી કારણ કે વસ્તુઓની ઓળખાણ તેમનામાં રહેલા અસાધારણ ગુણ-ધર્મને લઈને થાય છે કે જે ગુણ-ધર્મો વસ્તુઓમાં અભેદ સ્વરૂપથી રહેલાં છે. કેવળજ્ઞાન-સ્વરૂપ છે, તે કર્મના આવરણરૂપ ઉપાધિથી પણ બદલાતો નથી; પરંતુ જડ સ્વરૂપ વિજાતીય દ્રવ્યના સંસર્ગથી મતિજ્ઞાનના વિકલ્પને લઈને આત્મા અશુદ્ધ કહેવાય છે. મતિજ્ઞાનરૂપ ગુણ અશુદ્ધ હોવાથી તે ગુણવાળો આત્મા પણ અશુદ્ધ અને તેને લઈને તે નામવાળો નિશ્ચય નય પણ અશુદ્ધ કહેવાય છે. જ્યારે આવરણનો ક્ષય થાય છે ત્યારે કેવળજ્ઞાનસ્વરૂપ શુદ્ધ ગુણ પ્રગટે છે અને તેના અંગે ગુણી આત્મા પણ શુદ્ધ હોવાથી નિશ્ચય નય પણ શુદ્ધ કહેવાય છે. વસ્તુ માત્ર નિરંતર પોતપોતાના ગુણધર્મ પ્રમાણે વર્તે જ છે, કારણ કે વસ્તુનો સ્વભાવ બદલાતો જ નથી. અને જો તેનો સ્વભાવ બદલાય-નષ્ટ થાય તો તે વસ્તુનો પણ નાશ થવાનો પ્રસંગ ઉપસ્થિત થાય. જો કે આવરણની ઉપાધિથી મૂળ વસ્તુ જુદા રૂપે ઓળખવામાં આવે છે તો યે વસ્તુસ્વભાવ સર્વથા ભિન્નરૂપે ઓળખાતો નથી તેમજ ભિન્નરૂપે વસ્તુ ઓળખાવા છતાં પોતાની સત્તા છોડતો નથી. જેમકે-કેવળજ્ઞાન આત્માનો સ્વભાવ છે તે આવરણની ઉપાધિને લઈને મતિજ્ઞાનના વિકલ્પથી ઓળખાય છે અને તેના

અંગે આત્મા મતિજ્ઞાની કહેવાય છે. આવી સ્થિતિમાં પણ કેવળજ્ઞાનની સત્તા તો કાયમ જ રહે છે, ફક્ત ઉપાધિને લઈને કેવળના સ્થાનમાં મતિનો માત્ર વિકલ્પ કરવામાં આવે છે અને તે વિકલ્પને જ નિશ્ચય નય અશુદ્ધ તરીકે ઓળખાવે છે. આવી જ રીતે અવગાહ આધેય માત્રને ધારણ કરે છે ત્યાં શુદ્ધાશુદ્ધ જેવું કાંઇપણ હોતું નથી, પણ આવરણની ઉપાધિને લઈને પરિમિત જ્ઞાનના સૂચક મતિજ્ઞાનના વિકલ્પથી અને ઘટાદિની ઉપાધિને લઇને પરિમિત અવગાહનો સૂચક ઘટાવગાહના વિકલ્પથી આત્માને મતિજ્ઞાની અને આકાશને ઘટાકાશ તરીકે ઓળખાવનારો અશુદ્ધ નિશ્ચયનય છે. જ્યારે આવરણની તથા આધેયરૂપ ઘટાદિની ઉપાધિ નષ્ટ થાય છે ત્યારે નિશ્ચયરૂપ આત્મા તથા આકાશ શુદ્ધ કહેવાય છે. ગુણ–ગુણીને અભેદ દૃષ્ટિથી જોનારા નિશ્ચયમાં કોઇ પણ વિકલ્પને અવકાશ હોતો નથી અર્થાત્ નિશ્ચયનય વિકલ્પ વગરનો છે. કડાં–કંઠી–કંકણ આદિ ઘરેણાંઓમાં પોતે તો સુવર્ણને જ જુએ છે, અને મનુષ્ય તથા દેવ આદિ ગતિઓમાં કેવળજ્ઞાન–સ્વરૂપ જ આત્માને ઓળખે છે. પ્રત્યેક ક્ષણમાં થવાવાળી વિક્રિયાઓ તથા વિશિષ્ટતાઓને અતાત્ત્વિક સમજે છે. વસ્તુતઃ પરિણામોને પ્રધાનતા આપતો નથી પણ પરિણામી સત્ પારમાર્થિક દૃષ્ટિથી તેને જ પ્રધાનતા આપે છે. પોતે સત્સ્વરૂપ હોવાથી ઔપાધિક અશુદ્ધિથી અભડાતો નથી અર્થાત્ અંતરંગથી ઉપાધિને સ્પર્શતો નથી. વ્યવહાર સ્વરૂપ અનેક પ્રકારની વિશિષ્ટતાઓ( વિશેષો )નો કારણ તથા આધારભૂત નિશ્ચય છે, અને તે વિશેષમાત્રમાં સ્વ–સ્વરૂપને અવલંબીને રહે છે.

વ્યવહારની વિશિષ્ટતાઓ તાત્ત્વિકસ્વરૂપ નિશ્ચયના અભાવમાં હોઇ શકે નહિં, કારણ કે નિશ્ચયસ્વરૂપ તાત્ત્વિક વસ્તુ જ સ્વતઃ અથવા પરતઃ અનેક વિશેષરૂપે પરિણમે છે કે જેને વ્યવહાર કહેવામાં આવે છે. સામાન્ય જનતા પોતાને ઉપયોગી પરિણામોને જ પ્રધાનતા આપીને વળગી રહે છે પણ મૂળ પરિણામી જે તાત્ત્વિક છે તે તરફ ધ્યાન આપતી નથી. દહીં, ઘી, આદિ દૂધનું અને કડાં-કંઠી આદિ સુવર્ણનું પરિણામ હોવા છતાં દૂધ તથા સુવર્ણને સ્થૂળ બુદ્ધિવાળી સામાન્ય જનતા પ્રધાનતા આપતી નથી, કારણ કે તે વ્યવહાર-દૃષ્ટિ હોવાથી માને છે કે દહીં તથા ઘીનું કામ દૂધ આપી શકતું નથી અને કડાં-કંઠીનું કામ સોનું આપી શકતું નથી. પહેરવાને તો કડાં-કંઠી આદિ ઘરેણાં જ કામ આવે છે પણ સોનું કામ આવતું નથી. તેવી જ રીતે મોદક તથા શીરો આદિ બનાવવામાં ઘી જ કામ આવે છે પણ દૂધ કામ આવતું નથી.

વ્યવહાર બે પ્રકારનો છેઃ એક સદ્ભૂત અને બીજો અસદ્ભૂત. આ બંને પ્રકારના વ્યવહારમાંથી સદ્ભૂત વ્યવહાર એક વિષયવાળો, એક દ્રવ્યાશ્રિત છે અર્થાત્ બીજા દ્રવ્યના સંયોગ વગરનો છે. પોતે સદ્ભૂત વસ્તુનો આશ્રિત હોવાથી જ સદ્ભૂત કહેવાય છે અને તેથી જ તે દ્રવ્ય તથા તેના ગુણને આશ્રયીને પ્રવર્તે છે. આ વ્યવહાર ઉપચરિત અને અનુપચરિત એમ બે પ્રકારનો છે. ઉપચરિત એટલે દ્રવ્યમાં ગુણનો ઉપચાર કરીને તેને ઓળખાવનારો; જેમ કે-જીવનું મતિજ્ઞાન એમ કહેવાય છે ત્યાં આવરણની ઉપાધિને લઇને જ્ઞાનને મતિની કલ્પના કરવામાં આવી છે તે સોપાધિક મતિજ્ઞાનનો આવરણથી કલુ-

ષિત આત્મામાં ઉપચાર કરીને જીવનું મતિજ્ઞાન કહ્યું છે, એટલે કે ઉપાધિવાળું મતિજ્ઞાન અને ઉપાધિવાળો આત્મા બંનેના સંબંધને સૂચવનારો સદ્ભૂત વ્યવહાર ઉપચરિત કહેવાય છે. આ વ્યવહાર જીવદ્રવ્ય તથા જ્ઞાન ગુણને લઇને વર્તતો હોવાથી સદ્ભૂત કહેવાય છે, ફક્ત આવરણને લઇને મતિને ઉપાધિ માને છે અને તેનો જીવમાં ઉપચાર કરીને જીવના સમજ્ઞાન-પણે મતિને ઓળખાવે છે. ઉપચાર વગરનો સદ્ભૂત વ્યવહાર અનુપચરિત કહેવાય છે અને તે શુદ્ધ ગુણ તથા શુદ્ધ ગુણીનું અવલંબન લે છે, માટે જ્યારે આત્મા ઉપાધિ વગરના ગુણથી ઉપાધિ વગરનો થાય છે ત્યારે નિરુપાધિક ગુણ–ગુણીના ભેદને ઓળખાવનારો નિરુપચરિત સદ્ભૂત વ્યવહાર કહેવાય છે. તાત્પર્ય કે સંસારમાં ભ્રમણ કરવાવાળો સકર્મક આત્મા આઠે કર્મના આવરણોથી અવરાયલો હોય છે એટલે તે ઉપાધિવાળો કહેવાય છે. તે વખતે તેને કેવળજ્ઞાન હોવા છતાં કેવળજ્ઞાની કહેવાતો નથી પણ મતિ આદિ જ્ઞાનવાળો કહેવાય છે તે મતિ આવરણની અવસ્થામાં થયેલું હોવાથી ઉપાધિસ્વરૂપ છે. તેનો આત્મામાં ઉપચાર કરીને કેવળજ્ઞાની આત્માને મતિજ્ઞાની કહે-વામાં આવે છે તે ઉપચરિત સદ્ભૂત વ્યવહારની દૃષ્ટિ છે અને જ્યારે કર્મોના આવરણો ક્ષય થવાથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે તે ઉપાધિ વગરનું હોવાથી શુદ્ધ જ્ઞાનવાળા આત્માને કેવળજ્ઞાની કહેવાવાળો અનુપચરિત સદ્ભૂત વ્યવહાર કહેવાય છે.

શુદ્ધ તથા અશુદ્ધ નિશ્ચય અને ઉપચરિત તથા અનુપચરિત સદ્ભૂત વ્યવહાર એટલે કે અનુપચરિત સદ્ભૂત વ્યવહાર અને શુદ્ધ નિશ્ચય તથા ઉપચરિત સદ્ભૂત વ્યવહાર અને અશુદ્ધ

નિશ્ચય, સ્થૂળ દૃષ્ટિથી વિચારીએ તો બંને સરખા જેવા તો લાગે છે પણ નિશ્ચય તથા વ્યવહારમાં ઘણું જ અંતર છે. નિશ્ચય નય તાત્વિક વસ્તુને માનનારો છે અને તે દરેક અવસ્થામાં ગુણ-ગુણીને અભેદ દૃષ્ટિથી જુએ છે અને વ્યવહાર અતાત્વિક હોવાથી જે વસ્તુ જે વખતે જે સ્વરૂપે હોય છે તેને તે સ્વરૂપે માને છે. અને તેથી કરીને તે ગુણ-ગુણીનો ભેદ માને છે. નિશ્ચય છે તે થાય છે એમ માને છે ત્યારે વ્યવહાર ન હતું તે થયું એમ માને છે. નિશ્ચય આવરણની ઉપાધિને લઇને કેવળજ્ઞાનમાં મતિજ્ઞાનનો વિકલ્પ કરીને આત્માને મતિજ્ઞાની કહે છે તેથી તે અશુદ્ધ નિશ્ચય કહેવાય છે. અને વ્યવહાર ઉપાધિની અને મતિજ્ઞાનની કલ્પના કરીને આત્મામાં ઉપચાર કરે છે અને આત્માનું મતિજ્ઞાન કહે છે એટલે તે ઉપચરિત સદ્ભૂત વ્યવહાર કહેવાય છે. આ પ્રમાણે નિશ્ચય તથા વ્યવહારની માન્યતામાં ભેદ રહે છે. અસદ્ભૂત વ્યવહાર કે જેનો પરવિષય છે-પરદ્રવ્યનો આશ્રિત છે અર્થાત્ ભિન્ન દ્રવ્યના સંયોગથી ભેદસ્વરૂપ ધારણ કરે છે તેના પણ ઉપચરિત તથા અનુપચરિત એવા બે ભેદ થાય છે. તેમાં ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ભિન્ન વસ્તુનો સંબંધ ન હોવા છતાં પણ તેનો કલ્પિત સંબંધ માને છે. જેમકે-દેવદત્તનું ધન. આ સ્થળે દેવદત્ત ભિન્ન દ્રવ્ય છે અને ધન પણ ભિન્ન દ્રવ્ય છે છતાં સ્વ-સ્વામિભાવ સંબંધથી ધન દેવદત્તનું ધન કહેવાય છે તે વ્યવહાર કલ્પિત હોવાથી ઉપચરિત છે. અને તે ધન આદિ પરદ્રવ્યનું આશ્રિત માટે અસત્ છે. તાત્પર્ય કે ધન, બાગ, બંગલા આદિ વસ્તુઓનો જન્મથી જ દેહની સાથે સંબંધ હોતો નથી તેમજ નિરંતર રહેતો પણ નથી પણ

જ્યારથી જે નામવાળાની માલિકી થાય છે ત્યારથી વસ્તુઓ તેની કહેવાય છે. અને તે જ ધનાદિ બીજાની માલીકીના થાય ત્યારથી તેનો સ્વામી દેવદત્ત હતો તેના બદલે યજ્ઞદત્ત થાય છે—પહેલાં મંગળદાસ સ્વામી હતો તેના બદલામાં હવે વિઠ્ઠલદાસ કહેવાય છે. આ પ્રમાણે ધનાદિ અસદ્ભૂત વસ્તુની દેવદત્તની સાથે સ્વ—સ્વામિભાવ સંબંધની કલ્પના કરવી તે ઉપચરિત હોવાથી ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનો વિષય છે. દેવદત્તની પાસે અવિદ્યમાન ધનાદિ ભિન્ન દ્રવ્ય હોવાથી તે અસદ્ભૂત કહેવાય છે અને એટલા માટે જ સંબંધની પણ કલ્પના કરાય છે.

અનુપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપચાર વગરનો છે. જો કે આપણા પરદ્રવ્યનો આશ્રિત છે અર્થાત્ ભિન્ન દ્રવ્યને લઈને પ્રવૃત્તિ કરનારો છે માટે અસદ્ભૂત કહેવાય છે છતાં તેમાં ઉપચારને અવકાશ નથી. જેમકે જીવનું શરીર. અહિયાં જીવ તથા શરીરના સંબંધની કલ્પના કરવામાં આવતી નથી, કારણ કે શરીરનો જન્મથી લઈને મરણ પર્યંત નિરંતર સંબંધ રહે છે, પણ ધનાદિની જેમ જીવમાં અનેક વખત સંયોગ થતો નથી. એટલે જીવની સાથે શરીરનો સંબંધ કરવાની આવશ્યકતા રહેતી નથી. જીવ ચેતન દ્રવ્ય છે અને દેહ અચેતન દ્રવ્ય છે માટે બંનેનો સંબંધ સંયોગસંબંધ હોઇ શકે છે પણ સ્વરૂપ-સંબંધ હોઈ શકતો નથી, કારણ કે દ્રવ્ય ભિન્ન ગુણધર્મવાળા હોવાથી ભિન્ન સ્વરૂપે ઓળખાય છે. તે જ્યારે પરસ્પર ભેગાં ભળે છે ત્યારે તેનો સંયોગસંબંધ થયો કહેવાય છે. જીવ તથા શરીર બંને દ્રવ્યો ઓતપ્રોત થઈ રહેલાં ન હોવાથી જીવની સાથે શરીરના સંબંધની કલ્પના કરીને ઉપચાર કરવાની જરૂરત

રહેતી નથી, માટે જ જીવનું શરીર કહેનારો અનુપચરિત અસદ્ભૂત વ્યવહાર કહેવાય છે.

આ પ્રમાણે જગતની સ્થિતિ નિશ્ચય તથા વ્યવહાર બંનેને અવલંબીને રહેલી છે. નિશ્ચય વ્યવહારનું કામ કરી શકે નહિ અને વ્યવહાર નિશ્ચયનું કામ કરી શકે નહિં, માટે જો જગત એકનો પણ અનાદર કરે તો પોતાની વ્યવસ્થા જાળવી શકે નહિં. બંને પોતપોતાના સ્થળે પ્રધાન હોવાથી જ્યારે એકને પ્રધાનતા આપીને આદર કરવામાં આવે છે ત્યારે બીજાને ગૌણ રાખીને ઉચિત આદર કરવો જ પડે છે. નિરતિશય જ્ઞાનવાળા છદ્મસ્થો નિશ્ચયને ગૌણ રાખી વ્યવહારને પ્રધાનતા આપે છે પણ નિશ્ચયનો અનાદર કરતા નથી. કેટલાક ટૂંકી સમજણને લઈને નિશ્ચયનો નિષેધ કરે છે છતાં તેમને નિશ્ચયનો આદર કરવો જ પડે છે. કોઇ ને કોઇ દૃષ્ટિથી નિશ્ચયનું અવલંબન લીધા સિવાય કોઈ પણ પ્રકારના વ્યવહારમાં પ્રવૃત્તિ થઇ શકતી નથી, કારણ કે વ્યવહાર માત્ર નિશ્ચયનું પરિણામ છે. સાધારણ બાબતમાં પણ પ્રથમ નિશ્ચયનો આદર કરીને વ્યવહારનો આદર કરવામાં આવે છે. કોઈ ગામ જવું હોય છે તો પણ પ્રથમ તે ગામનું નામ નક્કી કરી તેને લક્ષમાં રાખીને તે દિશામાં ચાલવાની પ્રવૃત્તિ કરાય છે. તાત્પર્ય કે–ધ્યેય નક્કી કર્યા સિવાય કોઇ પ્રકારની પ્રવૃત્તિ થઇ શકતી નથી જેમકે અનંત જ્ઞાન–દર્શન–જીવન સુખસ્વરૂપ આત્મા છે અને તે અવિકૃત સ્વરૂપ છે. આવી રીતે આત્માનું સ્વરૂપ લક્ષમાં રાખવું તે નિશ્ચય દૃષ્ટિ કહેવાય છે. (અર્થાત્ વસ્તુનો વસ્તુરૂપે બોધ કરાવનાર નિશ્ચય છે. અને તે વસ્તુના સ્વરૂપ પ્રાપ્ત કરવા પ્રયાસ કરવો તે વ્યવહાર કહેવાય છે.)

એટલે કે વસ્તુનું સમ્યગ્ જ્ઞાન તે નિશ્ચય અને તદ્ અનુસાર સમ્યક્ ક્રિયા કરવી તે વ્યવહાર. તાત્પર્ય કે સમ્યગ્ જ્ઞાનસ્વરૂપ નિશ્ચય અને સમ્યક્ ક્રિયાસ્વરૂપ વ્યવહાર–આ બેમાંથી એક હોય અને એક ન હોય તો વસ્તુનું સ્વરૂપ પ્રગટ થઇ શકતું નથી માટે બંનેની–સમ્યગ્ જ્ઞાન તથા સમ્યક્ ક્રિયાની–જરૂરત રહે છે. જેમ કોઇ માણસની પાસે લાખ રૂપીઆ હોય અને તે પોતાને લાખપતિ માનતો હોય તેમજ જનતા પણ તેને લાખપતિ તરીકે માનતી હોય પરંતુ તે રૂપીઆ ઉઘરાણીરૂપે ચોપડામાં જનતા પાસે લેણા હોય તો જ્યાંસુધી તેની ઉઘરાણી કરીને મેળવી ન લે ત્યાંસુધી તે રૂપીઆનો ઉપયોગ કરી શકતો નથી. તેવી જ રીતે આત્માની પાસે કેવલજ્ઞાન હોવાથી તે કેવલજ્ઞાની કહેવાય છે છતાં તે ચોપડામાં લેણા નીકળતા રૂપીઆની જેમ સત્તામાં રહેલું છે. તે સમ્યક્ ક્રિયાદ્વારા પ્રગટ કરવામાં નહિ આવે ત્યાંસુધી આત્મા તેનો ઉપયોગ કરી શકતો નથી. નિશ્ચય વસ્તુને વસ્તુરૂપે ઓળખાવીને સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરાવે છે, પણ સમ્યક્ ક્રિયારૂપ વ્યવહારદ્વારા જ્યાંસુધી વસ્તુસ્વરૂપ પ્રગટ કરવામાં ન આવે ત્યાંસુધી એકલા સમ્યગ્જ્ઞાનથી વસ્તુસ્વરૂપ પ્રગટ થઈ શકતું નથી; માટે કહ્યું છે કે **सम्यग्ज्ञानक्रियाभ्यां मोक्षः ॥**

જપ, તપ, સંયમ તથા ત્યાગરૂપ ધાર્મિક પ્રવૃત્તિઓનો નિષેધ કરનાર અજ્ઞાની છે. તેને સમ્યગ્જ્ઞાની તીર્થંકર દેવની આસાતના થાય છે, કારણ કે પ્રભુ પોતે સંપૂર્ણ વિકાસી, કેવલજ્ઞાનના ધારક હતા, છતાં પ્રભુશ્રીએ સ્વ–સ્વરૂપના સાધક ભવ્યાત્માઓ માટે ક્યાંય પણ વ્યવહારનો નિષેધ કર્યો નથી. જે શ્રુતજ્ઞાનથી

જીવો ક્રમશઃ કેવળજ્ઞાન મેળવે છે તેનું બહુમાન જાળવવા શ્રુત ઉપયોગપૂર્વક છદ્મસ્થનો લાવેલો આહાર કેવળ દષ્ટિથી કાંઈક અશુદ્ધ હોવા છતાં પણ પોતે વાપરતા અર્થાત્ પ્રભુ ગૌણપણે વ્યવહારનો આદર કરતા હતા. પ્રભુશ્રીએ કોઈપણ દશામાં સર્વથા વ્યવહારનો ત્યાગ કરવાને જણાવ્યું નથી, માટે જે વ્યવહારનો નિષેધ કરે છે તેના માટે નિશ્ચય જેવી વસ્તુ જ રહેતી નથી કારણ કે નિશ્ચય તથા વ્યવહાર બંને એક બીજાના આશ્રિત છે. નિશ્ચયની અપેક્ષાથી વ્યવહાર અને વ્યવહારની અપેક્ષાથી નિશ્ચય હયાતી ધરાવે છે. જ્યારે આત્મા કર્મોથી મુક્ત થઈને અશરીરી થાય છે ત્યારે તેને મન-વચન-કાયાના યોગોમાંનું કશુંય ન હોવાથી વ્યવહાર જેવું કાંઈપણ હોતું નથી, માટે તે વ્યવહારથી પર છે એટલે વ્યવહારની સાથે સંબંધ ધરાવનાર નિશ્ચય પણ ત્યાં નથી, કારણ કે બદ્ધ દશામાં આત્માના સાચા સ્વરૂપને ઓળખનાર વચન વ્યવહારરૂપ નિશ્ચય હતો તે મુક્ત દશામાં નથી. નિશ્ચયને જે વચન વ્યવહારરૂપ કહેવામાં આવે છે તે એટલા જ માટે છે કે-કેવળજ્ઞાનસ્વરૂપી શુદ્ધાત્મા અરૂપી હોવાથી છદ્મસ્થ જીવો તેને પ્રત્યક્ષ કરી શકતા નથી પણ કેવળજ્ઞાનીઓના કથન કરેલા વચનોને અનુસરીને પોતાના વચનદ્વારા નિશ્ચય સ્વરૂપ શુદ્ધાત્માનું વર્ણન કરે છે. કેવળજ્ઞાનીયો કે જેમણે આત્માનો સાક્ષાત્કાર કર્યો છે તેઓ પણ બદ્ધ દશામાં રહેલા વસ્તુ સ્વરૂપને અણજાણ અલ્પજ્ઞ જીવોને આત્માનું તાત્ત્વિક સ્વરૂપ વચન-વ્યાપારદ્વારા જણાવે છે એટલે કે તેઓ ઘાતી કર્મથી ઘેરાયલા અજ્ઞાન દશા ભોગવતા આત્માઓને સાચી ઓળખાણ કરાવે છે, તેથી તે જીવો ઓળખાણને

માત્ર વચનોથી કહી દેખાડે છે પણ ચરાચર જગતને હસ્તામલકની જેમ કળી શકતા નથી, પ્રભુના બતાવેલ વ્યવહાર પ્રમાણે વર્તે છે ત્યારે જ તેઓ ઘાતી કર્મનો ઘાત કરીને નિશ્ચયસ્વરૂપ આત્માના શુદ્ધ ગુણોના પ્રગટરૂપે ભોક્તા બને છે. તેઓ જ્યારે અઘાતીનો ક્ષય કરીને અશરીરી થાય છે ત્યારપછી મુક્ત દશામાં તેમને વચનવ્યવહારરૂપ નિશ્ચય તથા વ્યવહાર હોતાં નથી, કારણ કે વ્યાપાર–વ્યવહાર યોગસ્વરૂપ હોવાથી અયોગી થયા પછી શરીરના અભાવમાં તેનો અભાવ થાય છે એટલે તેને આશ્રયીને બદ્ધ દશામાં શરીરથી ભિન્ન આત્મસ્વરૂપ ઓળખાવવા વચનવ્યવહારરૂપ નિશ્ચય હતો તે પણ સ્વરૂપ પ્રગટ થયા પછી રહેતો નથી, માટે જ્યાંસુધી શરીર હોય છે ત્યાંસુધી વ્યવહારનો નિષેધ થઇ શકતો નથી.

આત્મા ત્રણે કાળમાં ઉપયોગસ્વરૂપે જ રહેવાનો. કોઇપણ સમયે સ્વ–સ્વરૂપથી ભ્રષ્ટ થતો નથી છતાં વિજાતીય ઉપાધીના સંસર્ગથી ભિન્નરૂપે ભાસે છે તેના પ્રારંભમાં જ અલ્પજ્ઞોને ભાસ થતી અવસ્થાઓને ઓળખાવવા શુદ્ધ નિશ્ચય, અશુદ્ધ નિશ્ચય તથા ઉપચરિત અને અનુપચરિત, સદ્ભૂત અને અસદ્ભૂત વ્યવહારની વ્યવસ્થા કરી બતાવી છે. આત્માની કર્મજન્ય અવસ્થાઓ અતાત્ત્વિક છે અને કર્મરહિત શુદ્ધ અવસ્થા તાત્ત્વિક છે. કર્મજન્ય અતાત્ત્વિક અવસ્થામાં રહેલો આત્મા અપ્રગટ સ્વ–સ્વરૂપનો ભોકતા હોઈ શકે છે. અને તે ઉપાધિગ્રસ્ત હોવાથી વ્યવહારથી પર નથી કારણ કે સશરીરી છે એટલે તે યોગસ્વરૂપ છે. બહારથી મુકાએલા ન હોવાથી વ્યવહારનો નિષેધ કરી શકે જ નહિં. તેને તાત્ત્વિક સ્વરૂપ

મેળવવા વ્યવહાર(ક્રિયા)નો આશ્રય લેવો જ પડે છે. જ્યાં-સુધી તાત્ત્વિક આત્મસ્વરૂપનો પ્રગટપણે ભોક્તા ન બને તથા ઇંદ્રિયોની સહાયતા સિવાય રૂપી તથા અરૂપી કોઈપણ વસ્તુનો બોધ કરી શકતો ન હોય ત્યાંસુધી નૈશ્ચયિક આત્મસ્વરૂપ પુસ્તક વાંચીને કે સાંભળીને નિશ્ચયને પ્રધાનતા આપી વ્યવહારનો અનાદર કરનાર વીતરાગના સિદ્ધાંતોનો અણુજાણુ જ કહી શકાય. આવી અજ્ઞાનતાથી તે પ્રભુની ઘણી જ આશાતના કરી સંસાર-ભ્રમણુ વધારે છે, અને એટલા માટે પ્રભુના માર્ગમાં કહ્યું છે કે:—

**जइ जिणमयं पवज्जह ता मा ववहारनिच्छए मुयह ।**
**ववहार न उच्छेए तित्थुच्छेदो जओऽवस्स ॥ १ ॥**

# વિશ્વ વ્યવસ્થાપક પદાર્થો

## ( ૧૪ )

જૈન દર્શનમાં છ દ્રવ્ય કહ્યા છે. તેમાં એક જીવ દ્રવ્ય છે અને બાકીના પાંચ અજીવ છે. આ પાંચ અજીવ દ્રવ્યમાં કાળને ઉપચરિત દ્રવ્ય માન્યું છે; કારણુ કે સમય, આવળી આદિ જે કાળ કહેવાય છે તે જીવ તથા અજીવ દ્રવ્યના પર્યાયો છે માટે તે દ્રવ્યનો ધર્મ હોવાથી તેનાથી કથંચિત્ અભિન્ન છે અર્થાત્ ધર્મીથી ધર્મ અભિન્ન હોય છે અને તેથી કાળમાં દ્રવ્યનો ઉપચાર કર્યો છે. કાળને છોડીને બાકીના ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલ અને જીવ આ પાંચે દ્રવ્યો અસ્તિ-કાયના સંબંધવાળા છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકા-શાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય—આ પંચાસ્તિ-

કાયના સમુદાયને લોકસંજ્ઞા આપવામાં આવી છે અને તેથી કરીને પંચાસ્તિકાયમય લોક કહેવાય છે. અર્થાત્ જેટલામાં ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાય ફેલાઇને રહ્યો છે તેટલામાં જ જીવાસ્તિકાય અને પુદ્‌ગલાસ્તિકાય પણ રહેલાં છે અને આકાશાસ્તિકાય તો આ ચાર દ્રવ્યો છે ત્યાં તો રહેલું જ છે. તે ઉપરાંત જ્યાં આ ચાર દ્રવ્યો નથી ત્યાં પણ વ્યાપ્ત થઈને રહ્યું છે અને એટલા માટે જ આકાશ દ્રવ્ય આધાર છે અને બાકીનાં ચાર દ્રવ્યો આધેય છે. અર્થાત્ ધર્મ આદિ ચાર દ્રવ્યો આકાશના આધારે રહેલાં છે અને આકાશ લોકાલોકવ્યાપી હોવાથી આધાર-આધેયસ્વરૂપ પોતે જ છે, તેને ભિન્ન સ્વરૂપ-વાળા ભિન્ન દ્રવ્યની આવશ્યકતા નથી.

ધર્માસ્તિકાયાદિ પાંચ દ્રવ્યોમાં પુદ્‌ગલાસ્તિકાયદ્રવ્ય રૂપી છે અને બાકીનાં ચાર અરૂપી છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ જેમાં હોય તે રૂપી કહેવાય છે. આ વર્ણાદિ પુદ્‌ગલ દ્રવ્યના ગુણ છે માટે જ પુદ્‌ગલ દ્રવ્યને રૂપી કહેવામાં આવે છે. ધર્માસ્તિકાયાદિ ચાર દ્રવ્યોમાં વર્ણ આદિ ન હોવાથી તે અરૂપી કહેવાય છે. જીવ દ્રવ્ય તાત્ત્વિક દૃષ્ટિથી જોતાં તો અરૂપી છે પણ અનાદિ કર્મના સંસર્ગને લઇને રૂપી પણ ગણ્યું છે. તે રૂપ ઔપચારિક કર્મસ્વરૂપ ઉપાધિજન્ય હોવાથી જીવ જ્યારે કર્મથી સર્વથા મુકાઇ જઇને અરૂપી સ્વસ્વરૂપ મેળવે છે ત્યાર-પછી કર્મવર્ગણાનો સંસર્ગ થવા છતાં પણ રૂપી બની શકતો જ નથી અને શાશ્વત અરૂપી સ્વરૂપમાં જ રહે છે. રૂપી પુદ્‌ગલ દ્રવ્યની સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ એમ ચાર અવસ્થા માની છે અને ધર્માસ્તિકાયાદિ અરૂપી ચાર દ્રવ્યની

સ્કંધ, દેશ તથા પ્રદેશ મળીને ત્રણ અવસ્થાઓ થઇ શકે છે. જેમાં દેશ તથા પ્રદેશોનો સમુદાય રહી શકે છે તેવા એક સંખ્યાવાળા દ્રવ્યને સ્કંધ કહેવામાં આવે છે; અને તે જ સ્કંધના કેવળીની બુદ્ધિથી એક ભાગના બે ભાગ થઇ શકે ત્યાંસુધીના વિભાગો દેશ કહેવાય છે. અને જે દેશના કેવળીની બુદ્ધિથી પણ બે ભાગ ન થઇ શકે તેની પ્રદેશ સંજ્ઞા છે. તે જ પ્રદેશ જ્યારે સ્કંધથી છૂટો પડી જાય છે ત્યારે તે પરમાણુના નામથી ઓળખાય છે. રૂપી પુદ્‌ગલ દ્રવ્યનો મોટામાં મોટો સ્કંધ અચિત્ત મહાસ્કંધ છે તે અનંતાનંત પુદ્‌ગલ પરમાણુનો બને છે. આનાથી મોટો રૂપી દ્રવ્યનો સ્કંધ બની શકતો નથી. આવી જ રીતે અરૂપી દ્રવ્યોમાં આકાશ દ્રવ્યનો સ્કંધ મોટામાં મોટો છે. તે બધાય અરૂપી દ્રવ્યોથી મહાન હોવાથી તેમાં બીજા અરૂપી દ્રવ્યોના પ્રદેશો કરતાં અનંતગણા પ્રદેશો રહ્યાં છે. તે સિવાયના બીજાં અરૂપી દ્રવ્યોના સ્કંધોમાં અસંખ્યાત પ્રદેશ રહેલાં છે. રૂપી અચિત્ત મહાસ્કંધ સિવાયના બીજા રૂપી સ્કંધો સંખ્યાત, અસંખ્યાત, અનંત તથા અનંતાનંત પ્રદેશોના બનેલા છે. પુદ્‌ગલ પરમાણુઓના સમુદાયથી બનેલા રૂપી દ્રવ્યના સ્કંધો ખસખસની નાની મોટી ગોળીઓ અથવા તો ખસખસના બનેલા લાડવા જેવા હોય છે અને જીવ દ્રવ્ય આદિ ચાર અરૂપી દ્રવ્યના સ્કંધ અખંડ લોઢાના ગોળા જેવા હોય છે. જીવ દ્રવ્ય અનંતા હોવાથી તે અખંડ હોવા છતાં પણ જેમ આકાશ સિવાયના બીજા અરૂપી અખંડ દ્રવ્યો લોકવ્યાપી છે તેમ લોકવ્યાપી નથી, કારણ કે ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો એક છે અને જીવ દ્રવ્ય અનેક છે તેમજ સંકોચ–વિકોચ અર્થાત્

સાંકડા-પહોળા થવાના સ્વભાવવાળાં છે તેથી તે દેશવ્યાપી છે. ફક્ત કેવળી સમુદ્‌ઘાત-આત્મપ્રદેશોને પહોળા કરવાની ક્રિયા-વિશેષ કરવામાં આવે છે ત્યારે જ જીવ લોકવ્યાપી હોઈ શકે છે.

પૌદ્‌ગલિક રૂપી સ્કંધો પરમાણુઓના સંયોગસ્વરૂપ સમૂહના બનેલા છે અને તે બે અણુઓના સંયોગથી લઈને અનંતા અણુઓના સંયોગરૂપ અનંતા છે, અને તે સંખ્યાત, અસંખ્યાત તથા અનંતપ્રદેશી તરીકે ઓળખાય છે. સ્કંધોમાં નવીન પરમાણુઓ ભળવાથી સંખ્યાતપ્રદેશી સ્કંધ, અસંખ્યાત-પ્રદેશી તથા અનંતપ્રદેશી બની શકે છે તેવી રીતે જ સ્કંધમાંથી દેશ છૂટા પડવાથી અનંતપ્રદેશી સ્કંધ, અસંખ્યાત તથા સંખ્યાતપ્રદેશી બને છે. અને સ્કંધના બધાય પ્રદેશો છૂટા પડી જાય તો તે આખોય સ્કંધ વિખરાઈ જઈને પર-માણુઓના સ્વરૂપને ધારણ કરે છે. જેમકે એક હજાર ખસ-ખસનો બનેલો લાડવો તે સ્કંધ, તેમાં છૂટા ખસખસના દાણા અથવા તો પચીસ-પચાસ આદિ ખસખસના બનેલા નાના સ્કંધો ભળવાથી જે મોટો લાડવો થાય તે અસંખ્યાતપ્રદેશી સ્કંધ અને લાખો છૂટી ખસખસ અથવા તો સ્કંધો ભળવાથી જે અત્યંત મોટો લાડવો બને તે અનંતપ્રદેશી સ્કંધ. આ અનંતપ્રદેશી ખસખસના લાડવારૂપ સ્કંધમાંથી તેના દેશરૂપ ટુકડાઓ થઈને જ્યારે છૂટા પડે છે ત્યારે તે લાડવો નાનો થાય છે કે જેને આપણે અનંતપ્રદેશી સ્કંધને અસંખ્યાત પ્રદેશી સ્કંધના સ્થાનમાં ગણીએ. ત્યારપછી તેમાંથી જેમ જેમ દેશો અલગ થતા જાય છે તેમ તેમ તે લાડવો નાનો થતો જાય છે કે જેને સંખ્યાતપ્રદેશી તરીકે કલ્પના કરો અને

છેવટે જ્યારે લાડવામાં વળગેલી ખસખસો સર્વથા વિખરાઈ જાય ત્યારે વિખરાયલી ખસખસ લાડવો નથી કહેવાતી પણ ખસખસ કહેવાય છે, તેમ સ્કંધમાંથી વિખરાયલા પ્રદેશો સ્કંધ કહેવાતા નથી પણ પરમાણુઓ કહેવાય છે. આ ખસખસના લાડવાનું દૃષ્ટાંત રૂપી પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્યમાં જ ઘટી શકે છે પણ અરૂપી ધર્મ, અધર્મ, આકાશ તથા જીવ દ્રવ્યમાં ઘટી નથી શકતું, કારણ કે અરૂપી દ્રવ્યોના સ્કંધોમાં પ્રદેશોનું મળવા વિછડવાપણું હોતું નથી તેથી તે રૂપી દ્રવ્યના સ્કંધોની જેમ તારતમ્યતાવાળા હોતા નથી, અને એટલા માટે જ અરૂપી ચાર દ્રવ્યોનો સ્કંધ અખંડ છે, આ ચાર અરૂપી દ્રવ્યોમાંથી ધર્મ, અધર્મ તથા જીવ દ્રવ્યોના પ્રદેશો એક સરખા અસંખ્યાત હોવાથી તેમના સ્કંધો પણ અસંખ્યાતપ્રદેશી કહેવાય છે. અને તે સ્કંધો અખંડ હોવાથી સંખ્યાતપ્રદેશી કે અનંતપ્રદેશી બની શકતા જ નથી. અરૂપી આકાશ દ્રવ્યનો અખંડ સ્કંધ અનંતપ્રદેશી છે તે સંખ્યાત કે અસંખ્યાતપ્રદેશી બની શકે નહિં, પણ અસંખ્યાતપ્રદેશી ધર્માસ્તિકાય દ્રવ્યોના સંસર્ગવાળા આકાશનો દેશ અવિભાગપણે અસંખ્યાતપ્રદેશી કહેવાય છે અને તેને લોકાકાશ તરીકે ઓળખવામાં આવે છે. લોકમાં આકાશના પ્રદેશો અરૂપી ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોના પ્રદેશો જેટલા જ અસંખ્યાત છે છતાં તે અનંતપ્રદેશી અખંડ આકાશનો ખંડિત થયેલો ટુકડો નથી, પણ તે અખંડ આકાશનો જ અસંખ્યાતપ્રદેશી દેશ છે.

લોઢાના ગોળા જેવા અખંડ અરૂપી દ્રવ્યોના સ્કંધોમાં

રહેલા દેશ તથા પ્રદેશો રૂપી દ્રવ્યના સ્કંધના દેશ પ્રદેશોથી વિલક્ષણ છે, કારણ કે રૂપી સ્કંધના દેશ પ્રદેશો સ્વતંત્ર છે તેથી એ સ્કંધમાંથી છૂટા પડીને ભિન્ન બીજા સ્કંધોમાં ભળી શકે અથવા તો સ્વતંત્રપણે છૂટા રહીને સ્કંધ કહેવરાવી શકે તેમજ પ્રદેશો સર્વના છૂટા પડી જઇને પરમાણુ તરીકે પોતાને ઓળખાવે છે તે પાછા અનેક ભેગા મળીને સર્વથી નવો સ્કંધ પણ બનાવી શકે છે. તેમને અમુક જ રૂપી દ્રંવ્યનાં સ્કંધમાં ભળવું એવો નિયમ હોતો નથી તેમજ છૂટા ન જ રહેવું એવો પણ પ્રતિબંધ હોતો નથી ત્યારે અરૂપી દ્રવ્યોના દેશ પ્રદેશો સ્કંધને આધીન સ્કંધસ્વરૂપ હોવાથી કોઈ પણ વખતે તેનાથી છૂટા પડી શકતા જ નથી તેથી તેમને દેશ તથા પ્રદેશ સંજ્ઞા ધારણ કરવાને પોતાને સ્કંધથી ભિન્ન દ્રવ્યોના સ્કંધ, દેશ, પ્રદેશ તથા પરમાણુઓની અપેક્ષા રાખવી પડે છે અર્થાત્ અરૂપી અખંડ સ્કંધમાં દેશ તથા પ્રદેશ સંજ્ઞા અન્ય વસ્તુઓના સંયોગથી કાલ્પનિક હોય છે અને તે સંજ્ઞાના અખંડ લોઢાના ગોળાસ્વરૂપ સ્કંધની સાથે સંબંધિત થઇને રહેલી સ્થૂળ, સ્થૂળતર, સ્થૂળતમ, સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મ-તમ વસ્તુઓની જેમ અપેક્ષાથી દેશ તથા પ્રદેશ તરીકે ઓળખાય છે. જેમકે–લોઢાના ગોળા ઉપર વાલ, વટાણો, તુવર, મગ, રાઇ અને ખસખસ આવી વસ્તુઓ મૂકવામાં આવે તો જે સ્થળે આ વસ્તુઓ રહેલી હોય તે બધા અખંડ ગોળાના દેશ તથા પ્રદેશ કહેવાય છે. આ પ્રમાણે ન માનીને કેવળ સ્કંધ માત્ર માનવામાં આવે તો પછી સ્કંધ અખંડ હોવાથી ગોળા ઉપર રહેલી ભિન્ન ભિન્ન વસ્તુઓનો બોધ ન

થાય પણ એક વસ્તુનો બોધ થાય; કારણ કે દેશ પ્રદેશના અભાવથી અમુક દેશમાં પણ દેશ તથા પ્રદેશ હોય છે. ફરક એટલો જ છે કે રૂપી દ્રવ્યના સ્કંધથી દેશ પ્રદેશ છૂટા પડી જાય છે તેમ અરૂપી સ્કંધથી તે છૂટા પડી શકતા નથી અને તેથી અરૂપી દ્રવ્યના પરમાણુ હોતા નથી માટે જે પરમાણુ છે તે રૂપી સ્કંધનો પ્રદેશ છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય–આ પાંચે અસ્તિકાયના પ્રદેશો ભિન્ન ભિન્ન ધર્મવાળા છે અને તે ગતિ, સ્થિતિ, અવગાહ, પૂરણ, ગલન તથા ઉપયોગસ્વરૂપ છે. આકાશ દ્રવ્ય અપરિમિત હોવા છતાં પણ આધેયસ્વરૂપ ચાર દ્રવ્યોને લઈને પરિમિત પણ છે અને તે અસંખ્યપ્રદેશી ધર્માસ્તિકાયાદિના સ્કંધની અપેક્ષાથી અસંખ્યપ્રદેશી સ્કંધસ્વરૂપ છે. જો કે આકાશ પરિમિત તથા અપરિમિત અર્થાત્ લોકાકાશના તથા અલોકાકાશના નામથી ઓળખાય છે છતાં તે અખંડ અને એક સ્વભાવવાળું છે, સ્વભાવભેદ અથવા તો ખંડિત થયેલા બેસ્કંધી નથી, પરિમિત લોકાકાશમાં અપરિમિત અનંતા જીવ દ્રવ્ય તથા અનંત, અનંતતર, અનંતતમ પુદ્ગલ દ્રવ્યો રહેલા છે છતાં અનંત તેમાં સાંકડા થઇ ગયા નથી અને તેથી તે દ્રવ્યો લોકાકાશમાં ન સમાવાથી અલોકાકાશમાં વેરાઇ પણ ગયાં નથી, પરિમિત અસંખ્યપ્રદેશી લોકાકાશમાં જ બધા સમાઈને રહ્યાં છે. આકાશના પ્રદેશો બીજા દ્રવ્યોના પ્રદેશો કરતાં ઘણા જ સૂક્ષ્મ છે અને અન્ય દ્રવ્યોને અવગાહ આપવાના સ્વભાવવાળા છે. એટલે તેના એક પ્રદેશ અથવા તો સંખ્યાત, અસંખ્યાત, અનંત તથા

અનંતાનંત પ્રદેશી સ્કંધો રહી શકે છે. અરૂપી દ્રવ્યોમાંથી ધર્મ તથા અધર્મનો એક આકાશ ઉપર એક જ પ્રદેશ રહ્યો છે, કારણ કે જેમ આકાશ લોકવ્યાપી છે તેમ ધર્મ, અધર્મ પણ લોકવ્યાપી છે; માટે જ લોકાકાશ, ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાયના પ્રદેશો સરખી સંખ્યાવાળા છે. જીવાસ્તિકાયને છોડીને બાકીના અરૂપી દ્રવ્યો સર્વવ્યાપી હોવાથી અક્રિય છે. જે દ્રવ્ય શાશ્વત અક્રિય છે તે એક સંખ્યાવાળું હોય છે અર્થાત્ અરૂપી અક્રિય દ્રવ્ય અનેક હોતાં નથી. જો કે જીવ દ્રવ્ય પણ સ્વરૂપે અરૂપી છે અને તેના પ્રદેશો પણ લોકવ્યાપી દ્રવ્યો જેટલા જ છે છતાં જીવ દ્રવ્ય લોકવ્યાપી ન હોવાથી અનેક અનંતા છે, કારણ કે અનાદિકાળથી તે પુદ્ગલ દ્રવ્યરૂપ કર્મના સંયોગને લઇને સક્રિય છે અને જે અક્રિય હોય છે તે સર્વવ્યાપી હોઈ શકતું નથી તેથી આકાશના એક પ્રદેશમાં જીવનો અસંખ્યપ્રદેશી સ્કંધ રહી શકતો નથી પણ લોકાકાશના અનેકપ્રદેશી એક દેશમાં જીવ દ્રવ્ય રહી શકે છે. લોકાકાશના પ્રત્યેક પ્રદેશમાં જીવદ્રવ્યના પ્રદેશ તો તેની સકર્મક અવસ્થામાં હોઇ શકે છે. અને તે પણ એક સમયની સ્થિતિવાળા હોય છે, માટે જીવ એક સમય જ લોકવ્યાપી રહી શકે છે, તે પછી પાછો અનંતર સમયમાં જ દેશવ્યાપી થઇ જાય છે. જીવને આ પ્રમાણે સર્વવ્યાપી તથા પ્રદેશવ્યાપી થવામાં નિમિત્ત કારણ ઉપાધિજન્ય ક્રિયા હોય છે. જ્યાંસુધી જીવ કર્મસ્વરૂપ ઉપાધિવાળો હોય છે ત્યાંસુધી તેના દેશવ્યાપીપણામાં તારતમ્યતા રહેલી હોય છે. નિરંતર એકસરખા જ આકાશના દેશોમાં રહેતો નથી. અંગુલના અસંખ્યાતમા ભાગથી લઇને લાખ યોજન સુધીના અસંખ્યાતપ્રદેશી આકાશના દેશોમાં રહી

શકે છે, કારણુ કે જીવ શરીરમાત્ર વ્યાપી હોવાથી નાનામાં નાનું કાર્મણુ શરીર અંગુલના અસંખ્યાતમા ભાગે હોય છે, અને મોટામાં મોટું વૈક્રિય શરીર એક લાખ યોજનનું હોય છે. બાકીના ઔદારિકાદિ શરીર મધ્યમ પરિમાણુવાળા હોય છે માટે જ જીવના દેશવ્યાપીપણામાં તારતમ્યતા હોય છે. છેવટે જીવ જ્યારે કર્મરૂપ ઉપાધિથી સર્વથા મુકાઇ જઇને પોતાનું અરૂપી સ્વરૂપ પ્રાપ્ત કરે છે ત્યારે જે સમયે અરૂપી દશા પ્રગટ થાય છે તે સમયે જે શરીરમાં હોય છે તે શરીરના પોલાણુનો ભાગ પોતાના પ્રદેશોથી પૂરાઇ જવાથી જેટલા આકાશપ્રદેશોમાં વ્યાપ્ત થઇને ફેલાઇને રહે છે તેટલા જ આકાશના દેશમાં ભાવી અનંતા કાળ સુધી શાશ્વતપણે સ્થિર રહે છે. પછીથી તેમાં આકાશના ન્યૂનાધિક દેશોમાં વ્યાપ્ત થવારૂપ તારતમ્યતા રહેતી નથી; કારણુ કે સર્વથા કર્મથી મુકાઈ જઈને સ્વરૂપ પ્રાપ્ત કર્યા પછી તે અક્રિય થાય છે, અક્રિય દ્રવ્યમાં આકાશના ન્યૂનાધિક દેશ તથા પ્રદેશોમાં વ્યાપ્ત થવામાં નિમિત્તભૂત સંકોચ–વિકોચ હોતો નથી.

ધર્માસ્તિકાયાદિ ચારે અરૂપી દ્રવ્યોની સાથે રૂપી પુદ્‌ગલાસ્તિકાયનો સંયોગ સંબંધ અનાદિકાળથી છે, છતાં જીવાસ્તિકાય સાથેનો સંયોગ સંબંધ ધર્મ, અધર્મ તથા આકાશ કરતાં ઘણો જ વિલક્ષણ છે, કારણુ કે બધાય અરૂપી દ્રવ્યો અખંડ હોવા છતાં પણ, પુદ્‌ગલ સંબંધની વિલક્ષણુતાને લઇને જીવાસ્તિકાયના અખંડપણામાં વિલક્ષણુતા રહેલી છે, અને તેથી જીવને રૂપી તથા ખંડિત થવાના સ્વભાવવાળો પણુ માન્યો છે. જો કે બધાય દ્રવ્યોનો સંબંધ અનાદિઅનંત છે અર્થાત્ રૂપી

તથા અરૂપી દ્રવ્યોનો સંબંધ શાશ્વતો છે છતાં જીવાસ્તિકાયને જેમ અનાદિકાળ રૂપી માનવામાં આવે છે તેમ ધર્માસ્તિકાયાદિ ત્રણને રૂપી માનવામાં આવતાં નથી તેમજ પુદ્ગલાસ્તિકાય જેમ જીવના ઉપયોગ ગુણનો ઘાત કરીને જીવને વિભાવ સ્વભાવવાળું બનાવે છે તેમ ધર્મ, અધર્મ તથા આકાશના ગુણોનો ઘાત કરીને વિભાવ સ્વભાવવાળા બનાવી શકતું નથી કારણ કે તે ત્રણે દ્રવ્યો અજીવ હોવાથી સજાતીય છે અને જીવ દ્રવ્ય જીવસ્વરૂપ હોવાથી વિજાતીય છે અને તેથી બંને વિજાતીય હોવાથી પુદ્ગલાસ્તિકાયનો સંસર્ગ જીવ દ્રવ્યમાં વિકૃતિ ઉત્પન્ન કરી શકે છે. જેમકે ધોળામાં ધોળી વસ્તુ ભળે જાય છે, તોપણ વિસદૃશ ભાવ ઉત્પન્ન થતો નથી પણ ધોળામાં કાળી વસ્તુ ભળે તો વિકૃત વા વિસદૃશ ભાવ ઉત્પન્ન થાય છે.

રૂપી તથા અરૂપી દ્રવ્યોનો સંબંધ અનાદિ હોવા છતાં પણ તે ચળ છે, અચળ નથી, અને એટલા માટે જ દ્રવ્યો પોતાનું સ્વરૂપ છોડીને પરસ્વરૂપમાં ભળતા નથી અર્થાત્ ધર્માસ્તિકાય પોતાનું સ્વરૂપ છોડીને અધર્માસ્તિકાયસ્વરૂપ થાય નહિ અને જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાયસ્વરૂપ બની શકે નહિં, કારણ કે દ્રવ્યોનો સંયોગસંબંધ હોય છે અને બધાય દ્રવ્યો ભિન્ન ભિન્ન ગુણ–પર્યાયવાળા હોવાથી પરસ્પર ઓતપ્રોત થઈને કેમ ન રહ્યાં તોયે તે સ્વગુણ છોડીને પરગુણને ધારણ કરતા નથી, અને તેથી દ્રવ્ય તથા ગુણનો અચળ સ્વરૂપસંબંધ છે. સંયોગનો વિયોગ થાય છે માટે જ તે અસ્થિર હોવાથી ચળ કહેવાય છે. સંયોગપૂર્વક વિયોગ અને વિયોગપૂર્વક સંયોગ થતો હોવાથી દ્રવ્યોના અનાદિ સંબંધમાં

સંયોગવિયોગના પૂર્વોત્તરપણાનો નિર્ણય થઇ શકે નહિં એટલે પ્રથમ દ્રવ્યોનો સર્વથા વિયોગ હતો અને પછીથી સંયોગ થયો છે કે પ્રથમ અનાદિથી સંયોગ હતો તેનો વિયોગ થઇને સંયોગ વિયોગની પરંપરા શરૂ થઇ છે? માટે બધાય દ્રવ્યોમાં સંયોગ, વિયોગની પરંપરા અનાદિથી ચાલી આવે છે, છતાં લોકવ્યાપી ધર્મ, અધર્મ તથા આકાશ આ ત્રણે અરૂપી અક્રિય દ્રવ્યોનો સંયોગ વિયોગશૂન્ય હોઇને અનાદિઅનંત છે, તાત્પર્ય કે લોકવ્યાપી ત્રણે અરૂપી દ્રવ્યો કોઇ કાળે છૂટા પડતા નથી તેથી તેમનો સંયોગ, અચળ છે, વિયોગશૂન્ય છે, છતાં જીવ તથા પુદ્ગલરૂપ પરદ્રવ્યની સાથેનો સંયોગ ચળ વિયોગવાળો છે, કારણ કે સંયોગ વિયોગ દ્રવ્યોમાં રહે છે અને જીવ તથા પુદ્ગલનો જ્યારે ધર્મ આદિ ત્રણે અરૂપી દ્રવ્યોના એક દેશમાં વિયોગ થાય છે અને બીજા દેશમાં સંયોગ થાય છે ત્યારે તે તે દેશને આશ્રયીને ધર્માસ્તિકાયાદિનો પણ તે દ્રવ્યોની સાથે સંયોગવિયોગ થાય છે અને એટલા માટે જ ધર્મ આદિ ત્રણે અરૂપી દ્રવ્યો અખંડ હોવા છતાં પણ તેમના દેશ, પ્રદેશ માનવા પડે છે. રૂપી દ્રવ્ય હોય કે અરૂપી પણ જે દ્રવ્ય સક્રિય છે તે સંયોગવિયોગવાળું હોઇ શકે છે કારણ કે એવો નિયમ છે કે જે દ્રવ્યો અખંડ અરૂપી હોય તે સર્વવ્યાપી છે, તેમાં ક્રિયા હોતી નથી અને તેથી કરીને તે દ્રવ્યોના અનાદિ સંયોગનો છેડો નથી અને આવા દ્રવ્યોની સંખ્યા પણ એકની હોય છે, અનેક હોતા નથી. સ્વરૂપથી રૂપી એવા પુદ્ગલાસ્તિકાયના સંયોગ–વિયોગની પરંપરા અનાદિઅનંત છે. પૌદ્ગલિક દ્રવ્યો સજાતીય તથા વિજાતીય દ્રવ્યોની સાથે અનાદિ કાળથી મળતાવિછડતા આવ્યા છે. પરંપરા છેડા

વગરની છે, સકર્મક રૂપી જીવ દ્રવ્યનો સંયોગવિયોગ અન્ય દ્રવ્યોની સાથે અનાદિથી છે, કર્મ દ્રવ્યને આશ્રયીને કેટલાક જીવોનો સાંત છે અને કેટલાક તો અનંત છે, એટલે કે ભવ્ય જીવોનો કર્મસ્વરૂપ પુદ્ગલ દ્રવ્યોની સાથેનો સંબંધ અંતવાળો છે અને અભવ્યોનો અંત વગરનો છે, કર્મપણે પરિણત પુદ્ગલોને છોડીને બાકીના રૂપી તથા અરૂપી દ્રવ્યો સાથેના કર્મ-મુક્ત જીવ દ્રવ્યો અનાદિ સંયોગ વિયોગમાંથી કેવળ સંયોગ અનંત છે, બાકી વિયોગ સાંત છે અર્થાત્ મુક્તાત્માઓ સંપૂર્ણ કર્મથી મુકાઇને શુદ્ધ થયા પછી પોતાનું અરૂપી સ્વરૂપ મેળવે છે તેથી તે અક્રિય થાય છે અને એટલા માટે જ તે ગતિશૂન્ય થવાથી વિયોગ વગરનો થાય છે. સકર્મક જીવ તથા પુદ્ગલ સક્રિય હોવાથી જીવની સાથે સંબંધિત થયેલા કર્મ દ્રવ્યોમાં પરિવર્તન થયા કરે છે અર્થાત્ જૂનાનો વિયોગ થાય છે અને નવાનો સંયોગ થાય છે અને તેથી કરીને ભિન્ન ભિન્ન પ્રકૃતિવાળા અનેક પ્રકારના કર્મનો જીવની સાથે સંબંધ થાય છે, તે કર્મ સંયોગ પ્રવાહથી અનાદિ છે, અર્થાત્ નદીના પાણીના પ્રવાહમાં પહેલાનું પાણી જેમ જેમ આગળ ચાલતું જાય છે તેમ તેમ પાછળથી નવું આવતું જાય છે. તે જ્યારે જે ઝરણાઓમાંથી પાણી વહે છે તે સુકાઇ જાય છે ત્યારે નવું આવતું બંધ થવાથી નદીના પાણીનો પ્રવાહ સુકાઇ જાય છે તેવી જ રીતે પૂર્વ કર્મ ભોગવાઇ જવાથી આત્માથી છૂટા પડતા જાય છે અને નવાં કર્મ આવતા જાય છે તે જ્યારે નવા કર્મનો બંધ ટળી જાય છે ત્યારે નવા કર્મ આવતા બંધ થાય અને જૂના કર્મનો ક્ષય થાય છે એટલે અનાદિથી

ચાલ્યો આવતો કર્મનો પ્રવાહ તૂટી જવાથી આત્માની સાથેના કર્મના અનાદિ સંયોગનો સર્વથા વિયોગ થઇ જાય છે.

આ પ્રમાણે જીવ તથા કર્મના અનાદિ સંજોગને લઇને જ દ્રવ્ય જગત અનાદિ મનાય છે અને તે પરિવર્તનશીલ હોવાથી પ્રવાહથી અનાદિ છે અને એટલા માટે જ તેને ક્ષણિક પણ કહેવામાં આવે છે. જીવ દ્રવ્ય તથા પુદ્ગલ દ્રવ્ય અનેક હોવાથી જ જગતની વિચિત્રતા જણાય છે. જો જીવ તથા પુદ્ગલ દ્રવ્યની સંખ્યા એકની હોત અર્થાત્ એક એક દ્રવ્ય હોત તો પ્રત્યક્ષ જણાતા જગતમાંનું કશું ય ન હોત, અને અનેક સંજ્ઞાથી ઓળખાતા પુદ્ગલસ્કંધોના અભાવે જીવની વિભાવ દશાનો પણ અભાવ જ થતો હોત તેમજ અનેક દ્રવ્યોના આધાર માટે આકાશ તથા સક્રિય દ્રવ્યોની ગતિ, સ્થિતિ માટે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય દ્રવ્યોની પણ જરૂરત ન રહેત, પરંતુ પ્રત્યક્ષ જણાતા જગતનો બુદ્ધિપૂર્વક વિચાર કરવાથી પંચાસ્તિકાયની વિદ્યમાનતા સ્પષ્ટ સમજાય છે તેમાં જીવ તથા પુદ્ગલ અનેક અને રૂપી તથા ધર્મ, અધર્મ અને આકાશ એક અને અરૂપીપણે માનવાથી જ જગતની વ્યવસ્થા થઈ શકે છે. જીવ તથા પુદ્ગલ તો બધાયને પ્રત્યક્ષ છે જ અને સક્રિય દ્રવ્યો માટે સહાયક તરીકે અદૃશ્ય હોવા છતાં પણ ધર્મ, અધર્મનું અનતિશય જ્ઞાનવાળા અનુમાન કરી શકે છે તેમજ આધારભૂત આકાશનું પણ આ એક દ્રવ્યોને આશ્રીને અવશ્ય અનુમાન થાય જ છે; કારણ કે અવગાહ મેળવ્યા સિવાય દ્રવ્યોની સ્થિરતા થઈ શકતી નથી અને તેથી જ પંચાસ્તિકાયમય જગત કહેવાય છે.

# સંબંધમીમાંસા

## ( ૧૫ )

સંબંધ બે પ્રકારનો હોય છે: એક તો સંયોગસંબંધ અને બીજો સ્વરૂપસંબંધ. દ્રવ્યોનો જે પરસ્પર સંબંધ થાય છે તે સંયોગ કહેવાય છે. સંયોગ, વિયોગપૂર્વક થાય છે અને વિયોગ સંયોગપૂર્વક થાય છે માટે સંયોગ તથા વિયોગ બંને સાથે રહે છે, એટલે કે જ્યાં સંયોગ હોય છે ત્યાં વિયોગ અવશ્ય હોય જ છે અને જ્યાં વિયોગ હોય છે ત્યાં સંયોગ પણ હોય જ છે. એવો નિયમ છે કે જે બે વસ્તુઓનો સંયોગ થાય છે, વિયોગ પણ તે બે વસ્તુઓનો જ થાય છે; પણ જે બે વસ્તુઓનો વિયોગ થાય છે તે જ બે વસ્તુઓનો ફરીને સંયોગ અવશ્ય થાય છે એવો નિયમ નથી. વિયોગી બે વસ્તુઓનો ફરીને સંયોગ થાય પણ ખરો અને ન પણ થાય. બંને વસ્તુઓ બીજી વસ્તુઓની સાથે પણ જોડાઇ જાય છે. એક સ્વરૂપવાળા હોય કે ભિન્ન સ્વરૂપવાળા હોય પણ તે જો દ્રવ્યના નામથી ઓળખાતા હોય તો તેમનો પરસ્પર સંયોગસંબંધ થાય છે. જૈન દર્શનમાં સાપેક્ષ દ્રવ્ય માન્યું છે, એટલે કે જે કારણ હોય છે તે દ્રવ્ય કહેવાય છે અને કાર્યને પર્યાય કહેવામાં આવે છે જેથી કરીને પૂર્વ-પૂર્વનું દ્રવ્ય અને ઉત્તરોત્તર પર્યાયના નામથી ઓળખાય છે, જેમકે-માટી દ્રવ્ય કહેવાય અને માટીનો પિંડ બને તે પર્યાય, પછી તે પિંડને ચાક ઉપર ચઢાવી ઘડો બનાવતા સુધીમાં જેટલી અવસ્થાઓ બદલાય તેમાં પૂર્વ-પૂર્વની અવસ્થા દ્રવ્ય અને ઉત્તર-ઉત્તરની

અવસ્થા તે પર્યાય અથવા તો દૂધ તે દ્રવ્ય અને તેનું દહિં બને તે પર્યાય. દહિંનું માખણ બને ત્યારે દહિં દ્રવ્ય થાય અને માખણ પર્યાય કહેવાય, અને માખણનું ઘી બને એટલે માખણ તે દ્રવ્ય અને ઘી પર્યાય—આવી જ રીતે કાર્ય–કારણ-ભાવનો સંબંધ હોય ત્યાં કારણ તે દ્રવ્ય અને કાર્ય તે પર્યાય તરીકે ઓળખાય છે. અનેક તાંતણાઓનું કપડું બને છે. તેમાં તાંતણા દ્રવ્ય અને કપડું પર્યાય કહેવાય છે; કારણ કે કપડાનું કારણ તાંતણા છે કે જેનું કપડું બને છે અને તેથી જ કપડાને પર્યાય કહેવામાં આવે છે પણ જ્યારે અવયવાવયવી-ભાવની વિચારણા કરીએ ત્યારે તાંતણા અવયવો છે અને કપડું અવયવી છે—અવયવોવાળું છે, માટે અવયવી કપડું દ્રવ્ય કહેવાય છે અને તાંતણારૂપ અવયવો પર્યાય કહેવાય છે. પર્યાય-થી દ્રવ્ય જુદું નથી અને દ્રવ્યથી પર્યાયો જુદા નથી; ફક્ત અવસ્થાઓના ભેદોને લઇને એક જ વસ્તુને ભિન્ન સંકેતોથી ઓળખવામાં આવે છે. જો કે અવસ્થાઓ પર્યાય છે અને જેની અવસ્થા છે તે દ્રવ્ય છે અને તે દ્રવ્ય પોતાની દરેક અવસ્થામાં વિદ્યમાન હોય છે, છતાં ક્રમથી થવાવાળી અવસ્થામાં પૂર્વની અવસ્થા દ્રવ્ય અને ઉત્તરની અવસ્થા પર્યાયના નામથી ઓળખાય છે. આવા દ્રવ્યોના સંબંધને સંયોગસંબંધ કહેવામાં આવે છે.

ગુણ તથા ગુણીનો તાદાત્મ્ય–સ્વરૂપ સંબંધ હોય છે. જેમકે—મીઠાસ અને સાકર, પુષ્પ અને સુગંધ, જ્ઞાન અને આત્મા વિગેરેનો સ્વરૂપસંબંધ હોવાથી મીઠાસ સ્વરૂપ સાકર, જ્ઞાનસ્વરૂપ આત્મા કહેવાય છે. ગુણ તથા ગુણીનો સંયોગ વિયોગ થઈ શકતો નથી; કારણ કે તે અભિન્ન છે. જે વસ્તુઓ

ભિન્ન હોય છે તેનો જ સંયોગ-વિયોગ થાય છે અને એવા તો દ્રવ્યો હોય છે પણ ગુણ-ગુણી હોઈ શકતા નથી તે આબાળ-ગોપાળ પ્રસિદ્ધ છે. સર્વથા અણજાણ માણસ પણ જાણી શકે છે કે સાકરની મીઠાસ અને મીઠાસથી સાકર જુદી નથી પણ બંને એક જ વસ્તુ છે. આપણે ગાંધીને ત્યાં જઇને મીઠાસ વગરની સાકર અથવા તો સાકર વગરની મીઠાસ માગીએ તો તે મીઠાસ તથા સાકરને જુદાં કરીને એ વસ્તુ આપી શકતો નથી. તાત્પર્ય કે-ગુણી સ્વરૂપ સાકરથી મીઠાસરૂપ ગુણ જુદો પાડી શકાતો નથી માટે ગુણ-ગુણીનો સ્વરૂપ સંબંધ છે. જો કે દ્રવ્યોનો સંયોગ થવાથી તેમાં રહેલા ગુણોનો પણ પરસ્પર સંયોગ થાય છે છતાં ગુણોનો પરસ્પર સંયોગસંબંધ માન્યો નથી, કારણ કે ગુણો પોતાના આશ્રયભૂત દ્રવ્યથી છૂટા પડીને ભિન્ન બીજા દ્રવ્યના આશ્રયમાં જતા નથી. અર્થાત્ સાકરમાંથી મીઠાસ છૂટી પડીને કરિઆતામાં જઇને ભળતી નથી. અથવા તો આત્મામાંથી જ્ઞાન છૂટું પડીને પત્થરની શિલામાં જતું નથી જેથી કરીને કરિઆતાના કડવાસ ગુણની સાથે મીઠાસનો તથા પત્થરના વર્ણ, ગંધાદિ ગુણોની સાથે જ્ઞાન ગુણનો સંયોગ-સંબંધ માનવામાં આવે. જો કે ગુણીથી ગુણનું કથંચિત્-કોઇક અપેક્ષાથી ભિન્નાભિન્નપણું માન્યું છે. ગુણીથી ગુણ ભિન્ન મનાય છે અર્થાત્ આત્માથી ભિન્ન જ્ઞાન ગુણને માન્યો છે; પણ જે સ્વરૂપે આત્મામાં જ્ઞાન અભિન્નપણે રહેલું છે તે જ સ્વરૂપે જ્ઞાન આત્માથી જુદું નથી. જેમકે-જ્ઞાન ગુણ આત્માનો છે તે આત્મા સિવાય બીજે કયાંય પણ રહી શકતો નથી, છતાં જડ સ્વરૂપ પુસ્તકમાં માનવામાં આવે છે અને વ્યવહારથી

કહેવામાં પણ આવે છે કે અમુક પુસ્તકમાં ખૂબ જ જ્ઞાન ભર્યું છે; પણ જે જ્ઞાન આત્મામાં ચેતનસ્વરૂપે કહ્યું છે તે સ્વરૂપે પુસ્તકમાં તો નથી જ. જો આત્માથી જ્ઞાન છૂટું પડીને પુસ્તકમાં દાખલ થાય તો જ જડ સ્વરૂપ પુસ્તકમાં જ્ઞાન ભર્યું છે તેમ કહેવાય, અને જો તેમ થાય તો આત્મા શૂન્ય થવાથી જડ થઇ જાય અને જડસ્વરૂપ પુસ્તક ચેતન થઇ જાય માટે પુસ્તકમાં જે જ્ઞાન માન્યું છે તે ઔપચારિક છે પણ તાત્ત્વિક નથી, કારણ કે પુસ્તક વાંચવાથી જ્ઞાન થાય છે એટલે પુસ્તક સાધન છે અને જ્ઞાન સાધ્ય છે. પુસ્તક, આત્મામાં તિરોભાવે-અપ્રગટપણે રહેલા જ્ઞાનને પ્રગટ કરવામાં નિમિત્ત કારણ છે અને તેથી થવાવાળું જ્ઞાન કાર્ય છે. જેમકે-ધોળું કપડું મેલું થવાથી તેની ધોળાશ મેલ નીચે ઢંકાઈ જાય છે ત્યારે સાબુથી કપડું ઉજળું કરવામાં આવે છે, કપડું ધોવાઈને ઉજળું થાય છે ત્યારે તે ઉજળાશ સાબુમાંથી આવતી નથી પણ મેલ દૂર થવાથી કપડામાં રહેલી ઉજળાશ પ્રગટ થાય છે માટે સાબુમાં ઉજળાશ નથી પણ કપડામાં છે. તેને પ્રગટ કરવાને સાબુ તો સાધનમાત્ર છે અને તેનું કામ મેલ ખસેડવાનું છે પણ ઉજળું કરવાનું નથી. જ્યારે મેલ દૂર થાય છે ત્યારે કપડાની ઉજળાશ પોતાની મેળે પ્રગટ થાય છે છતાં વ્યવહારમાં કહેવાય છે કે સાબુ કપડાને ઉજળું બનાવે છે, તેવી જ રીતે આત્માના જ્ઞાન ઉપર આવરણ આવવાથી તે ઢંકાઇ જાય છે, તેને પ્રગટ કરવાને પુસ્તકનો ઉપયોગ કરવામાં આવે છે તે જ્ઞાન પુસ્તકમાંથી આવતું નથી પણ તિરોભાવે આત્મામાં રહેલું હોય છે તે જ પ્રગટ થાય છે, છતાં પુસ્તકનું જ્ઞાન કહેવાય છે તે

પુસ્તકરૂપ કારણમાં જ્ઞાનરૂપ કાર્યનો ઉપચાર કરીને તેમાં જ્ઞાન માનવામાં આવે છે. આવી જ રીતે દ્રવ્ય માત્રના ગુણોને કથંચિત્ ભિન્નાભિન્ન માન્યા છે, વિજળીના ગોળાને લાઇટ કહેવામાં આવે છે પણ લાઇટ (અજવાળું) તો વિજળીનો ગુણ છે અને તે વિજળીમાં રહે છે પણ ગોળામાં રહેતું નથી, ગોળો તો વિજળીમાં રહેલા અજવાળાને પ્રગટ કરવાનું સાધન માત્ર છે. તેમાં અજવાળાનો ઉપચાર કરીને ગોળાને પણ લાઇટપણે ઓળખવામાં આવે છે. આ પ્રમાણે વિચાર કરવાથી દ્રવ્ય તથા ગુણોનો સ્વરૂપસંબંધ અને દ્રવ્યોનો પરસ્પર સંયોગસંબંધ જાણવા મળે છે.

આ બંને પ્રકારના સંબંધોમાંથી સંયોગસંબંધ પ્રધાન છે અને તાદાત્મ્ય સ્વરૂપ સંબંધ ગૌણ છે, કારણ કે સ્વરૂપ સંબંધ ગુણ-ગુણીનો હોય અને તે આધેય હોવાથી સ્વતંત્રપણે અલગ રહી શકતા નથી પણ પોતાના આધારરૂપ દ્રવ્યમાં રહે છે અર્થાત્ દ્રવ્યના તાબામાં ગુણ રહે છે પણ ગુણના તાબામાં દ્રવ્ય રહેતું નથી માટે દ્રવ્ય મુખ્ય છે અને એટલા માટે જ દ્રવ્યો સ્વતંત્રપણે પરસ્પર એક બીજાની સાથે મળી શકે છે પણ તેવી રીતે ગુણો મળી શકતા નથી. દ્રવ્યોનું પરસ્પર મળવું તે સંયોગસંબંધ કહેવાય છે અને તેથી કરીને સંયોગને પ્રધાનતા આપી છે. આપણે અને આખું જગત સંયોગસંબંધનું પરિણામ છે. દરેક દર્શનવાળાઓએ દ્રવ્યોને પ્રધાનતા આપીને પ્રથમ તેનું વર્ણન કર્યું છે અને ત્યારપછી તેમની ઓળખાણ કરાવનાર ગુણોને વર્ણવ્યા છે. ગુણોનું કામ માત્ર દ્રવ્યોને ઓળખવાનું હોય છે, બાકી સંસારના દરેક કાર્યોમાં

દ્રવ્યો જ આગળ પડતો ભાગ લે છે અને ગુણો દ્રવ્યોની સાથે રહીને કામ કરી શકે છે; એકલા કાંઇ પણ કરી શકતા નથી. જ્યાં જુઓ ત્યાં દ્રવ્યની પૃચ્છા થાય છે, ગુણોને કોઇપણ પૂછતું નથી. કોઇપણ કામમાં દ્રવ્યનું નામ ન લેતાં જો ગુણનું નામ લેવાય તો મોટો ગુંચવાડો ઊભો થાય છે. તે જ્યારે દ્રવ્યનું નામ લેવામાં આવે છે ત્યારે તેનો ઝટ ઊકેલ આવી જાય છે. જેમકે-લાડવા અથવા તો શીરો બનાવનાર કોઇની પાસે મીઠાસ મંગાવે તો તે વિચારમાં પડી જશે કે શું લાવવું? ગોળ લાવવો કે સાકર પણ જ્યારે તેને કહેવામાં આવે કે સાકર લાવો તો ઝટ લઇ આવશે. કોઇને તાવ આવતો હોય અને તેને કોઈ કહે કે કડવી દવા પીઓ તો તેને સમજણ નહિં પડે કે શું પીવું? પણ કરીઆતું પીવાનું કહેવાથી તરત કરીઆતાનો ઉપયોગ કરશે. કડવાસ તથા મીઠાસ ગુણ છે અને સાકર તથા કરીઆતું દ્રવ્ય છે. આ બેમાંથી ગુણની વસ્તુ સ્પષ્ટ સમજાતી નથી પણ દ્રવ્યથી સ્પષ્ટ સમજાય છે માટે જ દ્રવ્ય પ્રધાન છે અને તેમાં જ આખાય સંસારની લીલા સમાયલી છે, બાકી ગુણો તો દ્રવ્યના આશ્રિત હોઇને તેને ઓળખાવનારા છે અને પર્યાયો દ્રવ્યની ક્રમથી થવાવાળી અવસ્થાઓ છે કે જેને દ્રવ્યના નામથી ઓળખવામાં આવે છે. આ પ્રમાણે તાત્ત્વિક દૃષ્ટિથી વિચાર કરીએ તો દ્રવ્ય, ગુણ તથા પર્યાય ત્રણે એક જ વસ્તુ છે છતાં કવચિત્ ભિન્ન હોવાથી ભિન્ન નામોથી ઓળખાય છે.

દૃશ્ય જગતની વિચિત્રતા વિજાતીય દ્રવ્યોના સંયોગથી ઉત્પન્ન થયેલી છે, એટલે કે અરૂપી જીવ અને રૂપી જીવ

આ બંને દ્રવ્યોના સંયોગથી થયેલી વિકૃતિ તે જ ચાર ગતિરૂપ સંસાર કહેવાય છે. જો કે અજીવ અરૂપી પણ છે અને તે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય તથા આકાશાસ્તિકાયના નામથી ઓળખાય છે અને તે જીવ દ્રવ્યથી ભિન્ન જાતિનાં દ્રવ્ય પણ છે છતાં તેમના સંયોગથી કોઈ પણ પ્રકારની વિચિત્રતા પ્રગટ થતી નથી; કારણ કે જીવના અરૂપી ગુણ સાથે તેમનું સાધર્મ્ય છે એટલે કે બંનેમાં અરૂપી ગુણ સરખો છે અને તેથી કરીને જ અનાદિ કાળથી સિદ્ધાત્માઓનો અને ધર્માસ્તિકાયાદિ અરૂપી દ્રવ્યોનો સંયોગ હોવા છતાં પણ સિદ્ધોમાં કોઈ પણ પ્રકારની વિક્રિયા જણાતી નથી. વિકૃત સ્વરૂપ થવાને માટે ગુણોનું વૈધર્મ્ય ખાસ કારણ છે અને તે જીવાસ્તિકાય તથા પુદ્ગલાસ્તિકાયના સંયોગમાં સ્પષ્ટ જણાય છે. બંનેમાં ગુણભેદ છે–જીવ દ્રવ્ય અરૂપી, ચેતન અને અક્રિય છે ત્યારે પુદ્ગલ દ્રવ્ય રૂપી, અચેતન અને સક્રિય છે; માટે જ બંને દ્રવ્યોનો સંયોગ વિચિત્ર સંસારની ઉત્પત્તિનું કારણ છે. સજાતીય દ્રવ્યોના સંયોગથી વિવિધ પ્રકારની વિચિત્રતા થાય નહિં. અનેક સિદ્ધાત્મારૂપ સજાતીય જીવ દ્રવ્યોનો અનાદિ સંયોગ હોવા છતાં પણ કોઈ પણ પ્રકારની વિચિત્રતા થઇ નથી તેવી જ રીતે અનેક પુદ્ગલરૂપ સજાતીય અજીવ દ્રવ્યોના તથા ધર્માસ્તિકાયાદિ અજીવ દ્રવ્યોના સંયોગથી પણ પણ કાંઇ વિચિત્રતા જણાતી નથી માટે દ્રવ્યોના સંયોગથી થવાવાળી વિક્રિયા–વિભાવ દશા ફક્ત જીવ દ્રવ્ય તથા પુદ્ગલ દ્રવ્યના સંયોગથી જ થાય છે.

દ્રવ્યોની પ્રધાનતામાં પણ સૌથી શ્રેષ્ઠ ચઢિયાતું આત્મદ્રવ્ય છે, કારણ કે આત્મદ્રવ્ય પોતાને તથા પરને જણાવે છે અને

બીજાં દ્રવ્યો પરને તો જણાવી શકતાં નથી જ પણ પોતાને પણ જણાવી શકતાં નથી; માટે જો આત્મદ્રવ્ય ન હોય તો બીજા બધાય દ્રવ્યોની આકાશપુષ્પ જેવી જ દશા થાય. જો કે આત્મદ્રવ્ય અનેક છે છતાં સ્વરૂપે બધાય એક સરખા છે, તોયે પરપુદ્ગલ દ્રવ્યના સંયોગથી તેના બે ભેદ પડ્યા છે અને તે એક સિદ્ધ અને બીજા સંસારીના નામથી ઓળખાય છે. જડ સ્વરૂપ કર્મથી મુકાયલા આત્માઓ સિદ્ધાત્મા અથવા તો શુદ્ધાત્મા કહેવાય છે. દેહધારી કેવળજ્ઞાનીઓ શુદ્ધાત્મા અને અશરીરી કેવળજ્ઞાનીયો સિદ્ધાત્મા તરીકે ઓળખાય છે. અને જે આઠે કર્મથી બંધાયેલા છે તે બદ્ધાત્મા કર્મજન્ય જન્મ, જરા તથા મરણ આદિની અવસ્થાઓ ભોગવવાને માટે અનેક પ્રકારના શરીરોને ધારણ કરવાવાળા સંસારી આત્મા કહેવાય છે. આત્માઓ ઉપયોગ સ્વરૂપવાળા હોવાથી તેમનું કામ માત્ર જાણવાનું જ હોય છે. શુદ્ધાત્મા કેવળજ્ઞાનીયો સ્વાધીનપણે નિરંતર સાચું જ અને સંપૂર્ણ જાણે છે ત્યારે અશુદ્ધાત્માઓ અલ્પજ્ઞ–છદ્મસ્થ હોવાથી પરાધીનપણે પરની મદદથી જાણે છે. પર એટલે પૌદ્ગલિક વસ્તુને કહેવામાં આવે છે અને તે શાસ્ત્ર તથા ઇંદ્રિયો હોય છે. શાસ્ત્રની મદદ સિવાય કેવળ ઇંદ્રિયોથી જાણેલું પ્રાયઃ સાચું હોતું નથી, શાસ્ત્રથી જાણેલું સાચું પણ હોય છે અને જૂઠું પણ હોય છે; કારણ કે જ્યાં સુધી સાચું જાણવામાં આડું આવતું દર્શનમોહ કર્મ ખસે નહિં ત્યાં સુધી શાસ્ત્રમાં લખેલું સાચી રીતે સમજાય નહિ અને જ્યાં સુધી શાસ્ત્રમાં લખેલું સાચું સમજાય નહિં ત્યાં સુધી ઇંદ્રિયોથી પણ સાચું જણાય

નહિં. ઇંદ્રિયો પોતે જડ છે એટલે તે તો કાંઇ પણ જાણી શકે નહિં પરંતુ આત્માને જણાવી શકે ખરી પણ તે સજાતીય રૂપી જડનો બોધ કરાવી શકે, અરૂપી ચેતન તથા અચેતન તેમજ સૂક્ષ્મ રૂપી અચેતનને જણાવી શકે નહિં. આ બધીય વસ્તુઓને આત્મા શાસ્ત્રની મદદવડે જાણી શકે છે અને તે શાસ્ત્રની મદદ મેળવવા આંખ તથા કાન અત્યંત ઉપયોગી છે. શાસ્ત્ર તથા ઇંદ્રિયો આત્માને બોધ કરવામાં નિમિત્ત કારણ છે. આંખ તથા કાન અવળી સમજણથી અવળે માર્ગે જનારને સવળું સમજી સવળે માર્ગે જવામાં અત્યંત ઉપકારક છે. આ બે સિવાયની બાકીની જીભ, નાક તથા સ્પર્શ ઇંદ્રિય સાચું જાણવાના કામમાં આવતી નથી, કારણ કે આ ત્રણે ઇંદ્રિયો ફક્ત જડના ગુણ–ધર્મ જાણવાને કામ આવે છે. અને આંખ તથા કાન તો આત્મધર્મ તથા જડ ધર્મનું સાચું સ્વરૂપ જાણવાના કામમાં આવે છે. વિકાસી આત્માઓના અનુભવજ્ઞાનનો બોધ આ બે ઇંદ્રિયોથી જ થઇ શકે છે. શાસ્ત્રમાં લખેલો બોધ આંખથી વાંચીને મેળવી શકાય છે, અને મહાન પુરુષોનો ઉપદેશ કાનથી સાંભળીને સાચી વસ્તુસ્થિતિ જાણી શકાય છે. શાસ્ત્રો વાંચવાથી કે ઉપદેશ સાંભળવાથી જીવોની અજ્ઞાનતા દૂર થાય છે અને સમ્યગ્ જ્ઞાન મેળવી શકાય છે. આંખ તથા કાનદ્વારા જે જ્ઞાન મેળવવામાં આવે છે તેને શ્રુતજ્ઞાન કહેવામાં આવે છે. આવા શ્રુતજ્ઞાનથી આત્મા કેવળી જેટલો બોધ મેળવી શકે છે ને શ્રુતકેવળી કહેવાય છે. આવા શ્રુતકેવળીઓ સંપૂર્ણ આત્મવિકાસ પણ સાધી શકે છે, માટે પાંચે ઇંદ્રિયોમાં આ બે ઇંદ્રિયો પ્રધાન ગણાય છે. વ્યવહારમાં પણ આ બે ઇંદ્રિયો ઘણી જ ઉપયોગી

થઇ પડે છે. જીવનમાં સુખે જીવવાને બીજાની સુખી જીવન-વ્યવસ્થા જોઇને કે સાંભળીને પોતાનું જીવન સુખમય બનાવી શકે છે. વાટે જતાં માર્ગ ભૂલી ભટકતો માણસ ભોમિયાએ બતાવેલો માર્ગ જોઈને કે સાંભળીને આફતમાંથી બચી જાય છે અને ઇચ્છિત સ્થળ મેળવી શકે છે. આ પ્રમાણે વિજાતીય કર્મ દ્રવ્યના સંયોગવાળો આત્મા લાભ કે હાનિ કર્મના જ સજાતીય જડ સંસર્ગથી મેળવી શકે છે. તાત્પર્ય કે-જ્યાં સુધી આત્મદ્રવ્ય અને કર્મદ્રવ્યના સંયોગનો વિયોગ ન થાય ત્યાંસુધી સ્વરૂપ સંબંધી રહેલા ગુણો પૂરતું કામ આપી શકતા નથી તેથી જીવને ડગલે ને પગલે નિરંતર જડદ્રવ્ય સંયોગની અત્યંત આવશ્યકતા રહેવાની જ. જીવને અજીવદ્રવ્યરૂપ પૌદ્‌ગલિક સંપત્તિ મેળવવાને માટે પુન્ય કર્મરૂપ જડ દ્રવ્યના સંસર્ગની જરૂરત તો હોય જ છે પણ કર્મદ્રવ્યના સંયોગને ખસેડીને પોતાની સમ્યગ્‌જ્ઞાનાદિ ગુણસ્વરૂપ સંપત્તિ પ્રગટ કરવાને માટે પણ જડ વસ્તુઓના સંસર્ગની આવશ્યકતા રહે છે? અને તે ભાષાના પુદ્‌ગલરૂપ શબ્દ, સર્વજ્ઞ તથા મહાન પુરુષોનું સ્વરૂપ તથા તેમના બોધનું જ્ઞાન કરાવનાર પુસ્તકો અને મહાન પુરુષોની પ્રતિમાઓની આત્મિક સાચી સંપત્તિ મેળવવામાં જરૂરત પડે છે. તે સિવાય તો સાચું જણાય નહિ અને સાચું સમજાય પણ નહિ. જે ચરમશરીરી–ધારણ કરેલો દેહ છોડયા પછી ફરીને શરીર નહિં ધારણ કરનારા મુક્તિગામી પુરુષો સ્વયંબુદ્ધ એટલે કોઇ પણ પ્રકારની જડાત્મક વસ્તુઓની સહાયતા સિવાય સાચી રીતે જાણવાવાળા તથા સમજવાવાળા કહેવાય છે, તેમણે પણ પૂર્વજન્મ-માં તો આત્મિક સંપત્તિ મેળવવાને યોગ્ય પૌદ્‌ગલિક વસ્તુઓની

સહાયતા લીધેલી હોય છે અને તેથી કરીને પૂર્વજન્મમાં પણ ઘણીખરી સંપત્તિ મેળવેલી હોય છે એટલે ચરમ–છેલ્લા ભવમાં તેમને પૌદ્ગલિક વસ્તુઓની સહાયતાની જરૂરત રહેતી નથી. અનાદિ કાળના આત્મદ્રવ્ય તથા કર્મદ્રવ્યના સંયોગ–મૂળ અજ્ઞાનતાને લઈને અનુકૂળ પૌદ્ગલિક દ્રવ્યોના સંયોગને સુખ માનનારા અજ્ઞાની જીવોને પોતાનું માનેલું સુખ મેળવવાને માટે તેમને પ્રથમ તો જડ સ્વરૂપ પુન્ય કર્મદ્રવ્યના સંયોગની જરૂરત રહે છે, કારણ કે પુન્ય કર્મ દ્રવ્યનો આત્મદ્રવ્ય સાથે સંયોગ ન થાય ત્યાંસુધી પૌદ્ગલિક સુખના સાધનરૂપ દ્રવ્યો મળી શકે નહિં, અનાદિ કાળનો એક એવો અટલ નિયમ છે કે પૌદ્ગલિક સુખ માટે જડાત્મક વસ્તુસાધનની અનિવાર્ય જરૂરત રહે જ છે ત્યારે આત્મિક સુખ માટે કોઇ પણ પ્રકારના સાધનની લેશ માત્ર પણ આવશ્યકતા હોતી નથી, કારણ કે આત્મિક સુખ આત્મધર્મ છે અને તે આત્માની સાથે સ્વરૂપસંબંધથી રહે છે એટલે આત્મા પોતે જ સુખસ્વરૂપ છે. જો સાકરને મીઠી બનાવવાને બીજી વસ્તુની જરૂરત પડતી હોય તો જ આત્માને સુખી બનાવવાને ચેતન અચેતન જેવી કોઈપણ વસ્તુની જરૂરત રહે, પણ પૌદ્ગલિક સુખ તો પુદ્ગલ દ્રવ્યોના સંયોગરૂપ હોવાથી જડાત્મક વસ્તુઓનો ઇંદ્રિયો સાથે સંયોગ થયા સિવાય જીવ પોતાને સુખી માની શકતો જ નથી. ધન, સંપત્તિ તથા બાગબંગલા આદિ જડાત્મક વસ્તુઓના સંયોગમાં જ સુખ માનવાને ટેવાઇ ગયેલા જીવો અશાતાવેદની તથા કષાય મોહનીયની કનડગતથી જરા પણ દુઃખ માનતા નથી પણ ક્રોડોની સંપત્તિ તથા પાંચે ઇંદ્રિયોના વિષયપોષક સાધનોની પ્રાપ્તિથી પોતાને સુખી જ માને છે. જો પાંચ ઇંદ્રિયો-

માંથી આંખ તથા કાનની કે જીભની ખામી હોય અર્થાત્ આંધળા, બ્હેરા અને બોબડા હોય તો જ પોતાને દુઃખી માને છે, ગમે તેટલી ધન–સંપત્તિ અથવા તો બીજા પૌદ્‌ગલિક સુખના સાધન હોય તો પણ પોતાને તો પરમ દુઃખી જ માનવાના, કારણ કે પૌદ્‌ગલિક સુખ વૈષયિક હોવાથી અર્થાત્ પાંચે ઇંદ્રિયોના વિષસ્વરૂપ હોવાથી ગમે તેટલાં અનુકૂળ સાધનો કેમ ન મળ્યાં હોય પણ જ્યાંસુધી તેને ઇંદ્રિયો ગ્રહણ ન કરે ત્યાંસુધી તેમને જરાયે સુખ હોઇ શકતું નથી. આંખ વગરનાને બાગબંગલા નકામાં છે. નાટક સીનેમા કે રૂપલાવણ્ય તથા સુંદરતા આંખથી જોઇને માનવી સુખ તથા આનંદ માને છે. સંગીત તથા માન–મોહની પ્રશંસાથી જે સુખ તથા આનંદ માનવી મેળવે છે તે કાન વગરનાને મળી શકતો નથી. બોબડો માણસ પોતાના સુખ–દુઃખની વાત બીજાને કહી શકતો નથી તેથી તેને ઘણી જ મૂંઝવણ થાય છે માટે જ પૌદ્‌ગલિક સુખ મેળવવામાં ધનસંપત્તિ આદિ બહારના સાધનો કરતાં પાંચ ઇંદ્રિયરૂપ અંતરંગના સાધનોની અત્યંત આવશ્યકતા રહે છે. આ પ્રમાણે જગતમાં પૌદ્‌ગલિક સુખ જડાત્મક દ્રવ્યોના સંયોગથી થાય છે તે માટે પણ સંયોગસંબંધને પ્રધાનતા આપી છે. જો જીવ તથા પુદ્‌ગલ દ્રવ્યનો પ્રવાહથી અનાદિ સંયોગસંબંધ ન હોત તો જગત જેવી વસ્તુનો જ અભાવ હોત. એમ તો ધર્મ આદિ પાંચે દ્રવ્યોનો સંયોગ અનાદિથી જ છે પણ સંયોગ–વિયોગવાળા તો જીવ તથા પુદ્‌ગલ બે જ દ્રવ્યો છે અને સંયોગ–વિયોગવાળા દ્રવ્યોને લઇને જ વિવિધ પ્રકારની વિચિત્રતાવાળું વિશ્વ દૃષ્ટિગોચર થઇ રહ્યું છે. જો વિયોગ વગરના સંયોગવાળા જીવ તથા પુદ્‌ગલ

દ્રવ્ય હોત તો ધર્મ, અધર્મ તથા આકાશની જેમ તે બંને દ્રવ્યો સર્વવ્યાપી હોત અને તેમ હોવાથી તે બંનેની સંખ્યા પણ ધર્મ આદિ ત્રણ દ્રવ્યની જેમ એક જ હોત અર્થાત્ જીવ તથા પુદ્ગલ જે અનેક દ્રવ્ય કહેવાય છે તેનો અભાવ થઇ જાત તો પછી જગત શૂન્ય તો નહિં પણ શૂન્ય જેવું જ કલ્પી શકાય અને કેવળજ્ઞાનને પણ જ્ઞેયના અભાવે જાણવાનું કશુંય ન હોવાથી તેનો પણ અભાવ જ થઈ જાત માટે જ સંયોગ–વિયોગવાળા જીવ તથા પુદ્ગલ દ્રવ્યોનો અનાદિ સંયોગ માનવામાં આવે છે તેમજ બંને અનેક દ્રવ્યો મનાય છે તે વ્યવસ્થિતપણે સંસારની વિદ્યમાનતા સિદ્ધ કરે છે માટે જ સંયોગસંબંધ પ્રધાન છે.

---

## ‘ તાત્ત્વિક વિચારણા ’

### ( ૧૬ )

સંસારમાં વસ્તુ માત્રનું નિરીક્ષણ બે દૃષ્ટિથી થાય છેઃ એક તો સૂક્ષ્મ દૃષ્ટિ અને બીજી સ્થૂલ દૃષ્ટિ. આ બંને પ્રકારની દૃષ્ટિમાંથી સૂક્ષ્મ દૃષ્ટિથી તાત્ત્વિક બોધ થાય છે અને સ્થૂળ દૃષ્ટિ અતાત્ત્વિક વસ્તુનો બોધ કરાવે છે. માનવ જાતિ સ્થૂળ દૃષ્ટિને પ્રધાનતા આપીને પોતાની સાંસારિક પ્રવૃત્તિમાં સફળતા મેળવી રહી છે, પણ જેમની મનોવૃત્તિમાં સાંસારિક પ્રવૃત્તિની ઉપેક્ષા છે એવા તાત્ત્વિક વસ્તુસ્વરૂપની જિજ્ઞાસાવાળા સૂક્ષ્મ દૃષ્ટિને પ્રધાનતા આપીને સ્થૂળ દૃષ્ટિને ગૌણ રાખે છે. અને તેથી કરીને તેઓ તાત્ત્વિક બોધવાળા હોય છે કે જે બોધ સ્થૂળ દૃષ્ટિવાળાને અગમ્ય હોવાથી બુદ્ધિગ્રાહ્ય થઇ શકતો નથી.

માત્ર ઇંદ્રિયગ્રાહ્ય વસ્તુનો બોધ કરનાર અતીંદ્રિય ગ્રાહ્ય વસ્તુનો બોધ કરી શકતો નથી, માટે તેમને સમજાવીને પરોક્ષ વસ્તુઓનો બોધ કરાવવાને માટે અતીંદ્રિય જ્ઞાનવાળા મહાપુરુષોએ ઇંદ્રિયગ્રાહ્ય વસ્તુઓના ઉદાહરણથી સમજાવવા પ્રયાસ કર્યો છે. જે પરોક્ષ વસ્તુઓ સમજાવવાને માટે ઇંદ્રિયગ્રાહ્ય કોઇ પણ વસ્તુ મળી શકતી નથી તેના માટે સર્વજ્ઞોના વચનો ઉપર માત્ર શ્રદ્ધા રાખવાનું જણાવ્યું છે. સ્થૂલ દૃષ્ટિથી જોતાં તો જે વસ્તુઓનો બોધ ઇંદ્રિયોથી થાય છે તેને પ્રત્યક્ષ કહેવામાં આવે છે અને જેનો બોધ હેતુ તથા ઉદાહરણદ્વારા થાય છે તેને અનુમાન કહેવામાં આવે છે. કાને સાંભળ્યું, નજરે જોયું, સુંઘી જોયું, ચાખી જોયું, અડકી જોયું આમ કહીને જાણેલી વસ્તુ જણાવવામાં આવે છે તેને પ્રત્યક્ષ કહેવામાં આવે છે. બે વસ્તુના સંયોગને નજરે જોયા પછી એક વસ્તુને જોવા માત્રથી તેના સંયોગીનો બોધ થવો તે અનુમાન, અર્થાત્ વસ્તુને ઓળખાવનાર ચિહ્ન માત્રને જોઈને વસ્તુને જાણવી તે અનુમાન કહેવાય છે. જેમકે–જૈન સાધુની ઓળખાણ ઓઘા-(રજોહરણ)થી થાય છે. તે ઓઘો અને સાધુનો સંયોગ ઘણી વખત જોનાર માણસ કોઇ ગામની શેરીમાંથી પસાર થતો હોય અને કોઈ મકાનમાં ઓઘો જો નજરે પડતો હોય પણ સાધુ ભીંતની આડમાં બેઠેલા હોવાથી નજરે ન પડતા હોય તો પણ જોનાર પોતાની સાથેના અણજાણ માણસને કહે કે–આ મકાનમાં જૈન સાધુ છે તો તે સાંભળનાર અણજાણ માણસ જરૂર પૂછવાનો જ કે તમે કેવી રીતે જાણ્યું? ત્યારે તે ઉત્તરમાં જણાવે છે કે–જુઓ, પેલો ઓઘો પડ્યો છે. આવો

ઓઘો જૈન સાધુઓ પાસે ઘણી વખત જોવામાં આવ્યો છે માટે આ ઓઘો પડ્યો છે જેથી જરૂર આ સ્થળે જૈન સાધુ હોવા જોઈએ. આવી જ રીતે પરોક્ષ વસ્તુઓ હેતુ દ્વારા અનુમાનથી જાણી શકાય છે અને તે અનુમાન અનેક પ્રકારનું છે, વસ્તુ ઇંદ્રિયગ્રાહ્ય હોય કે અતીંદ્રિયગ્રાહ્ય હોય પણ જે પરોક્ષ છે તેનો અનુમાનથી અથવા તો આગમથી બોધ થાય છે.

ઇંદ્રિયગ્રાહ્ય વસ્તુઓમાં પણ સૂક્ષ્મતા તથા સ્થૂળતા હોવાથી અત્યંત સૂક્ષ્મ વસ્તુઓ પ્રત્યક્ષ થતી નથી છતાં કેટલીક સૂક્ષ્મ વસ્તુઓ સાધનોદ્વારા પ્રત્યક્ષ થઈ શકે છે. જેમકે–સૂક્ષ્મદર્શક યંત્રથી ચક્ષુગ્રાહ્ય સૂક્ષ્મ વસ્તુઓ જણાય છે. આમળાથી પાણીની મધુરતા તથા વિજળીથી શબ્દ પ્રત્યક્ષ થાય છે. કેટલીક પરમાણુ જેવી રૂપી વસ્તુઓ સૂક્ષ્મતમ હોવાથી સાધનોદ્વારા પણ ઇંદ્રિયગ્રાહ્ય થઈ શકતી નથી. આવા પરમાણુઓ તથા ઇંદ્રિયઅગ્રાહ્ય અનંતાનંત પરમાણુના સ્કંધોનું સ્થૂળ પરિણામવાળા કાર્યથી અનુમાન થઇ શકે છે. જે જડાત્મક સ્થૂળ વસ્તુઓ સંસારમાં કાર્યરૂપે પ્રત્યક્ષ થઈ રહી છે તેનું કારણ અવશ્ય હોય છે. તે કારણને જ્યારે તપાસીએ ત્યારે તેનું પણ કારણ હોય છે. આવી રીતે કારણની પરંપરા જ્યાં જઇને અટકે છે તેને પરમાણુ કહેવામાં આવે છે. અર્થાત્ કાર્યનું પરંપરાથી આદિ કારણ છે તે જ પરમાણુ છે. પરમાણુના કોઈ પણ કારણ નથી કારણ કે તે કાર્ય નથી પણ અનાદિથી હોવાથી નિત્ય છે; માટે જ સ્થૂળપણે દૃષ્ટિગોચર થતી વસ્તુનું અંતિમ કારણ પરમાણુ હોઈ શકે છે. તે જ્યારે બે ભેગા થાય છે ત્યારે તેને સ્કંધ કહેવામાં આવે છે અને તે બે પરમાણુના સંયોગરૂપ

કાર્ય હોવાથી પરમાણુ કારણ કહેવાય છે. જ્યારે ત્રણ પરમાણુ ભેગા થાય છે ત્યારે ત્રણ પરમાણુનો સ્કંધ કાર્ય કહેવાય છે અને બે પરમાણુનો સ્કંધ તેનું કારણ થાય છે, ત્યારે પરમાણુ કારણનું કારણ કહેવાય છે, કારણ કે તે દ્વયણુક સ્કંધનું કારણ છે. સ્કંધ એટલે જેના વિભાગ થઈ શકે એવી વસ્તુ. જ્યાં સુધી એક વસ્તુના બે ભાગ થઇ શકતા હોય ત્યાં સુધી તે સ્કંધ કહેવાય છે, પણ જ્યારે કેવળજ્ઞાનીની દૃષ્ટિમાં પણ એક વસ્તુના બે ભાગ ન થઈ શકે ત્યારે તે પરમાણુ કહેવાય છે. અને જેને દેશ કહેવામાં આવે છે તે પણ એક પ્રકારનો સ્કંધ છે. જ્યાં સુધી એક મોટા સ્કંધનો ટુકડો સ્કંધ સાથે વળગેલો હોય ત્યાં સુધી તે દેશ કહેવાય છે પણ જ્યારે તે સ્કંધમાંથી તૂટીને જુદો પડી જાય છે ત્યારે તે પણ સ્કંધ કહેવાય છે; કારણ કે તેના પણ પાછા અનેક દેશો હોય છે. આવી જ રીતે જ્યાંસુધી વસ્તુનાં વિભાગ થતા રહે ત્યાંસુધી તે સ્કંધ કહેવાય છે (તે મોટા સ્કંધની સાથે વળગી રહેલા વિભાગો તે દેશ) અને જ્યારે વસ્તુના કેવળીની બુદ્ધિથી પણ બે વિભાગ ન થાય ત્યારે તે સ્કંધ ન કહેવાતાં પરમાણુ કહેવાય છે. અને તે પરમાણુ જ્યાંસુધી સ્કંધની સાથે વળગેલા હોય ત્યાંસુધી તે પ્રદેશો કહેવાય છે. જેમકે–એક હજાર તાંતણાનું બનેલું કપડું તે સ્કંધ કહેવાય અને તેમાંથી આઠસો, સાતસો આદિ તાંતણાના ટુકડા જ્યાંસુધી હજાર તાંતણાના સ્કંધથી જુદા પડયા ન હોય ત્યાંસુધી તે દેશો કહેવાય છે પણ તે ટુકડાઓ હજારના સ્કંધ-માંથી જુદા પડયા એટલે તે સ્કંધો કહેવાય છે. આ હજાર તાંતણાના કપડારૂપ સ્કંધમાં જેટલા તાંતણા છે તે બધાય

પ્રદેશ કહેવાય છે. જ્યાંસુધી બે તાંતણાના સંયોગરૂપ સ્કંધ હોય ત્યાંસુધી તે કપડું કહેવાય પણ દોરા કહેવાય નહિં પણ જ્યારે બે તાંતણા છૂટા પડી જાય છે ત્યારે તે દોરા કહેવાય છે પણ કપડું કહેવાતું નથી. તેવી જ રીતે બે પરમાણુઓનો સંયોગ હોય ત્યાં સુધી તે સ્કંધ અને છૂટા પડી જાય ત્યારે પરમાણુ કહેવાય છે. આ પ્રમાણે પરમાણુ રૂપી અજીવ હોવા છતાં પણ અત્યંત સૂક્ષ્મ હોવાથી પ્રત્યક્ષ થઇ શકતા નથી પણ કાર્યરૂપ સ્કંધોથી તેનું અનુમાન જ થઇ શકે છે. પરમાણુઓના સમુદાયરૂપ સ્કંધમાં સમુદાયરૂપે પરમાણુ પ્રત્યક્ષ છે પણ તેમને સ્કંધમાં પણ જુદા પાડીને દેખાડી શકાય નહિં.

**ચક્ષુ**( આંખ )થી વર્ણ તથા આકાર ગ્રહણ થાય છે. કોઇ પણ રૂપી વસ્તુ આકાર વગરની હોતી નથી, વસ્તુ સૂક્ષ્મ હોય કે સ્થૂળ હોય પણ તેનો કાંઇ ને કાંઇ આકાર તો હોય જ છે. પરમાણુનો પણ આકાર હોય છે, તો પછી તેના સમુદાયરૂપ સ્કંધોમાં આકાર કેમ ન હોય? પરમાણુઓના સમુદાયરૂપ સ્કંધોની રચનાવિશેષને આકાર કહેવામાં આવે છે. વર્ણ, ગંધાદિ ધર્મવાળા રૂપી દ્રવ્યોમાં જ આકાર હોવાથી તે સાકાર કહેવાય છે, એને એ જ દૃષ્ટિથી આકારના અભાવે અરૂપી શુદ્ધાત્માને નિરાકાર કહેવામાં આવે છે. આ બંને–સાકાર તથા નિરાકાર– અવસ્થાઓ અનેક સંખ્યાવાળા જીવાસ્તિકાય તથા પુદ્ગલાસ્તિ-કાયમાં સંભવે છે; કારણ કે જે દ્રવ્યો દેશવ્યાપી છે પણ સર્વ-વ્યાપી નથી તેમાં જ સાકાર-નિરાકારની વ્યવસ્થા થઈ શકે છે. જે દ્રવ્યો સર્વવ્યાપી તથા અક્રિય હોઇને એક સંખ્યાવાળા છે, તેનો આકાર બની શકતો નથી અને એટલા માટે જ ધર્મા-

સ્તિકાય, અધર્માસ્તિકાય તથા આકાશાસ્તિકાય અરૂપી તો કહેવાય છે પણ નિરાકાર કહેવાતાં નથી. ધર્માસ્તિકાય આદિ દ્રવ્યો અરૂપી છે અને અક્રિય પણ છે એટલે તેનો આકાર નથી, કારણ કે ક્રિયા સિવાય આકારો બની શકે નહિં તો પણ તે નિરાકાર કહેવાય નહિં; કારણ કે સાકાર તથા નિરાકારની વ્યાખ્યા જોતાં એમ સમજાય છે કે–અનાદિથી આકાર સહિત હોય તે સાકાર અને જે વસ્તુમાંથી આકાર નિકળી જાય તે નિરાકાર. જીવ તથા પુદ્‌ગલ બંને અનાદિ કાળથી આકારવાળાં છે. તેમાં પુદ્‌ગલાસ્તિકાય તો આકાર રહિત થઈ શકતું જ નથી કારણ કે તે વર્ણ, ગંધ આદિ ધર્મવાળું હોવાથી રૂપી છે. જો તાત્ત્વિક દૃષ્ટિથી વિચાર કરીએ તો રૂપી વસ્તુઓ જ સાકાર હોય છે, અરૂપી હોતી નથી છતાં જીવની સાથે અનાદિકાળના કર્મસંયોગને લઈને તે અનાદિ કાળથી જ રૂપી કહેવાય છે અને તેથી તે સાકાર પણ કહેવાય છે. તેનાથી જ્યારે આકારના કારણભૂત કર્મનો સર્વથા વિયોગ થાય છે ત્યારે આત્માનું અરૂપી સ્વરૂપ પ્રગટ થવાથી તે નિરાકાર કહેવાય છે. એટલે કે આત્મામાંથી આકારના કારણરૂપ જડ દ્રવ્યો નીકળી જવાથી તેની નિરાકાર અવસ્થા પ્રગટ થાય છે. પણ તે આત્મા અનાદિકાળથી જ નિરાકાર નથી હોતો અને જો આત્માને અનાદિકાળથી જ નિરાકાર તથા એક માનવામાં આવે તો અનાદિ એક ઈશ્વર સિદ્ધ થાય છે. અને જો તેમ થાય તો પછી જગત જેવી કોઈ વસ્તુ જ રહેતી નથી. અને જો નિરાકાર અનેક આત્માઓ માનીએ તો અનાદિથી અનેક ઈશ્વર હોવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. પણ અનાદિ એક ઈશ્વર માનવાવાળા–નાના–અનેક

આત્મા માનતા નથી પણ અનાદિ શુદ્ધ નિરાકાર એક ઇશ્વર જ અનેક રૂપે સંસારની વિચિત્રતાનું કારણ માને છે. અનાદિકાળથી અનેક આત્માઓ છે પણ તેમાં એક આત્મા નિરાકાર અને સર્વશક્તિમાન છે અને બાકીના બધાય સાકાર છે. જો એમ માનીએ તો અનાદિથી જે સ્વરૂપે નિરાકાર છે તે નિરાકાર જ રહેવાનો અને જે સ્વરૂપે સાકાર છે તે સાકાર નિરાકાર નહિં થાય અને નિરાકાર સાકાર નહિં થાય, કારણ કે અનાદિથી જે વસ્તુ જે સ્વરૂપવાળી હોય છે તે જ સ્વરૂપે રહે છે. ગમે તેવા સંયોગોમાં પણ વસ્તુ પોતાના અનાદિ સ્વરૂપને છોડતી નથી અને જો વસ્તુ પોતાના સ્વરૂપને છોડી દે તો પછી જડ ચેતન થાય અને ચેતન જડ થઈ જાય. કરીઆતું સાકર અને સાકર કરીઆતું થાય. આવી રીતે જગતમાં વસ્તુસ્વરૂપની અવ્યવસ્થા થવાથી વસ્તુમાત્રનો અભાવ થઇ જાય છે. જ્યારે સાકાર આત્મા નિરાકાર બની શકે નહિં તો પછી નિરાકાર ઇશ્વરની ઉપાસના કરવી વ્યર્થ છે. આ બધાય કારણો તપાસતાં આત્મા અનાદિથી જ સ્વરૂપે તો નિરાકાર છે પણ પર રૂપે–અનાદિ કર્મસંયોગરૂપે સાકાર છે, તે જ્યારે કર્મથી મુકાય છે ત્યારે પોતાનું સ્વરૂપ પ્રગટ થવાથી નિરાકાર કહેવાય છે. એટલે કે જે અનાદિ કાળથી પર રૂપે સાકાર હતો તે જ સ્વરૂપે નિરાકાર થયો. આ ઉપરથી એમ પણ સિદ્ધ થાય છે કે–કોઇ પણ આત્મા અનાદિથી નિરાકાર નથી પણ જેટલા નિરાકાર આત્મા છે તે બધાય સાકારમાંથી નિરાકાર બન્યા છે. પુદ્ગલ દ્રવ્ય તો સ્વરૂપથી રૂપી હોવાથી સ્વરૂપથી જ સાકાર છે એટલે તે સક્રિય હોવા છતાં પણ નિરાકાર બની

શકે જ નહિ. તે સિવાયના ધર્માસ્તિકાયાદિ ચાર દ્રવ્યોમાંથી આત્મદ્રવ્યમાં જ નિરાકારતા ઘટી શકે છે; કારણ કે તે કર્મના સંસર્ગથી રૂપી–સક્રિય તથા સાકાર છે અને બાકીના ત્રણ દ્રવ્યો અનાદિથી જ શુદ્ધ હોવાથી અરૂપી–એક–સર્વવ્યાપી તથા અક્રિય હોવાથી તેમાં સાકારતા તથા નિરાકારતા જેવું કશું ય હોતું નથી. જે દ્રવ્ય સ્વરૂપથી જ સર્વવ્યાપી હોઇને એક હોય છે તે અરૂપી તથા અક્રિય હોય છે અને જે દ્રવ્ય સ્વરૂપથી દેશવ્યાપી હોઇને અનેક હોય છે તે રૂપી તથા સક્રિય પણ હોય છે, માટે જીવ દ્રવ્ય તથા પુદ્ગલ દ્રવ્ય આ બંને દ્રવ્યમાંથી પુદ્ગલ દ્રવ્ય સ્વરૂપથી જ રૂપી તથા સક્રિય છે. અને જીવ દ્રવ્ય સ્વરૂપથી તો અરૂપી તથા અક્રિય છે પણ પુદ્ગલ દ્રવ્યના સંયોગથી તો રૂપી અને સક્રિય છે માટે તે સાકાર પણ કહેવાય છે તેથી નિરાકારતા મેળવ્યા પછી તેની ક્રિયા વિરામ પામી જાય છે.

જેમ આત્મા કર્મસંયોગથી સાકાર કહેવાય છે તેમ ધર્માસ્તિકાયાદિ અનેક રૂપી પુદ્ગલો તથા સ્કંધોનો સંયોગ હોવા છતાં પણ સાકાર કહેવાતા નથી, કારણ કે તે સર્વવ્યાપી હોવાથી અક્રિય છે. (જે વસ્તુ સર્વવ્યાપી હોય છે તેને હલન–ચલન માટે સ્થાન ન હોવાથી અક્રિય જ હોય છે.) અને એટલા માટે જ તેને રૂપી પુદ્ગલો સાકાર બનાવી શક્યા નથી. જીવ દ્રવ્ય દેશવ્યાપી તથા અનેક છે અને અનાદિ કાળથી જ કર્મના સંયોગને લઇને તેમાં ક્રિયા થયા કરે છે માટે તે પુદ્ગલ દ્રવ્યની સાથે ઓતપ્રોત થયેલું હોવાથી અનાદિથી જ તે સાકાર છે છતાં યોગ્યતા તથા દેશ–કાળની અનુકૂળતા મળવાથી નિરાકાર

બની શકે છે, અર્થાત્ દેશવ્યાપી આત્માઓમાં સાકાર બનવાના કારણભૂત ક્રિયા રહેલી છે, માટે જ તે સાકારથી નિરાકાર અવસ્થા પ્રાપ્ત કરે છે. સ્વરૂપે કે પરરૂપે પણ જે વસ્તુ રૂપી હોય તે અનેક રૂપી હોય છે અને તે જ સક્રિય હોવાથી સાકાર હોય છે. જે સ્વરૂપથી સાકાર હોય છે તે નિરાકાર બની શકે નહિ પણ પર રૂપથી સાકાર હોય છે તેનામાં નિરાકારતા મેળવવાની શકિત હોય છે. આ પ્રમાણે વિચાર કરતાં સમજાય છે કે–પંચાસ્તિકાયમાંથી કેવળ જીવાસ્તિકાય દ્રવ્યમાં જ નિરાકારતા સંભવે છે. દેશવ્યાપી દ્રવ્યો જ સમાન ગુણધર્મવાળા અનેક હોઇ શકે છે પણ સર્વવ્યાપી દ્રવ્યો અરૂપી જ હોવાથી અનાદિથી એક જ છે, કારણ કે તેમાં કોઇ પણ દેશ–કાળથી અનેકપણાની સંભાવના થઇ શકતી નથી. એક એવો નિયમ છે કે–જે અનેક છે તે દેશવ્યાપી હોઇ શકે છે અને જે સર્વવ્યાપી છે તે એક જ હોઇ શકે છે, અને એટલા માટે જ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય તથા આકાશાસ્તિકાય આ ત્રણે દ્રવ્યો સર્વવ્યાપી, અરૂપી અને વિસદૃશ ગુણધર્મવાળા હોઇને સંખ્યામાં એક છે. જો ધર્માસ્તિકાયાદિ ત્રણે દ્રવ્યોની પ્રત્યેક અનેક સંખ્યા માનવામાં આવે તો તે સર્વવ્યાપી બની શકે નહિ તેમજ પુદ્ગલાસ્તિકાયની જેમ રૂપી દ્રવ્ય બનવાનો પ્રસંગ ઉપસ્થિત થાય અને જો તેમ થાય તો પછી જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય બે જ દ્રવ્યો રહે. બાકીના દ્રવ્યોનો અભાવ થઈ જાય છે અને તેથી જડ તથા ચેતન બે જ દ્રવ્ય માનવાવાળાનો સિદ્ધાંત આવી જાય છે. જો કે બે દ્રવ્ય માનવાવાળા જીવ દ્રવ્યને અનેક માનીને તેમાંથી એક જીવ દ્રવ્યને બધાય જીવોથી અલગ પડીને તેને અનાદિ શુદ્ધ

જગન્નિયંતા ઇશ્વર તરીકે ઓળખાવે છે અને બધાય જીવોને તથા ઇશ્વરને સર્વવ્યાપી માને છે પણ તે એક વિવાદાસ્પદ વાત છે, એટલે અહિં તો જૈન સિદ્ધાંત પ્રમાણે બે દ્રવ્ય હોવાના પ્રસંગની જ માત્ર સામ્યતા લીધી છે.

જગતમાં કોઈપણ એવો પ્રદેશ નથી કે જ્યાં જીવ તથા પુદ્ગલ દ્રવ્ય ન હોય અને તેથી જ આકાશ દ્રવ્યને એક તથા સર્વવ્યાપી માન્યું છે; કારણ કે જીવ તથા પુદ્ગલનું આધારભૂત આકાશ દ્રવ્ય છે એટલે તે દ્રવ્યોના આકારો પણ આકાશ દ્રવ્યમાં જ રહેલા છે. આકાર અથવા તો અવગાહનાથી વસ્તુની હયાતી જણાય છે. સકર્મક જીવ તથા પુદ્ગલ દ્રવ્યના આકાર તથા અવગાહના બંને હોઇ શકે છે અને શુદ્ધ જીવ દ્રવ્યની માફક અવગાહના હોય છે, પણ આકાર હોતો નથી. જેમ આપણો પડછાયો ભીંત કે પૃથ્વી આદિ આધારભૂત કોઇપણ વસ્તુ ન હોય તો પડી શકે નહિં તેમ વસ્તુનો આકાર કે અવગાહના અવગાહ્ય આકાશ સિવાય બની શકે નહિ. સર્વ કર્મ ક્ષય થયાં પછી શુદ્ધ આત્મપ્રદેશો જેટલા આકાશપ્રદેશમાં અવગાહીને-ફેલાઇને રહ્યા છે તેટલા આકાશપ્રદેશની સિદ્ધની અવગાહના કહેવાય છે પણ આકાર કહેવાતો નથી, અને પુદ્-ગલ દ્રવ્ય-પરમાણુ તથા સ્કંધો આકાશમાં અવગાહીને રહ્યા છે છતાં તેની અવગાહના ન કહેતાં આકાર કહેવાય છે ત્યારે સકર્મક સશરીરી જીવના અવગાહને અવગાહના તથા આકાર બંને કહેવામાં આવે છે; માટે જ રૂપી દ્રવ્ય હોય કે અરૂપી હોય બધાયનું આધારભૂત આકાશ છે. તેને અવગાહ્ય-ફેલાઇને રહેવા યોગ્ય કહેવામાં આવે છે. અને જે દ્રવ્ય જેટલામાં ફેલાઇ-

ને રહ્યું હોય તે તેની અવગાહના અથવા તો આકાર કહેવાય છે અને જે દ્રવ્ય ફેલાય છે–અવગાહીને રહે છે તે અવગાહના નામથી ઓળખાય છે. જેમકે આપણે જે જમીન ઉપર બેઠા હોઇએ તે જમીન અવગાહ્ય કહેવાય અર્થાત્ બેસવાના આધારભૂત, અને બેસવામાં જેટલી જગ્યા રોકાય તે આપણી અવગાહના અને જગ્યા રોકનાર આપણે અવગાહક કહેવાઇએ. જેવી રીતે આકાશ દ્રવ્ય અરૂપી, અક્રિય તથા સર્વવ્યાપી હોઇને જીવ તથા પુદ્ગલના આધારભૂત છે, તેવી જ રીતે ધર્મ તથા અધર્મ આ બંને દ્રવ્યો પણ અરૂપી, અક્રિય તથા સર્વવ્યાપી હોઇને જીવ તથા પુદ્ગલને ગતિસ્થિતિક્રિયામાં સહાયક છે. જો ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાય જેવા બે પદાર્થો–દ્રવ્યો ન હોય તો જીવ તથા પુદ્ગલમાં કોઈપણ પ્રકારની ક્રિયા સંભવે નહિં ક્રિયા માત્રનો ગતિ તથા સ્થિતિમાં સમાવેશ થઈ જાય છે અને જો બધાય દ્રવ્ય અક્રિય થાય તો પછી જગત જેવી કોઈપણ વસ્તુ હોઈ શકે નહિ; કારણ કે જગત કાર્યસ્વરૂપ છે, અને તે કાર્ય ક્રિયા આધીન છે. જ્યારે ક્રિયાનો અભાવ માનવામાં આવે તો કાર્યનો પણ અભાવ થઇ જાય અને તેથી કારણ દ્રવ્યનો પણ અભાવ જ થાય છે; માટે જગતના અસ્તિત્વમાં સક્રિય દ્રવ્યોની આવશ્યકતા રહે છે. અને સક્રિય દ્રવ્યો દેશવ્યાપી જ હોય છે અને તેના સહાયક દ્રવ્યો સર્વવ્યાપી તથા અરૂપી હોય છે માટે જ આકાશાસ્તિકાય જીવ તથા પુદ્ગલના આધારભૂત છે અને ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાય ગતિ–સ્થિતિમાં સહાયક છે તેમજ સર્વવ્યાપી હોઇને એક સંખ્યાવાળા છે અને તે અનાદિથી જ અરૂપી

થવાથી આકાર વગરના છે. માત્ર જીવ દ્રવ્ય જ એવું છે કે જેમાં બધીય અવસ્થા ઘટી શકે છે. રૂપી, અરૂપી, સાકાર તથા નિરાકાર આદિ અવસ્થાઓ જીવ દ્રવ્ય સકર્મક તથા અકર્મક હોવાથી તેમાં સાપેક્ષપણે રહેલી છે. બાકીનાં ચાર દ્રવ્યો તો અનાદિકાળથી જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં કાયમ રહે છે, અર્થાત્ પુદ્ગલાસ્તિકાય, રૂપી, સાકાર, સક્રિય અને દેશવ્યાપી અનાદિ અનંતપણે રહેવાનું અને ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, તથા આકાશાસ્તિકાય, અરૂપી, અક્રિય અને સર્વવ્યાપીપણે નિરંતર રહેવાનાં. તેમાં દેશવ્યાપીપણું, સક્રિયતા કે રૂપીપણું ક્યારે ય બની શકતું નથી.

કર્ણેંદ્રિય–કાન શબ્દને ગ્રહણ કરે છે, કાનથી જે શબ્દ સંભળાય છે તેમાં વર્ણ, ગંધ, રસ તથા સ્પર્શ રહેલો છે માટે રૂપી હોવાથી આકારવાળો છે છતાં કાનથી તે ગ્રહણ થઈ શકે નહિં. શબ્દમાં અનેક પુદ્ગલ સ્કંધો રહેલા છે માટે તે પૌદ્ગલિક છે પણ તે અત્યંત સૂક્ષ્મ હોવાથી આંખ તેને જોઇ શકતી નથી. વર્તમાન વિજ્ઞાને શબ્દનું પૌદ્ગલિકપણું પ્રયોગોદ્વારા સિદ્ધ કરી બતાવ્યું છે, માટે વર્ણ, ગંધ, રસ તથા સ્પર્શ જેમ વસ્તુના ગુણ છે અને તેને જેમ ચક્ષુ આદિ ઇંદ્રિયો ગુણી દ્રવ્ય સહિત પ્રત્યક્ષ કરી શકે છે તેમ શબ્દ પ્રત્યક્ષ થતો નથી માટે તે ગુણ નથી પણ દ્રવ્ય છે, અને જો શબ્દ ગુણ હોય તો વર્ણ આદિની જેમ દ્રવ્યમાં નિરંતર ઉપલબ્ધ થવો જોઇએ પણ તેમ જણાતો નથી, માટે તે પૌદ્-ગલિક વસ્તુઓ અથડાવાથી ઉત્પન્ન થાય છે અથવા તો ભાષા-

વર્ગણા–ભાષા બનવા લાયક પૌદ્ગલિક સ્કંધોના જથ્થામાંથી પૌદ્ગલિક સ્કંધો લઇને બનાવવામાં આવે છે અને એટલા માટે જીવ, અજીવ તથા મિશ્ર એમ ત્રણ પ્રકારનો શબ્દ કહેવાય છે. દેહધારી જીવો ભાષાવર્ગણામાંથી પુદ્ગલો ગ્રહણ કરીને બોલે છે તે જીવશબ્દ અને નિર્જીવ વસ્તુઓ પરસ્પર અથડાવાથી જે શબ્દ ઉત્પન્ન થાય છે તે અજીવશબ્દ અને જીવ તથા અજીવ બેના સંસર્ગથી ભેરી, ભૂંગળ, શંખ આદિ વગાડવાથી ઉત્પન્ન થાય છે તે મિશ્ર શબ્દ કહેવાય છે. રેડિયો તથા લાઉડ સ્પીકર આદિ જીવ શબ્દ છે કારણ કે તેમાં સ્પષ્ટ શબ્દોચ્ચાર થાય છે તેમજ બોલાયલા શબ્દો સંભળાય છે. બેંડ તથા શરણાઈ આદિનો શબ્દ મિશ્ર હોય છે, જો કે તેમાં ગવાતી વસ્તુ સ્પષ્ટ સમજાય છે પણ શબ્દોચ્ચાર સ્પષ્ટ હોતો નથી. ફોનોગ્રાફમાં શબ્દનો સ્પષ્ટ ઉચ્ચાર થાય છે છતાં તે અજીવ શબ્દ છે; કારણ કે ફોનોગ્રાફમાં સોય અને રેકર્ડના ઘસારાથી શબ્દ ઉત્પન્ન થાય છે પણ જીવ જેમ ભાષાવર્ગણામાંથી પુદ્ગલો લે છે તેમ ફોનોગ્રાફનું રેકર્ડ જડ હોવાથી લઇ શકતું નથી પણ રેકર્ડ–પલેટમાં કોતરાયલા શબ્દો સાથેના ઘસારાથી પ્રગટ થાય છે માટે તે જીવ શબ્દ કહેવાય નહિં. તાત્પર્ય કે જેને બોલવું કહેવામાં આવે છે, અર્થાત્ અમુક બોલે છે એમ જે કહેવાય છે તે જીવ શબ્દ તરીકે ઓળખાય છે. પછી તે સ્પષ્ટ ઉચ્ચાર હોય કે અસ્પષ્ટ હોય પણ જીવ શબ્દને બોલવું કહેવામાં આવે છે. અને જીવ તથા જડના સંયોગથી જે શબ્દ ઉત્પન્ન થાય છે તેને વાગે છે એમ કહેવામાં આવે છે. અને અજીવ શબ્દને અવાજ થાય છે એમ કહેવાય

છે. બોલવું, વાગવું અને અવાજ થવો આ ત્રણે ક્રમથી જીવ, અજીવ તથા મિશ્ર શબ્દને ઓળખાવે છે. આંખ, જીભ, નાક તથા સ્પર્શેંદ્રિય વર્ણાદિને જેમ નિરંતર ગ્રહણ કરે છે તેમ કાન નિરંતર શબ્દને ગ્રહણ કરતો નથી, કારણ કે તે વર્ણાદિની જેમ ગુણ નથી પણ દ્રવ્ય છે અને એટલા માટે જ ઘણી વખત જ્યાં શબ્દ ન થતો હોય ત્યાં ઘણી જ શાંતિ છે—જરાય ઘોંઘાટ નથી એમ કેટલાક માનવીઓને કહેતા આપણે સાંભળીએ છીએ. જો શબ્દ દ્રવ્ય ન હોય અને ગુણ હોય તો જેમ એક પરમાણુમાં એક વર્ણ, એક ગંધ, એક રસ અને બે સ્પર્શ કહ્યા છે તેમ શબ્દને કહ્યો નથી માટે પણ શબ્દ ગુણ નથી પણ દ્રવ્ય છે, અને તે બે દ્રવ્યોના સંયોગથી ઉત્પન્ન થાય છે માટે વિભાવ છે પણ કોઇ દ્રવ્યનો સ્વભાવ નથી. જીવ, અજીવ તથા મિશ્ર એમ ત્રણ પ્રકારનો શબ્દ જે ઉપર બતાવ્યો છે તે જીવ તથા પુદ્ગલ દ્રવ્યને ઉદ્દેશીને છે પણ કોઈ પણ દ્રવ્યના ગુણને આશ્રયીને નથી. જીવ શબ્દ ભાષાવર્ગણામાંથી ઉત્પન્ન થાય છે અને તે જીવ ભાષા બનવા લાયક પુદ્ગલ સ્કંધોમાંથી પુદ્ગલો લઇને ભાષારૂપે ગોઠવીને બહાર કાઢે છે કે જેને ભાષા કહેવામાં આવે છે. જીવ ભાષાપણે પરિણમાવીને જે પુદ્ગલોને બહાર ફેંકે છે તેને સમશ્રેણિમાં એટલે જે તરફ મોં રાખીને બોલવામાં આવે છે તે દિશામાં રહેલા જીવો સાંભળે છે એટલે તેઓ ભાષાવર્ગણાથી ઉત્પન્ન થયેલી ભાષા સાંભળે છે પણ બીજી દિશાઓ કે વિદિશાઓમાં રહેલા જીવો સાંભળે છે તે ભાષાના પુદ્ગલો અથડાવાથી વાસિત થયેલા અન્ય પુદ્ગલસ્કંધો સાંભળે છે છતાં તે પણ જીવ શબ્દ કહેવાય છે પણ મિશ્ર, અજીવ શબ્દ

કહેવાતો નથી. આ જીવ શબ્દ જીવ તથા ભાષાવર્ગણારૂપ પુદ્ગલ દ્રવ્યના સંસર્ગથી ઉત્પન્ન થાય છે. જીવના પ્રયત્નથી ભાષાવર્ગણા ભાષારૂપે પરિણમે છે માટે તે ભાષા જીવ શબ્દ કહેવાય છે. જો કે જીવ શબ્દ એકલા જીવ દ્રવ્યથી ઉત્પન્ન થતો નથી પણ જીવ તથા પુદ્ગલ દ્રવ્યના સંયોગથી ઉત્પન્ન થાય છે તોયે તે મિશ્ર શબ્દ કહેવાય નહિં, કારણ કે જીવ શબ્દનો નિયામક જીવ છે, તેનામાં ભાષા બનાવવાની શક્તિવિશેષ હોવાથી તે કોઇ પણ જીવે શરીરપણે ન પરિણમાવેલા ભાષા બનવા લાયક શુદ્ધ પુદ્ગલ સ્કંધોમાંથી પુદ્ગલો લઈને પોતાના ક્ષયોપશમ પ્રમાણે બુદ્ધિપૂર્વક તેને ભાષાપણે પરિણમાવીને વચનયોગથી બહાર કાઢે છે. તેમાં જીવની પ્રધાનતા હોવાથી તે જીવ શબ્દપણે ઓળખાય છે, મિશ્ર શબ્દમાં પણ જીવ તથા પુદ્ગલ દ્રવ્યોનો સંયોગ હોય છે, છતાં તે જીવ શબ્દ કહેવાતો નથી પણ મિશ્ર શબ્દ કહેવાય છે, કારણ કે મિશ્રમાં જીવ તથા પુદ્ગલ બંને દ્રવ્યોની પ્રધાનતા છે. જો કે જીવના પ્રયત્ન સિવાય તો મિશ્ર શબ્દ બની શકે નહિં, છતાં જીવ શબ્દ અને મિશ્ર શબ્દની પ્રક્રિયામાં ભેદ રહેલો છે. જીવ શબ્દમાં જીવ પોતાના ક્ષાયોપશમિક વીર્યવિશેષથી શુદ્ધ પુદ્ગલ દ્રવ્ય ગ્રહણ કરે છે ત્યારે મિશ્ર શબ્દમાં ઔદારિકાદિ સ્થૂળ શરીરદ્વારા અન્ય જીવોએ ઔદારિક શરીરપણે પરિણમાવીને છોડી મૂકેલા નિર્જીવ પુદ્ગલ–જડ દ્રવ્યને ગ્રહણ કરે છે. જીવ શબ્દમાં પુદ્ગલ ગ્રહણ કરનાર જીવ દ્રવ્ય તથા ગ્રહણ કરાતા પુદ્ગલ દ્રવ્યોનું પ્રત્યક્ષ થતું નથી પણ જ્યારે જીવ પુદ્ગલોને ભાષાપણે પરિણમાવીને બહાર કાઢે છે ત્યારે કાનદ્વારા માત્ર શબ્દ પ્રત્યક્ષ

થાય છે, પણ મિશ્ર શબ્દમાં તો બંને પ્રત્યક્ષ થાય છે, કારણ કે મિશ્ર શબ્દ સચેતન તથા અચેતન દેહના સંયોગથી ઉત્પન્ન થાય છે. અને તે બંને કાર્યસ્વરૂપ પૌદ્ગલિક દ્રવ્યો છે, માટે જ બંને પ્રધાન હોવાથી મિશ્ર શબ્દ કહેવાય છે. જીવ જ્યારે સૂક્ષ્મ કારણસ્વરૂપ ઔદારિક શરીરથી અત્યંત સૂક્ષ્મ શુદ્ધ પુદ્ગલ સ્કંધો ગ્રહણ કરીને વચનવ્યાપારદ્વારા બહાર કાઢે છે ત્યારે તે વચનપણાને પરિણમેલા ભાષાસ્વરૂપ શબ્દો જીવના પ્રયત્નની પ્રધાનતાથી જીવ શબ્દ કહેવાય છે અને તે પ્રયત્ન અપ્રત્યક્ષ હોય છે. મિશ્રમાં તો સ્થૂળ કાર્ય શરીર હોવાથી સચેતન તથા અચેતન બંને શરીરોનું પ્રત્યક્ષ થાય છે અને કાન શબ્દને પ્રત્યક્ષ કરે જ છે. અજીવ શબ્દ સ્થૂળ પુદ્ગલ સ્કંધોના અથડાવાથી થાય છે તેમાં જીવનો પ્રયત્ન હોતો નથી, અજીવ શબ્દમાં શુદ્ધ પૌદ્ગલિક સ્કંધો હોતા નથી પણ જીવે ઔદારિક શરીરપણે પરિણમાવેલા અચેતન પુદ્ગલ સ્કંધોના સંઘર્ષણથી તે થાય છે. તેમાં જીવનો પ્રયત્ન ન હોવાથી અજીવ શબ્દ કહેવાય છે. આ પ્રમાણે વસ્તુતત્ત્વ સમજાય છે. પુદ્ગલાસ્તિકાયનો વિષય અત્યંત ગહન અને ગંભીર છે, તેને વ્યવસ્થિતપણે તો જ્ઞાની પુરુષો જ વર્ણવી શકે છે. છદ્મસ્થ ગમે તેટલી વિચારણા કરે છતાં સ્ખલનાઓ તો થવાની જ તેથી તે સંબંધી જ્ઞાની પુરુષોની પાસેથી ક્ષમા માંગવી જ પડે છે.

# ' પર્યુષણા '

## ( ૧૭ )

વિશિષ્ટ ફળની પ્રાપ્તિના માટે કાળના સહકારની આવશ્યકતા રહે છે. કૂવાના પાણીથી ગમે ત્યારે અનાજ ઉગાડી શકાય છે, પણ વર્ષાઋતુના મેઘ સિવાય સારું ધાન્ય ઊગી શકે નહિં અને રસકસવાળું થઇ શકે નહિ. બારમાસી કેરીઓ આવે છે પણ કાળે ફળેલી અને મૃગશરના વાયરા ખાધેલી કેરીઓમાં જે કાંઇ મધુરતા હોય છે તે તેમાં હોતી નથી. આ પ્રમાણે જ્યારે વસ્તુમાત્ર પોતાની શ્રેષ્ઠતા તથા મહત્તા મેળવવાને માટે નિરંતર કાળની અપેક્ષા રાખે છે તો પછી આત્મશ્રેય કરનાર ધર્મ માટે વિશિષ્ટ કાળની આવશ્યકતા હોવી જ જોઈએ. જો કે ગમે ત્યારે ધર્મ કરી શકાય છે, તેના માટે કાળનો નિયમ નથી તો પણ વિશિષ્ટ કાળે ધર્મ કરવામાં આવે તો સારામાં સારું ફળ મળી શકે છે; કારણ કે માનવીના ભાવની શુદ્ધિ તથા વૃદ્ધિમાં વિશિષ્ટ કાળ સાધક છે. તેમાં પણ બાળજીવોને જાગૃત કરવાને માટે તો વિશિષ્ટ કાળ અત્યંત ઉપયોગી છે. ધર્મમાં વિશેષ ન જાણનાર પુદ્ગલાનંદી અણજાણ માનવીના મનમાં પણ એમ તો આવે જ છે કે–આજે આઠમ, ચૌદશ, પાંચમ છે અથવા તો અમુક તીર્થંકરની કલ્યાણક તિથિ છે, માટે આજે મારે કાંઇ પણ ધર્મની આચરણા કરવી જોઇએ, ઉપવાસ કરવો જોઇએ અને તે ન બને તો છેવટે એકાસણું અથવા તો બેઆસણું કરવું જોઇએ. કદાચ કોઈએ કાંઈ તપવિશેષ ન કર્યું હોય અને કોઈ પણ શ્રદ્ધાળુ ધર્મી માણસ તેને કહે છે કે–આજે પર્વ-

દિવસ છે માટે કાંઈ તો કરો, તો તે શરમાઇને કાંઈ ને કાંઈ ધર્મની આચરણા કરશે જ. તપસ્યા અથવા તો પ્રભુપૂજા આદિ કાંઇ પણ ધર્મની પ્રવૃત્તિ આદરશે જ અને કર્તવ્યની ભાવનાથી અણુ-જાણ માણસ પણ કાંઇ ને કાંઇ આત્મલાભ મેળવશે જ; માટે બધા ય દિવસો એક સરખા હોવા છતાં પણ પર્વદિવસ મહાન કહેવાય છે, આત્મશુદ્ધિના કારણભૂત અધ્યવસાયની શુદ્ધિનો હેતુ હોવાથી પવિત્ર કહેવાય છે.

પર્યુષણા પણ એક પર્વ તરીકે માન્યું છે અને તે બાર મહિનામાં એક જ વખત આવતું હોવાથી વાર્ષિક પર્વ તરીકે ઓળખાય છે. પર્યુષણ શબ્દના બે અર્થ કર્યા છે, એક તો વાર્ષિક પર્વ અને બીજો સર્વથા પ્રકારે રહેવું. આ બંને અર્થોથી સાધુ તથા ગૃહસ્થ બંનેનું કર્તવ્ય સૂચવ્યું છે. પહેલો અર્થ ગૃહસ્થોને કરવાનાં કાર્યો જણાવે છે કે જેની સંખ્યા પાંચની છે, અઠ્ઠમની તપસ્યા, સંવત્સરી પ્રતિક્રમણ, પરસ્પર ક્ષમા માંગવી, ચૈત્યપરિપાટી અને સાધર્મી વાત્સલ્ય. જે ગૃહસ્થ બાર મહિનામાં ગમે તે કારણને લઇને આ પાંચ કાર્યો ન કરી શકયો હોય તેણે પર્યુષણ પર્વના દિવસે યથાશકિત અવશ્ય કરવાં જોઈએ. જે માનવી આ પાંચ કાર્યો કરે છે તેના માટે આ દિવસ પર્વ તરીકે કહી શકાય અને તે જ પર્વનો આરાધક ગણી શકાય, પણ જેને આ કાર્યો તરફ અણગમો. અરુચિ અથવા તો અશ્રદ્ધા છે તેના માટે આ દિવસ પર્વ ગણી શકાતો નથી તેથી તેને પવિત્રતાનું કારણ પણ બની શકતો નથી.

પર્વ લૌકિક તથા લોકોત્તર એમ બે પ્રકારનાં હોય છે. લૌકિક પર્વ ઐહિક જીવનને આશ્રયીને હોય છે અને તેમાં

દેહને પ્રધાનતા આપવામાં આવે છે. આ પર્વમાં ખાસ કરીને વિષયપોષક પદાર્થોનો ઉપયોગ કરીને કામવાસના ઉત્તેજિત બને તેવી પ્રવૃત્તિઓ આદરવામાં આવે છે. પુદ્ગલાનંદી માનવી માત્રને આ પર્વની આરાધનામાં મતભેદ હોતો નથી તેથી બધાય એક સરખી રીતે ઉજવે છે, કારણ કે બધાયનું ધ્યેય એક સરખું જ હોય છે. સારાં સારાં મિષ્ટાન્ન બનાવીને કે ખરીદીને પાંચ સાત મિત્રોની સાથે કે સગાસંબંધીઓની સાથે બેસીને હાસ્યવિનોદપૂર્વક ખાવાં, સારાં કીમતી વસ્ત્રો તથા ઘરેણાં પહેરીને નિશ્ચિંત થઈને જ્યાં ત્યાં ફરવું, નાટક સિનેમા જોવા વિગેરે પ્રવૃત્તિઓ પોતપોતાની આર્થિક સંપત્તિના પ્રમાણમાં જે દિવસે ઉત્સાહ તથા આનંદપૂર્વક કરવામાં આવે છે તે લૌકિક પર્વની ઉજવણી કહેવાય છે. તે દિવસે બીજી બધી પ્રવૃત્તિઓ છોડી દઈને ફક્ત મોહગ્રસ્ત જીવને રાજી કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. આ પર્વમાં કોઈ પણ પ્રકારના ધર્મનું ધ્યેય ન હોવાથી પુદ્ગલાનંદી માનવી માત્ર સાથ આપે છે અને તેનો વિરોધ કોઈ પણ કરતું નથી. જેઓ લોકોત્તર પર્વના નામથી આવી પ્રવૃત્તિઓ આદરે છે તેઓ પણ લૌકિક પર્વ જ ઉજવે છે; કારણ કે લોકોત્તર પર્વમાં વૈષયિક વસ્તુઓનો ત્યાગ કરવામાં આવે છે.

લોકોત્તર પર્વના પણ સમ્યગ્ અને મિથ્યા એમ બે પ્રકાર છે. આ પર્વમાં આત્માને પ્રધાનતા આપવામાં આવી છે, તેથી આત્માને ઉદ્દેશીને દરેક પ્રવૃત્તિ આત્મશ્રેય માટે કરવામાં આવે છે. તાત્પર્ય કે માનવી ધર્મ સમજીને, પછી તે સમજણ મિથ્યા જ કેમ ન હોય, જે કાંઈ પ્રવૃત્તિ કરે છે તે લોકોત્તર પર્વ

કહેવાય છે. તીર્થ તરીકે મનાતી નદીઓમાં સ્નાન કરવું, ફળાહાર કરી ઉપવાસ માનવો, યજ્ઞ કરવા, મરણ પાછળ પિંડાદિ દાન કરવું વિગેરે જે કાંઈ પુન્યધર્મ માની પ્રવૃત્તિ કરવામાં આવે છે તે મિથ્યા પર્વ કહેવાય છે. જો કે આ બધીય પ્રવૃત્તિઓ આત્માને ઉદ્દેશીને થાય છે અર્થાત્ ધર્મ સમજીને કરવામાં આવે છે તોય તેમાં હિંસાને સ્થાન હોવાથી તથા ભોગને અવકાશ હોવાથી મિથ્યા પર્વ જ કહી શકાય; કારણ કે હિંસકપ્રવૃત્તિ આત્મવિકાસની બાધક છે પણ સાધક નથી. જ્યાંસુધી કષાય તથા વિષયપોષક સાધન અને પ્રવૃત્તિનો ત્યાગ કરવામાં આવે નહિં ત્યાં સુધી તે મિથ્યા ધર્મ જ કહી શકાય, અને તેથી પર્વદિવસે પણ જો આવી પ્રવૃત્તિ કરવામાં આવે તો તે પર્વ પણ મિથ્યા કહેવાય છે. કદાચ કોઇ પ્રવૃત્તિમાં કષ્ટાનુષ્ઠાનને અવકાશ મળતો હોય અને આત્મસન્મુખપણા જેવું દેખાતું હોય તો પણ માનવી તાત્ત્વિક બોધથી શૂન્ય હોવાથી આત્મવિકાસ સાધી શકતો નથી પણ પુન્યકર્મ બાંધી શકે છે; જેથી આત્મા ભાવી ગતિમાં દેવપણાની અથવા તો મનુષ્યપણાની બાહ્ય સંપત્તિ મેળવવાનો અધિકારી બની શકે છે, માટે તે આત્મિક સંપત્તિથી વંચિત રહેવાથી પરિણામે સંસારભ્રમણમાંથી છૂટી શકતો નથી. અને એટલા માટે જ તે લોકોત્તર પર્વ હોવા છતાં પણ તેને મિથ્યાપર્વ કહેવામાં આવે છે.

લોકોત્તર સમ્યક્‌પર્વમાં અહિંસાનું સારી રીતે પાલન કરવામાં આવે છે. કોઇ પણ જીવને દુઃખ ન થાય એટલા માટે સર્વથા અન્નજળનો ત્યાગ કરવામાં આવે છે, મન–વચન–કાયાથી પાપનો વ્યાપાર ન કરવા, ન કરાવવાની પ્રતિજ્ઞા લઇને

બે ઘડી સુધી એક સ્થળે સ્થિર થઈને બેસવામાં આવે છે, ચાર પ્રહર–આઠ પ્રહર–ચોસઠ પ્રહર કે એથી યે વધારે દિવસ આહાર–શરીરશુશ્રૂષા--પાપવ્યાપાર અને અબ્રહ્મનો ત્યાગ કરીને ધર્મસ્થળમાં રહીને સાધુપુરુષોનું અનુકરણ કરવામાં આવે છે, ફક્ત ધર્મના વ્યાપાર સિવાયના બધાય વ્યાપારોનો ત્યાગ કરવામાં આવે છે. પ્રભુપૂજન, સ્તવન, મનન તથા સ્મરણ કરવામાં આવે છે. રસત્યાગ કરવામાં આવે છે ઇત્યાદિ સ્વપરદયાપ્રધાન પ્રવૃત્તિઓ જે દિવસોમાં આદરવામાં આવે છે તે લોકોત્તર સમ્યક્‌પર્વ તરીકે ઓળખાય છે. તેથી તે દિવસો પવિત્ર કહેવાય છે. બાર મહિનામાં જે દિવસોને સર્વોપરી ગણીને ફરજીઆત કે મરજીયાત અત્યંત આદરપૂર્વક ઉજવવામાં આવે છે તેને પર્યુષણા કહીને ઓળખાવ્યા છે. આ પર્યુષણાના દિવસોમાં મહાન્ પુરુષો આત્મશ્રેયસાધક પ્રવૃત્તિ આદરતા આવ્યા છે. ઘણી જ શાંતિ તથા સમતાપૂર્વક આ પર્વનું બહુમાન જાળવતા આવ્યા છે.

પર્યુષણાનો બીજો અર્થ સર્વથા પ્રકારે રહેવાનો જે કરવામાં આવે છે તે સાધુ મહાપુરુષોને આશ્રયીને છે. જો કે ત્યાગી મહાપુરુષોમાં સંયમબાધક અનેક દોષોનો સંભવ હોવાથી એક સ્થળે વધુ રહેતા નથી; તોપણ વર્ષાઋતુમાં જીવાકૂળ ભૂમિ થઈ જવાથી જીવોની વિરાધના ટાળીને સંયમની રક્ષાને માટે જે દિવસથી એક સ્થળે રહેવાની શરૂઆત કરે છે તેને પર્યુષણા કહેવામાં આવે છે. તે દિવસે હમેશ કરતાં વધુ પ્રમાણમાં જપ, તપ, આલોચના, નિંદના તથા પ્રાયશ્ચિત્ત કરે છે. આ બધી પ્રવૃત્તિઓ દ્રવ્ય પર્યુષણાને આશ્રયીને હોય છે, બાકી ભાવ પર્યુષણા તો ત્યાગી મહાપુરુષોની નિરંતરની હોય છે અને તે

પ્રતિદિન વિશિષ્ટ વિશિષ્ટતર ભાવશુદ્ધિ તથા આત્મશુદ્ધિને સ્પર્શવાવાળી હોય છે; કારણ કે સમ્યગ્જ્ઞાનની સહાયતાથી ક્ષણિક પૌદ્ગલિક સુખોનો સર્વથા ત્યાગ કરીને શાશ્વતા આત્મિક સુખની પ્રાપ્તિ માટે પ્રતિજ્ઞાપૂર્વક આત્મગવેષણા કરનારા મહાપુરુષો કષાય તથા વિષયના ક્ષેત્રોમાં વિચરતી મનોવૃત્તિઓને આત્મક્ષેત્રમાં સ્થિર કરવાની પ્રવૃત્તિઓવાળા હોય છે; તેથી તેમની ભાવશુદ્ધિની સાથેસાથે આત્મશુદ્ધિની પણ નિરંતર વૃદ્ધિ થતી જાય છે; એટલે તેમની ભાવપર્યુષણા વગરની કોઈ પણ પળ હોતી નથી, છતાં અનાદિકાળના અભ્યાસને લઈને પ્રમાદના દબાણથી બાર મહિનામાં થયેલી અન્યથા પ્રવૃત્તિઓની અશુદ્ધિથી શુદ્ધ થવાને માટે જે દિવસે વિશિષ્ટ જપ, તપ તથા પ્રાયશ્ચિત્ત કરે છે તે દ્રવ્ય પર્યુષણા કહેવાય છે. આ પ્રમાણે ત્યાગી પુરુષો દ્રવ્ય તથા ભાવથી પર્યુષણાનું આરાધન કરી શકે છે, ત્યારે ગૃહસ્થો ચોવીસે કલાક કષાય-વિષયના ઉદ્દીપક પ્રસંગોમાં રહેવાવાળા હોવાથી દ્રવ્ય પર્યુષણા આરાધી શકે છે; અર્થાત્ જપ-તપ-પૂજા-પ્રતિક્રમણ વિગેરે ધાર્મિક ક્રિયાઓ કરે છે અને સામાયિક, પૌષધ આદરે છે તેથી તેઓને ધર્મસ્થળમાં સ્થિર રહેવાનું જ થાય છે. બાકી આત્મસ્વરૂપમાં રહેવું ગૃહસ્થોને માટે ઘણું જ કઠણ કામ છે, કારણ કે પુદ્ગલાનંદી નિરંતર આરંભ-સમારંભની પ્રવૃત્તિઓમાં રક્ત રહેનાર, આત્માને ઓળખી શકતો નથી અને તેથી આત્મસન્મુખ ન થવાથી આત્મસ્વરૂપમાં રહી શકતો નથી, દેહાધ્યાસ અને વિષયાસક્તિ આત્મસ્વરૂપને ઓળખવા દેતાં નથી. સ્પર્શ બોધવાળો કોઈક જ ગૃહસ્થ એવો હશે કે જે

બાહ્યની પ્રવૃત્તિઓમાંથી માનસિક નિવૃત્તિ મેળવીને પ્રભુના કથન કરેલા સામાયિક, પૌષધ આદરીને આત્મસ્વરૂપમાં સ્થિર રહી શકે છે, તેથી એવાને માટે તો ભાવપર્યુષણાની આરાધના કહી શકાય. ઉપશમભાવે ધાર્મિક પ્રવૃત્તિઓ આદરવાની પ્રભુઆજ્ઞા છે છતાં જે ધાર્મિક પ્રવૃત્તિઓમાં કષાય–વિષયનો આદર કરે છે તે પ્રભુની આજ્ઞાનો વિરાધક હોવાથી પર્વનો આરાધક કહી શકાય નહિં. પર્વ અને કષાય-વિષય બંને પરસ્પર અત્યંત વિરોધી છે. એકબીજાના બાધક છે પણ સાધક નથી. ધર્મના નામે ઓળખાતી ગમે તેવી અને ગમે તેટલી પ્રવૃત્તિઓ કેમ ન કરવામાં આવે પણ જ્યાં સુધી પ્રભુની આજ્ઞાઓનું પાલન ન થાય ત્યાં સુધી આરાધકપણાનો દાવો કરી શકાય નહિં છતાં જે પોતાને આરાધક માનવાનો–મનાવવાનો પ્રયાસ કરે છે તે અનંતા તીર્થંકરોની આશાતના કરે છે. આત્મદૃષ્ટિ બન્યા સિવાય ભવભીરુતા આવી શકે નહિં અને તે સિવાય તો પ્રભુની આજ્ઞા પાળી શકાય જ નહિં. આજ્ઞા સાચી રીતે સમજવાને માટે દર્શનમોહના ઉપશમભાવની જરૂરત છે. જે જીવો દર્શન-મોહના ઔદયિક ભાવથી વાસિત થયેલા છે તેમને પ્રભુવચન સારી રીતે સમજાતાં નથી એટલે તેઓ પોતાની સમજણને પ્રભુવચન તરીકે ઓળખાવીને કદાગ્રહનો આશ્રય લે છે. પોતાના જ્ઞાનાવરણીયના ક્ષયોપશમને લઇને મંદ બુદ્ધિવાળા કદાગ્રહી અથવા તો સરલ બુદ્ધિવાળા શ્રદ્ધાળુઓને પોતાની સમજણ સાચી જ છે એવી શ્રદ્ધા બેસાડવા પ્રયાસ કરે છે માટે તેઓ બહારથી ગમે તેવી દશા દેખાડતો હોય તો પણ તે આરાધક કહી શકાય નહિં. જ્યાં દર્શનમોહનો ઉપશમ ભાવ નથી ત્યાં

ચારિત્રમોહનો ઉપશમ કે ક્ષયોપશમ ભાવ હોય જ ક્યાંથી? અને ચારિત્ર મોહના ઉપશમ કે ક્ષયોપશમ ભાવ સિવાય તો કષાય તથા વિષયોનો અનાદર કરવો અત્યંત કઠણ છે. ઇંદ્રિયોના બધા ય વિષયોમાં દાનનો વિષય બળવાન હોય છે, કારણ કે તે અહંતાને પોષવાને માટે અત્યંત ઉપયોગી હોય છે. ત્યાગી હોય કે ભોગી કોઈ પણ આ વિષયથી મુકત નથી. ઉપશમભાવ સિવાયના દરેક જીવોને આ વિષય બહુ જ કનડે છે. પોતાના વિચારો તથા વચનોની પ્રશંસા સાંભળવાને માટે અને જનતાને આકર્ષવાને માટે માનવી સર્વજ્ઞના વચનોની પણ અવગણના કરે છે. સર્વજ્ઞોની દૃષ્ટિમાં જે વસ્તુ જે સ્વરૂપે છે તે તો તે જ સ્વરૂપે રહેવાની, તેને કોઈ અન્ય સ્વરૂપે વર્ણવે તો તે બદલાતી નથી, છતાં અહંભાવથી કોઇ બદલવા પ્રયાસ કરે તો તે પ્રભુની આશાતના કરે છે. જે પોતાને અણજાણ માને છે તેને આગ્રહ હોતો નથી તેથી તે અણજાણપણે ભ્રાંતિથી પ્રભુના વચનથી વિપરીતપણે વર્તે તો પણ તે આરાધક છે; કારણ કે તેને પોતાનું વર્તન પ્રભુની આજ્ઞા વિરુદ્ધ કોઈ પણ નિમિત્તથી જ્યારે જણાય છે ત્યારે તે નિરાગ્રહી હોવાથી પશ્ચાત્તાપપૂર્વક પોતાના વિરુદ્ધ વર્તનની માફી માંગી લે છે અને પ્રભુ આજ્ઞા પ્રમાણે વર્તવા તરફ લક્ષ્ય આપે છે. પણ સાચી સમજણનું મિથ્યાભિમાન કદાગ્રહશીલ બનાવે છે અને તેથી તે કોઈ પણ પ્રકારે સાચું શોધવાની કે સાચું સ્વીકારવાની અપેક્ષા રાખતો નથી. અને પોતાના વચનને અનુસરતું પ્રભુનું વચન છે એમ સિદ્ધ કરવા પોતાની બુદ્ધિનો ઉપયોગ કરે છે, પણ પ્રભુના વચનને અનુસરવા પોતાનું વચન ફેરવતો નથી, કારણ

કે તેને પ્રભુના વચન કરતાં પોતાના વચનની કીંમત ઘણી હોય છે અને તેથી કરીને જ તે પ્રભુના વચનને ફેરવીને પોતાના વચનને અનુસરતું બનાવે છે, માટે આવા જીવો અજ્ઞાનતાથી પ્રભુના વચનોનો અવળો પ્રચાર કરીને વિરાધક બને છે પણ આરાધક બની શકતા નથી. સાચી સમજણ અને કદાગ્રહ બંનેનો પરસ્પર મેળ હોતો નથી માટે જ્યાં સાચી સમજણ હોય છે ત્યાં કદાગ્રહને અવકાશ જ નથી, કારણ કે સાચી સમજણ સમ્યગ્જ્ઞાની પુરુષોમાં હોય છે તેથી તેઓ સર્વજ્ઞના વચનને અનુસરીને વચનવ્યવહાર કરવાવાળા હોય છે. કદાચ ભૂલથી પોતાના વચનમાં સર્વજ્ઞના વચનનો વિરોધ આવતો હોય તો તરત સુધારીને સ્વીકારી લે છે પણ આગ્રહદ્વારા કષાયને નોતરતા નથી. તેમજ અસત્યનો પણ આદર કરતા નથી. તેઓ પોતે સાચું જાણી સાચું સમજેલું બીજાને સાચું સમજાવવા છતાં પણ જો તે ન માને તો માધ્યસ્થ ભાવનાનો આશ્રય લે છે પણ પરને કલેશોત્પાદક વાણીનો વ્યાપાર કરતા નથી તે જ સાચી સમજણવાળા નિરભિમાની તથા કદાગ્રહમુક્ત કહી શકાય, પણ દ્વેષના આશ્રિત બનીને કુવાણીથી પરને કલેશ ઉત્પન્ન કરનાર સાચું જાણતા નથી એટલું જ નહિં પણ કદાગ્રહી હોવાથી પ્રભુઆજ્ઞાના આરાધક પણ બની શકતા નથી.

સહુ કોઈ જાણે છે અને કહે પણ છે કે-કષાયનો આદર કરવામાં અને વિષયાસક્ત બનવામાં પ્રભુ સંમત છે જ નહિં, તો પછી જે પ્રવૃત્તિમાં કષાયોનો આદર કરવો પડે તે પ્રભુની આજ્ઞાથી વિરુદ્ધ વર્તન જ કહી શકાય. આવું વર્તન ધર્મ કહેવાય નહિં અને તેથી આરાધક પણ બની શકાય નહિં.

અત્યારે પ્રભુ અને તેમની વાણી આ બંનેમાંથી એકેય વિદ્યમાન નથી. પણ તેમના પ્રતિનિધિ–સ્થાપના તરીકે પ્રતિમા તથા પુસ્તક વિદ્યમાન છે. આ બંને વસ્તુ નિર્જીવ હોવાથી પ્રતિમા અલ્પ બુદ્ધિવાળાનો મતભેદ ટાળી શકે નહિં તેમજ પુસ્તક વાંચીને ખોટું સમજીને બોલનારને રોકી શકે નહિં. સાચું સમજાવી શકે નહિં. ગુરુકુળવાસની પ્રણાલિકા બંધ પડી જવાથી પરંપરાગમથી ચાલ્યું આવતું સિદ્ધાંતોનું રહસ્ય વિચ્છેદ પ્રાયઃ થઇ ગયું છે. અત્યારે તો ભાષામાં સૂત્ર સિદ્ધાંતો લખાયલાં છે તે ભાષાનું જ્ઞાન કરીને જાણવાનું રહ્યું એટલે કષાયગ્રસ્ત આત્માઓ કદાગ્રહગ્રસ્ત થવાથી સિદ્ધાંતોનું રહસ્ય મેળવી શકતા નથી અને મિથ્યાભિમાનથી પ્રભુના વચનોની તાણાતાણ કરીને છિન્નભિન્ન દશા કરી નાંખવાથી વિરાધક ભાવની દિશામાં ઘસડાઈ રહ્યા છે; માટે જો તેમ ન થવા પામે તો ભાવપર્યુષણાનું આરાધન થઇ શકે છે અને પ્રભુની આજ્ઞા પણ જાળવી શકાય છે તો ભવભીરુ આત્માએ પર્યુષણમાં કષાય ત્યાગ કરીને સમતા તથા શાંતિપૂર્વક પર્યુષણા આરાધવાની આવશ્યકતા છે.

## પ્રાપ્યાપ્રાપ્યમીમાંસા.

### ( ૧૮ )

**આ**ત્માને કોઇ પણ વસ્તુનો બોધ કરવો હોય છે ત્યારે આત્માની સાથે મનનો સંબંધ થાય છે અને તે મન ઇંદ્રિયો સાથે જોડાય છે. ઇંદ્રિયોનું બહારની વસ્તુઓ સાથે જોડાણ થાય છે ત્યારે સકર્મક આત્મા બહારની વસ્તુઓને જાણી શકે છે. પાંચે ઇંદ્રિયોનો વસ્તુઓની સાથે સંબંધ થયા સિવાય આત્મા

કોઇ પણ વસ્તુને જાણી શકે નહિં એમ પ્રાયઃ બધા ય માને છે; પણ જૈન સિદ્ધાંત પ્રમાણે તો આંખ તથા મનનો બહારની વસ્તુઓ સાથે સંબંધ થતો નથી. આંખ તથા મન કોઇ પણ વસ્તુઓ સાથે જોડાયા સિવાય આત્માને પોતાના વિષયનું જ્ઞાન કરાવે છે અને તેથી આંખ તથા મનને અપ્રાપ્યકારી માન્યાં છે એટલે કે બંને પોતાના સ્થાનમાં રહીને વસ્તુને મળ્યા સિવાય તેને જણાવી શકે છે. બાકીની સ્પર્શ, રસ, ઘ્રાણ તથા કર્ણેંદ્રિય પ્રાપ્યકારી હોવાથી તે બહારની વસ્તુઓની સાથે સંયોગસંબંધથી જોડાઇને બોધ કરાવે છે, કાન, નાક, જીભ તથા ત્વચા–આ ચાર ઇંદ્રિયોની સાથે શબ્દ, ગંધ, રસ તથા સ્પર્શના પુદ્ગલ દ્રવ્યોનો સંબંધ થવાથી તે ઇંદ્રિયોનું નુકશાન થતું નથી પણ આંખના વિષયવાળી વસ્તુઓનો આંખની સાથે સંબંધ થાય તો તેનું નુકશાન થાય છે. દેવતા આંખે અડે તો આંખ બળી જાય, ચાકુ અડે તો કપાઈ જાય છે. આ પ્રમાણે વસ્તુઓના સંબંધથી આંખ નષ્ટ થતી પ્રત્યક્ષ જણાય છે, તેથી અને આંખમાં આંજેલા કાજળનો સંબંધ હોવા છતાં પણ આંખ જોઈ શકતી નથી એટલા માટે આંખ કોઇ પણ વસ્તુની સાથે જોડાયા સિવાય પોતાના સ્થળમાં રહીને વસ્તુઓનો બોધ કરાવે છે અને તેથી જ તેને અપ્રાપ્યકારી માનવામાં આવી છે.

મન ઇંદ્રિય પણ અપ્રાપ્યકારી હોવાથી તે પોતાના સ્થળમાં રહીને સેંકડો ગાઉ દૂર રહેલી પણ બહિકરણરૂપ ઇંદ્રિયોદ્વારા એક વખત જણાવેલી વસ્તુને જણાવે છે. મનનું મુખ્ય કામ તો બહારની ઇંદ્રિયો સાથે જોડાવાનું છે, મન પાંચે ઇંદ્રિયોની સાથે જોડાઇને પાંચે ઇંદ્રિયોના વિષયનો બોધ આત્માને કરાવે છે.

મનદ્વારા જાણેલું આત્મા બોધરૂપે સંઘરી રાખે છે, પછી કાળાંતરે એકલા મનદ્વારા તેને જાણી શકે છે કે જેને સ્મૃતિ કહેવામાં આવે છે; આત્મામાં અનેક જન્મોના બોધનો સંગ્રહ હોવાથી માનવ જીવનમાં ગમે ત્યારે મનદ્વારા જાણી શકે છે; પણ પાછલ જન્મોમાં ભિન્ન દેહ તથા ભિન્ન મન હોવાથી વર્તમાન દેહની ઇંદ્રિયો સાથે વર્તમાન મન જોડાઇને આત્માને જે કાંઇ બોધ કરાવે છે અને તેનું સ્મરણ થાય છે તેવું સ્મરણ થતું નથી તેથી તેને વિકલ્પ કહેવામાં આવે છે અને તેથી જ તે અસ્પષ્ટ ભાસે છે.

ચક્ષુ આદિ બાહ્ય ઇંદ્રિયો અને આત્મા બેના વચમાં જો મનનો સંબંધ ન હોય તો આત્મા ઇંદ્રિયોનો વ્યાપાર હોવા છતાં પણ બાહ્ય વસ્તુઓનો બોધ કરી શકે નહિં. જે જીવોને મન હોતું નથી અને જેને અસંજ્ઞી કહેવામાં આવે છે તેમને પણ અત્યંત અલ્પ પ્રમાણમાં મન હોય છે અને સંજ્ઞા પણ હોય છે, પરંતુ સારી રીતે બોધ કરાવી શકે તેવું ન હોવાથી તેનો નિષેધ કર્યો છે. અગ્નિનો સૂક્ષ્મતમ કણ બાળવાનું કામ ન કરી શકવાથી અગ્નિનો નિષેધ કરવામાં આવે છે. અંધારામાં પણ અત્યંત અલ્પ પ્રકાશ તો હોય છે પણ પ્રકાશનું કાર્ય ન કરી શકવાથી તેનો નિષેધ કરવામાં આવે છે તેવી જ રીતે અસંજ્ઞી જીવોમાં મનનો નિષેધ કર્યો છે; અને લાંબા કાળનો વિચાર કરવાની શક્તિ ન હોવાથી સંજ્ઞાનો નિષેધ કર્યો છે; બાકી એક ઇંદ્રિય માત્ર શરીરવાળા જીવોમાં આહાર આદિ ચાર સંજ્ઞા તથા મન હોય છે. શરીર–સ્પર્શેંદ્રિય અને મોઢું–રસ-

નેંદ્રિય એમ બેઇંદ્રિયવાળા જીવોમાં એકેંદ્રિયના જીવો કરતાં કાંઇક સ્પષ્ટ સંજ્ઞા તથા મન હોય છે અને તેને માનવી જોઇ-જાણી શકે છે અર્થાત્ પ્રત્યક્ષ કરી શકે છે તેથી અણુસમજુ, થોડી બુદ્ધિવાળા માનવીઓ પણ તેને જીવ તરીકે ઓળખાવી શકે છે; પણ વનસ્પતિ સિવાયના એકેંદ્રિય-દેહ માત્ર ધારણ કરવાવાળા બુદ્ધિગ્રાહ્ય ન થવાથી જીવ તરીકે ઓળખાતા નથી. એક ઇંદ્રિયવાળા જીવોના દેહની રચના કરતાં બેઇંદ્રિયવાળા જીવોના દેહની રચના વિલક્ષણ હોય છે. એક ઇંદ્રિયના જીવો માત્ર એક ઇંદ્રિય જીવોના દેહનો આહાર કરીને જીવે છે ત્યારે બેઇંદ્રિય આદિ જીવો એકેંદ્રિયના દેહ સિવાયના બેઇંદ્રિય આદિ જીવોના દેહમાંથી પણ પોતાનો આહાર કરે છે અને તેથી જ તેમના શરીરોમાં ઉત્તરોત્તર વિલક્ષણતા રહેલી છે તેમજ તેમના મન તથા સંજ્ઞાઓમાં પણ ઉત્તરોત્તર સ્પષ્ટપણું હોય છે. બેઇ-દ્રિય કરતાં ત્રણ અને ત્રણ કરતાં ચાર અને છેવટે પાંચ ઇંદ્રિય સુધીના જીવો અસંજ્ઞી મન વગરના હોવા છતાં પણ મન તથા સંજ્ઞાના બોધમાં વધારે ને વધારે સ્પષ્ટતા હોવાથી તેમનામાં ચૈતન્ય પણ વધારે સ્પષ્ટ જણાય છે. બેઇંદ્રિયવાળા જીવો શંખ તથા છીપ વિગેરે જ્યારે સજીવ હોય છે ત્યારે પોતાની જાતિના બેઇંદ્રિય સૂક્ષ્મ જંતુઓનું ભક્ષણ કરે છે, કદાચ તે ચાલતા હોય અને આપણે તેને અડીએ તો પોતાનું મોં શરીરમાં ખેંચી લઈને મરેલાપણાનો ડોળ કરે છે. આ ઉપરથી તેમનામાં આહાર તથા ભય સંજ્ઞા સ્પષ્ટ દેખાય છે. જળો મનુષ્યના દેહમાંથી રુધિર પીવે છે. આ પ્રમાણે બેઇંદ્રિયમાં મન તથા સંજ્ઞાનો બોધ એકેંદ્રિય કરતાં વધારે સ્પષ્ટ હોય છે. આવી જ રીતે

જેમ જેમ ઇંદ્રિયો વધતી જાય છે તેમ તેમ મન તથા સંજ્ઞાનો બોધ પણ વધતો જાય છે. ત્રણ ઇંદ્રિયવાળા મકોડાને જો આપણે છેડીએ તો તરત બટકું ભરી લે છે અને ચોંટી જાય છે તે છોડતા જ નથી તેમજ મકોડો તથા કીડીઓ ખાવાને માટે ખોરાકનો સંગ્રહ કરે છે. મીઠાસ કે ચીકાસ જ્યાં રહ્યાં હોય ત્યાં ગંધને અનુસરીને પહોંચી જાય છે. ચાર ઇંદ્રિયવાળી ભમરીયોને જો આપણે પજવીએ તો તે આપણને ઝટ ડંખ મારે છે. જો તે ઠેકાણું છોડી બીજે ચાલ્યા જઈએ તો આપણી પાછળ દોડીને પણ આપણને જ કરડે છે. ખોરાકને માટે પુષ્પોના રસનો સંગ્રહ કરે છે કે જેને મધ કહેવામાં આવે છે. મન તથા સંજ્ઞા વગરના પાંચ ઇંદ્રિયવાળા તો માણુસ પણ હોય છે, પરંતુ તે અત્યંત સૂક્ષ્મ હોવાથી અતીંદ્રિયજ્ઞાનથી જાણી શકાય છે પણ આંખોથી જોઇ શકાતાં નથી. બાકી દેડકાં આદિને જોઇ શકીએ છીએ. એમનામાં પણ આહાર, ભય આદિ સંજ્ઞાઓ વધારે સ્પષ્ટ જણાય છે. આ પ્રમાણે મન તથા સંજ્ઞાનાં કાર્ય અસંજ્ઞી કહેવાતા પંચેંદ્રિય સુધીના જીવોમાં ઇંદ્રિયોની વૃદ્ધિના પ્રમાણમાં સ્પષ્ટ સ્પષ્ટતર જણાય છે, છતાં ભૂતકાળની સ્મૃતિ તથા ભવિષ્ય કાળની વિચારણા ન હોવાથી; ગુણદોષના ભેદનું ભાન ન હોવાથી, હિતાહિતની પ્રાપ્તિ તથા પરિહારનો બોધ ન હોવાથી મન વગરના અસંજ્ઞી કહેવામાં આવે છે.

આ પ્રમાણે મન સકર્મક જીવોને જાણવાનું અંતઃકરણ સાધન હોવાથી જીવ માત્રને હોય છે. આ મનથી સંજ્ઞી પંચેંદ્રિય જીવો વિચારપૂર્વક વસ્તુનો બોધ કરી શકે છે. અને તે મન પોતાના સ્થાનમાં રહીને જ આત્માને બોધ કરાવે છે.

અર્થાત્ મનનો આત્માની સાથે તથા પાંચે ઇંદ્રિયો સાથે સંબંધ હોતો નથી તેથી મનને અપ્રાપ્યકારી માન્યું છે. કોઇ માણસ કોઈપણ દેશ કે વસ્તુનું વર્ણન કરતો હોય ત્યારે કહેનાર અને સાંભળનાર બંને જણા મનનો ઉપયોગ કરે છે, કહેનાર બાહ્ય ઇંદ્રિયો દ્વારા પ્રથમ પ્રત્યક્ષ કરેલી વસ્તુ પરોક્ષ હોવા છતાં પણ કહેતી વખતે મનથી પ્રત્યક્ષ કરીને જણાવે છે. સાંભળનારે જો પહેલાં ઇંદ્રિયોથી તે વસ્તુ પ્રત્યક્ષ કરી હોય તો કહેનારની જેમ પોતે પણ મન પ્રત્યક્ષ કરે છે અને જો પહેલાં પ્રત્યક્ષ ન કરી હોય તો પોતે જોયેલી જાણેલી બીજી વસ્તુઓની સાથે સરખાવે છે તેથી તે વર્ણન કરનાર કરતાં જુદી રીતે મન પ્રત્યક્ષ કરે છે માટે તેને કલ્પના કહેવામાં આવે છે. અયથાર્થપણે મન પ્રત્યક્ષ કરાય છે તે કલ્પના કહેવાય છે: જ્યારે કહેનારની વાત કોઇ પણ પ્રકારે મનઃપ્રત્યક્ષ ન થાય ત્યારે સાંભળનાર કહે છે કે તમે કહો છો તે સમજાતું નથી, ધ્યાનમાં આવતું નથી.

જૈન સિદ્ધાંત વસ્તુમાત્રને અનેક દૃષ્ટિથી જુએ છે, એટલે કોઈપણ વચનનો નિરધાર થઈ શકે નહિં. કઈ દૃષ્ટિથી કયું વચન કહેવાયું છે તેને સાચી રીતે જાણવાને અપેક્ષાની ગવેષણા કરવી પડે છે. આખું ય જગત્ (ચૌદ રાજલોક) પુદ્‌ગલસ્તિકાયથી શૂન્ય નથી, જગતનો કોઇપણ પ્રદેશ એવો નહિં હોય કે જ્યાં પુદ્‌ગલપરમાણુ તથા સ્કંધો ન હોય. અનંતર કે પરંપર સંબંધ વગરનું કોઈપણ જીવદ્રવ્ય કે અજીવદ્રવ્ય જગતમાં નથી. આંખ વગરની ચાર ઇંદ્રિયો સાથે બહારની વસ્તુઓનો સંબંધ થાય છે તેથી આત્મા તે વસ્તુઓનો બોધ કરે છે. આ ચારે ઇંદ્રિયો પોતાના વિષયોની સાથે જોડાયા

સિવાય આત્માને તેનો બોધ કરાવી શકતી નથી. આ સંબંધ બે પ્રકારનો છેઃ એક તો મૂલ દ્રવ્યનો અને બીજો વાસિત દ્રવ્યનો. વર્ણાદિ સમાન ધર્મવાળા પુદ્ગલ દ્રવ્ય પરસ્પર એક બીજાને વાસિત કરી શકે છે. એક પુદ્ગલ દ્રવ્ય પોતાનામાં રહેલા ઉત્કટ ગુણથી બીજા દ્રવ્યમાં તિરોભાવે રહેલા તેવા જ ગુણનો આવિર્ભાવ કરી શકે છે, પણ ઉત્કટ ગુણવાળા દ્રવ્યના સંસર્ગથી ઈતર દ્રવ્યમાં તેના તે ગુણવાળા સૂક્ષ્મતમ પુદ્ગલ સ્કંધો છૂટા પડીને ભળી જાય છે. વાસિત દ્રવ્યો પણ અનંતર અને પરંપર એમ બે પ્રકારના હોય છે. પરંપર વાસિત દ્રવ્યોનું ક્ષેત્ર અત્યંત વિશાળ હોય છે. બૃહત્તર અને બૃહત્તમ-ક્ષેત્રના અંતરમાં પરંપર વાસિત દ્રવ્યોનો સંબંધ થાય છે. મૂળ દ્રવ્ય અને વાસિત દ્રવ્યનો ઇંદ્રિયો સાથે સંબંધ થવાથી આત્માને તે તે ઇંદ્રિયના વિષયનો બોધ થાય છે તેમાં તારતમ્યતા રહેલી હોય છે, છતાં બોધ કરનાર આત્માઓ પોતપોતાના ક્ષયોપશમાનુસાર તેનું પૃથક્કરણ કરી શકે છે. મંદતમ ક્ષયોપશમથી પૃથક્કરણ થઈ શકતું નથી. મૂળ દ્રવ્યના સંબંધથી સ્પષ્ટ બોધ થાય છે તો યે મંદ ક્ષયોપશમવાળો ઘણી વખત ભ્રમિત થઇ જાય છે.

કાનથી શબ્દનો બોધ થાય છે તે સમશ્રેણીમાં–સન્મુખ રહેલાને મૂળદ્રવ્યથી અને વિષમ શ્રેણીમાં વિમુખપણે રહેલાને વાસિત દ્રવ્યથી થાય છે. અર્થાત્ સમશ્રેણીવાળાને મૂળદ્રવ્યોનો એટલે કે ભાષા–શબ્દપણે પરિણમેલા દ્રવ્યના સંબંધથી અને વિષમશ્રેણીવાળાને ભાષાના દ્રવ્યોના સંસર્ગથી વાસિત થયેલા ઈતર દ્રવ્યોના સંબંધથી બોધ થાય છે. આ પ્રમાણે મૂળ દ્રવ્યો, વાસિત

દ્રવ્યો અને વાસિત–વાસિત પુદ્ગલ દ્રવ્યો આત્માને બોધ કરાવવામાં નિમિત્તભૂત થાય છે. શબ્દ બોધ ત્રણે પ્રકારથી થઈ શકે છે.

નાક–ઘ્રાણેંદ્રિયથી જે ગંધનો બોધ થાય છે તેમાં પણ મૂળ દ્રવ્ય તથા વાસિત દ્રવ્યો નિમિત્તભૂત બને છે. પુષ્પ અથવા તો બીજી કોઇ પણ કપુર–કસ્તૂરી આદિ સુગંધી વસ્તુની જે ઘણે છેટેથી ગંધ આવે છે તે પ્રાયઃવાસિત પુદ્ગલો હોય છે. અને તે પરંપરાથી વાસિત થયેલા પુદ્ગલદ્રવ્યોનો નાકની સાથે સંબંધ થવાથી થાય છે. જે મૂળ દ્રવ્યોના સંબંધથી ગંધ આવે છે તે દૂરથી આવતી ગંધ કરતાં ઉત્કૃષ્ટ અને સ્પષ્ટ હોય છે. જીભની સાથે સાકર આદિ દ્રવ્યોનો સંબંધ થવાથી મીઠાસ આદિ રસોનો બોધ થાય છે, અને સાકર આદિ દ્રવ્યોથી વાસિત થયેલા પુદ્ગલોથી પણ રસનો બોધ થાય છે. પણ રસવાળા પદાર્થોથી વાસિત થયેલા પુદ્ગલોમાં શબ્દ તથા ગંધ કરતાં મંદતમ વાસનાનો પાસ લાગવાથી વાસિત થયેલા રસના પુદ્ગલોના સંબંધથી રસનો બોધ અત્યંત અલ્પ પ્રમાણમાં થાય છે. વાસિત થયેલા રસવાળા દ્રવ્યોનો જીભની સાથે સંબંધ થવા છતાં પણ અસ્પષ્ટ રસને લઇને મંદ ક્ષયોપશમવાળા માનવીને રસનો બોધ શબ્દ તથા ગંધની જેમ થઇ શકતો નથી.

સ્પર્શજ્ઞાન પણ મૂળ દ્રવ્ય તથા વાસિતદ્રવ્યથી થાય છે. મૂળદ્રવ્યનો સ્પર્શેંદ્રિય સાથે સંબંધ થવાથી સ્પર્શજ્ઞાન શીઘ્ર અને સ્પષ્ટ થાય છે અને વાસિત દ્રવ્યોના સંબંધથી મંદ તથા ધીમે ધીમે થાય છે. આ પ્રમાણે આંખ વગરની ચારે ઇંદ્રિયોની સાથે મૂળ અને વાસિત એમ બે પ્રકારના દ્રવ્યોનો સંબંધ થવાથી વિષયબોધ થાય છે ત્યારે આંખની

સાથે મૂળદ્રવ્યના સંબંધનો નિષેધ કરવામાં આવ્યો છે. આંખ મૂળ દ્રવ્ય–વસ્તુના સંબંધ સિવાય શ્વેતાદિ વર્ણનો બોધ કરાવી શકે છે. જો કે આંખનો વિષય માત્ર વર્ણબોધ કરાવવાનો છે, છતાં આકારનો બોધ પણ આંખથી થાય છે. પણ તે આંખનો વિષય કહેવાતો નથી કારણ કે સ્પર્શેંદ્રિય પણ આકારનો બોધ કરાવે છે. સ્પર્શજ્ઞાન અને વર્ણજ્ઞાનથી આકારજ્ઞાન ભિન્ન હોવાથી આંખ તથા સ્પર્શ બંને ઇંદ્રિયોના વિષયથી આકારનો ભિન્ન વિષય છે. ખરૂં જોતાં તો જેમ ઇંદ્રિયોના વિષય પુદ્‌ગલ દ્રવ્યના ગુણ છે તેમ આકાર ગુણ નથી પણ પુદ્‌ગલ દ્રવ્યોની રચનાવિશેષ હોવાથી દ્રવ્ય છે અને તેથી આંખ તથા સ્પર્શ બંને ઇંદ્રિયો તેને ગ્રહણ કરી શકે છે. અને જે વર્ણ ગંધાદિ ગુણો છે તેને તો પોતપોતાની ગ્રાહકવિષયી ઇંદ્રિયો જ ગ્રહણ કરી શકે છે. એક ઇંદ્રિયનો વિષય ભિન્ન ઇંદ્રિય ગ્રહણ કરી શકતી નથી. આંખમાં અંજન આંજવાથી ઠંડક થાય છે તેમજ બીજી વસ્તુઓના સંબંધથી ઉષ્ણતા આદિ સ્પર્શના વિષયનો બોધ આંખથી થાય છે એમ જણાય છે પણ તે આંખથી બોધ થતો નથી પણ આંખમાં રહેલી ત્વચારૂપ સ્પર્શેંદ્રિયથી બોધ થાય છે; કારણ કે આંખનો વિષય વર્ણબોધ જ કરાવવાનો છે અને તે વસ્તુના સંબંધથી થઈ શકતો નથી અને એટલા માટે જ આકારો કે જેને દ્રવ્ય કહેવામાં આવ્યું છે તેનો બોધ આંખ તથા સ્પર્શ બંને ઇંદ્રિયોથી થાય છે છતાં બંને ઇંદ્રિયોની બોધ કરવાની રીત જુદી છે. સ્પર્શેંદ્રિય આકારવાળી વસ્તુનો ત્વચાની સાથે સંબંધ થયા સિવાય તેનો

બોધ કરાવી શકતી નથી ત્યારે આંખ તે વસ્તુનો સંબંધ થયા વગર જ બોધ કરાવી શકે છે.

આ પ્રમાણે આંખ વગરની ચારે ઇંદ્રિયોની સાથે વસ્તુઓનો-મૂળ દ્રવ્યોનો સંબંધ થઇને બોધ થાય છે તેથી તેને પ્રાપ્યકારી તરીકે ઓળખાવી છે અને આંખની સાથે સંબંધ થતો નથી અને બોધ થાય માટે તેને અપ્રાપ્યકારી માની છે, અર્થાત્ વસ્તુની સાથે જોડાયા સિવાય તેનો બોધ કરાવે છે, પણ અગાઉ શરૂઆતમાં જ કહેવાયું છે તેમ લોકાકાશનો કોઈ પણ પ્રદેશ પુદ્ગલ દ્રવ્યોથી ખાલી નથી અને તેનો અનંતર કે પરંપર સંબંધ જીવ તથા અજીવ દ્રવ્યની સાથે રહેલો છે એ દૃષ્ટિથી ચક્ષુઇંદ્રિયની સાથે પણ પુદ્ગલ દ્રવ્યોનો સંબંધ તો છેજ પણ અહિં જે નિષેધ કર્યો છે તે અનંતર સંબંધનો છે પણ પરંપર સંબંધનો કર્યો નથી. અપ્રાપ્યનો અર્થ સર્વ પ્રકારના પુદ્ગલ દ્રવ્યના સંબંધનો અભાવ માનવામાં આવે તો આંખ કોઈ પણ પ્રકારની બાહ્ય વસ્તુનો બોધ કરાવી શકે નહિં, માટે પરંપરાથી વાસિત થયેલા ( વિશ્રસા ) પુદ્ગલ દ્રવ્યોનો સંબંધ થાય છે. વાસિત પુદ્ગલો બે પ્રકારના હોય છે જેનું મૂળ કારણ જીવ હોય છે તે પ્રયોગથી વાસિત કહેવાય છે. અને જેનું કારણ અજીવ હોય છે તે વિશ્રસા કહેવાય છે. વર્ણ-ગંધ-રસ તથા સ્પર્શના પુદ્ગલો જીવે પોતાના પ્રયોગથી દૃશ્ય સ્કંધપણે પરિણમાવેલા દેહમાંથી સૂક્ષ્મતમ નિકળીને વિશ્રસા પુદ્ગલ સ્કંધોમાં ભળી જાય છે તેથી તે સ્કંધો વાસિત થાય છે અર્થાત્ તદાકારપણે પરિણમી જાય છે. સચેતન પ્રાયોગિક સ્કંધ સ્વરૂપ દેહથી વાસિત થયેલા શુદ્ધ વિશ્રસા પુદ્ગલ

સ્કંધો પ્રાયોગિક વિશ્રસા કહેવાય છે. અને અચેતન દેહ આદિથી વાસિત થયેલા વિશ્રસા વાસિત કહેવાય છે. જો કે નિર્જીવ દેહ પણ જીવના પ્રયોગથી જ બનેલો છે, છતાં તેનાથી વાસિત થયેલ શુદ્ધ વિશ્રસા સ્કંધો વિશ્રસા વાસિત એટલા માટે કહેવાય છે કે તે અજીવથી વાસિત થાય છે. વિશ્રસા સ્કંધોમાં અનેક પ્રકારના આકારો હોય છે અને તેમાં રહેલા ઉત્કટ વર્ણ ગુણને લઇને તે ચક્ષુ પ્રત્યક્ષ થાય છે. તે સિવાયની અન્ય ઇંદ્રિયો વિશ્રસા સ્કંધોનું પ્રત્યક્ષ કરાવી શકતી નથી અર્થાત્ પ્રયોગજા પુદ્ગલ સ્કંધોના આકાર વિશેષ સ્પર્શ ઇંદ્રિયથી પણ પ્રત્યક્ષ કરી શકાય છે પણ વિશ્રસા આકૃતિઓ ફક્ત ચક્ષુ ઇંદ્રિય જ ગ્રહણ કરી શકે છે. પ્રયોગજા અને વિશ્રસાની ઓળખાણ પ્રાયઃ ઇંદ્રિયોના ગ્રહણ–અગ્રહણ ઉપર આધાર રાખે છે. અચિત્ત મહાસ્કંધ સુધીના શુદ્ધ વિશ્રસા પુદ્ગલ સ્કંધોને તો કોઇપણ ઇંદ્રિય ગ્રહણ કરી શકતી નથી; પણ અશુદ્ધ વિશ્રસાને ઇંદ્રિયો ગ્રહણ કરી શકે છે. અંધકાર–છાયા–પ્રકાશ આદિ વિશ્રસા પુદ્ગલ સ્કંધો કે જે સચેતન તથા અચેતન દેહાદિ સ્વરૂપ પુદ્ગલ સ્કંધોદ્વારા તદાકારમાં પરિણમે છે તેને ચક્ષુ ઇંદ્રિય ગ્રહણ કરી શકે છે. ઇંદ્રધનુષ્ય તથા વાદળા આદિ વિશ્રસા પણ ચક્ષુઇંદ્રિયદ્વારા ગ્રહણ થાય છે. આ બધાય ઇંદ્રિયગ્રાહ્ય પુદ્ગલ સ્કંધો વિશ્રસા છે. જો કે ઇંદ્રધનુષ્ય તથા વાદળાના વિશ્રસા માટે પવન તથા પાણીના સચેતન શરીરને કારણપણે બતાવ્યા નથી પણ દ્રશ્ય વિશ્રસા હોવાથી તેના પરિણમન માટે પવન તથા પાણીના શરીર કારણભૂત હોવા જોઇએ એવું અનુમાનથી સમજાય છે, કારણ કે સ્વાભાવિકી ક્રિયાથી દ્વયણુક,

ચ્યણુક આદિથી લઈને સંખ્યાત, અસંખ્યાત, અનંતાનંત પુદ્ગલ સ્કંધપણે પરિણમેલા વિશ્રસા સ્કંધો અદ્રશ્ય જ હોય છે, તેને કોઈપણ ઇંદ્રિય ગ્રહણ કરી શકતી નથી તેવી જ રીતે ઇંદ્રધનુષ તથા વાદળ આદિ પણ શુદ્ધ વિશ્રસા સ્કંધો હોય તો ઇંદ્રિયગ્રાહ્ય થઈ શકે નહિં પણ અંધકાર તથા છાયા આદિની જેમ ઇંદ્રિયગ્રાહ્ય થાય છે માટે તે જીવે ગ્રહણ કરેલા શરીરના સંસર્ગથી પરિણમતા હોવાથી અશુદ્ધ વિશ્રસા અનુમાન થાય છે. અને તે વિશ્રસા પુદ્ગલ સ્કંધો હોવાથી તેમાં વર્ણ–ગંધ–રસ તથા સ્પર્શ હોવા છતાં પણ માત્ર વર્ણ ગ્રહણ થાય છે; બીજા ગુણો ઉત્કટ ન હોવાથી તે તે વિષયોની ગ્રાહક છતાં ઇંદ્રિયોદ્વારા તે ગુણોનો બોધ થતો નથી; માટે ચક્ષુવિહીન જીવો વિશ્રસાનો બોધ કરી શકે નહિં. ગંધ તથા રસ આદિના પ્રયોગજા પુદ્ગલ સ્કંધોના સંસર્ગથી પરિણત થયેલા શુદ્ધ પુદ્ગલ સ્કંધો ઘ્રાણ આદિ ઇંદ્રિયોથી ગ્રહણ થતા હોવાથી તેને વાસિત કહેવામાં આવે છે. જો કે વાસિત થયેલા પુદ્ગલ સ્કંધો શુદ્ધ વિશ્રસા પણ હોય છે છતાં તેને વિશ્રસા ન કહેતાં વાસિત કહ્યા છે. ફક્ત ચક્ષુ ઇંદ્રિયદ્વારા ગ્રહણ થનારા પુદ્ગલ સ્કંધોમાં વિશ્રસાનો પ્રયોગ જોવામાં આવે છે. આંખ સાથે વિશ્રસા પુદ્ગલ સ્કંધો જોડાવાથી વર્ણ તથા આકારોનો બોધ આત્માને થાય છે અને તે આકારોથી જે જે વસ્તુઓનો સંકેત કરેલો હોય છે તે તે વસ્તુઓનો બોધ આત્મા કરે છે. જેમ રસનેંદ્રિય તથા ઘ્રાણેંદ્રિયથી વસ્તુનો બોધ કરવાને માટે રસ તથા ગંધની આવશ્યકતા રહે છે પણ વર્ણ તથા આકારની આવશ્યકતા રહેતી નથી તેમ ચક્ષુ ઇંદ્રિયથી વસ્તુનો બોધ કરવાને વર્ણ તથા

આકારની આવશ્યકતા હોય છે પણ રસ તથા ગંધની આવશ્યકતા હોતી નથી. આંધળા માણસને ડાઢમ–લીંબુ–મોસંબી–શેરડી તથા નારંગી આદિનો રસ આપવામાં આવે અથવા તો ગુલાબ–કેવડો આદિનો અરક તથા અત્તર આપવામાં તો તે ચાખીને કે સુંઘીને તે તે વસ્તુઓનું જ્ઞાન કરીને કહી શકે છે કે આ અમુક વસ્તુ છે. એને ચાખ્યા કે સુંઘ્યા વગર આંખોવાળો દેખતો માણસ છેટે પડેલા પુષ્પ–ફળાદિ વસ્તુઓને જોઇને કહી શકે છે કે અમુક અમુક વસ્તુઓ છે. વર્ણજ્ઞાન માટે આકાર ગ્રહણની આવશ્યકતા છે. જ્યાં વર્ણજ્ઞાન હોય છે ત્યાં આકારજ્ઞાન હોય છે પણ જ્યાં આકારજ્ઞાન હોય ત્યાં વર્ણજ્ઞાન નથી પણ હોતું. અને તેથી કરીને સ્પર્શઇંદ્રિયથી માત્ર આકારજ્ઞાન થાય છે અને ચક્ષુઇંદ્રિયથી આકાર તથા વર્ણ બંનેનું જ્ઞાન થાય છે. જ્યાંસુધી આંખ આકાર ગ્રહણ કરે નહિં ત્યાંસુધી તે વર્ણજ્ઞાન કરાવી શકે નહિં. આકારો પુદ્ગલ સ્કંધોની રચનાવિશેષને કહેવામાં આવે છે અને તે પુદ્ગલસ્કંધની રચના પ્રયોજા અને વિશ્રસા બે પ્રકારની કહેવામાં આવી છે, તેમાંથી પ્રયોગજા પુદ્ગલ સ્કંધોનું ગ્રહણ આંખ કરી શકતી નથી કારણ કે તેના માટે સ્પષ્ટ નિષેધ કરવામાં આવ્યો છે માટે આંખ વિશ્રસા પુદ્ગલોનું ગ્રહણ કરી શકે છે. અર્થાત્ સચેતન અથવા અચેતન પ્રાયોગિક પુદ્ગલ સ્કંધોના સંબંધથી શુદ્ધ વિશ્રસા સ્કંધો અશુદ્ધ વિશ્રસાપણે પરિણમે છે તેનો ચક્ષુ ઇંદ્રિય સાથે સંબંધ થવાથી તે વર્ણ તથા આકારનો બોધ કરાવે છે.

સ્વતઃ પરિણમેલા પુદ્ગલોના મહાનમાં મહાન સ્કંધો કેમ ન હોય પણ જ્યાં સુધી જીવના પ્રયોગથી સ્કંધપણે પરિણમે

નહિં ત્યાં સુધી તે પ્રત્યક્ષ થઇ શકે નહિં, તેમજ જીવને અનેક પ્રકારે ઉપકારી પણ બની શકે નહિં. પ્રયોગજા પુદ્ગલો સ્કંધોમાં પણ પરિણામની વિચિત્રતાને લઇને કેટલાક પ્રત્યક્ષ નથી થતા. શરીર તથા ભાષા આદિ ઇંદ્રિય પ્રત્યક્ષ થાય છે અને મન તથા શ્વાસોશ્વાસ આદિ ઇંદ્રિય પ્રત્યક્ષ થતા નથી. તેમાં ખાસ કારણ તો સ્કંધોનું સૂક્ષ્મ પરિણમન છે. જેમ જેમ પુદ્ગલ પરમાણુઓની સંખ્યા સ્કંધોમાં વધતી જાય છે તેમ તેમ સ્કંધો સૂક્ષ્મ–સૂક્ષ્મતર પરિણામવાળા થતા જાય છે. તેથી તે ઇંદ્રિયગ્રાહ્ય થઇ શકતા નથી. કર્મના સ્કંધોમાં અર્થાત્ કર્મ બનવા લાયક પુદ્ગલ સ્કંધોમાં પરમાણુની સંખ્યા અન્ય શરીર તથા ભાષા અને મન આદિના સ્કંધોમાં રહેલા પરમાણુઓની સંખ્યા કરતાં અનંતાનંતગણી હોય છે એટલે તે જીવોપયોગી અન્ય પુદ્ગલ સ્કંધો કરતાં વધારે સૂક્ષ્મ પરિણામવાળા હોવાથી સર્વથા ઇંદ્રિયગ્રાહ્ય થઇ શકે નહિં પણ કાર્ય ઉપરથી અનુમાન થઇ શકે છે. આ પ્રમાણે જીવે પોતાના પ્રયોગથી શરીર આદિ-પણે પરિણમાવેલા શુદ્ધ વિશ્રસા પુદ્ગલ સ્કંધો પ્રયોગજા કહેવાય છે.

વિશ્રસા પુદ્ગલ સ્કંધોમાં વાદળ તથા ઇન્દ્રધનુષ્ય આદિ જે ઉપર જણાવ્યા છે તે અશુદ્ધ વિશ્રસા એટલા માટે કહ્યા છે કે તે ઇંદ્રિયગ્રાહ્ય થાય છે. જો કે તે પુદ્ગલ સ્કંધો જીવના પ્રયોગ વગર સ્વાભાવિકી ક્રિયાથી થાય છે તો પણ તે પ્રયોગજા પુદ્ગલ સ્કંધોના સંસર્ગથી તદાકારે પરિણમે છે. જેમકે–પવન તથા પાણીના દેહના સંસર્ગથી શુદ્ધ પુદ્ગલ સ્કંધો વાદળ તથા ઇન્દ્રધનુષ્યના આકારમાં પરિણમી જાય છે માટે જ તેને અશુદ્ધ

વિશ્રસા કહેવામાં આવે છે, અને વિશ્રસા હોવા છતાં પણ ઇન્દ્રિયો ગ્રહણ કરી શકે છે. આવી જ રીતે અંધકાર તથા છાયા આદિના પુદ્‌ગલ સ્કંધો પણ અશુદ્ધ વિશ્રસા કહી શકાય; કારણ કે તે એક ઇંદ્રિયથી લઇને પંચેંદ્રિય સુધીના જીવોના પ્રયોગજા દેહ આદિના સંસર્ગથી શુદ્ધ વિશ્રસા તે તે આકારોમાં પરિણમેલા હોય છે તેથી તે દૃષ્ટિગોચર થાય છે. વિશ્રસા સ્વરૂપ પ્રતિબિંબ માટે વિચાર કરતાં શાસ્ત્રવાળા જણાવે છે કે–શરીર આદિમાંથી સૂક્ષ્મ પુદ્‌ગલ સ્કંધો નિકળીને દર્પણમાં પ્રવેશ કરી જાય છે તે પ્રતિબિંબરૂપે દૃશ્ય થાય છે. આનું રહસ્ય એમ સમજાય છે કે–શરીરમાંથી સૂક્ષ્મતમ પુદ્‌ગલો નિકળીને દર્પણ આદિમાં રહેલા શુદ્ધ વિશ્રસા સ્કંધોને મળે છે એટલે તે અશુદ્ધ વિશ્રસારૂપ પ્રતિબિંબરૂપે પરિણમી જાય છે તેથી તે દેખી શકાય છે. આ બધાય દૃશ્ય અશુદ્ધ વિશ્રસાની ઉત્પત્તિનું કારણ પ્રયોગજા દેહાદિ સ્કંધો સંભવે છે.

આપણે માણસોની આંખોમાં વસ્તુઓના પ્રતિબિંબ-પડછાયા સ્પષ્ટપણે જોઇ શકીએ છીએ. તે પ્રયોગજા પુદ્‌ગલોના સંસર્ગથી અશુદ્ધ વિશ્રસા પુદ્‌ગલ સ્કંધોપણે પરિણમેલા શુદ્ધ વિશ્રસા પુદ્‌ગલ સ્કંધો છે. જેને આંખની કીકી કહેવામાં આવે છે કે જે વર્ણ તથા આકારનો બોધ કરાવે છે તેમાં બહારની વસ્તુઓના પડછાયા પડે છે અને તેથી આત્માને બહારથી વસ્તુનો બોધ થાય છે. જે વસ્તુનો જેવો પડછાયો હોય છે, આત્માને તે વસ્તુનો તેવા પ્રકારનો બોધ થાય છે. જેમ છબી ઉતારવાના કેમેરાના મોઢા ઉપર ગોળ કાચ હોય છે તેમાં બહારની વસ્તુઓનું પ્રતિબિંબ પડે છે તે કેમેરામાં રહેલા

મસાલાવાળા કાચ ઉપર (ફોટો) ચિત્રના રૂપમાં સ્થિર થાય છે, અર્થાત્ કેમેરાના મોઢા ઉપર રહેલા કાચમાં થઇને બહારની વસ્તુઓના પ્રતિબિંબ કેમેરામાં રહેલા મસાલાવાળા કાચ ઉપર પડવાથી ફોટો ઉતરે છે. તેમ શરીરરૂપ કેમેરો અને તેના મોઢા ઉપર રહેલા ગોળ કાચના જેવી આંખો અને મસાલા-વાળા કાચ જેવો આત્મા હોવાથી આંખમાં પડતા બહારની વસ્તુઓના પ્રતિબિંબદ્વારા આત્મા બહારની વસ્તુઓનો બોધ કરી શકે છે. જેમ કેમેરાના મોઢા ઉપરના કાચને ઢાંકણાથી બંધ કરવામાં આવે છે ત્યારે બહારની વસ્તુઓનું પ્રતિબિંબ ઉપરના કાચમાં ન પડવાથી ફોટો ઉતરી શકતો નથી તેમ આંખની કીકી ઉપર મોતીયો ફરી વળવાથી કે છારી આવી જવાથી બહારની વસ્તુઓના પ્રતિબિંબરૂપ વિશ્રસા સ્કંધોનો સંબંધ થતો નથી તેથી આત્મા બહારની વસ્તુઓનો બોધ કરી શકતો નથી. વસ્ત્ર તથા ભીંત જેવી વસ્તુઓ આંખની આડી આવી જાય તો પણ પ્રતિબિંબના અભાવે બહારની વસ્તુઓને જાણી શકે નહિં. જ્યારે ઔષધિઓ દ્વારા મોતીયો તથા છારી દૂર કરવામાં આવે, ભીંત તથા વસ્ત્રાદિને આંખ આગળથી ખસેડી લેવામાં આવે તો પછી આંખમાં સ્પષ્ટ પ્રતિબંબ પડવાથી આત્મા પ્રતિબિં-બિત વસ્તુઓનો બોધ કરી શકે છે. જે કાજળ આદિ વસ્તુઓનો આંખની સાથે સંબંધ હોવા છતાં પણ તેનો બોધ થવાનું કારણ પ્રયોગજા પુદ્ગલના સંબંધથી બોધનો નિષેધ કર્યો છે. કેટલાક (મૂળ દ્રવ્યો) પ્રયોગજા ઘી–તેલ–સુરમો આદિ પુદ્ગલ સ્કંધોનો આંખની સાથે સંબંધ થવાથી નુકશાન થતું નથી છતાં આંખ તે વસ્તુનો બોધ કરાવી શકતી નથી. દેવતા–તેજાબ આદિના

સંબંધથી તો આંખને નુકશાન પહોંચે છે અને તેનો બોધ પણ થતો નથી. આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે વિશ્રસા પુદ્ગલ સ્કંધોનો આંખની સાથે સંબંધ થયા સિવાય આંખથી કોઈ પણ વસ્તુનો બોધ થઇ શકે નહિં માટે એ દૃષ્ટિથી ચક્ષુ પ્રાપ્યકારી છે અને પ્રયોગજા મૂળ દ્રવ્યોના સંબંધ વગર બોધ થાય છે માટે એ દૃષ્ટિથી અપ્રાપ્યકારી છે.

## શ્રી મહાવીર પ્રભુનો સત્યાગ્રહ

( ૧૯ )

વર્તમાન યુગમાં સત્યાગ્રહ કેટલો કિમતી છે તેથી ભાગ્યેજ કોઇક જ અજાણ્યું હશે. દેહવિનાશક અનેક પ્રકારના શાસ્ત્રોથી પણ જે કાર્યની સિદ્ધિ ન થઇ શકે તે સત્યાગ્રહ શસ્ત્રે કરી બતાવી છે. અનેક પ્રકારના ગુંચવાઈ ગયેલા કાર્યોનો ઘણી જ સહેલાઇથી ઊકેલ લાવવામાં સત્યાગ્રહ સિવાય બીજા કોઇ પણ પ્રકારનો પ્રયોગ સફળતા મેળવી શકતો નથી. બીજા પ્રયોગોની જેમ સત્યાગ્રહને કોઇપણ પ્રકારના સાધનની જરૂરત હોતી નથી. બાળ–વૃદ્ધ–શ્રીમંત–ગરીબ–સ્રી–પુરુષમાંથી કોઈપણ સત્યાગ્રહનો આદર કરી શકે છે. સત્યાગ્રહનો અધિકારી નિઃસ્વાર્થી–વિવેકબુદ્ધિ મનુષ્ય માત્ર હોઇ શકે છે. વિવેકશૂન્ય સ્વાર્થબુદ્ધિ સત્યાગ્રહ કરી શકતો જ નથી; કારણ કે તે અનધિકારી છે છતાં તેનામાં સત્યાગ્રહ જેવું કાંઇ જણાતું હોય તો તે આભાસ માત્ર છે; બાકી તો પરિણામની દૃષ્ટિથી જોતાં તે દુરાગ્રહ જ છે, તેથી તે અનીતિ, અધર્મ તથા સ્વ–પરના અહિતમાં જ પરિણમે છે.

સત્યાગ્રહને કેટલાક નિર્બળતા સમજીને કહે છે કે પુરુષાર્થ વગરના અસમર્થ ભીરુ માણસો જ સત્યાગ્રહનો આશ્રય લે છે, બાકી શક્તિશાળી સમર્થ માણસો તો બળ-પૂર્વક નિડરતાથી સામનો કરીને કાર્યની સફળતામાં આડાં આવતાં તત્ત્વોને નષ્ટ કરે છે. વિચાર કરતાં સમજાય છે કે–આવી માન્યતા માત્ર ભ્રમ જ છે. અસમર્થ ભીરુ માણસો સત્યાગ્રહ કરી શકતા જ નથી, બળપૂર્વક સામનો કરી સફળતાના આડાં આવતાં તત્ત્વોને નષ્ટ કરનારમાં તેનો ઓળો સરખો જ હોતો નથી. એક માણસ પોતાના ઇષ્ટ કાર્યમાં આડી આવતી વસ્તુનો નાશ કરીને પોતાના કાર્યમાં સફળતાં મેળવે અને બીજો આડી આવતી વસ્તુને સુધારી અનુકૂળપણે કાર્યમાં મદદગાર બનાવીને કાર્યસિદ્ધિ સાધે છે, આ બંનેમાં, કાર્યમાં આડાં આવતાં પ્રતિકૂળ તત્ત્વોને અનુકૂળ બનાવી કાર્ય સાધનાર જ શક્તિશાળી વિવેક-બુદ્ધિ કહી શકાય અને તે સત્યાગ્રહનું જ પરિણામ છે.

સત્યાગ્રહ આધિભૌતિક અને આધ્યાત્મિક એમ બે પ્રકારના છે. તેમાં આધ્યાત્મિક તાત્ત્વિક છે અને આધિભૌતિક અતાત્ત્વિક છે, માટે બંનેની દિશા જુદી છે. બંનેમાં માત્ર સાધ્ય બિંદુમાં ભિન્નતા છે, બાકી સાધનમાં ભેદ નથી. જે સાધનો આધ્યાત્મિક માટે વપરાય છે તે જ સાધનોનો આધિભૌતિકમાં ઉપયોગ થાય છે, કારણ કે બંને સ્થળે સત્યાગ્રહ કરવામાં આવે છે એટલે સાધન જુદાં હોઈ શકે નહિં. માત્ર સત્યને જુદારૂપે ઓળખવાથી સ્વરૂપને આશ્રયીને આધ્યાત્મિક તથા આધિભૌતિક બે ભેદ સત્યાગ્રહના પાડવામાં આવ્યા છે. આધ્યાત્મિકમાં આત્મ-દૃષ્ટિ હોવાથી આત્મસંપત્તિ પ્રાપ્ત કરવા મોહની ગુલામીમાંથી

મુકાવાને અનેક પ્રકારના મોહક પ્રસંગોમાં અલિપ્ત રહેવું અને વૈષયિક વસ્તુઓમાં મોહની મનાવેલી આસક્તિનો અનાદર કરીને સ્વસંપત્તિ મેળવવાનો હેતુ હોય છે તેથી તે તાત્વિક સત્ય હોવાથી તેને આધ્યાત્મિક સત્યાગ્રહ કહેવામાં આવે છે અને જડાત્મક સંપત્તિ મેળવવાના હેતુથી ઇતર કોઇપણ વ્યકિતની પરાધીનતામાંથી મુકાવાને તેની આજ્ઞાઓનું ઉલ્લંઘન કરવા તેના તરફથી કરવામાં આવતી કનડગતોની અવગણના કરીને માનેલી પૌદ્ગલિક સુખસંપત્તિ મેળવવી તે આધિભૌતિક સત્યાગ્રહનું ફળ છે, અને તે અનાત્મિક હોવાથી અતાત્વિક છે. બંને પ્રકારના સત્યાગ્રહમાં લક્ષ્યબિંદુ ભિન્ન હોવા છતાં પણ મન તથા ઇંદ્રિયો ઉપર કાબૂ મેળવવાની આવશ્યકતા રહે છે અને દેહનું મમત્વ છોડવું પડે છે. અહિંયાં જે સત્યાગ્રહનો વિચાર કરવામાં આવ્યો છે તે આધ્યાત્મિક હોવાથી તાત્વિક સત્યને આશ્રયીને તે ઉપાદેય છે.

અનંતજ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, જીવન, સુખ તથા આનંદ આદિ અખૂટ સ્વસંપત્તિના સ્વામી આત્માને અનાદિકાળથી મોહ રાજાએ અનેક પ્રકારના મિથ્યા પ્રલોભનોમાં ફસાવીને સંપત્તિહીન બનાવ્યો છે અને પોતાની સત્તાથી આત્માની સ્વતંત્રતા છીનવી લીધી છે. સ્વસંપત્તિથી હીન થવાથી પરસંપત્તિથી પોતાનો નિર્વાહ કરનાર આત્મા જે અનંતજ્ઞાનની શકિત ધરાવતો હતો અને પરસંપત્તિની સહાયતાની જેને જરાય જરૂરત ન હતી તે મોહની ગુલામીથી જકડાઈ રહ્યો છે અને તેની પાસે એટલી પણ સ્વતંત્રતા રહી નથી કે ઘડી

પછી શું થશે તેને નિશ્ચિતપણે જાણી શકે. એમ તો આત્મા ત્રણે કાળના ક્ષણવર્તિ ભાવોને સ્વતંત્રપણે જાણવાની શકિત ધરાવે છે પણ અત્યારે તો મોહની શીખવણીથી માનેલા પૌદ્ગલિક સુખના માટે સ્વસંપત્તિ મોહને ત્યાં ઘરેણે મૂકેલી હોવાથી તે જેવું અને જેટલું જણાવે તેટલું જાણવાનું રહ્યુ અને તે પણ મોહે નિયુકત કરેલા પોતાના જ જડાત્મક સાધનોદ્વારા પરાધીનપણે નિર્વાહ પૂરતું જ. અનાત્મિક મોહની ઇચ્છા પ્રમાણે જ આત્મા પોતાની જ્ઞાનાદિ સંપત્તિનો ઉપયોગ કરી શકે છે. ઘણી વખત મોહ આત્માને આંધળો, બહેરો, બોબડો બનાવીને તેને પોતાની જ્ઞાનાદિ સંપત્તિ વાપરવા દેતો નથી. અને જડાસક્ત બનાવીને વધારે ને વધારે સંપત્તિહીન બનાવતો જાય છે જેથી પોતાની સત્તા મજબૂત બનાવીને આત્માને પોતાના દાસપણામાંથી છૂટવા દેતો નથી.

સત્યની મૂર્તિસ્વરૂપ પ્રભુ મહાવીરે મોહના દાસપણામાંથી મુકત થઇને સ્વસંપત્તિ મેળવી સ્વતંત્ર બનવા સત્યાગ્રહ આદર્યો ત્યારે પોતાની સત્તામાં જકડી રાખવા મોહે અનેક પ્રકારની કનડગત કરી તોયે પ્રભુએ અડગ રહીને મોહની આજ્ઞાઓનું ઉલ્લંઘન કર્યું અને શાશ્વત સત્યને વળગી રહ્યા. મોહે નંદિવર્ધનને પ્રેરણા કરી સ્નેહગર્ભિત વચનોદ્વારા પોતાની સત્તા નીચે ચાંપી રાખવા પ્રયાસ કર્યો પણ પ્રભુએ નંદિવર્ધનને સત્ય સમજાવી મોહને આધીન ન રહેવા પોતાની દૃઢ પ્રતિજ્ઞા જણાવી. પ્રભુએ મોહની સત્તાનો મૂળથી ઉચ્છેદ કરવા જ્યારે તેની જાળમાંથી નીકળી ઉગ્ર સત્યાગ્રહ આદર્યો ત્યારે કોઇ પણ પ્રકારે પ્રભુનો સત્યાગ્રહ છોડાવી પોતાની સત્તા નીચેથી ન

અસવા દેવા અનેક પ્રકારના વિષમ પ્રસંગો ઉપસ્થિત કર્યાં. મોહના બંધન તોડી સત્યની દિશામાં પ્રયાણ કરતી વખતે મોહગર્ભિત સંબંધીઓના કરુણ વિલાપોને પીઠ દઈને સત્યના સન્મુખ જ રહ્યા. દિવ્ય સુગંધી શરીરમાંથી મોહના નિવાસનો નાશ કરનારા પ્રભુએ મોહની મનાવેલી અનુકૂળતા તથા પ્રતિકૂળતાનો અનાદર કરીને સુગંધીના કામી યુવાન પુરુષો અને સુંદરતાની કામી યુવાન સ્ત્રીઓના મોહને આધીન કરવાના પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા. પૂર્વાવસ્થાના પિતાના મિત્ર તાપસને મળ્યા ત્યારે મોહની કૂટિલતા કાંઈક ધ્યાન બહાર રહેવાથી તાપસને ભેટયા અને તેના ભાવભીના આગ્રહથી ચોમાસું રહેવાનું સ્વીકારી અવસરે આવી ચોમાસું રહ્યા; પણ ચોમાસામાં જ નિવાસના ઝુંપડામાંથી ઘાસ ખાતી ગાયોના પ્રસંગે તાપસદ્વારા મોહની કૂટિલતા જણાવાથી મોહના છળથી બચવા પ્રભુ પાંચ અભિગ્રહ–પ્રતિજ્ઞાઓ ધારણ કરીને સત્યને માર્ગે ચાલી નિકળ્યા ત્યારે મોહે પણ હઠ પકડી અને પ્રભુનો સત્યાગ્રહ છોડાવવા પોતાનું સંપૂર્ણ બળ તથા સતા વાપરવા માંડી. ગોવાળીઆ આદિ અનેક વ્યકિતઓદ્વારા પ્રભુનો સત્ત્યાગ્રહ ન છોડાવી શકયો ત્યારે છેવટે સંગમ દેવને પ્રેરણા કરી અને તેની સહાયતાથી પોતાના રાગ–દ્વેષ સુભટોને સબળ બનાવી કોઈ પણ હિસાબે પ્રભુને સત્યાગ્રહથી ભ્રષ્ટ કરવાની પ્રતિજ્ઞા કરીને છેવટનું બળ અજમાવ્યું. સત્ત્વશાળી ધીરપુરુષોને પણ અકળાવી નાંખે તેવા એક પછી એક અસહ્ય કારમા પ્રસંગો ઉપસ્થિત કરવા માંડયા. શારીરિક તથા માનસિક અનેક પ્રકારની અનુકૂળ તથા પ્રતિકૂળ પ્રવૃત્તિઓ આદરી

દુઃસહ્ય યાતનાઓ અને પ્રલોભનોદ્વારા રાગ–દ્વેષને સબળ બનાવી સત્યાગ્રહથી ખસેડવા મોહે સંપૂર્ણ સત્તા વાપરી. જેમ જેમ સંગમદ્વારા રાગ--દ્વેષને સબળ બનાવવા તે પ્રયાસ કરતો ગયો તેમ તેમ રાગ--દ્વેષ સબળ ન બનતાં નિર્બળ બનતા ગયા.

પ્રભુ તાત્વિક સત્યને સારી રીતે જાણતા હોવાથી સંગમને પોતાનો ઉપકારી મિત્ર તરીકે માન્યો કે જે માન્યતા મોહની અવજ્ઞા કરનારી હતી તેથી રાગ--દ્વેષનું પણ કાંઈ ચાલી શકયું નહિ; કારણ કે જ્યાં મોહનો આદર હોય છે ત્યાં જ રાગ–દ્વેષ બળવાન બનીને પોતાનો કાબૂ ટકાવી શકે છે. પ્રભુના ધ્યાનમાં જ હતું કે મોહ સંગમને પ્રેરણા કરી પોતાનો જ નાશ કરાવે છે એટલે સંગમ મોહનો શત્રુ છે કે જેઓ હમારી ઉપર સત્તા જમાવી બેઠો છે તેનો જ નાશ કરવાને પ્રયત્ન કરી રહ્યો છે માટે મારો તો પરમ બંધુ જ છે. સંગમદેવના દેહમાં રહીને મોહે રાગ--દ્વેષને જાગૃત કરવા પોતાનાથી બનતું બધુંય કર્યું કારણ કે જ્યાં સુધી રાગ--દ્વેષ જાગૃત ન થાય ત્યાં સુધી તાત્ત્વિક સત્યાગ્રહ મોહથી છોડાવી શકાય નહિ. જો કે પ્રભુ અનંત બળશાળી હતા, પોતે સંગમના સ્વામીને પણ પહોંચી વળે તેવા હતા પણ તેવા બળનો ઉપયોગ કરવા રાગ–દ્વેષનો આશ્રય લેવો પડે અને તેમ કરવાથી મોહની સત્તા સ્વીકારવી પડે તેવો તાત્ત્વિક સત્યથી ખસી જવાનો પ્રસંગ ઉપસ્થિત થાય માટે પ્રભુ દ્રષ્ટા તરીકે રહ્યા. મોહની શીખવણીથી સંગમ માનતો હતો કે જડાત્મક દેહ પ્રભુસ્વરૂપ છે માટે દેહના છેદન--ભેદનથી પ્રભુ સત્યથી વિચલિત થશે પણ પ્રભુ તો આત્માસ્વરૂપ હતા એટલે તે પૌદ્ગલિક

વસ્તુઓના પરિણામના માત્ર જ્ઞાતા હતા પણ ભોકતા ન હતા. દેહ તથા આત્માની ભિન્નતારૂપ સત્યને સારી રીતે જાણતા હતા, તેથી દેહમાં થનારી વિકૃતિઓની તેમને અંશ માત્ર પણ અસર થઇ નહિં અને રાગ--દ્વેષની પરિણુતિમાં પરિણુમ્યા નહિ. છેવટે સંગમ થાકયો, છ--છ મહિનાઓનો પરિશ્રમ નિષ્ફળ નિવડવાથી હતાશ થયો જેથી મોહ પોતાની હાર માનીને નિર્બળભાવે પ્રભુને સંગમદ્વારા નમ્યો. રાગ, દ્વેષ, મૃતપ્રાયઃ થઇ ગયા અને છેવટે વિલય પામ્યા અને પ્રભુએ સત્યાગ્રહમાં અચળ મોહ ઉપર વિજય મેળવી સંપૂર્ણ સ્વતંત્રતા પ્રાપ્ત કરી પોતાની અનંતચતુષ્ટય શાશ્વત લક્ષ્મી સ્વાધીન કરીને શાશ્વત આનંદ તથા જીવનના ભોગી બન્યા.

# ' નોજીવમીમાંસા '

## ( ૨૦ )

જૈન સિદ્ધાંતમાં જીવ અને અજીવ એમ બે પદાર્થ માન્યા છે. આ બે પદાર્થોમાં સંપૂર્ણ વિશ્વનો સમાવેશ થઇ જાય છે માટે મૂળ પદાર્થ ત્રીજો કોઇ પણ નથી. જેટલી વિચિત્રતા દેખાય છે તે બંનેના સંયોગસ્વરૂપ છે. જેટલા વિશેષો દેખાય છે તેમાં બંને દ્રવ્યોના અંશો રહેલા છે. બંને શુદ્ધ દ્રવ્યમાં કોઇપણ પ્રકારની વિશિષ્ટતા હોતી નથી, કારણ કે તેમના પોતાના જ સ્વરૂપમાં ભિન્નતા હોતી નથી, તેથી જીવરાશી અને અજીવરાશી એમ બે જ રાશી અનાદિસિદ્ધ છે. જો કે ભિન્ન ધર્મવાળા ભિન્ન દ્રવ્યોના સંયોગથી અનેક ભિન્ન

રાશીઓ જગતની વ્યવસ્થામાં ઉપયોગી છે પણ તે અતાત્ત્વિક છે, વ્યવહારને આશ્રયીને કેટલીક સંયોગજન્ય રાશીઓને માન આપવામાં આવે છે પણ તાત્ત્વિક વિચારણામાં તેને સ્થાન મળતું નથી.

જીવ દ્રવ્ય અનેક છે અને તે પ્રત્યેક દ્રવ્ય અસંખ્યપ્રદેશી હોવા છતાં પણ અખંડ છે. પ્રદેશોમાં તથા ગુણ–ધર્મમાં બધાય જીવ દ્રવ્ય સરખાં હોવાથી સ્વરૂપ–શકિતની અપેક્ષાથી એક કહી શકાય. જીવ દ્રવ્ય અસંખ્યપ્રદેશી કહેવાય છે છતાં અસંખ્ય પ્રદેશોના સંયોગસ્વરૂપ તે નથી અર્થાત્ છૂટા રહેલા અસંખ્ય પ્રદેશો ભેગા ભળીને આત્મ દ્રવ્યનો સ્કંધ બનાવતા નથી પણ આત્મ દ્રવ્યથી અભિન્ન આત્મસ્વરૂપ અસંખ્ય પ્રદેશો છે, તેથી અસંખ્યપ્રદેશી આત્મા કહેવાય છે. જે શકિત એક પ્રદેશમાં છે તે સરખી રીતે બધાય પ્રદેશોમાં છે, અને જે બધાય પ્રદેશોમાં છે તે એક પ્રદેશમાં છે. સ્વરૂપે સરખા હોવા છતાં પણ જીવ દ્રવ્યો સ્કંધ દૃષ્ટિથી અનેક સ્કંધો હોવાથી ભિન્ન છે તે ભિન્ન રહેલા જીવ દ્રવ્યો અનંતા હોવાથી સમુચ્ચયપણે જીવ દ્રવ્યના અનંત પ્રદેશ કહી શકાય પણ એક જીવ દ્રવ્યને આશ્રયીને તો અસંખ્યાતા જ હોઇ શકે.

અજીવ દ્રવ્યમાં બે વિભાગ છે. એક અખંડ દ્રવ્ય અને બીજું ખંડિત દ્રવ્ય. ધર્મ, અધર્મ અને આકાશ આ ત્રણે અખંડ અજીવ દ્રવ્ય છે. આ ત્રણે દ્રવ્યો જીવ દ્રવ્યની જેમ અસંખ્યપ્રદેશી છે. બંને દ્રવ્યોના પ્રદેશોમાં ફરક એટલો જ છે કે જીવ પ્રદેશ ચેતનસ્વરૂપ છે અને ધર્માસ્તિકાયાદિ અજીવના પ્રદેશ અચેતનસ્વરૂપ છે. અજીવ દ્રવ્યો પ્રદેશોની સંખ્યામાં

ધર્મ-અધર્મ સરખાં છે, માત્ર આકાશ સમુચ્ચયપણે અનંત-પ્રદેશી છે. જો કે ધર્માસ્તિકાયને સ્પર્શીને રહેલા આકાશપ્રદેશો સરખા છે પણ તે સિવાયના આકાશપ્રદેશો અનંતા છે. અર્થાત્ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોને અડીને રહેલું આકાશ તે લોકાકાશ અને કેવળ આકાશ તે અલોકાકાશ કે એમાં બીજા કોઇ પણ દ્રવ્યોનો સંસર્ગ નથી તે અનંતપ્રદેશી છે. બાકી અખંડિતપણામાં તો ધર્મ, અધર્મ, આકાશ અને જીવ ચારે દ્રવ્ય સરખાં છે. આ ચારે દ્રવ્ય અખંડ હોવાથી તેમના અસંખ્યેયપ્રદેશી સ્કંધમાં ક્યારેય ન્યૂનાધિકતા થતી નથી. પુદ્ગલ પરમાણુ દ્રવ્ય પણ અખંડ છે છતાં પુદ્ગલાસ્તિકાયને અખંડ માન્યો નથી, કારણ કે સંખ્યાતા, અસંખ્યાતા તથા અનંતા પરમાણુ દ્રવ્યના સંયોગસ્વરૂપ હોવાથી ખંડિત દ્રવ્ય સ્કંધ એકત્રિત થઇને રહેલા પ્રદેશોના સમૂહને અસ્તિકાય કહેવામાં આવે છે અને સ્કંધ પણ તે જ કહેવાય છે. એક પ્રદેશસ્વરૂપ હોવા છતાં પણ પરમાણુને પુદ્ગલાસ્તિકાય કહેવામાં આવે છે તે ભાવપ્રદેશોને આશ્રયીને છે, બાકી દ્રવ્ય પ્રદેશોની દૃષ્ટિથી તો તે સ્કંધ ન હોવાથી અસ્તિકાય કહેવાય નહિં પણ પ્રદેશસ્વરૂપ પુદ્ગલ દ્રવ્ય કહેવાય. પુદ્ગલાસ્તિકાયના પ્રદેશો છૂટા પડતા હોવાથી અને છૂટા પડેલા સંયોગસંબંધથી જોડાવાથી તે ખંડિત દ્રવ્ય કહી શકાય. જે સ્કંધના પ્રદેશોમાં ન્યૂનાધિકતા થઈ શકતી નથી એવા અજીવ દ્રવ્યો અરૂપી અને અખંડિત હોય છે અને તે ધર્મ, અધર્મ તથા આકાશના નામથી ઓળખાય છે.

આ પ્રમાણે શાસ્ત્ર અને યુક્તિસિદ્ધ બે રાશી હોવા છતાં પણ જીવ, અજીવ તથા નોજીવ એમ ત્રણ રાશીના

અપસિદ્ધાંતના આદ્ય પ્રરૂપક તથા પ્રચારક રોહગુપ્ત થયા છે. તેમણે નોજીવની સિદ્ધિ માટે યુક્તિ તથા આગમ બંનેનો ઉપયોગ કર્યો છે. તેમનું કહેવું એમ છે કે–નો, શબ્દ દેશનિષેધ તથા સર્વનિષેધમાં વપરાય છે તો પછી દેશનિષેધનો અંશ લઇને જીવથી ભિન્ન અને વિલક્ષણ તેની અમુક અવસ્થાને નોજીવ કેમ ન કહી શકાય ? વસ્તુસ્થિતિ તપાસતાં નોજીવના સાધક દૃષ્ટાંતો ઘણાં મળી આવે છે જેમકે–કપાઇને છૂટું પડેલું ઘીરોળીનું પૂછડું ઉછળે છે માટે તે અજીવ તો કહેવાય જ નહિં તેમજ ગીરોળીના જીવમાંથી કપાઇને છૂટો પડેલો જીવનો જ એક દેશ હોવાથી જીવ પણ કહેવાય નહિં માટે તે જીવ તથા અજીવથી ભિન્ન--વિલક્ષણ સ્વભાવવાળું હોવાથી નોજીવ કહેવાય છે. અર્થાત્ જેવી રીતે જીવરાશી તથા અજીવરાશી સ્વતંત્ર છે તેવી જ રીતે મનુષ્ય તથા પશુ--પક્ષી આદિ જીવોના કપાઇ-ને છૂટા પડેલા હલન--ચલનની ક્રિયાવાળા પ્રદેશો સ્વતંત્રપણે નોજીવરાશી જ હોઈ શકે છે. શાસ્ત્રમાં પણ વસ્તુના એક દેશને ભિન્ન વસ્તુ તરીકે માની છે. જેમકે--ધર્માસ્તિકાય કે જે અરૂપી અને અખંડ પદાર્થ કહેવાય છે તેના પણ ત્રણ ભેદ બતાવ્યા છે. ધર્માસ્તિકાયનો સ્કંધ, દેશ અને પ્રદેશ, દેશ તથા પ્રદેશ, સ્કંધથી અભિન્ન હોવા છતાં પણ તેને સ્કંધથી ભિન્ન વસ્તુ તરીકે ઓળખાવી છે, તો પછી ગીરોળીથી કપાઇને છૂટો પડેલો જીવનો જ દેશ જીવથી ભિન્ન કેમ ન હોઇ શકે અને તેને નોજીવ કહીને ત્રીજી રાશી ઓળખાવવામાં શું બાધ આવી શકે છે ? શાસ્ત્રમાં પણ જીવના પ્રદેશને નોજીવ કહીને વર્ણવ્યો છે. સમભિરૂઢની માન્યતા છે કે--જીવ જે પ્રદેશ તે

પ્રદેશ નોજીવ છે, માટે આ પ્રમાણે વિચાર કરતાં યુક્તિથી અને શાસ્ત્રથી નોજીવરાશી સિદ્ધ થઇ શકે છે.

રોહગુપ્તનો આવો નોજીવરાશીનો સિદ્ધાંત તાત્વિક દૃષ્ટિથી વિચાર કરતાં યુક્તિયુક્ત નથી તેમજ શાસ્ત્રસિદ્ધ પણ નથી, કારણ કે જે ગીરોળીનું પૂછડું કપાઇને છૂટું પડે છે તેમાં જીવ હોવાથી તે હાલે છે અને તે જીવ ગીરોળીમાં છે તે જ છે, તેથી ગીરોળીનું શરીર કપાયું છે પણ જીવ કપાયો નથી. (જે અરૂપી અખંડ વસ્તુ છે તે છેદાતી--ભેદાતી નથી તેમજ ગળતી--બળતી પણ નથી;) પરંતુ જેમ કમળની નાળના બે ટુકડા કરવામાં આવે તો તે બે કટકાની વચમાં બંનેને વળગીને રહેલા તાંતણા જોવામાં આવે છે તેમ ગીરોળી અને પૂંછડાની વચમાં જીવના પ્રદેશો રહેલા હોય છે કે જે પ્રદેશો ગીરોળીમાં રહેલા જીવના જ હોય છે. અર્થાત્ ગીરોળીના શરીરનો પૂંછડારૂપ અવયવ કપાઈને છૂટો પડી જવાથી જીવના પ્રદેશો પૂંછડામાં ફેલાઈને રહે છે છતાં તે પ્રદેશો અરૂપી હોવાથી અને કાર્મણ શરીર સૂક્ષ્મ હોવાથી દૃષ્ટિગોચર થઈ શકતા નથી તેમજ તે બળતા, ગળતા કે છેદાતા–ભેદાતા પણ નથી; કારણ કે છેદાવું–ભેદાવું આદિ સ્થૂળ ઔદારિકાદિ શરીરપણે પરિણમેલા રૂપી પુદ્ગલાસ્તિકાયનો સ્વભાવ છે.

જેમ દીવાનો પ્રકાશ જમીન–ભીંત–વરંડો–અંધકાર આદિ મૂર્ત વસ્તુઓમાં પડેલો જણાય છે, પણ કેવળ આકાશમાં જણાતો નથી તેમ ગીરોળી અને કપાઇને છેટે પડેલા પૂંછડાની વચમાં રહેલાં આકાશમાં ગીરોળીના જીવના પ્રદેશો હોવા છતાં પણ તેમાં બોલવું--શ્વાસોચ્છ્વાસ લેવા--દોડવું--વળગવું આદિ જીવના લક્ષણો જણાય નહિં પણ તે શરીરમાં જણાય છે.

અતિ સૂક્ષ્મ દેહવાળા નિગોદના જીવો અથવા કાર્મણકાયયોગ-વાળા જીવોને નિરતિશય જ્ઞાની જોઈ શકે નહિં. દેહના અભાવ-માં જીવના લક્ષણોનો અભાવ હોવાથી દેહ વગરના મુક્તાત્મા-ઓને કેવળજ્ઞાની સિવાય કોઇ પણ ગ્રહણ કરી શકે નહિં. તેમજ કાર્મણ શરીરવાળા જીવોની જેમ પૂંછડું અને શરીરના વચમાં રહેલા પ્રદેશો છેદાય--ભેદાય નહિં અને ગાળી--બાળી શકાય પણ નહિં. જો કે કાર્મણ શરીર પૌદ્ગલિક--રૂપી છે તોયે તેને શસ્ત્ર તથા અગ્નિ છેદી કે બાળી શકે નહિં તો પછી અરૂપી એવા આત્મપ્રદેશોનું તો કહેવું જ શું ? ગીરોળીથી માંડીને કપાઇને છેટે પડેલા પૂંછડા સુધી સળંગ ગીરોળીનો જ જીવ છે. જે જીવ ગીરોળીમાં છે તે જ પૂંછડામાં પણ છે અને વચમાં પણ અદૃશ્યપણે ઔદારિક દેહ વગરના કેવળ કાર્મણ શરીરવાળા તે જીવના જ પ્રદેશો છે, પણ વચમાં દૃષ્ટિગોચર ન થવાથી જીવનો અભાવ નથી. તેથી પૂંછડું કપાવા છતાં પણ જીવ તો અખંડિત જ છે તે, કપાયો નથી; એટલા માટે જ ગીરોળીના જીવથી પૂંછડામાં રહેલો જીવ ભિન્ન નથી કે જેને નોજીવ કહીને ઓળખાવી શકાય. અને શાસ્ત્રમાં જે ધર્માસ્તિ-કાય અખંડ હોવા છતાં પણ તેના દેશ તથા પ્રદેશને સ્કંધથી ભિન્ન વસ્તુ તરીકે વર્ણવીને ત્રણ ભેદ બતાવ્યા છે તે વિવક્ષા-માત્રથી જ તે દેશોની ભિન્ન વસ્તુ તરીકે કલ્પના કરી છે. બાકી તો તાત્ત્વિક દૃષ્ટિથી તે સ્કંધથી ભિન્ન નથી તેવી જ રીતે ગીરોળીના જીવથી પૂંછડું ભિન્ન નથી. ગીરોળીના જીવની સાથે સંબંધિત હોવાથી તે ગીરોળીનો જ જીવ છે.

કદાચ એવી આશંકા ઉત્પન્ન થાય કે ગીરોળીના જીવનું

પૂંછડું કપાઈને ટુકડો અલગ પડી જાય છે અને તે નષ્ટ થાય છે પણ ગીરોળી નષ્ટ થતી નથી તો પછી જેમ ભાંગેલા ઘડાનો ટુકડો ગલીમાં પડ્યો હોય તો તે અલગ થયેલા ટુકડાને નોઘટ કહેવામાં આવે છે તેમ તે નોજીવ કેમ ન કહેવાય ? તો આવી આશંકા આ પ્રમાણે વિચાર કરવાથી દૂર થઇ શકે છે. જીવ અરૂપી તથા અકૃતક--બનાવેલો ન હોવાથી તેનો નાશ થતો નથી અને ઘડો રૂપી તથા બનાવેલો હોવાથી તેનો નાશ થાય છે તેથી તેના ઠીકરાં વિગેરે અવશેષો (વિકારો) દૃષ્ટિગોચર થાય છે. જો જીવનો નાશ થતો હોય તો તેના પણ અવશેષો (વિકારો) જણાવા જોઇયે તેમજ અગ્નિ તથા શસ્ત્ર આદિથી બળવું તથા છેદાવું જોઈએ પણ જીવ આકાશની જેમ અમૂર્ત હોવાથી તેમ બની શકતું નથી તેથી તે અવિનાશી છે. જો શસ્ત્ર તથા અગ્નિ આદિથી જીવના પ્રદેશોનું છેદન--ભેદન કે દહન માનવામાં આવે તો જીવનો સર્વથા નાશ થવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે; કારણ કે જેનો ટુકડે ટુકડે નાશ હોય છે તેનો ઘટાદિની જેમ સર્વનાશ પણ હોય જ છે. અને જો જીવનો સર્વનાશ સિદ્ધ થાય તો પછી મોક્ષનો પણ અભાવ થવાથી દીક્ષા લેવી કે તપ, જપ આદિ ધર્માનુષ્ઠાન કરવાં નકામાં છે અને જો ક્રમે કરીને સર્વ જીવોનો નાશ થઈ જાય તો પછી સમગ્ર સંસાર જીવ રહિત થઈ જવાથી શૂન્યતાનો પ્રસંગ ઉપસ્થિત થાય, તેમજ જીવોના કરેલાં શુભાશુભ કર્મોનો પણ નાશ થઈ જાય, માટે જ ટુકડા થઇને જીવોનો નાશ થતો નથી, તેનું મુખ્ય કારણ તો તે અમૂર્ત છે એટલે તેને કોઇ પણ ખંડિત કરી શકતું જ નથી અને જે ગીરોળીનું પૂંછડું કપાઇને અલગ

થયેલા ટુકડામો નાશ દેખાય છે તે ગીરોળીના શરીરના ટુકડાનો છે પણ અમૂર્ત જીવનો નથી. શરીર મૂર્ત હોવાથી તેના ટુકડા થઇને નાશ થઈ શકે છે પણ અમૂર્તનો નાશ નથી.

જીવ પુદ્ગલસ્કંધની જેમ પ્રદેશરૂપ અવયવોવાળો હોવાથી સંઘાત (મળવું) તથા ભેદ (વિછડવું) ધર્મવાળો છે, અર્થાત્ જેમ કોઇ એક પુદ્ગલ સ્કંધમાં ભિન્ન બીજા કોઇ સ્કંધમાંથી ટુકડો આવીને જોડાય છે અને તે સ્કંધમાંથી એક ટુકડો તૂટીને તે ભિન્ન રહેલા બીજા સ્કંધમાં જોડાય છે તેમ જીવમાં પણ છે, તાત્પર્ય કે--જેમ પુદ્ગલ સ્કંધો અનંતા છે તેમ જીવદ્રવ્યો પણ અનંતા છે. જો કે પુદ્ગલ સ્કંધો સંખ્યાત, અસંખ્યાત તથા અનંત પ્રાદેશિક પણ હોઇ શકે છે તેમ જીવદ્રવ્ય નથી, જીવસ્કંધ અસંખ્યાત પ્રાદેશિક જ હોય છે છતાં તે પ્રદેશરૂપ અવયવોના સમૂહરૂપ હોવાથી પુદ્ગલ સ્કંધની જેમ સાવ મળી જાય છે અને તેથી જ તેમાં પુદ્ગલ સ્કંધોમાં એકબીજામાંથી ટુકડાઓ ટૂટીને એકબીજામાં ભળી જાય છે તેમ જીવ દ્રવ્યસ્કંધોમાં પણ પરસ્પર ટુકડાઓ તૂટીને મળવું વિછડવું થાય છે તેથી જીવ ભેદ--સંઘાત ધર્મવાળો હોવાથી ટુકડે ટુકડા નાશ થવા છતાં પણ સર્વનાશ થતો નથી. અર્થાત્ એક જીવમાંથી એક ટુકડો તૂટીને અલગ થાય છે ત્યારે બીજા જીવમાંથી એક ટુકડો તૂટીને તેમાં મળી જાય છે અને પહેલાંનો તૂટેલો ટુકડો ખંડિત થયેલા બીજા જીવમાં ભળી જાય છે એટલો જીવો ખંડિત થવા છતાં પણ તેમનો સર્વનાશ થતો નથી.

આ પ્રમાણે માનવાથી તો સુખ--દુઃખનો શંકર થાય છે. કૃતનાશ અને અકૃતના ભોગનો પ્રસંગ આવે છે, અર્થાત્ જો

જીવોના ટુકડા થઇને પરસ્પર એક બીજામાં ભળી જશે તો પછી એક જીવમાંથી તૂટીને અલગ થયેલો પાપનો ટુકડો બીજા જીવમાં ભળી જવાથી તે જીવને પાપકર્મ વગર પણ પાપ ભોગવવું પડશે તેવી જ રીતે જો પુન્યનો ટુકડો હશે તો તે પુન્ય કર્યા વગર પણ પુન્ય ભોગવશે અને જે જીવમાંથી ટુકડાઓ અલગ થયા હશે તે તે પુન્ય તથા પાપ ભોગવવું નહીં પડે તેથી જીવોને નહીં કરેલાં કર્મ ભોગવવાનો અને કરેલાના નાશનો પ્રસંગ ઉપસ્થિત થશે અને તેમ થવાથી તો પછી ધર્મી જીવમાં અધર્મી જીવનો ટુકડો અને અધર્મી જીવમાં ધર્મી જીવનો ટુકડો જોડાવાથી ધર્મી દુઃખી અને પાપી સુખી થઇ જશે.

આ પ્રમાણે માનવાથી કરેલા કર્મનો નાશ અને નહિ કરેલાં કર્મ ભોગવવારૂપ દોષ આવે છે. તેનું નિવારણ કરવાને માટે જેમ ધર્માસ્તિકાયાદિ અખંડ દ્રવ્યના અભિન્નપણે રહેલા પ્રદેશ નોધર્માસ્તિકાય કહેવાય છે તેમ અભિન્નપણે જીવની સાથે રહેલો તેનો પ્રદેશ નોજીવ તરીકે માનવામાં આવે તો પછી જીવ જેવી કોઇ વસ્તુ જ રહેતી નથી. અર્થાત્ જીવથી અભિન્ન જીવની સાથે રહેલો એક પ્રદેશ તે નોજીવ કહેવાય તેમ બીજો પ્રદેશ પણ નોજીવ. આવી જ રીતે અસંખ્યાતા નોજીવ થવાથી જીવરાશી જેવી કોઇ વસ્તુ જ રહેતી નથી. આવી જ રીતે ધર્માસ્તિકાયાદિ, દ્વયણુક, ત્ર્યણુક આદિ સ્કંધો અને ઘટાદિ અજીવો પણ પ્રત્યેક પ્રદેશના ભેદથી અજીવનો એક દેશ હોવાથી નોઅજીવ થઈ જાય તો પછી અજીવરાશીનો પણ અભાવ થાય અને તેમ થવાથી નોજીવ અને નોઅજીવ એમ બે રાશી સિવાય ત્રીજી કોઇ પણ રાશી હોઇ શકે નહિં.

જો કે અમૂર્ત અને અખંડ જીવ છેદાતોભેદાતો નથી છતાં ફરજીઆત ઘડીભરને માટે માની લઇએ કે અખંડ જીવ પણ ખંડિત થાય છે તો પણ કપાઇને છૂટા પડેલા ગીરોળીના પૂંછડામાં નોજીવની સિદ્ધિ થઇ શકતી નથી, કારણકે સ્ફૂરણાદિ જીવના લક્ષણો પૂંછડામાં સ્પષ્ટપણે જણાવાથી તે જીવ જ કહી શકાય. અર્થાત્ સંપૂર્ણ પણ ગીરોળીનો જીવ સ્ફૂરણાદિ લક્ષણોથી જ જીવ કહેવાય છે અને તે સ્ફૂરણાદિ લક્ષણો પૂંછડામાં પણ જણાય છે તો પછી તેને જીવ કેમ ન કહેવો ? કપાયલું ગીરોળીનું પૂંછડું જીવનો અવયવ હોવા છતાં પણ તેમાં સ્ફૂરણાદિ જીવના લક્ષણો હોવાથી પરિપૂર્ણ–અખંડ ગીરોળીના જીવની જેમ તે પણ જીવ જ છે. જો ગીરોળીના જીવના કપાયલા પૂંછડાને તેનો એક દેશ માનીને તેને જીવ ન માનતાં સંપૂર્ણ જીવને જ જીવ માનવામાં આવે તો પછી ઘટનો દેશ પણ અજીવ નહિં કહી શકાય, સંપૂર્ણ ઘટ જ અજીવ કહેવાશે અને એવી માન્યાથી જીવ, નોજીવ, અજીવ ને નોઅજીવ એમ ચાર રાશી જ સિદ્ધ થશે પણ જીવ, નોજીવ અને અજીવ એવી ત્રણ રાશિની સિદ્ધિ નહિં થાય. અર્થાત્ નોજીવરાશી સિદ્ધ કરવાને માટે જીવના દેશને જીવથી ભિન્ન માની તેમાં જીવનો નિષેધ કરવામાં આવે તો પણ ત્રણ રાશી સિદ્ધ થઇ શકતી નથી, કારણ કે જેમ જીવના દેશને જીવથી ભિન્ન માની તેને નોજીવ કલ્પવામાં આવે છે તેમ અજીવસ્વરૂપ ઘટનો દેશ ઘટથી ભિન્ન હોવાથી તે નોઅજીવ તરીકે ઓળખાવાથી ચાર રાશી થાય છે. નોઅજીવરૂપ ચોથી રાશીનો પ્રસંગ ટાળવાને માટે અજીવના સ્કંધ તથા દેશમાં જાતિ તથા લિંગના સરખાપણાને

લઇને નોઅજીવનો નિષેધ કરવામાં આવે તો જીવમાં પણ સ્કંધ તથા દેશમાં જાતિ તથા લિંગની સમાનતા હોવાથી નોજીવનો પણ નિષેધ થઈ શકે છે. તાત્પર્ય કે-જેમ અજીવ સ્કંધમાં અજીવપણું અને પુરુષલિંગપણું રહેલું હોવાથી તે દેશ અજીવ જ કહેવાય પણ નોઅજીવ કહેવાય નહિં તેવી જ રીતે જીવના સ્કંધમાં પણ જીવત્વ જાતિ તથા પુલ્લિંગપણું રહેલું છે તેવું જ તેના દેશમાં પણ રહેલું હોવાથી જીવનો દેશ નોજીવ હોઇ શકતો નથી પણ તે જીવ જ હોઇ શકે છે. આ પ્રમાણે વિચાર કરતાં નોજીવ કે નોઅજીવ જેવી જીવ-અજીવથી ભિન્ન ત્રીજી રાશી બની શકતી નથી.

શાસ્ત્રમાં બતાવેલા સમભિરૂઢ નયના મતથી પણ જીવથી ભિન્ન નોજીવ જેવી કોઇપણ વસ્તુ સિદ્ધ થઇ શકતી નથી, કારણ કે સમભિરૂઢ નયવાળો કહે છે કે—"**जीवेअ से पएसे अ से पएसे नोजीवे**" અર્થાત્ જીવસ્વરૂપ જે પ્રદેશ તે પ્રદેશ નોજીવ. આ પ્રમાણે કર્મધારય સમાસ કરીને જીવ તથા પ્રદેશનું એકાધિકારણ બતાવે છે પણ ભિન્ન અધિકરણ બતાવતો નથી. જો જીવ તથા દેશનું ભિન્ન અધિકરણ માનવામાં આવે તો બંને ભિન્ન થઈ જાય પણ આ સ્થળે જેમ લીલું કમળ કહેવાય છે તેમાં લીલો વર્ણ વિશેષણ તથા કમળ વિશેષ્ય બંનેનું એકાધિકારણ બતાવીને અભિન્ન જણાવ્યા છે તેમ જીવ તથા દેશમાં પ્રથમ એકાધિકરણદ્વારા અભિન્નતા જણાવી છે. તેથી જીવને જ નોજીવપણે કહ્યો છે પણ જીવથી ભિન્ન વસ્તુને નોજીવ બતાવી નથી.

વસ્તુસ્થિતિ એવી છે કે સમભિરૂઢ નયવાળો દેશ તથા

દેશી બંને માને છે પણ દેશ તથા દેશીને ભિન્ન માનતો ન હોવાથી દેશ તથા દેશીનું સમાનાધિકરણ–એક જ આધાર જણાવવાને માટે કર્મધારય સમાસનો આશ્રય લે છે તેથી ધર્મ, અધર્મ, આકાશ, જીવ તથા પુદ્ગલ દ્રવ્યના દેશ તથા પ્રદેશને દ્રવ્યથી અભિન્ન જણાવતાં કહે છે કે—“ **धम्मे अ से पएसे से पएसे धम्मे** ” ધર્મ જે પ્રદેશ છે તે પ્રદેશ ધર્મ છે. આવી જ રીતે અધર્મ તથા આકાશ માટે પણ કહે છે. અર્થાત્ ( **से पएसे अधम्मे से पएसे आगासे** ) એમ જણાવે છે; પરંતુ જીવાસ્તિકાય તથા પુદ્ગલાસ્તિકાયના માટે “ **से पएसे नोजीवे-से पएसे नोखंधे** ” તે પ્રદેશ નોજીવ છે એમ કહે છે પણ જીવ જે પ્રદેશ તે પ્રદેશ જીવ છે અથવા તો તે પ્રદેશ સ્કંધ છે એમ કહેતો નથી તેનું ખાસ કારણ તો એ છે અનેક દ્રવ્યની અપેક્ષા છે. અર્થાત્ ધર્મ, અધર્મ અને આકાશ એક દ્રવ્ય છે અને જીવાસ્તિકાય તથા પુદ્ગલાસ્તિકાય અનેક દ્રવ્ય છે. તેમાં એક દ્રવ્યને માટે તો દેશ તથા દેશીનુ ( ધર્માસ્તિકાય દેશી અને તેનો દેશ ) એકાધિકરણ બતાવી તે પ્રદેશ ધર્મ છે એમ કહીને અભિન્નતા જણાવી છે પણ જીવ તથા સ્કંધ અનેક દ્રવ્ય છે માટે એક જીવ તથા સ્કંધ અનેકનો એક દેશ હોવાથી એક જીવમાં તથા સ્કંધમાં રહેલો પ્રદેશ બધાય જીવો તથા સ્કંધોમાં રહી શકતો નથી માટે દેશ નિષેધ કરવાને નોશબ્દ વાપરીને નોજીવ તથા નોસ્કંધ કહ્યો છે. અને પ્રદેશ તથા જીવને સમાનાધિકરણથી અભિન્ન બતાવીને જીવસ્વરૂપ પ્રદેશ જણાવ્યો છે તેથી નોજીવ શબ્દથી સમગ્ર જીવ લેવો પણ જીવથી ભિન્ન પ્રદેશની કલ્પના કરવી નહિં. અનેક દ્રવ્યમાંથી એક દ્રવ્યને

આશ્રયીને કહેવું હોય ત્યાં નોશબ્દ વાપરી શકાય પણ અખંડ અરૂપી એક જ દ્રવ્ય માટે કહેવું હોય ત્યાં નો શબ્દ વપરાતો નથી. આ પ્રમાણે વિચાર કરવાથી સ્પષ્ટ જણાય છે કે–સમભિરૂઢ નયે જે નોજીવ કહ્યો છે તે જીવથી ભિન્ન જીવના દેશને નહિં પણ અનેક જીવોથી ભિન્ન એક જીવને નોજીવ કહ્યો છે તેથી તે જીવરાશી જ છે પણ જીવથી ભિન્ન લક્ષણવાળી નોજીવરાશી જેવી કોઈ ત્રીજી રાશી નથી.

## ' આત્માની ઓળખાણ. '

## ( ૨૧ )

ચિકિત્સાશાસ્ત્રમાં નિષ્ણાત કોઈ વૈદ્ય અથવા તો ડૉકટર વ્યાધિગ્રસ્ત માનવીને તપાસીને તેના રોગોને સારી રીતે જાણી લે છે છતાં તે રોગોના દુઃખોથી મુકત હોય છે કે જેની પીડા બીમાર માણસ ભોગવી રહ્યો હોય છે; તમે ભડકે બળતા દેવતાને જોઇને સારી રીતે જાણી શકો છો કે અગ્નિ પ્રદીપ્ત થઈ રહ્યો છે તોયે તમે બળતા નથી, તમે તીક્ષ્ણ ધારવાળી તલવારને જોઇને તેજોમય સાક્ષાત્કાર કરી શકો છો છતાં તમારા જ્ઞાનના કપાઇને ટુકડા થતા નથી, તમે મોટું જળાશય જોઇને પાણીને જાણી શકો છો તેથી તમારું જ્ઞાન ભિંજાઈ જતું નથી. આ ઉપરથી તમને પ્રતીત કરાવવાને માટે બીજા કોઈ પણ દાખલા-દલીલોની જરૂરત પડતી નથી કે જ્ઞાન ગળતું, બળતું કે છેદાતું-ભેદાતું નથી. જ્ઞાન અછેદ્ય–અભેદ્ય તથા અદાહ્ય કહેવાય છે તે સાચું છે.

ઘણાય માણુસોને આત્માના અસ્તિત્વની આશંકા રહે છે. આત્મા હશે કે નહિં ? અથવા તો સર્વથા શ્રદ્ધા હોતી નથી તેથી કહી દે છે કે આત્મા જેવી કોઇ વસ્તુ જ નથી. તેમની બુદ્ધિ આત્માનો નિષેધ .એટલા માટે કરે છે કે કોઇપણુ ઇંદ્રિયથી આત્માનું ગ્રહણુ થઇ શકતું નથી. ખાસ કરીને તો આંખોથી જે વસ્તુ ન જણુાય તે વસ્તુ હોતી નથી એવી તેમની માન્યતા હોય છે. આ બધીય બાબતો તેમની બુદ્ધિની નબળાઇ સૂચવે છે. જે વસ્તુ ચક્ષુગ્રાહ્ય ન થાય તે વસ્તુ જ હોતી નથી એવું તેમનું માનવું ભૂલભરેલું છે. આંખોથી દેખાતી કેટલીક વસ્તુઓ દૂર હોવાથી જોઈ શકાતી નથી તેમજ અત્યંત સૂક્ષ્મ ચક્ષુગ્રાહ્ય વસ્તુ પાસે હોવા છતાં પણુ કેટલીક સાધનોદ્વારા જોઈ શકાય છે અને કેટલીક સાધનોથી પણુ ચક્ષુગ્રાહ્ય. થઈ શકતી. નથી તેથી એમ ન કહી શકાય કે આંખોથી જે દેખાય નહિં તે વસ્તુ છે જ નહિં.

વસ્તુઓ બે પ્રકારની હોય છેઃ એક રૂપી અને બીજી. અરૂપી. વર્ણુ, ગંધ, રસ તથા સ્પર્શ જેમાં હોય તે રૂપી અને જેમાં વર્ણુાદિ ન હોય તે અરૂપી કહેવાય છે. આવી વ્યાખ્યા તો રૂપી તથા અરૂપીની થઇ શકે છે પણુ જેમાં માત્ર વર્ણુ હોય અને આંખોથી દેખાય તે રૂપી અને જેમાં વર્ણુ ન હોવાથી આંખોથી ન દેખાય તે અરૂપી એવી વ્યાખ્યા રૂપી તથા અરૂપીની થઈ શકતી નથી, કારણુ કે રૂપથી માત્ર વર્ણુ લેવાતો નથી પણુ વર્ણુની સાથે ગંધાદિ પણુ લેવાય છે. જ્યાં વર્ણુ હોય છે ત્યાં ગંધ, રસ તથા સ્પર્શ પણુ હોય જ છે અને આકાર પણુ છે. પાંચે ઇંદ્રિયોના વિષયો ભિન્ન-ભિન્ન હોવાથી પ્રત્યેક ઇંદ્રિય પોત-

પોતાના વિષયને ગ્રહણ કરે છે. આંખ વર્ણને, કાન શબ્દને, જીભ રસને, નાક ગંધને અને ત્વચા સ્પર્શને ગ્રહણ કરે છે. આંખથી ગંધ અને નાકથી વર્ણ એમ ભિન્ન ઇંદ્રિયોથી ભિન્ન વિષય ગ્રહણ થાય નહિં. વર્ણ, ગંધ આદિ વિષયો કહેવાય છે અને તે જ્યારે એક પરમાણુમાં પણ હોય છે તો પછી સ્કંધમાં કેમ ન હોઇ શકે. વર્ણાદિ ચારે સાથે જ રહે છે. એક પરમાણુમાં એક વર્ણ, એક ગંધ, એક રસ તથા બે સ્પર્શ હોય છે. તેથી વર્ણાદિ ચારેના ભિન્ન ભિન્ન પરમાણુ હોતા નથી અર્થાત્ વર્ણના પરમાણુ જુદા, રસના જુદા અને ગંધ તથા સ્પર્શના પણ જુદા એમ ભિન્ન વિષયના ભિન્ન પરમાણુ હોઇ શકે નહિં, માત્ર આંખથી ગ્રહણ થતી વસ્તુમાં પણ ગંધાદિ હોય છે તેમજ નાક, જીભ, કાન તથા સ્પર્શ ઇંદ્રિયથી ગ્રહણ કરાતી વસ્તુઓમાં પણ વર્ણાદિ હોય જ છે. આ પ્રમાણે વર્ણાદિ ચારે વિષયો સાથે રહેવા છતાં જે વિષય ઉદ્‌ભૂત હોય છે તેને તે વિષયની ગ્રાહક ઇંદ્રિય મુખ્યપણે ગ્રહણ કરે છે; બાકીના વિષયો ગૌણપણે રહે છે. પવન માત્ર સ્પર્શ ઇંદ્રિયથી ગ્રહણ થાય છે તેમાં વર્ણાદિ હોવા છતાં પણ તે અસદ્‌ભૂત હોવાથી આંખ આદિ ઇંદ્રિયો ગ્રહણ કરી શકતી નથી. તે અરૂપી કહી શકાય નહિં. જેમ ગંધ તથા રસ નાક અને જીભથી ગ્રહણ થાય છે, આંખથી ગ્રહણ થતા નથી પણ તેની આધારભૂત વસ્તુઓ આંખથી ગ્રહણ થાય છે કે જેને સ્પર્શ ઇંદ્રિય પણ ગ્રહણ કરી શકે છે, માટે તે રૂપી છે પણ અરૂપી નથી. અર્થાત્ ફળ તથા પુષ્પોમાં રહેલા રસ તથા ગંધને ભલે આંખો ગ્રહણ ન કરે પરંતુ રસ તથા ગંધના આધારભૂત પુષ્પ તથા ફલને આંખ અને સ્પર્શ ઇંદ્રિય ગ્રહણ

કરી શકે છે તેથી તે રૂપી કહેવાય છે તેવી જ રીતે પવનને આંખ નથી ગ્રહણ કરતી પણ તેમાં રહેલા સદ્ભૂત સ્પર્શ તથા ગંધને ત્વચા તથા નાક ગ્રહણ કરે છે માટે પવન પણ રૂપી જ હોઈ શકે છે. અંધારું કાળું દેખાય છે, તેનો સ્પર્શ ઠંડો હોય છે અને તે આંખ તથા સ્પર્શ ઇંદ્રિયથી ગ્રહણ થાય છે પણ તેમાં રહેલો રસ તથા ગંધ અસદ્ભૂત હોવાથી નાક તથા જીભથી ગ્રહણ થઇ શકતો નથી તેથી અંધારામાં રસ તથા ગંધનો સદ્ભાવ નથી તો પણ તે રૂપી કહી શકાય. જો વસ્તુ રૂપી ન હોય તો તેને કોઈ પણ ઇંદ્રિય ગ્રહણ કરી શકે નહિં. એક એવો નિયમ છે કે–પાંચે ઇંદ્રિયોમાંથી જે વસ્તુને એક પણ ઇંદ્રિય ગ્રહણ કરી શકતી હોય તો તે વસ્તુ રૂપી સમજવી. કેટલીક વસ્તુઓમાં પાંચે વિષયો ઉદ્ભૂત (પ્રગટ) હોવાથી પાંચે ઇંદ્રિયો ગ્રહણ કરી શકે છે ત્યારે કેટલીકમાં ચાર, ત્રણ, બે અથવા તો એક જ વિષય ઉદ્ભૂત હોય તો તેના પ્રમાણમાં તેટલી જ ઇંદ્રિયોથી તે વસ્તુઓનો બોધ થાય છે. તાત્પર્ય કે–ચાહે એક ઇંદ્રિયથી ગ્રહણ થાય કે અનેક ઇંદ્રિયથી ગ્રહણ થાય પણ ઇંદ્રિયગ્રાહ્ય વસ્તુ માત્ર રૂપી જ હોઈ શકે છે.

જેમાં વર્ણ, ગંધ રસ તથા સ્પર્શ ન હોય તે કાંઇપણ વસ્તુ નથી એમ ન કહી શકાય. તે વસ્તુ તો છે પણ તેમાં રૂપના બોધક વર્ણાદિ ન હોવાથી તે અરૂપી કહેવાય છે, છતાં અલ્પજ્ઞ માનવીઓની એવી માન્યતા થઇ ગઇ છે કે કોઇપણ ઇંદ્રિયથી ગ્રહણ ન થાય તે આકાશકુસુમની જેમ અવસ્તુ જ છે. વર્તમાનકાળમાં કહેવાતા વિજ્ઞાનથી કેટલાક સાધનો બનાવવામાં આવ્યા છે તે દ્વારા કેટલીક રૂપી વસ્તુઓ કે જે સૂક્ષ્મ હોવાથી

ઇંદ્રિયગ્રાહ્ય થઇ શકતી ન હતી તેથી તેનો અભાવ માનવાવાળા પણ વસ્તુ તરીકે માનતા થયા છે, તો પણ પવન તથા શબ્દને રૂપી ન હોવાની માન્યતાને ફેરવી શકયા નથી. અર્થાત્ પવન તથા શબ્દ આંખથી દેખાતા નથી તોપણ ત્વચા તથા કાનથી ગ્રહણ થાય છે માટે વસ્તુ તો છે પણ તે અરૂપી છે. તેમનું માનવું છે કે જે વસ્તુઓ બીજી ઇંદ્રિયોદ્વારા ગ્રહણ થયા છતાં પણ જો સાધનો દ્વારા પણ આંખથી ગ્રહણ ન થાય તો રૂપી ન કહી શકાય. ગંધ તથા રસની અધિકતાવાળી વસ્તુઓ આંખોથી દેખાતી હોવાથી તેને રૂપી માને છે પણ પવન તથા શબ્દ માત્ર ત્વચા ગ્રહણ થવાથી તેને રૂપી માનતા નથી. અલ્પજ્ઞ જીવો જ્યારે આંખ સિવાયની ઇંદ્રિયોની ગ્રાહ્ય વસ્તુને રૂપી માનતા નથી તો પછી અતીંદ્રિય જ્ઞાનગ્રાહ્ય જે રૂપી વસ્તુઓ છે તેને તો તે કેવી રીતે રૂપી માને? એટલું જ નહિં પણ અતીંદ્રિય ગ્રાહ્ય કોઈ વસ્તુ જ નથી એવી તેમની માન્યતા છે, અર્થાત્ અતીંદ્રિયગ્રાહ્ય અરૂપી જેવી કોઇપણ વસ્તુ જ નથી એવી તેમની શ્રદ્ધા છે. બીજું કોઇપણ ઇંદ્રિયથી, ભલે ગ્રહણ ન થાય, પણ માત્ર આંખથી ગ્રહણ થાય તે રૂપી અને આંખ સિવાયની માત્ર બીજી ઇંદ્રિયોથી ગ્રહણ થાય તે અરૂપી, પણ એકેય ઇંદ્રિયથી ગ્રહણ ન થાય તે વસ્તુ જ નથી. આ પ્રમાણે રૂપી તથા અરૂપીની વ્યાખ્યા કરીને જેને વસ્તુ માનવામાં આવે છે તે માત્ર જડ વસ્તુમાં જ ઘટી શકે છે, પણ તાત્ત્વિક અરૂપી ચેતન અથવા અચેતનમાં ઘટી શકતી નથી. તાત્ત્વિક અરૂપી વસ્તુમાં વર્ણાદિ ન હોવાથી માત્ર જ્ઞાનથી જ ગ્રહણ થઈ શકે છે, કોઈપણ ઇંદ્રિયથી ગ્રહણ થઈ શકતી નથી તેથી ધર્માસ્તિકાય,

અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને જીવાસ્તિકાય કે જે તાત્ત્વિક અરૂપી છે તેને વસ્તુ તરીકે માનતા નથી. માત્ર જીવાસ્તિકાય કે જે કર્મના સંસર્ગથી વિવિધ પ્રકારની ક્રિયા કરતો દૃષ્ટિગોચર થાય છે તેથી તેને વસ્તુ તરીકે માને છે છતાં તેમાં મતભેદ છે. કેટલાક આત્માને દેહથી ભિન્ન દેહનો અધિષ્ઠાતા માને છે અને તે કોઈ બીજી ગતિમાંથી મરીને અહિં માણસ થયો છે, અને અહિંથી મરીને બીજી પશુ, પક્ષી આદિની ગતિમાં જશે. કેટલાક કહે છે કે–શરીરમાંથી ઉત્પન્ન થયો છે અને છેવટે શરીરમાં જ લય પામી જશે. આવી આવી અનેક પ્રકારની માન્યતાઓ આત્મા માટે માનવજાતિમાં પ્રચલિત થયેલી જોવામાં આવે છે, પણ આત્માનું તાત્ત્વિક અરૂપી સ્વરૂપ સમજાતું નથી. આત્મા અરૂપી હોવાથી તેમાં વર્ણાદિ નથી તેથી તે કોઈ પણ ઇંદ્રિયનો વિષય નથી. મનથી પણ તેના તાત્ત્વિક સ્વરૂપની કલ્પના થઈ શકતી નથી. જોયેલી તથા સાંભળેલી રૂપી વસ્તુની મન કલ્પના કરી શકે છે અને એટલા માટે જ આત્મા તથા ધર્માસ્તિકાયાદિ અરૂપી વસ્તુઓનું સ્વરૂપ સાંભળવા છતાં પણ તેનું તાત્ત્વિક સ્વરૂપ મનથી કલ્પી શકાય નહિં.

આ પ્રમાણે અરૂપી આત્મા આદિ ઇંદ્રિયપ્રત્યક્ષ ન હોવા છતાં પણ કાર્ય ઉપરથી અનુમાનગ્રાહ્ય થઇ શકે છે, અને આત્મા તો આત્મપ્રત્યક્ષ પણ થાય છે. ઉપર જણાવ્યા પ્રમાણે જ્ઞાનના અસ્તિત્વનો સહુ કોઇને અનુભવ થાય છે. માણસ બુદ્ધિપૂર્વક કાર્ય કરતા દૃષ્ટિગોચર થાય છે માટે જ્ઞાન માણસમાં તો છે જ પણ પશુ પક્ષી આદિમાં પણ તેમની ચેષ્ટાઓ ઉપરથી સ્પષ્ટ જણાય છે એટલે જ્ઞાનનો કોઇપણ નિષેધ કરી શકે નહિં. જે

જ્ઞાનથી અનેક પ્રકારના આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવા, જેવા કે રેડીઓ, એરોપ્લેન આદિ આવિષ્કારો થયા છે અને થાય છે તે જ્ઞાનમાં વર્ણાદિ ન હોવાથી તે અરૂપી છે. પાંચે ઇંદ્રિયોમાંથી કોઈપણ ઇંદ્રિયથી તે ગ્રહણ થઈ શકતું નથી અને તેથી જ તેમાં બળવા આદિનો સ્વભાવ નથી. જીવ માત્રને પોતાનું જ્ઞાન આત્મપ્રત્યક્ષ છે. પોતે તેનો સાક્ષાત્કાર કરી શકે છે. બીજાના જ્ઞાનને અનુમાનથી જાણી શકે છે. પોતાના જ્ઞાનદ્વારા થવાવાળી પ્રવૃત્તિને બીજા જીવોની જ્ઞાનજન્ય પ્રવૃત્તિ સાથે સરખાવીને બીજાના જ્ઞાનનો નિશ્ચય કરે છે. ઇંદ્રિયોની ન્યૂનતાને લઈને એક ઇંદ્રિયવાળા જીવોમાં તિરોભાવે રહેલું જ્ઞાન જાણી શકાતું નથી. પોતાનામાં રહેલું જ્ઞાન જેમ ઇંદ્રિયોની સહાયતા વગર માત્ર જ્ઞાનથી જાણી શકાય છે તેમ બીજામાં રહેલું જ્ઞાન જાણી શકાય નહિ. બીજાના જ્ઞાનને જાણવાને માટે ઇંદ્રિયોની સહાયતાની જરૂ-રત પડે છે અને તે અનુમાનથી જાણી શકાય છે. જીવ માત્રમાં રહેલા જ્ઞાનનો સાક્ષાત્કાર અતિશય જ્ઞાન સિવાય થઈ શકે નહિં. અને તે અતિશય જ્ઞાન પણ ક્ષાયિક જ હોવું જોઇએ; કારણ કે ક્ષાયિક–કેવળજ્ઞાન જ આત્મ–જ્ઞાન આદિ અરૂપી વસ્તુઓનો યથાર્થ સાક્ષાત્કાર કરી શકે છે. બાકીનાં અતિશયજ્ઞાન અતીંદ્રિય હોવા છતાં પણ તે રૂપી વસ્તુઓનો જ બોધ કરી શકે છે.

આ જ્ઞાન અને આત્મા બંને જુદી વસ્તુઓ નથી પણ અભિન્ન છે. જ્ઞાનસ્વરૂપ આત્મા કહેવાય છે. જ્ઞાન ગુણ છે અને આત્મા ગુણી છે. જેમ મીઠાસ તથા સાકરમાં ભેદ હોતો નથી. જે મીઠાસ છે તે જ સાકર છે. સાકર દ્રવ્ય છે અને મીઠાસ ગુણ છે. ઇંદ્રિયો ગુણદ્વારા દ્રવ્યનો નિશ્ચય કરાવે છે. જીભથી

મીઠાસનું જ્ઞાન થાય છે તેની આધારભૂત સાકરનો પણ બોધ થાય છે. જો કે સાકર દ્રવ્ય આંખોથી પણ ગ્રહણ થાય છે છતાં જ્યાં સુધી તેનો અસાધારણ ધર્મ મીઠાસ જીભથી જાણવામાં ન આવે ત્યાં સુધી આંખથી જોયેલી ધોળી તથા કઠણ વસ્તુ શું છે તેનો નિર્ણય થઇ શકે નહિં, માટે જ જીભથી ચાખ્યા પછી સાકરનો નિર્ણય થઇ શકે છે. વસ્તુમાં સાધારણ તથા અસાધારણ એમ બે પ્રકારના ધર્મો રહેલા છે. અસાધારણ ધર્મ વસ્તુના સ્વરૂપને ઓળખાવે છે અને તે રૂપી વસ્તુ હોય તો કોઈ પણ એક ઇંદ્રિયદ્વારા ગ્રહણ થઇ શકે છે અને સાધારણ ધર્મ ભિન્ન ઇંદ્રિયથી થાય છે જેમકે–પુષ્પમાં રહેલો ગંધ ઘ્રાણ ઇંદ્રિયથી થાય છે અને તેમાં રહેલી શ્વેતતા–પીતતા ( ધોળાશ–પીળાશ ) તથા કોમળતા કે કઠણતારૂપ સાધારણ ધર્મ ચક્ષુ તથા સ્પર્શેંદ્રિયથી ગ્રહણ થાય છે તાત્પર્ય કે અસાધારણ ધર્મ વસ્તુના સ્વભાવથી પ્રતિત કરાવીને વસ્તુનો બોધ કરાવે છે ત્યારે સાધારણ ધર્મ માત્ર દ્રવ્યનો બોધ કરાવે છે અને એટલા માટે જ દ્રવ્ય તથા ગુણને કવચિત્ ભિન્નાભિન્ન માનવામાં આવે છે. જો દ્રવ્ય તથા ગુણ સર્વથા અભિન્ન હોય તો આંખોથી ધોળો કઠણ કટકો અથવા તો નાકદ્વારા ગંધ જાણ્યા વગરના આંખોથી દેખાતાં પુષ્પોને જોવા માત્રથી જ સાકર અથવા તો પુષ્પની જાતિનો નિર્ણય થવો જોઇએ પણ થતો નથી. તે જીભથી ચાખ્યા પછી અને સૂંઘ્યા પછી થાય છે કે આ મીઠું નથી પણ સાકર છે, આ ચંબેલી છે પણ જાઇનું પુષ્પ નથી. આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે ગુણ, ગુણીથી ભિન્ન પણ છે અને અભિન્ન પણ છે. જો અભિન્ન ન હોય તો સાકરનો જીભની સાથે સંયોગ થવા

છતાં પણ સાકરનો બોધ થઇ શકે નહિં માટે ગુણગુણીનો ક્વચિત્ ભેદાભેદ રહેવાનો જ.

રૂપી તથા અરૂપી દ્રવ્યોનો સંયોગ ચાર પ્રકારનો હોય છે. રૂપીનો રૂપી સાથે સંયોગ એટલે પુદ્‌ગલાસ્તિકાય ( જડ )-નો પુદ્‌ગલાસ્તિકાય સાથે સંયોગ થાય છે. ધર્માસ્તિકાયાદિ અરૂપીનો પુદ્‌ગલાસ્તિકાય રૂપી સાથે સંયોગ. ધર્માસ્તિકાયાદિ અરૂપીનો અધર્માસ્તિકાયાદિ અરૂપી સાથે સંયોગ અને જડ સ્વરૂપ કર્મનો જીવની સાથે સંયોગ તે રૂપીનો અરૂપી સાથે સંયોગ કહેવાય છે. વસ્તુઓમાં રહેવાવાળા ધર્મો મુખ્યપણે ચેતન તથા અચેતન એમ બે પ્રકારના હોવાથી વસ્તુ માત્ર જીવ તથા અજીવ એમ બે વિભાગમાં વ્હેંચાઇ ગઇ છે. જીવમાં ચેતના ધર્મ છે અને અજીવમાં અચેતના ધર્મ છે. અજીવમાં રૂપી તથા અરૂપી બંને પ્રકારના દ્રવ્ય છે અને જીવ દ્રવ્યમાં તો માત્ર જીવ જ જીવ દ્રવ્ય છે અને તે અરૂપી છે. અરૂપી ધર્મ જેવો જીવમાં છે તેવો જ ધર્માસ્તિકાયાદિ અજીવમાં પણ છે, માટે અરૂપી ધર્મ જીવ તથા અજીવમાં સાધારણપણે રહે છે. અર્થાત્ જીવમાં રહેવાવાળા કેટલાક સાધારણ ધર્મો અજીવ-સ્વરૂપ ધર્માસ્તિકાય આદિમાં રહી શકે છે પણ પુદ્‌ગલાસ્તિકાય-( જડ )માં રહેતા નથી; કારણ કે અરૂપી દ્રવ્યના ધર્મ અરૂપી હોય છે અને રૂપી દ્રવ્યના રૂપી હોય છે. અરૂપીના ગુણ ધર્મ રૂપીમાં ન રહી શકે. બાકી જ્ઞેયત્વ–પ્રમેયત્વ આદિ સામાન્ય ધર્મો તો રૂપી હોય કે અરૂપી હોય વસ્તુ માત્રમાં રહી શકે છે. તાત્પર્ય કે સ્વભાવસ્વરૂપ ધર્મ અસાધારણ હોવાથી પોતાના જ દ્રવ્યમાં રહે છે જેમકે–જ્ઞાન આત્મામાં જ રહે છે. ચલન સ્વભાવ

ધર્માસ્તિકાયમાં, સ્થિર સ્વભાવ અધર્માસ્તિકાયમાં, પૂરણ–ગલન સ્વભાવ પુદ્ગલાસ્તિકાયમાં; બાકીના અરૂપી–અસંખ્ય પ્રદેશ આદિ સાધારણ ધર્મો અરૂપી દ્રવ્યમાત્રમાં રહે છે.

આત્મા અરૂપી છે તેથી તેનો જ્ઞાન ગુણ પણ અરૂપી હોવાથી તેનો કોઇ પણ ઇંદ્રિય સાક્ષાત્કાર કરી શકતી નથી. માત્ર જ્ઞાનથી જ તેનું પ્રત્યક્ષ થાય છે, કારણ કે અરૂપી જ્ઞાન સિવાય કોઈ પણ રૂપી વસ્તુ અરૂપીનો સાક્ષાત્કાર કરી શકે નહિં, પણ કરાવી શકે છે તે માત્ર આત્માનું માનસ પ્રત્યક્ષ થાય છે તેને આશ્રયીને કહેવાય છે, તેમાં પણ પ્રધાનતા તો જ્ઞાનની હોય છે. જ્ઞાન અરૂપી હોવા છતાં પણ તે રૂપી તથા અરૂપી બંનેનો બોધ કરી શકે છે. આત્મા જ્ઞાનસ્વરૂપ હોવાથી ઇંદ્રિયોદ્વારા પણ બોધ કરનાર તો પોતે જ હોય છે. રૂપી હોય કે અરૂપી પણ અબોધસ્વરૂપ કોઈ પણ વસ્તુ પોતે બોધ કરી શકે નહિં પણ સકર્મક આત્માને બોધ કરાવવામાં રૂપી વસ્તુ નિમિત્તભૂત થઇ શકે છે; કારણ કે કર્મ જડ છે અને તે આત્મા ઉપર પથરાઇને રહેલાં છે એટલે બહારની વસ્તુઓ–જ્ઞેયને જાણવામાં આડાં આવે છે તેથી બહારની વસ્તુઓનો સીધો આત્માની સાથે સંબંધ થતો નથી પણ કર્મના કાર્યરૂપ ઇંદ્રિયોની સાથે સંબંધ થાય છે તેથી તે ઇંદ્રિયોદ્વારા આત્મા જ્ઞેય વસ્તુઓને જાણી શકે છે. આવી રીતે પરંપરાથી આત્માને જ્ઞાન થાય છે તે પરોક્ષ થાય છે. વાસ્તવિકમાં તો જ્ઞાન–બોધ–ચેતના તથા આત્મા એક જ અર્થનો બોધ કરાવનારા પર્યાયવાચક શબ્દો છે તોયે જ્ઞાન–બોધ આદિ ગુણો છે અને આત્મા દ્રવ્ય છે તેથી બંને અભિન્ન છે. ગુણ પર્યાયનો

સમુદાય તે ગુણી ( દ્રવ્ય ) કહેવાય છે. અર્થાત્ જેમ તાંતણાનો સમુદાય તે વસ્ત્ર કહેવાય છે, તાંતણાનો સમુદાય અને વસ્ત્ર બે જુદી વસ્તુઓ નથી તેમ જ્ઞાનાદિ ગુણ–પર્યાયોનો સમુદાય તે જ આત્મા હોવાથી બંને વસ્તુઓ જુદી નથી. જો કે જ્ઞેય અનંતા હોવાથી જ્ઞાન અનંતું કહેવાય છે છતાં જ્ઞાન સ્વરૂપથી તો એક જ છે તેથી સ્વરૂપે જ્ઞાન ગુણ છે અને પરરૂપે પર્યાય કહેવાય છે. જે ગુણ છે તે ત્રણે કાળમાં એક સ્વરૂપે રહેનારા છતાં પર્યાય છે અને તેને જ આત્મદ્રવ્યના નામથી ઓળખાવવામાં આવે છે.

## ' શ્રી મહાવીર પ્રભુની અહિંસા. '

### ( ૨૨ )

પૃથ્વીતળ પર માનવદેહે અનેક આત્માઓ અવતર્યા છે અને અવતરે છે; પણ જેમના અવતરવાથી જે ભૂમિ પવિત્ર તથા પૂજ્ય બને છે એવા અવતારી પુરુષો તરીકે તો કવચિત્ કદાચિત્ કોઇક જ અવતરે છે. જેમના અવતરવાથી અશાંતિ, ભય, દુઃખ, કલેશ, દ્વેષ તથા વૈર–વિરોધાદિ અનિષ્ટોનાં મૂળ તત્ત્વો નાશ પામી જાય અને આત્માઓ પરસ્પર એકબીજાને સાચી રીતે ઓળખીને આત્મસંગઠનદ્વારા આત્મિક અનંતી શક્તિનો વિકાસ મેળવી શકે તેમનું અવતરણ અવતાર તરીકે ઓળખાય છે અને તેમનો માનવદેહ પ્રભુ તરીકે પૂજાય છે.

અત્યારે પણ જે મગધની ભૂમિ પવિત્ર તીર્થસ્થળ કહેવાય છે અને પૂજાય છે તે છેલ્લા ત્રણ હજાર વર્ષ દરમ્યાન થઇ

ગયેલા બે મહાન વિભૂતિયોને આભારી છે. અને તેમાં એક તો જૈનધર્મના ઉદ્ધારક શ્રી મહાવીર પ્રભુ અને બીજા બૌદ્ધ ધર્મના પ્રચારક બુદ્ધ ભગવાન છે. જો કે બંનેનો મુખ્ય સિદ્ધાંત હિંસાનું તત્ત્વ નષ્ટ કરીને અહિંસાના પ્રચારનો હતો છતાં બંને પુરુષોના અનુયાયીઓએ પોતપોતાના ઇષ્ટને પ્રધાનતા આપવાને પોતપોતાના ધર્મશાસ્ત્રમાં અત્યંત પ્રયાસ કર્યો છે, છતાંય બંનેમાં એટલું તો અંતર જણાય છે કે-જૈનાચાર્યોએ બુદ્ધના સિદ્ધાંતોમાં દૂષણ બતાવીને નિર્દોષ સિદ્ધાંતોદ્વારા મહાવીરને પ્રધાનતા આપી છે ત્યારે બૌદ્ધાચાર્યોએ મુખ્યત્વે મહાવીરના જ્ઞાનાદિમાં દૂષણ બતાવીને બુદ્ધને પ્રધાનતા આપી છે. ગમે તેમ હોય પણ બંનેનું ધ્યેય ત્યાગ તથા સંયમદ્વારા આત્મતત્ત્વની ઓળખાણ કરાવીને અને અહિંસાની નિવૃત્તિપૂર્વક આત્માનું અહિંસક સ્વરૂપ પ્રગટ કરીને નિર્વાણ પ્રાપ્ત કરાવવાનું હતું. જો કે અત્યારની જનતા ગમે તે કારણોને લઇને બુદ્ધની અહિંસાને શિર ઝુકાવે છે પણ નિષ્પક્ષપણે તાત્ત્વિક દૃષ્ટિથી વિચાર કરવામાં આવે તો મહાવીર તથા બુદ્ધની અહિંસાની તુલના સાગર તથા બિંદુની સાથે કરી શકાય છે અને તે તેમના જ્ઞાન, જીવન તથા ચરિત્રના અભ્યાસથી સ્પષ્ટ સમજી શકાય છે. બુદ્ધ ભગવાન કહી ગયા છે કે-“ માત્ર ઇષ્ટ તત્વ જ જાણવું જોઇયે, બધુંય કાંઈ જાણવાની જરૂરત નથી. સૂક્ષ્મ જંતુઓની સંખ્યા જાણવાથી લાભ શું છે ? ” આ ઉક્તિથી તો બુદ્ધ ભગવાને જીવ તથા અજીવનું સંપૂર્ણ સ્વરૂપ જાણ્યું હશે કે કેમ તેની શંકા જ રહે છે; પણ મહાવીર પ્રભુને તો જીવ તથા અજીવમય જગતનું સાચું અને

સંપૂર્ણ જ્ઞાન હતું તે તેમની જગતવ્યવસ્થાની પ્રરૂપણા ઉપરથી નિઃશંક જણાય છે.

શ્રી મહાવીર પ્રભુએ જીવોને સકર્મક અને અકર્મક એમ બે વિભાગોમાં વ્હેંચી નાંખીને સકર્મક જીવોને ચાર ગતિરૂપ સંસારનું કારણ માન્યું છે. કર્મના અભાવને લઇને અકર્મક જીવો શુદ્ધ હોવાથી તેમનામાં પરસ્પરના ભેદ કે વિશિષ્ટતા જેવું કાંઇપણ હોતું નથી એટલે તેમને સિદ્ધ કહીને ઓળખાવ્યા છે. જ્યાંસુધી જીવ સકર્મક છે ત્યાંસુધી તે દેહ વગર રહી શકતા નથી, માટે સૂક્ષ્મ તથા સ્થૂળ એવા અનેક પ્રકારના દેહધારી જીવોને ઔદારિક તથા વૈક્રિયદેહની અપેક્ષાથી દરેક શરીરના બે બે ભેદ કહી બતાવ્યા છે. વૈક્રિય શરીરના દેવ તથા નારકી અને ઔદારિક શરીરના મનુષ્ય તથા તિર્યંચ એમ બે પ્રકારના શરીરના ચાર ભેદોને સંસાર તરીકે વર્ણવ્યો છે. દરેક શરીરના બે ભેદો પુન્ય તથા પાપકર્મને આશ્રયીને પડ્યા છે અને તેના અંગે સુખ–દુઃખની વ્યવસ્થા કરવામાં આવી છે. દેવ તથા મનુષ્યની ગતિને સુખની પ્રધાનતાની અપેક્ષાએ સુગતિ માનવામાં આવી છે અને દુઃખની પ્રધાનતાને લઇને નારકી તથા તિર્યંચની ગતિને દુર્ગતિ બતાવી છે. આ પ્રમાણે પરસ્પર વિરોધી તત્ત્વોના અંગે સાપેક્ષવાદના સિદ્ધાંતની સિદ્ધિ કરી બતાવી છે.

સંસારી જીવના આશ્રયભૂત દેહને પાંચ ઇંદ્રિયના સમૂહરૂપ જણાવ્યો છે, અર્થાત્ પાંચ ઇંદ્રિયવાળો દેહ ચાર–ત્રણ–બે અને એક ઇંદ્રિયવાળો પણ દેહ હોઈ શકે છે અને તેના અંગે જીવો પણ એક–બે–ત્રણ અને પાંચ ઇંદ્રિયવાળા કહેવાય છે. આ પાંચે

ઇંદ્રિયોદ્વારા જીવો વર્ણ-ગંધ-રસ-સ્પર્શ અને શબ્દ ધર્મવાળા પુદ્ગલસ્વરૂપ અજીવને જાણી શકે છે. આંખ, નાક તથા કાન સિવાયની સ્પર્શ તથા રસ આ બે ઇંદ્રિયો જીવોને જીવવાના સાધનો ગ્રહણ કરવામાં ઘણી જ ઉપયોગી છે અને તેથી કરીને નાક, કાન તથા આંખ વગરના જીવો જીવનના મુખ્ય સાધનભૂત ખોરાકને લઇ શકે છે અને જીવે છે. આ ઉપરથી એટલું તો સ્પષ્ટ સમજાય છે કે પાંચે ઇંદ્રિયવાળા માનવીને જીવવાને માટે આંખ, કાન તથા નાકના વિષયની જરાય જરૂરત નથી. અને એટલા માટે જ શરીર તથા મોં અથવા તો એકલી શરીર ઇંદ્રિય-વાળા જીવોને જીવવામાં કાંઇપણ બાધ આવી શકતો નથી. પણ બીજી ત્રણ ઇંદ્રિયના અભાવે આત્મશ્રેય માટે જોઇતી બુદ્ધિના અભાવે પંચેંદ્રિય જીવો જેટલો ચઉરિંદ્રિય સુધીના જીવો શ્રેય કે અશ્રેય કરી શકતા નથી. જીવોને જેમ જેમ ઇંદ્રિયો વધે છે તેમ તેમ તેનાથી થવાવાળું જ્ઞાન પણ વધે છે, છતાં સમજ-વામાં બુદ્ધિના વિકાસને અનુસરીને ઓછાવત્તાપણું હોય છે. પાંચ ઇંદ્રિયવાળા માણસ પણ હોય છે અને તિર્યંચો પણ હોય છે. બંનેને ઔદારિક શરીર હોવા છતાં પણ માણસમાં બુદ્ધિનો વિકાસ તથા સમજણ જેટલા પ્રમાણમાં હોય છે તેટલા પ્રમાણ-માં તિર્યંચો ( પશુ-પક્ષિયો ) માં હોતાં નથી. માણસ બુદ્ધિનો સંપૂર્ણ વિકાસ કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી કર્મોથી સર્વથા મુક્તિ મેળવી શકે તેવી રીતે તિર્યંચો મેળવી શકતા નથી. વૈક્રિય શરીરવાળા પંચેંદ્રિય દેવ તથા નારકીઓને જન્મથી જ ઇંદ્રિયો વગર જાણવાનું જ્ઞાન હોય છે કે જે જ્ઞાન માનવીઓને નિયમથી હોતું નથી છતાં નારક જીવો દુર્ગતિમાં રહેલા હોવાથી

જન્મથી જ નિરૂપમ વેદનાને લઈને જ્ઞાનનો ઝાઝો ઉપયોગ જ કરતા નથી. અને દેવો જ્ઞાનનો ઉપયોગ કરે છે પણ જન્મથી જેટલું મળ્યું હોય છે તેટલું જ તેમના ઉપયોગમાં આવે છે પણ તેને વધારી શકતા નથી; પણ માનવી પોતે માનવ ભવમાં દેવો જેટલું જ્ઞાન મેળવીને ઘાતી કર્મનો ક્ષય કરે છે અને કેવળજ્ઞાન મેળવીને સર્વજ્ઞ બની શકે છે તેમજ આત્માનો સંપૂર્ણ વિકાસ સાધી શકે છે. તાત્પર્ય કે–માનવ દેહવાળો આત્મા સર્વજ્ઞ બની શકે છે.

આ પ્રમાણે મહાવીર પ્રભુનું જ્ઞાન નિરાવરણ–સ્વચ્છ અને વિશાળ હતું, અતીત, અનાગત તથા વર્તમાન કાળના જ્ઞેય માત્ર તેમના જ્ઞાનના વિષયપણે પરિણમ્યા હતા તેથી પ્રભુ ત્રિકાળજ્ઞ હતા, સર્વજ્ઞ હતા, ત્યારે બુદ્ધ ભગવાને દૃશ્યાદૃશ્ય જગતને વિજ્ઞાનસ્વરૂપ માનીને જીવાજીવની વિવિધતા તથા વિશિષ્ટતા જણાવેલી ન હોવાથી સંભવે છે કે તેમનું જ્ઞાન પરિમિત હશે. અને તેથી કરીને જ તેમની અહિંસાનું ક્ષેત્ર પણ પરિમિત છે. પ્રભુ મહાવીરની અહિંસા સૂક્ષ્મ અને અપરિમિત એટલા માટે છે કે જગતની સંપૂર્ણ જીવરાશીને તેમનું જ્ઞાન સ્પર્શ્યું હતું. એટલે તેમની અહિંસાનું ક્ષેત્ર પણ વિશાળ છે, કારણ કે હિંસા તથા અહિંસાનું બીજ સકર્મક જીવરાશી છે. સકર્મક દેહધારી જીવો જ્યાં સુધી અશરીરી બનીને કેવળ આત્મસ્વરૂપનો વિકાસ ન મેળવે ત્યાં સુધી હિંસાની સીમા છે. સંસારની હયાતીનું કારણ હિંસા છે. જ્યાં સુધી હિંસારૂપી જળનું સિંચન થયા કરે છે ત્યાં સુધી જ સંસાર–વૃક્ષ ફાલ્યુંફૂલ્યું રહે છે. સમગ્ર જીવરાશી જો અહિંસાની આશ્રિત બને તો સંસારનો ઉચ્છેદ

થઈ શકે છે, પણ તેમ બનવું અસંભવિત છે, કારણ કે ભવ્યાભવ્યાદિ અનેક પ્રકારના સ્વભાવવાળા જીવો હોવાથી સકર્મક દેહધારી જીવ માત્ર અહિંસક બની શકે જ નહિં અને સંસારનો ઉચ્છેદ પણ થઈ શકે નહિં, જીવ વ્યક્તિને આશ્રયીને તો સંસારનો ઉચ્છેદ થઈ શકે છે પણ સમષ્ટિને આશ્રયીને તો અસંભવિત જ છે. અને એટલા માટે જ અખિલ જીવ-જગત અહિંસક બની શકતું જ નથી.

જીવે ધારણ કરેલા દેહનું બીજા જીવના નિમિત્ત વગર આયુષ્ય પૂરું થવાથી સ્વતઃ છૂટી જવું તે હિંસા કહેવાય નહિં પણ દેહ છોડવામાં જે કોઇ જીવ નિમિત્ત બને તે હિંસક કહેવાય છે, અર્થાત્ ઇરાદાપૂર્વક જીવને તેના દેહથી છૂટો પાડવો તે જીવ મારવો કહેવાય છે, અને તેને જ હિંસા કહેવામાં આવે છે. જો જીવ પોતે જ પોતાના દેહને છૂટો પાડવાનો પ્રયાસ કરે અર્થાત્ પોતે જ પોતાના દેહને છોડવામાં નિમિત્ત બને તો પોતે પણ હિંસક હોઈ શકે છે અને તે આત્મઘાતી કહેવાય છે. રાગ, દ્વેષ તથા મોહને લઇને પુદ્ગલાનંદી જીવો પાંચે ઇંદ્રિયોના વિષયોને પોષવાને માટે અથવા તો વૈર-વિરોધ તથા દ્વેષની તૃષ્ણા બુઝાવવાને માટે જીવોને પ્રાણોથી-દેહથી છૂટા પાડે છે તેને જ હિંસા કહેવામાં આવે છે. પણ સંકલ્પ વગર અનિચ્છાએ જીવોને બચાવવાનો પ્રયત્ન હોવા છતાં પણ જો જીવની વિરાધના (દેહમુક્ત) થઈ જાય તો તે હિંસા કહેવાતી નથી અર્થાત્ સ્વ-પરની હિતાવહ પ્રવૃત્તિ કરતાં કોઈ જીવ મરી જાય તો તે હિંસામાં ગણાય નહિં તેમજ દેહના કારણભૂત કર્મને જીવથી છૂટા પાડવામાં-ક્ષય કરવામાં નિમિત્તભૂત આત્મા હિંસક

કહેવાતો નથી પણ અહિંસક કહેવાય છે; કારણ કે તેમાં રાગ-દ્વેષ કે મોહ હોતો નથી અને કોઇ પણ ઇંદ્રિયના વિષયને પોષવાનું પણ હોતું નથી પરંતુ જીવોને દુઃખમાંથી છોડાવીને શાશ્વતું સુખ તથા જીવન પ્રાપ્ત કરાવવાનો હેતુ હોય છે.

પ્રભુએ મન, વચન તથા કાયાના વ્યાપારોને સાવદ્ય તથા નિરવદ્યપણે વર્ણવ્યા છે. સાવદ્ય એટલે સપાપ-હિંસક અને નિરવદ્ય એટલે નિષ્પાપ-અહિંસક. પોતાના પ્રાણો બચાવી દેહનો સંયોગ બનાવી રાખવા એટલે જીવવાને માટે જીવો જેટલી કાળજી રાખે છે તેટલી કાળજી બીજા જીવોને જીવાડવા કે જીવવા દેવાને માટે રાખતા નથી; બીજા જીવોને જીવાડવા કે જીવવા દેવામાં જેટલી ઉપેક્ષા કરવામાં આવે છે તે બધુંય હિંસક વૃત્તિનું પરિણામ છે. હિંસાનો આધાર મનોવ્યાપાર ઉપર છે. અર્થાત્ મનના પરિણામને આશ્રયીને હિંસા તથા અહિંસાની ઓળખાણ થઇ શકે છે. અને એટલા માટે જ રાગ-દ્વેષ તથા મોહના પરિણામ હિંસાના ઉત્પાદક છે અને સમભાવ-સમ્યગ્જ્ઞાન-દર્શનાદિથી થવાવાળા પરિણામ અહિંસાજનક છે, આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ હોવાથી અહિંસક સ્વભાવનો છે, કારણ કે તેને વર્ણ, ગંધ તથા રસાદિ ધર્મવાળા પુદ્ગલો કે જેને જીવોએ દેહપણે પરિણમાવ્યા છે તેની જરૂરત હોતી નથી તેથી તે હિંસક પ્રવૃત્તિ આદરતો નથી. આનંદ, સુખ તથા જીવન આત્માના પોતાના જ ધર્મ છે. તેને પ્રગટ કરવામાં અર્થાત્ આનંદ તથા સુખ ભોગવવામાં અને જીવવામાં જીવે ધારણ કરેલા જડ સ્વરૂપ દેહ સર્વથા નિરુપયોગી છે

માટે આત્મા દેહ ભોગવવાની અનિચ્છાથી તેને જીવથી છૂટો પાડતો નથી, હિંસા કરતો નથી.

આત્મા સ્વરૂપે અહિંસક હોવા છતાં પણ અનાદિ કાળના મોહનીય કર્મના સંસર્ગને લઇને અજ્ઞાનતાના દોષથી પોતાનાથી ભિન્ન ગુણ-ધર્મવાળા દેહમાં પોતાના આરોપ કરીને આનંદ, સુખ તથા જીવનનું સાચું સ્વરૂપ વિસરી ગયો છે અને જડાત્મક દેહની સાથે થવાવાળા પૌદ્ગલિક વસ્તુઓના અનુકૂળ તથા પ્રતિકૂળ સંયોગોને જ સુખ--દુઃખ માની રહ્યો છે અને તેથી કરીને પોતે જડાસક્ત થવાથી અને તેને જડ સ્વરૂપ દેહની અત્યંત આવશ્યક્તા રહેતી હોવાથી જીવોના દેહ--વિયોગ કરાવવારૂપ હિંસાનો આશ્રિત બન્યો છે; કારણ કે પાંચે ઇંદ્રિયોના વિષયોને પોષવાને જીવોએ શરીરપણે ગ્રહણ કરેલા પુદ્ગલ સ્કંધો વિષયવૃતિ પોષવાને કે જીવ તથા દેહનો સંયોગ જાળવી રાખવારૂપ જીવવાને કામ આવી શકતા નથી. ખાવામાં, પીવામાં, પહેરવામાં તેમજ અન્ય પણ જીવવાના સાધનોમાં જીવોએ ગ્રહણ કરેલા પુદ્ગલો જ ઉપયોગી બની શકે છે અને એટલા માકે જ લૌકિક ભાષામાં બોલતા માનવીઓ નજરે પડે છે કે--જીવ જીવનું ભક્ષ છે. ગાઢતમ અજ્ઞાનતાને લઇને જીવ તથા દેહને અભિન્ન માનનાર જીવો સુખ, દુઃખ તથા જીવનને જડના જ ધર્મ માને છે અને તેથી કરીને તેમના માટે જીવહિંસા જેવું કશુંય હોતું નથી. મોજશોખ માટે દેહને સુંદર બનાવવાને તથા પોષવાને માટે તેમજ જીવવાને માટે અનેક જીવોનો સંહાર કરવામાં આવે તો તેથી હિંસા થાય છે—પાપ લાગે છે એવું માનતા જ નથી પણ માનવીનો ધર્મ છે એમ માને છે.

આ બધોય વિકાર કર્મનો છે અને તેને આત્માનો અશુદ્ધ ઉપયોગ માનવામાં આવે છે. બાકી આત્મા તો શુદ્ધ ઉપયોગવાળો હોવાથી નિર્વિકારી છે અને તેથી જ તે અહિંસક છે.

આ પ્રમાણે શ્રી મહાવીરપ્રભુએ આત્મદૃષ્ટિને જ તાત્ત્વિક માનેલી હોવાથી જડાત્મક સુખ માત્ર કલ્પિત માન્યું છે એટલે સર્વથા દેહાધ્યાસથી મુકાયલા આત્માઓ સૂક્ષ્મતમ જીવોની પણ હિંસા કરતા નથી તેથી તેમનું અહિંસક સ્વરૂપ પ્રગટ થાય છે. સંપૂર્ણ અહિંસકપણું પ્રગટ્યા સિવાય સર્વજ્ઞતા પ્રાપ્ત થાય નહિં અને સ્વતઃ અથવા પરતઃ સંપૂર્ણ જીવરાશી જાણ્યા સિવાય સંપૂર્ણ અહિંસક પ્રવૃત્તિ થાય પણ નહિં. શ્રી મહાવીરનું જીવન તપાસતાં જણાય છે કે જીવ તથા દેહને સર્વથા ભિન્ન સ્વરૂપવાળા ઓળખીને તથા માનીને દેહ માટે અંશ માત્ર પણ હિંસાને અવકાશ આપ્યો નથી. કોઇ પણ પ્રકારના કર્મના ઉદય--વિકારોને શમાવવા કોઇ પણ જીવને દુઃખ--કલેશ થાય તેમ અંતઃકરણથી પણ ચિંતવ્યું નથી. કર્મોના ઉદયને લઇને થવાવાળા જડાત્મક અનુકૂળ તથા પ્રતિકૂળ સંયોગ--વિયોગથી આત્માને હાનિ--લાભ થાય છે એવા અપસિદ્ધાંતને પોતે અપનાવ્યો નથી અને તેથી કરીને પોતે સંપૂર્ણ અહિંસક હતા એટલે જ સર્વજ્ઞ પણ હતા.

## સ્યાદ્વાદ-રહસ્ય.

(૨૩)

જૈન સમાજમાં કેટલાક અણજાણ માણસો એક વખત એક કામ કરીને ફરી બીજી વખત વિપરીતપણે કરતા હોય

અને તેમને કોઇ પૂછે કે–તમે તે દિવસે તો આમ કરતા હતા અને આજ આમ વિપરીતપણે કેમ કરો છો ? તો તેઓ ઝટ કહી દે છે કે–અમારો તો સ્યાદ્વાદ ધર્મ છે, એટલે કામ પડે તો માયા પણ કરીએ અને સરળતા પણ રાખીએ. અમે સ્યાદ્વાદી રહ્યા તેથી અમને કોઇ પણ પ્રકારનો બાધ નડતો નથી. આવી રીતે કહેનારાઓ સાચી વસ્તુસ્થિતિથી તદ્દન વેગળા હોય છે. આમ પણ કરવું અને તેમ પણ કરવું તે સ્યાદ્વાદ ન કહેવાય. સ્યાદ્વાદમાં કરવાપણું કાંઇ પણ હોતું નથી. વાદનો અર્થ બોલવું થાય છે, એટલે એક વસ્તુને સાચી રીતે જાણીને કહી બતાવવી; વસ્તુના યથાર્થ બોધનું નામ સ્યાદ્વાદ છે. જ્યારે અનંત ધર્મવાળી વસ્તુને કોઇ એક ધર્મરૂપ દેશથી કહેવી હોય છે ત્યારે સ્યાદ્ શબ્દ જોડીને કહેવાથી તે વસ્તુની યથાર્થ પ્રરૂપણા થઈ શકે છે.

કોઇ પણ વસ્તુ એક ધર્મવાળી હોતી નથી પણ અનેક ધર્મવાળી હોય છે. ધર્મોના ત્રણ પ્રકાર છે. સ્વધર્મ, પરધર્મ અને ઉભય ધર્મ. જેમ કે ઘડો અને વસ્ત્ર. આ બંને વસ્તુઓમાંથી ઘડામાં જે ઘડાપણું, એટલે પાણી ધારણ કરવાપણું છે તે ઘડાનો સ્વધર્મ છે અને વસ્ત્રમાં વસ્ત્રપણું એટલે શરીર ઢાંકવાપણું તે વસ્ત્રનો સ્વધર્મ છે. ઘડાને માટે વસ્ત્રપણું અને વસ્ત્રને માટે ઘડાપણું તે પરધર્મ કહેવાય છે. પ્રમેયત્વ, જ્ઞેયત્વ આદિ ઘટ તથા વસ્ત્રમાં પણ રહેતા હોવાથી ઉભય ધર્મ કહેવાય છે. આ બધાય ધર્મો સાધારણ તથા અસાધારણના નામથી પણ ઓળખાય છે. દરેક વસ્તુમાં અર્થક્રિયા રહેલી હોય છે અને તે વસ્તુનો યથાર્થ બોધ કરાવે છે. જેમ કે પ્રકાશ કરવારૂપ

અર્થક્રિયા દીપકનો, શીતળતા આપવાપણું પાણીનો, અને બાળવાપણું અગ્નિનો બોધ કરાવે છે. આવી જ રીતે વસ્તુ-માત્રમાં રહેલી ભિન્ન ભિન્ન અર્થક્રિયા ખાસ ખાસ વસ્તુનો બોધ કરાવતી હોવાથી તેને તે તે વસ્તુના અસાધારણ ધર્મ તરીકે ઓળખવામાં આવે છે કે જેને લોકભાષામાં ખાસીઅત કહેવામાં આવે છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ રૂપી તથા અરૂપી ધર્મો સાધારણ છે અને તે ભિન્ન ભિન્ન અર્થક્રિયા કરવાવાળી ભિન્ન ભિન્ન વસ્તુઓમાં રહેલા હોય છે અને જ્ઞેયત્વાદિ સાધારણ ધર્મો તો વસ્તુમાત્રમાં રહે છે. પછી તે ચાહે રૂપી હોય, અરૂપી હોય, જીવ કે અજીવ જ કેમ ન હોય. બધેય સરખી રીતે રહી શકે છે. વસ્તુમાં રહેલા સમગ્ર ધર્મોથી વસ્તુને ઓળખવામાં આવે તો સાચી ઓળખાણ કહી શકાય, પણ અનેક ધર્મવાળી વસ્તુને બીજા બધાય ધર્મોનો નિષેધ કરીને તેમાંનાં કોઇ એક ધર્મની જ વસ્તુને ઓળખવામાં આવે તો તે ઓળખાણ સાચી હોતી નથી. તેથી તે અપૂર્ણ ઓળખાણ કહેવાય છે. અને જો બીજા ધર્મોનો નિષેધ ન કરતાં તેને ગૌણ રાખીને અને એક ધર્મને મુખ્ય રાખીને જો વસ્તુને ઓળખવામાં આવે તો તે પણ સાચી ઓળખાણ હોઇ શકે છે. વસ્તુમાં રહેલા અનેક ધર્મોમાંથી કોઈ એક ધર્મદ્વારા વસ્તુને ઓળખવી તે નય કહેવાય છે. જેમ કે મનુષ્ય પર્યાયમાં રહેલા આત્માને માણસ કહેવો. બીજા ધર્મોને ગૌણ રાખીને એક ધર્મથી વસ્તુને કહેવી તે સુનય. જેમ કે, આત્મા માણસ પણ છે અને બીજા ધર્મોને નિષેધ કરીને એક ધર્મથી વસ્તુને જણાવવી તે કુનય કહેવાય. જેમ કે, આત્મા માણસ જ છે.

વસ્તુના એક દેશને ગ્રહણ કરવાવાળો નય કહેવાય છે અને તે નિયમથી મિથ્યાદૃષ્ટિ હોય છે, કારણ કે તેનાથી વસ્તુનો સંપૂર્ણ બોધ ન થવાથી અયથાર્થ જ્ઞાન થાય છે અને એટલા માટે જ નયવાદને મિથ્યાવાદ કહેવામાં આવે છે, તેથી જિન પ્રવચનના તત્ત્વને જાણવાવાળા મિથ્યાવાદને ટાળવાને માટે બધીય વસ્તુની સાથે સ્યાત્ શબ્દ જોડીને તેનું કથન કરે છે. કોઈ પણ વસ્તુની સાથે સ્યાત્ શબ્દનો પ્રયોગ કર્યા સિવાય તે વસ્તુનું નિરૂપણ કરતા નથી. કદાચ એવી આશંકા થાય કે વસ્તુમાત્રની સાથે સ્યાત્ જોડવામાં આવે તો પછી એવકારનો પ્રયોગ થઈ શકતો નથી અને તેનો પ્રયોગ કર્યા સિવાય કોઇ પણ વસ્તુનું અવધારણ–નિર્ણય ન થવાથી અનિશ્ચિતવાદનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. પણ તેમ નથી કારણ કે સ્યાત્ શબ્દ અન્યનો સંગ્રહ કરનારો છે અને એવ શબ્દ અન્યનો નિષેધ કરનારો છે, તેથી બંને પરસ્પર વિરોધી હોવા છતાં પણ સાથે રહી શકે છે અને વસ્તુસ્થિતિ જોતાં તો બંને એક સ્થળે સાથે રહેવા છતાં પણ બંનેયમાંથી એકેયને કાંઇ પણ બાધ નડી શકતો નથી તેથી અનિશ્ચિતવાદની આશંકા ટળી જાય છે.

જૈન દર્શનમાં વસ્તુને સાચી રીતે જાણવાને માટે સ્યાત્ અને એવ આ બે શબ્દોનો સાથે ઉપયોગ કરવામાં આવે છે. સ્યાત્ શબ્દ અન્યનો સંગ્રહ કરનારો છે અને એવ અન્યનો નિષેધ કરે છે. આ બંને પરસ્પર વિરોધી હોવા છતાં પણ વસ્તુનો સાચી રીતે બોધ કરાવી શકે છે, કારણ કે જે વસ્તુની સાથે સ્યાત્ જોડાય છે તે નહિ કહેવામાં આવેલા વસ્તુમાં

રહેવાવાળા બધાય ધર્મોનો સંગ્રહ કરે છે, અને એવ શબ્દ જે વસ્તુ તેના દેશરૂપ કોઇ એક ધર્મથી ઓળખાવવામાં આવી હોય તેને બદલે બીજી ભિન્ન વસ્તુના સંબંધની શંકા ટાળીને વસ્તુનું અવધારણ-નિર્ણય કરે છે, જેમકે જ્ઞાન-દર્શન-વીર્ય-સુખવાળો જીવ છે કે નહિ? એવી આશંકા ઉપસ્થિત થાય ત્યારે કહેવામાં આવે છે કે **स्यात् जीव एव**। અહીં જીવ શબ્દ પ્રાણ ધારણ કરવાવાળું જીવ શબ્દનું વાચ્ય દ્રવ્ય વિશેષ ગ્રહણ કરે છે અને એવકાર જીવ શબ્દના વાચ્ય તરીકે કરેલી અજીવની આશંકાને દૂર કરે છે. અર્થાત્ જ્ઞાનાદિ ગુણવાળો અજીવ હોઇ શકે નહિ પણ જીવ જ હોઇ શકે છે. સ્યાત્ શબ્દ જ્ઞાન, દર્શન, સુખ આદિ અસાધારણ અને અમૂર્તપણું, અસંખ્યાત પ્રદેશપણું તથા સૂક્ષ્મપણું સાધારણ કે જે ધર્મો ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય તથા આકાશાસ્તિકાય આદિમાં પણ રહેલા છે તેમજ સત્વ, પ્રમેયત્વ, ગુણત્વ આદિ ધર્મો કે જે વસ્તુમાત્રમાં રહેલા છે-આ બધાય સાધારણ તથા અસાધારણ ધર્મમાત્રનું ગ્રહણ કરે છે. અને જ્યારે જીવ જ્ઞાનાદિ લક્ષણવાળો છે કે અન્ય લક્ષણવાળો છે એવી આશંકા થાય ત્યારે આ પ્રમાણે નિર્ણય કરવામાં આવે છે કે **स्यात् ज्ञानादिलक्षण एव जीव**। આ સ્થળે પણ જીવ શબ્દ તેનું વાચ્ય પ્રાણ ધારણ કરવાવાળા ચેતન દ્રવ્યની પ્રતીતિ કરાવે છે અને એવકાર લક્ષણનો નિર્ણય કરે છે. એટલે કે જ્ઞાનાદિ લક્ષણ જીવનું બીજું નથી. સ્યાત્ શબ્દ જીવમાં રહેલા સાધારણ તથા અસાધારણ બધાય ધર્મોનું ગ્રહણ કરે છે જ્યારે જગતમાં જીવ છે કે નહિ એવી જીવના માટે અસંભવની આશંકા કરવામાં આવે. ત્યારે આ પ્રમાણે અવધારણ

કરવામાં આવે છે કે " **स्यात् अस्ति एव जीव** " અહિં પણ સ્યાત્ શબ્દનો પ્રયોગ કરીને સાધારણ તથા અસાધારણ ધર્મો ગ્રહણ કર્યાં છે અને " અસ્તિ એવ " આ પ્રમાણે અસ્તિની સાથે એવ શબ્દ વાપરીને જીવના અસંભવની આશંકા ટાળી છે અને જીવ શબ્દથી જીવ શબ્દનું વાચ્ય પ્રાણધારણ કરવા-વાળું ચેતન દ્રવ્ય વિશેષ ગ્રહણ કર્યું છે.

આવી જ રીતે દરેક સ્થળે જ્યાં સ્યાત્ શબ્દ ન વાપર્યો હોય ત્યાં પણ સ્યાત્ શબ્દ વાપરવાપૂર્વક વસ્તુનું અવધારણ કરવું જેથી વસ્તુનો યથાર્થ બોધ થઇ શકે છે. જો એવકાર દ્વારા અવધારણ કરવામાં ન આવે તો જીવ તથા અજીવ આદિ વસ્તુત્વની વ્યવસ્થાના લોપનો પ્રસંગ ઉપસ્થિત થાય છે અર્થાત્ જીવ અજીવ આદિની વ્યવસ્થા બની શકતી નથી. જો બીજા અજીવાદિ દ્રવ્યોનો નિષેધ કરીને જ્ઞાન–દર્શન–ઉપયોગ લક્ષણ-વાળો જીવ જ છે એવું અવધારણ કરવામાં ન આવે તો અજીવ પણ જ્ઞાનાદિ લક્ષણવાળો થવાનો પ્રસંગ આવે છે અને તેથી જીવ તથા અજીવની વ્યવસ્થાનો લોપ થવાથી આ જીવ છે અને આ અજીવ છે એવી નિશ્ચયાત્મક ઓળખાણ થઇ શકતી નથી. અને જો જ્ઞાન, દર્શન, ઉપયોગ લક્ષણ જ જીવનું છે, આ પ્રમાણે અન્ય લક્ષણનો નિષેધ કરીને જ્ઞાનાદિ ગુણસ્વરૂપ લક્ષણનું અવધારણ કરવામાં ન આવે તો અજીવમાં રહેવાવાળા અસાધારણ અથવા તો સાધારણ લક્ષણની આશંકા થવાથી પણ જીવ તથા અજીવનો નિયમિત બોધ થઇ શકતો નથી અને તેવી વસ્તુનો સમ્યગ્ બોધ ન થવાથી સમ્યગ્વાદની ઇચ્છાવાળાને

અપેય સ્યાત્ પદ વાપરવાની જેટલી જરૂરત છે તેટલી જ જરૂરત અવધારણાત્મક એવ્ પદ વાપરવાની પણ છે.

આ પ્રમાણે **સ્યાત્** તથા **એવ**ને વસ્તુતત્વના બોધમાં પ્રધાનતા આપવામાં આવી છે, કારણ કે દ્રવ્ય તથા પર્યાય એમ બે પ્રકારની વસ્તુ માનવામાં આવી છે. આ બંને વસ્તુઓ એક રૂપે હોવા છતાં પણ એકને દ્રવ્ય અને બીજીને પર્યાય કહેવામાં આવે છે. તોયે દ્રવ્યથી ભિન્ન પર્યાય અને પર્યાયથી ભિન્ન દ્રવ્ય જેવી કોઇ વસ્તુ નથી. જે કોઇ કારણના નામથી ઓળખાય છે તે દ્રવ્ય અને કાર્ય તરીકે ઓળખાય છે તે પર્યાય. તાત્ત્વિક દૃષ્ટિથી વિચાર કરીએ તો અનેક અવસ્થાઓમાં જે એક રૂપે દેખાય તે દ્રવ્ય અને અનેક અવસ્થાઓ દેખાય તે પર્યાય. જેમકે, મનુષ્ય દ્રવ્ય કહેવાય છે, અને બાળ, તરુણ, વૃદ્ધ આદિ અવસ્થાઓ પર્યાય કહેવાય છે. માટી દ્રવ્ય છે અને સ્થાસ–કોશ–કુશૂળ–કપાળ–ઘટ આદિ પર્યાયો છે. દ્રવ્ય સામાન્ય રૂપે રહે છે અને પર્યાયો વિશેષ રૂપોને ધારણ કરે છે. પર્યાયોમાં પણ સાપેક્ષ દ્રવ્ય રહેલું છે અને તે પૂર્વ પર્યાયને કહેવામાં આવે છે. અર્થાત્ પૂર્વ--પૂર્વ પર્યાય તે દ્રવ્ય અને ઉત્તર--ઉત્તર પર્યાય તે પર્યાયના નામથી ઓળખાય છે. આવી રીતે ઘટ--પટાદિ પર્યાયોને પણ દ્રવ્ય કહેવામાં આવે છે, અને તેથી જેમ દ્રવ્યમાં પર્યાય રહે છે તેમ પર્યાયમાં પણ દ્રવ્ય રહે છે. અર્થાત્ અનેક વિશેષોમાં સામાન્યપણે રહેવાવાળું દ્રવ્ય કે જે એક દ્રવ્યાર્થિક નયના વિષયપણે ઓળખાય છે તે અને બીજું પર્યાયોમાં પૂર્વ પર્યાયસ્વરૂપ દ્રવ્ય આ બન્ને પ્રકારના દ્રવ્યોમાં ઉપાદાન કારણતા એક સરખી રીતે રહેલી છે છતાં એકમાં

ભવન (પરિણમન) સ્વભાવતા છે અને બીજામાં ભૂત તથા ભાવિ પર્યાયની કારણતા છે. આ બંને દ્રવ્યો તથા પર્યાયોના યથાર્થ બોધ માટે **स्यात्** તથા **एव**કારની અત્યંત આવશ્યકતા રહે છે. **स्यात्** અનંત ધર્માત્મક વસ્તુ( દ્રવ્ય )નો બોધ કરાવે છે અને **एव**કાર વિશિષ્ટ પર્યાયનું નિરધારણ કરે છે.

# કર્મપ્રકૃતિ

## ( ૨૪ )

વિકૃતિસ્વરૂપ સંસારનું મૂળ બે પ્રકૃતિઓ છે. એક જીવ-પ્રકૃતિ અને બીજી અજીવ-પ્રકૃતિ. અથવા તો આત્મપ્રકૃતિ અને કર્મપ્રકૃતિ. આત્મપ્રકૃતિ અવિકૃત સ્વરૂપ અને ચેતન છે ત્યારે કર્મપ્રકૃતિ વિકૃતિ સ્વરૂપ અને અચેતન છે. આત્માની જ્ઞાનસ્વરૂપ પ્રકૃતિ નિરંતર અવિકૃત રહે છે અને કર્મનો અનાદિ કાળથી આત્માની સાથે સંબંધ હોવાથી કર્મના અનેક પ્રકારના વિકારોનો આત્મામાં આરોપ કરવામાં આવે છે, તેથી કર્મના વિકારો હોવા છતાં પણ વ્યવહાર દૃષ્ટિથી આત્માના કહેવાય છે. કર્મ બનવા લાયક પુદ્ગલ સ્કંધોમાં કર્મપણે પરિણમેલા કર્મની અનેક પ્રકૃતિઓમાંની એકેય પ્રકૃતિ હોતી નથી. પણ આત્મા જ્યારે તે પુદ્ગલસમૂહને પૂર્વસંચિત કર્મદ્વારા ગ્રહણ કરીને કર્મપણે પરિણમાવે છે ત્યારે તે પુદ્ગલ સમુદાય ભિન્ન ભિન્ન પ્રકૃતિઓને ધારણ કરવાવાળો થાય છે. અને તે પૂર્વ પ્રકૃતિઓની સંખ્યામાં પરિણમે છે, પણ ન્યૂનાધિક કે પૂર્વ પ્રકૃતિઓથી ભિન્ન કોઇ નવીન પ્રકૃતિમાં પરિણમતો નથી. નવીન ગ્રહણ

કરાતા પુદ્ગલો પૂર્વની પ્રકૃતિઓમાં ભળી જઇને તદાકાર થઇ જાય છે. ત્યારે તે કર્મનું કાર્ય કરવાને સમર્થ થાય છે. જે પ્રકૃતિવાળા કર્મમાં ભળે છે તેજ પ્રકૃતિવાળાં બનીને તેનું કાર્ય કરે છે.

કર્મની પ્રકૃતિ એટલે સ્વભાવ અને તેનું કાર્ય સકર્મક આત્માના ગુણોને ઢાંકવાનું છે. અર્થાત્ અનાદિથી જે પ્રકૃતિએ આત્માનો જે ગુણ ઢાંકેલો હોય છે તેને જ તે પ્રકૃતિમાં ભળીને નવું બનેલું કર્મ ઢાંકે છે. જ્યારે પૂર્વનું કર્મ, સ્થિત તથા રસ પૂર્ણ થવાથી જીર્ણ થઇને ખસી જાય છે–ખરી પડે છે ત્યારે નવીન કર્મ તેનું કાર્ય કરે છે. આ પ્રમાણે અનાદિકાળથી ચાલ્યું આવે છે તેથી કર્મને પ્રવાહથી અનાદિ માન્યાં છે. તાત્પર્ય કે પ્રથમના કર્મની સ્થિતિ (આત્મિક ગુણોને ઢાંકવાનો કાળ) પૂરી થાય છે ત્યારે તે પ્રકૃતિમાં રહેલો રસ સૂકાઈ જવાથી આત્મિક ગુણ ઢાંકવાને શક્તિહીન બનેલાં પુદ્ગલ સ્કંધો કર્મ પરિણામના અભાવે આત્મપ્રદેશમાંથી નિર્જરી જાય છે–છૂટાં પડી જાય છે ત્યારે કર્મપણે પરિણમેલાં તેવી જ પ્રકૃતિવાળા નવાં કર્મો તે જ આત્મિક ગુણોને ઢાંકી દે છે. તેથી તે ગુણ દબાયેલો જ રહે છે. પ્રગટ થઇ શકતો નથી. પણ જ્યારે આત્માએ નવીન પુદ્ગલો ગ્રહણ કરીને પૂર્વ પ્રકૃતિસ્વરૂપ પરિણમાવ્યાં ન હોય અને પૂર્વ પ્રકૃતિની સ્થિતિ પૂર્ણ થવાથી કર્મ પરિણામ નષ્ટ થઇને આત્મપ્રદેશ ઉપરથી ખરી પડી હોય તો તે પ્રકૃતિથી દબાયલો જ આત્મિક ગુણ પ્રકટ થાય છે તે પાછો ઢંકાતો નથી, કારણ કે ગુણઘાતક–આવારક પ્રકૃતિ આત્માએ નવીન પુદ્ગલો લઇને બનાવેલી હોતી નથી. અર્થાત્ પૂર્વ પ્રકૃતિની સત્તામાં–

વિદ્યમાનપણામાં નવીન પુદ્ગલો તેમાં ભેળવીને સ્થિતિ, રસ તથા પુદ્ગલોમાં વૃદ્ધિ કરેલી હોતી નથી. તેથી પૂર્વની પ્રકૃતિ ક્ષય થઈ ગયા પછી નવીન પુદ્ગલો લઈને તેવી પ્રકૃતિ બનાવી શકાય નહિ. પૂર્વ પ્રકૃતિની હયાતિમાં જ તેમાં નવીન પુદ્ગલો ભેળવીને પ્રકૃતિના કાર્યને ટકાવી રાખવામાં આવે છે. આવી નિર્મૂળ( ક્ષય ) થયેલી પ્રકૃતિથી પ્રગટ થયેલો આત્મિક ગુણ ક્ષાયિક ભાવનો કહેવાય છે. ભાવો છ પ્રકારના છે. કર્મપ્રકૃતિને આશ્રયીને મુખ્યપણે ચાર ભાવો વપરાય છે. ક્ષાયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક, ઔદયિક. જેમકે લાકડાં તથા કોલસા અગ્નિ નથી હોતા પણ તેમાં અગ્નિ બનવાની યોગ્યતા હોય છે તેથી તેને સળગતી અગ્નિમાં નાખવામાં આવે તો તે અગ્નિરૂપે પરિણમીને દાહક–વસ્તુને બાળવાની પ્રકૃતિવાળાં બને છે, એ પ્રકૃતિ વિકૃત સ્વરૂપ છે, તેથી તે વસ્તુઓના રૂપને વિકૃત બનાવે છે. દેવતા સળગતો જ્વાળારૂપે હોય કે અંગારારૂપે હોય તો જ લાકડાં આદિ તેની સાથે ભળીને દેવતાપણે પરિણમે છે, પણ અગ્નિ હોલવાઈને રક્ષાના રૂપમાં પરિણમ્યો હોય અથવા તો રાખોડીથી ઢંકાયેલો હોય ત્યારે લાકડા આદિ સંસર્ગમાં આવવા છતાં પણ અગ્નિરૂપે પરિણમતાં નથી. અહીં સળગતા અગ્નિની જેમ કર્મપ્રકૃતિનો ઔદયિક ભાવ જાણવો; ભારેલો અગ્નિ ઉપશમ ભાવ અને રાખોડી થઈ ગયેલો ક્ષાયિક ભાવ કર્મપ્રકૃતિનો હોઈ શકે છે અર્થાત્ જેમ સળગતો અગ્નિ લાકડાં આદિને દાહક પ્રકૃતિવાળાં બનાવી શકે છે પણ ભારેલો તથા રાખોડી થઇ ગયેલો અગ્નિરૂપે પરિણમાવીને દાહક શક્તિવાળાં બનાવી શકતો નથી, તેવી જ રીતે કર્મ બનવા લાયક પુદ્ગલ સ્કંધોને ઔદયિક

ભાવની કર્મપ્રકૃતિ કર્મપણે પરિણમાવીને આત્મિકગુણ આવારક પ્રકૃતિવાળાં બનાવી શકે છે, પણ ઔપશમિક ભાવની કે ક્ષાયિક ભાવને પામેલી કર્મપ્રકૃતિ નવીન પુદ્ગલ સ્કંધોને કર્મપણે પરિણમાવીને ગુણઘાતક-આવારક પ્રકૃતિવાળાં બનાવી શકે નહિ.

કર્મની મુખ્યપણે આઠ પ્રકૃતિઓ છે. તેની ગૌણપણે અનેક પ્રકૃતિઓ બને છે છતાં મુખ્ય આઠ પ્રકૃતિઓમાંથી ચાર જ પ્રકૃતિઓ એવી છે કે જે આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ ગુણોને ઢાંકી શકે છે-ઘાત કરી શકે છે. તેથી તે ચારે ઘાતી કહેવાય છે. આ ચારમાં પણ ફક્ત મોહનીય કર્મની પ્રકૃતિ જ પ્રધાન ગણાય છે. બીજી જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય આ ત્રણ પ્રકૃતિઓ મોહનીયની પ્રકૃતિ ઉપર આધાર રાખે છે. મોહનીયના ક્ષયની સાથે જ ત્રણેનો ક્ષય થાય છે, જેથી આત્માના જ્ઞાનાદિ ગુણોનો સંપૂર્ણપણે વિકાસ થાય છે. ઉપર જે પ્રકૃતિનું વર્ણન કરવામાં આવ્યું છે અને ક્ષાયિક, ઔપશમિક ભાવ જણાવ્યા છે તે મોહનીયની પ્રકૃતિને આશ્રયી-ને છે. પુદ્ગલ સ્કંધોનું કર્મપણે પરિણમીને ભિન્ન ભિન્ન પ્રકૃતિવાળા બનવું તે બધુંય મોહનીય પ્રકૃતિને લઇને જ છે. તે જ્યારે મોહનીય પ્રકૃતિનો સર્વથા ક્ષય થઈ જાય છે ત્યારે બીજા બધાય કર્મોની પ્રકૃતિઓ ક્ષય થઇ જાય છે અને નવીન બનતી નથી તેથી આત્મા સંપૂર્ણ કર્મથી મુકાઇને અશરીરી બને છે. પછી તે સિદ્ધ ભગવાન તરીકે ઓળખાય છે.

અનાદિ સંસારનું મૂળ રાગ-દ્વેષ બંને મોહનીય કર્મના જ અંશો ( પ્રકૃતિઓ ) છે. એમ તો મોહનીય કર્મના અઠાવીશ અંશો છે અને તે દર્શનમોહ તથા ચારિત્રમોહરૂપ મુખ્ય બે

અંશોના જ વિભાગો છે, છતાં તે બધાયનો રાગ–દ્વેષમાં સમાવેશ થઈ જાય છે. દર્શનમોહ આત્માની નિર્મળ જ્ઞાનદૃષ્ટિને ઝાંખી બનાવી દે છે જેથી આંખે ઝાંખું ભાળનાર માણસ જેમ કૂતરાને બકરું અને ગાયને ગધેડું વિપરીત જુએ છે તેમ દર્શનમોહના આવરણવાળો વસ્તુને અવસ્તુ અને અવસ્તુને વસ્તુ, દેહને આત્મા અને દુઃખને સુખ જાણતો હોવાથી તે અજ્ઞાની કહેવાય છે. ચારિત્રમોહથી અવળી પ્રવૃત્તિ આદરીને પણ આનંદ માને છે. તાત્પર્ય કે દર્શનમોહથી ખોટું જાણે છે, સમજે છે અને શ્રદ્ધે છે, ચારિત્ર મોહથી ખોટું આદરે છે, ખોટું મેળવીને ખોટી ખુશી મનાવે છે. દર્શનમોહ આત્માના સાચા જ્ઞાનને વિપરીત બનાવે છે અને ચારિત્રમોહ સાચી આચરણાને વિપરીત બનાવે છે. આખું ય મોહનીય કર્મ અજ્ઞાનમૂલક હોવાથી તેના કાર્યરૂપ સુખ–શાંતિ--આનંદ આદિ અજ્ઞાનસ્વરૂપ છે તેથી તે સર્વથા અગ્રાહ્ય છે કારણ કે તે અતાત્ત્વિક છે. મોહના અઠાવીશ અંશો( પ્રકૃતિઓ )ના ઓળા આત્મામાં પડે છે, તેથી બધાયનો અનુભવ સકર્મક આત્માને થાય છે અર્થાત્ બધાય વિકારોને આત્મા પોતાના માને છે. હર્ષ, શોક, આનંદ, શાંતિ, સુખ, ઉદ્વેગ, ચિંતા, હાસ્ય, ભય, ક્રોધ, માન, ઉન્માદ આદિ વિકારોને આપણે આત્મામાં જોઈ શકીએ છીએ. સ્નેહ, શત્રુતા તથા મિત્રતા આદિ વિકૃતિઓ પણ મોહની જ છે. મોહકર્મપણે પરિણમેલા પુદ્ગલ સ્કંધોના જ વિકારો છે. બાહ્ય નિમિત્ત મળતાં હર્ષના પુદ્ગલો શોકપણે અને શોકના હર્ષપણે, રાગના દ્વેષપણે અને દ્વેષના રાગપણે પરિણમે છે. આ પ્રમાણે દર્શનમોહમૂલક બધીય વિકૃતિ-

ઓ થાય છે. અર્થાત્ અઠાવીશ અંશો મોહની વિકૃતિઓ છે કે જેને પ્રકૃતિઓના સંકેતથી ઓળખવામાં આવે છે. મૂળ પ્રકૃતિ મોહ છે અને ઉત્તરપ્રકૃતિ ( મૂળ પ્રકૃતિના જ વિકારો ) દર્શનમોહ, કષાય તથા નોકષાયરૂપ અઠ્યાવીશ છે. મૂળ પ્રકૃતિ મોહ કાયમ રહેવા છતાં પણ ઉત્તર પ્રકૃત્તિઓમાં ક્ષય, ઉપશમ તથા ક્ષયોપશમ થાય છે. મોહમાં થવાવાળી વિકૃતિઓમાંથી જેટલી વિકૃતિઓની ઉત્પત્તિ સર્વથા નષ્ટ થઈ ગઇ હોય તેટલી પ્રકૃતિઓનો ક્ષય થયો કહેવાય છે અને પ્રગટ અથવા અપ્રકટ જેટલી વિકૃતિઓ જેટલા સમય માટે થતી નથી અર્થાત્ પ્રકૃતિનો ઉદય અટકી જાય છે તેને ઉપશમ કહેવામાં આવે છે અને જે વિકૃતિ પ્રગટ( વિપાક ઉદય)પણે અમુક કાળ સુધી ન થાય પણ અપ્રગટ( પ્રદેશ ઉદય )પણે થયા કરતી હોય તેને ક્ષયોપશમ કહેવામાં આવે છે. તાત્પર્ય કે--ઉપશમ તથા ક્ષયોપશમમાં વિપાક ઉદયનો ક્ષય તો સરખો જ છે. પ્રગટપણે વિકૃતિ થતી નથી પણ અપ્રગટ ( પ્રદેશ ઉદય)-પણે વિકૃતિ થતી હોય તે ક્ષયોપશમ અને પ્રદેશ ઉદય થતો અટકી જાય તે ઉપશમ કહેવાય છે. આ ક્ષય, ઉપશમ તથા ક્ષયોપશમ મોહની ભિન્ન ભિન્ન પ્રકૃતિઓનો થાય છે છતાં તે મોહનો કહેવાય છે. જો કે આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ અવિકૃત સ્વરૂપ શુદ્ધ પ્રકૃતિનું આવારક( ઢાંકવાવાળું) સામાન્યપણે મોહનીય કહેવાય છે છતાં તે મોહની ભિન્ન ભિન્ન પ્રકૃતિઓથી અવરાય( ઢંકાય ) છે જ્યારે જે જે વિકૃતિ સ્વરૂપ પ્રકૃતિ સર્વથા ક્ષય થાય છે ત્યારે તે તે પ્રકૃતિથી ટંકાયેલો આત્માનો ગુણ પ્રગટ થાય છે પણ વિકૃતિ સર્વથા નષ્ટ ન થતાં--

ક્ષય ન થતાં અમુક ટાઈમ સુધી થતી અટકી જાય છે–ઉપશમી જાય છે ત્યારે આત્માનો ગુણ કાંઈક પ્રગટે છે અને કાળ પૂરો થતાં પાછી થવા માંડે છે. પ્રકૃતિનો ઉદય થાય છે ત્યારે તે ગુણ પાછો ઢંકાઇ જાય છે. તેને ઉપશમ કહેવામાં આવે છે. જેમકે કોઇ માણસને અનેક વિકૃતિવાળો રોગ થાય છે ત્યારે તેની ખાવું–પીવું, બોલવું, ચાલવું, વાંચવું, વિચારવું આદિ શકિતઓ ઢંકાઇ જવાથી કાંઈપણ કરી શકતો નથી. પથારીવશ થઇ જાય છે. પછી જ્યારે તેની ઝાડા, ઉલટી, તાવ, ખાંશી આદિ વિકૃતિઓમાંથી જે જે વિકૃતિ નષ્ટ થાય છે ત્યારે તે તે વિકૃતિથી દબાયેલી શક્તિ પ્રગટ થવાથી તે શકિત સાધ્ય કાર્ય કરી શકે છે. ઝાડા બંધ થવાથી શાંતિથી બેસી શકે છે, તાવ કે ખાંશી ન હોવાથી વાતચીત કરી શકે છે, કાંઇક હરીફરી શકે છે. વિકાર સર્વથા નષ્ટ ન થતાં દબાઇ જાય તો જ્યાંસુધી તે દબાયેલો રહે ત્યાંસુધી તે કાંઈક કરી શકે પણ વિકાર પ્રગટ થાય એટલે હતો તેવો થઈ જાય છે. જેમકે તાવ ખૂબ આવ્યો હોય તો તે પથારીવશ થાય છે અને બેશુદ્ધ જેવો પણ થાય છે પરંતુ તાવ ઉતરી જાય એટલે હરે છે, ફરે છે અને શુદ્ધિ મેળવે છે. પણ પાછો તાવ ચડતાં પથારીવશ થાય છે. બધાય વિકારો નષ્ટ થઈ જાય, એક પણ ન રહે ત્યારે જ તે માણસ નિરોગી થયો કહેવાય. પણ જ્યાંસુધી એક પણ વિકૃતિ રહે ત્યાંસુધી માણસ રોગી હોવાથી નિરોગીપણાનું કાર્ય કરી શકતો નથી. આવી જ રીતે મોહની બધીય વિકૃતિ નષ્ટ થવા છતાં પણ એક જ લોભરૂપ પ્રકૃતિ રહે ત્યાંસુધી મોહમુકત આત્મા ન થવાથી કેવળજ્ઞાન

ગુણ ઢંકાયેલો જ રહે છે, તેથી આત્મા સંપૂર્ણ વિકાસ મેળવી શકતો નથી; કારણ કે પુદ્ગલ સ્કંધોમાં રહેલો મૂળ પ્રકૃતિરૂપ મોહનીય કર્મનો પરિણામ નષ્ટ થયો નથી. પુદ્ગલ પરમાણુ-ઓના સમુદાયરૂપ સ્કંધોના બનેલા હોવાથી કર્મ માત્ર વિકૃતિ-સ્વરૂપ છે અને તેથી તેમાં પ્રત્યેક ક્ષણે નવા પરમાણુસ્કંધોનું ભળવું અને જૂનાનું વિછડવું થયા જ કરે છે. નિરંતર એક પ્રકૃતિવાળાં રહેતાં નથી. ભિન્ન ભિન્ન વર્ણ, ગંધ, રસ, સ્પર્શ તથા આકૃતિવાળાં બનવાથી વિકૃતિ ભાવને પામે છે. એમ તો પૂરાવું તથા ગળવું પુદ્ગલોની સ્વતંત્ર પ્રકૃતિ છે અને તે પ્રમાણે પુદ્ગલ માત્રમાં સ્વભાવથી થયા જ કરે છે છતાં, તે બધાય પુદ્ગલ સ્કંધો કર્મ કહેવાતાં નથી. પણ સામાન્યપણે સ્કંધ, દેશ, પ્રદેશ તથા પરમાણુ તરીકે ઓળખાય છે. તેમાંથી જ્યારે સકર્મક આત્મા કર્મ બનવા લાયક સ્કંધોને પ્રાચીન કર્મદ્વારા ગ્રહણ કરે છે ત્યારે જ તે કર્મપરિણામને પામીને આત્માના ગુણોને ઢાંકી શકે છે. પણ આત્માએ ગ્રહણ કર્યા સિવાય આત્મસંબદ્ધ કર્મ બનવા લાયક પુદ્ગલ સ્કંધો આત્માને અનુગ્રહ કે ઉપઘાત કરી શકતા નથી. તાત્પર્ય કે—સ્વતંત્રપણે આત્માની સાથે સંબંધ ધરાવનારાં પુદ્ગલ સ્કંધો--પછી તે કર્મપણે પરિણમીને કર્મનું કાર્ય કેમ ન કરી શકતાં હોય--આત્માના ગુણોને આવરી શકે નહિ. અર્થાત્ કર્મ બનવા લાયક પુદ્ગલ સ્કંધો( કાર્મણવર્ગણા ) લોકમાં વ્યાપ્ત થઇને રહેલા છે; કારણ કે અંજનથી ભરેલા ડાબડાની જેમ ચૌદ રાજલોક જીવોથી ભરેલો છે, જ્યાં સિદ્ધાત્મા--શુદ્ધાત્મા જીવોની સ્થિતિ છે ત્યાં પણ સૂક્ષ્મ નિગોદ જીવો વ્યાપીને રહેલા છે. સકર્મક જીવમાત્ર

પ્રત્યેક સમયે સાત કર્મ બાંધે છે એટલે કર્મ બનવા યોગ્ય સ્કંધો (કાર્મણવર્ગણા) પણ ત્યાં હોય જ છે, તેથી સિદ્ધાત્માના પ્રદેશોને કાર્મણવર્ગણા સ્પર્શીને રહેલી હોવા છતાં પણ સિદ્ધો શુદ્ધાત્મા નિષ્કર્મ હોવાથી તેને ગ્રહણ કરીને કર્મપણે પરિ-ણમાવી શકતા નથી એટલે તેને અપનાવી શકતા નથી; તેથી તે કર્મપણે ન પરિણમવાથી આત્મપ્રદેશોને આવરવાને અસમર્થ હોય છે. પણ તેને જ્યારે સકર્મક આત્મા અપનાવે છે ત્યારે જ તે આત્માના પ્રદેશો સાથે જોડાઇને ગુણોના ઘાતક બની શકે છે. જેમ માણસ પૈસાથી પૈસો કમાઇ ભોકતા બની શકે છે તેમ આત્મા કર્મથી કર્મ મેળવીને તેનો ભોકતા બને છે. કર્મનું ભોકતા બનવું એટલે સ્વશક્તિહીન બનીને પર--પૌદ્ગલિક શક્તિથી પરતંત્રપણે પોતાનો નિર્વાહ કરવો, પર-વસ્તુથી પોતાની હયાતી ટકાવી રાખી ઓળખાણ કરાવવી. પૈસા વગરનો માણસ પૈસા મેળવી શકે નહિ પણ શ્રીમંતો તથા ધન સંપત્તિના સંસર્ગમાં આવીને તે બધાયનો જ્ઞાતા બની શકે છે તોય તે ધન પોતાનું ન હોવાથી તેને વાપરીને તેનું ફળ પોતે મેળવી શકતો નથી, તેવી જ રીતે નિષ્કર્મ આત્મા સકર્મક આત્માઓ તથા કર્મ અને કર્મ બનવા લાયક પુદ્ગલ સ્કંધોના સંસર્ગમાં આવીને તેનો જ્ઞાતા બની શકે છે પણ કર્મનો ભોકતા બની શકતો નથી, કારણ કે કર્મ રહિત હોવાથી કર્મ મેળવી શકે નહિ તેથી તેનો ભોકતા પણ બની શકે નહિ. અર્થાત્ નિષ્કર્મ આત્મા જ્ઞાતાપણે પુદ્ગલ માત્રની સાથે સંબંધ ધરાવે છે, પણ ભોક્તાપણે સંબંધ ધરાવતો નથી; કારણ કે પુદ્ગલ સ્કંધો ગ્રહણ કરીને કર્મપણે પરિણમવાના સાધનભૂત

કર્મોથી મુક્ત હોય છે. અને તેથી જ તે પોતાના જ્ઞાતૃત્વ સ્વભાવથી જ્ઞેય માત્રનો જ્ઞાતા બની શકે પણ ભોકતા થઈ શકે નહિ. સંસારની વસ્તુમાત્રને જાણવાને આત્મા સ્વતંત્ર છે. કર્મ સિવાય કોઈપણ રોકી શકતું નથી, અર્થાત્ આત્મા પોતાની જ્ઞાનશકિતથી વસ્તુ માત્રનો સ્વતંત્રપણે જ્ઞાતા બની શકે છે અને કર્મના કાર્યરૂપ દેહાદિદ્વારા પરપૌદ્ગલિક શકિતથી પૌદ્ગલિક વસ્તુઓનો ભોકતા બને છે. જેમ માણસ પારકી ધન--સંપત્તિ, બાગબંગલા, સ્ત્રી આદિ વસ્તુઓને જાણુવાને માટે સ્વતંત્ર છે, તેના સ્વામીની પરવાનગી લેવાની જરૂરત પડતી નથી, પણ તે વસ્તુઓ ભોગવવામાં પરતંત્ર છે, સ્વામીની રજા સિવાય વાપરી શકે નહિ તેવી જ રીતે આત્મા પણ પૌદ્ગલિક વસ્તુ જાણુવાને સ્વતંત્ર છે, પણ ભોગવવાને પરતંત્ર છે. પુન્ય કર્મની સહાયતાથી દેહદ્વારા ભોગવી શકે છે.

સકર્મક આત્મા પૂર્વસંચિત કર્મદ્વારા નવાં પુદ્ગલ સ્કંધો ભેગાં કરીને તેને પુષ્ટ બનાવે છે. અર્થાત્ જૂનાની સાથે નવાં ભેળવતો જાય છે તેથી તે ખાલી થતાં નથી પણ કાયમ બન્યાં કરે છે. જેમ માણુસ તીજોરીમાંથી પૈસા કાઢીને વાપરે છે અને વ્યાપાર પણ કરે છે. વાપરવાથી પૈસા ઓછા થાય છે પણ વ્યાપાર સારી રીતે ચાલતો હોવાથી વાપરવામાં જેટલા ઓછા થાય છે તેનાંથી અનેકગણુાની આવક હોવાથી તીજોરી ખાલી થતી નથી, સારી રીતે ભરેલી રહે છે તેમ સત્તાની તીજોરીમાંથી કર્મો ખરચાય છે--ભોગવાય છે; પણ સાથે ને સાથે ધંધો ધમ-ધોકાર ચાલવાથી પુષ્કળ કર્મોની આવકને લઈને સત્તાની તીજોરી ખાલી થતી નથી. સંસારમાં કર્મ સિવાય પૌદ્ગલિક વસ્તુ-

માત્રનો દેહની સાથે સંબંધ છે પણ આત્માની સાથે નથી. આત્માની સાથે કર્મનો સંબંધ અનાદિથી છે. કર્મ તથા અન્ય પૌદ્ગલિક વસ્તુઓનો પરસ્પર કાર્ય--કારણભાવ સંબંધ છે. કર્મથી પૌદ્ગલિક વસ્તુઓનો ભોગ અને પૌદ્ગલિક ભોગથી કર્મની પરંપરાનો અનાદિ પ્રવાહ ચાલ્યો આવે છે તેથી પ્રવાહનું મૂળ નથી. તાત્પર્ય કે–કર્મથી શરીર અને શરીરથી કર્મ. જેમ વૃક્ષનું કારણ બીજ અને બીજનું કારણ વૃક્ષ બને છે તેમ કર્મનું કારણ શરીર અને શરીરનું કારણ કર્મ બને છે. વૃક્ષનું શરીર હોય છે અને તેનાથી થવાવાળાં બીજમાં તેનો અંશ હોવાથી તે પણ શરીર છે. બીજ કારણ શરીર અને વૃક્ષ કાર્ય શરીર કહેવાય છે. તેમ ઔદારિક શરીર આદિથી થવાવાળાં કર્મ પણ શરીર કહેવાય છે અને તેને કારણ શરીર કહેવામાં આવે છે; કારણ કે તે સંસારનું મૂળ છે.

## 'અક્ષર–અનક્ષર મીમાંસા'

## (૨૫)

(ન ખરે, ન ખસે, ન નાશ પામે તે અક્ષર અને ખરી પડે, ખસી જાય, નાશ પામે તે ક્ષર કહેવાય છે.) જગતની કોઈ પણ વસ્તુ પોતાનાથી વિપરીત સ્વભાવવાળી વસ્તુની અપેક્ષા રાખ્યા વગર પોતાનું અસ્તિત્વ જાળવી શકતી નથી, અર્થાત્ પોતાની હયાતી રાખી શકતી નથી. વિવિધતા સિવાય જગત એકરૂપે હોઈ શકતું નથી. વિવિધતા ભિન્ન ભિન્ન સ્વભાવોને લઈને જ હોઈ શકે છે. સ્વભાવભેદ વસ્તુના ભેદનું પ્રધાન કારણ છે. વસ્તુ-

માત્રમાં ભાવ અક્ષરરૂપે રહે છે અને સ્વભાવ ક્ષરરૂપે રહે છે. ક્ષરની અપેક્ષાથી અક્ષર અને અક્ષરની અપેક્ષાથી ક્ષર કહેવાય છે, માટે જ જગતને સાપેક્ષ દૃષ્ટિથી જોવાથી તેનું સાચું સ્વરૂપ જણાય છે. બાહ્ય દૃષ્ટિથી જગતનું જે સ્વરૂપ જણાય છે તે અંતર્દૃષ્ટિથી ભિન્ન પ્રકારનું છે. જો કે બાહ્ય જગત તથા અંતર્જગત બીજ તથા અંકુરની જેમ નામ તથા સ્વરૂપમાં ભેદ રાખે છે છતાં તે પ્રકૃતિ તથા વિકૃતિસ્વરૂપ એક જ વસ્તુના અંશો છે. એટલે એકને છોડીને બીજું રહી શકતું નથી, પણ મુખ્ય તથા ગૌણપણે રહે છે. જ્યારે પ્રકૃતિને પ્રધાનતા આપવામાં આવે છે ત્યારે વિકૃતિ ગૌણપણે અને વિકૃતિની પ્રધાનતામાં પ્રકૃતિ ગૌણ રહે છે. અને તેથી કરીને જ અક્ષર તથા ક્ષર એક જ વસ્તુના બે અંશો છે. જે ક્ષર છે તે જ અક્ષર છે અને જે અક્ષર છે તે જ ક્ષર છે, પણ બંને એક બીજાથી સર્વથા ભિન્ન વસ્તુ નથી. દેખીતી રીતે ભિન્ન સ્વભાવવાળા હોવા છતાં પણ ક્ષર તથા અક્ષર એક જ વસ્તુના ધર્મો છે. જો કે સામાન્ય બુદ્ધિથી વિચાર કરતાં એમ સમજાય છે કે–જે ક્ષર હોય તે અક્ષર કેવી રીતે હોઈ શકે અને જે અક્ષર હોય તે ક્ષર કેવી રીતે હોઈ શકે? પણ જ્યારે વસ્તુસ્થિતિનો વિચાર કરીએ છીએ ત્યારે સર્વથા ભિન્નતા બંનેમાં ઘટી શકતી નથી. બંનેને સર્વથા જુદા પાડીએ તો દેખાતું જગત હોઈ શકે જ નહિં, શૂન્યતા જ હોવી જોઇએ; પણ વિવિધ પ્રકારના ભાવોથી ભરેલા દૃષ્ટિગોચર થતા જગતને શૂન્ય કેવી રીતે કહેવાય? માટે જ પ્રત્યેક વસ્તુમાં ભિન્ન સ્વભાવને ધારણ કરવાવાળા અનેક ધર્મો રહેલા છે એમ માનવું જ પડે છે.

સંસારની વસ્તુમાત્રમાં સત્તા રહેલી છે, સત્તાશૂન્ય કોઇ પણ વસ્તુ નથી. જેને અસત્ કહેવામાં આવે છે તેમાં પણ સત્તા તો હોય જ છે. અસત્ વસ્તુની સિદ્ધિમાં સસલાના શિંગડાને કે આકાશકુસુમને ઉદાહરણ તરીકે વાપરવામાં આવે છે, તે પણ સત્સ્વરૂપે જ હોય છે. જેની સત્તા નથી એવી કોઈ પણ વસ્તુ જ નથી. માટીના પિંડમાં ઘડાના અભાવને પ્રાગ્ભાવ માનવામાં આવે છે તે સત્સ્વરૂપ હોય છે. ઘડો ભાંગી ગયા પછી પ્રધ્વંસાભાવ કહેવાય છે તે પણ સત્સ્વરૂપ છે, ઘટમાં વસ્ત્રનો અને વસ્ત્રમાં ઘટનો જે અભાવ કહેવાય છે તે પણ સત્તાશૂન્ય તો નથી જ. ત્રણે કાળમાં અભાવ કે જેને અત્યંતાભાવ કહેવામાં આવે છે તે અસંભવિત છે; કારણ કે સત્તાશૂન્ય અસત્ જેવી કોઈ વસ્તુ જ નથી. નિરપેક્ષ અસત્‌ને સત્ અને સત્‌ને અસત્ કહી શકાય નહિ. જે વસ્તુને અસત્ કહેવામાં આવે છે તે પરસ્વરૂપથી હોઇ શકે છે પણ સ્વસ્વરૂપથી તો તે સત્ જ હોય છે. માટીનો પિંડ અને ત્યારપછીની સ્થાસ–કોશ–કુશૂલ–કપાલ તથા ઘટ આદિ અવસ્થાઓમાં સત્ કાયમ રહે છે. ક્રમથી થવાવાળી દરેક અવસ્થાઓ સત્તાશૂન્ય હોતી નથી, દરેક અવસ્થામાં અસ્તિ–છે શબ્દ વપરાય છે. જેમકે–પિંડ છે, સ્થાસ છે, એવી જ રીતે ઘટ છે એમ કહેવાશે પણ નથી--એમ નહિં કહેવાય. અને જ્યાં નથી એમ કહેવાય છે ત્યાં પૂર્વની અથવા પછીની અવસ્થાની, અથવા તો બીજી કોઈ ભિન્ન વસ્તુની અવસ્થાની અપેક્ષા રાખીને કહેવામાં આવે છે. જેમકે--કપાલ, પિંડ નથી, ઘડો નથી; પણ કપાલ છે. તેમ જ ઘડો વસ્ત્ર નથી અને વસ્ત્ર

ઘડો નથી; પણ ઘડો, ઘડો છે અને વસ્ત્ર વસ્ત્ર છે. આવી જ રીતે વસ્તુમાત્રમાં સત્તા રહેલી છે, સત્તા વગરની વસ્તુ તે અવસ્તુ છે.

સત્તા ત્રણે કાળમાં રહેવાવાળી છે, ગમે તેટલી અવસ્થાઓ બદલાય તોયે સત્તા કાયમ રહે છે, છતાં તે ઉત્પત્તિ તથા વિનાશવાળી છે. જો એમ માનવામાં ન આવે તો જગત્ એક સ્વરૂપવાળું થઇ જાય અને તેમ થાય તો પછી અનેકરૂપે દેખાતા જગત જેવું કશુંય હોઇ શકે જ નહિ, તેથી શૂન્યવાદનો પ્રસંગ ઉપસ્થિત થાય માટે જ માનવું પડે છે કે-ઉત્પત્તિ તથા વિનાશ સત્તાના જ અંશો છે અને તેમ હોવાથી જ ઉત્પત્તિ, વિનાશ તથા સ્થિરતા આ ત્રણ સ્વભાવસ્વરૂપ સત્ ( સત્તા ) કહેવાય છે, ઉત્પત્તિ આદિ ત્રણે સ્વભાવ સ્વતંત્રપણે ( અનુપચારિક ) સત્‌માં સાથે જ રહે છે. આ ત્રણમાંથી એક પણ ન હોય તો સત્ જેવું કાંઇપણ હોઈ શકતું જ નથી.

જે સત્ છે તે દ્રવ્યના નામથી ઓળખાય છે, અર્થાત્ જે સત્ છે તે જ દ્રવ્ય છે અને તેમાં જ ઉત્પત્તિ, વિનાશ તથા સ્થિરતા આ ત્રણે અંશો રહેલા છે. આ ત્રણ સ્વભાવરૂપ અંશોવાળું દ્રવ્ય છે. ઉત્પત્તિ તથા વિનાશરૂપ અંશો--પર્યાય તરીકે ઓળખાય છે અને સ્થિર અંશોને દ્રવ્ય કહેવામાં આવે છે, કે જેનો અક્ષર પણ સંકેત રાખવામાં આવ્યો છે. અર્થાત્ વસ્તુમાં સ્થિર અંશરૂપી દ્રવ્ય તે અક્ષર અને ઉત્પત્તિ વિનાશ અંશત્વ પર્યાય તે ક્ષરના સંકેતને ધારણ કરે છે; માટે વસ્તુમાત્ર અક્ષર તથા ક્ષરસ્વરૂપ છે. જો કે પ્રત્યેક ક્ષણે ઉત્પત્તિ તથા વિનાશ દરેક વસ્તુમાં થયા કરે છે તો પણ ત્યાં સ્થિરતાનો અંશ કે જેને દ્રવ્ય કહેવામાં આવે છે તે પણ ત્યાં રહે જ છે,

અને તેથી ઉત્પત્તિ--વિનાશના કોઈપણ ક્ષણમાં વસ્તુ ( દ્રવ્ય ) માનવી જ પડે છે. તાત્પર્ય કે--દ્રવ્ય સિવાય નિર્મૂળ ઉત્પત્તિ, વિનાશ હોઈ શકે જ નહિ. જે ક્ષણે ઉત્પત્તિ અથવા તો વિનાશ થાય છે તે ક્ષણે કોની ઉત્પત્તિ તથા વિનાશ થયો ? એમ પૂછવામાં આવે તો કહેવું પડશે કે અમુક વસ્તુ-( દ્રવ્ય )નો અને એટલા માટે જ અવસ્થા--પર્યાય બદલાય છે, પણ અવસ્થાવાળું દ્રવ્ય તો કાયમ રહે છે. જે પર્યાય બદલાય છે તે કોઇ ને કોઇ વસ્તુ( દ્રવ્ય )ના નામથી ઓળખાય છે. તેથી દ્રવ્ય મૂળ--પ્રકૃતિ છે અને પર્યાય વિકૃતિ છે અને તેથી જ વિકૃતિ સ્વરૂપ પર્યાયનું મૂળ પ્રકૃતિસ્વરૂપ દ્રવ્ય છે, એટલે જ પર્યાયથી ભિન્ન દ્રવ્ય નથી અને દ્રવ્યથી ભિન્ન પર્યાય નથી. દ્રવ્યને છોડીને સર્વથા ભિન્ન પર્યાય રહી શકતા જ નથી. જ્યાં પર્યાય રહે છે તેને દ્રવ્ય કહેવામાં આવે છે. કોઇ પણ અવસ્થાસ્વરૂપ પર્યાય કોઇ ને કોઇ દ્રવ્યના નામથી જ ઓળખાશે પણ અમુક અમુક અવસ્થા--પર્યાય દ્રવ્ય ( વસ્તુ ) નથી એમ નહિં કહેવાય પણ અમુક વસ્તુની આ અવસ્થા છે એમ કહેવાય છે તેમજ અમુક વસ્તુ ( દ્રવ્ય ) અવસ્થા--પર્યાય નથી એમ પણ નહિં કહેવાય; કારણ કે કોઈ પણ ક્ષણે કોઇ પણ વસ્તુ જોઇશું તો તે કોઇ પણ અવસ્થા( પર્યાય )રૂપે જ જણાશે કે જેને આપણે કાર્યને અનુસરીને કોઈપણ વસ્તુ( દ્રવ્ય )ના નામથી ઓળખીશું, માટે જ જે દ્રવ્ય છે તે પર્યાય છે અને જે પર્યાય છે તે દ્રવ્ય છે પણ બંને સર્વથા ભિન્ન નથી, માત્ર કાર્યકારણ ભાવની અપેક્ષાથી ભિન્ન છે, દ્રવ્ય કારણ છે અને પર્યાય કાર્ય છે, બાકી તો દ્રવ્ય તથા પર્યાયનું એક જ અધિ-

કરણ(આધાર) હોવાથી અભિન્ન છે અને તેથી જે અક્ષર છે તે ક્ષર છે અને જે ક્ષર છે તે અક્ષર છે. વસ્તુમાત્ર ક્ષર છે અને અક્ષર પણ છે.

અનેક પર્યાયોનો સમૂહ તે દ્રવ્ય અથવા તો અનેક પર્યાયોનો આધાર દ્રવ્ય કહેવાય છે. અનેક પર્યાયો દ્રવ્યશૂન્ય રહી શકતા નથી માટે જેટલા પર્યાયો હોય છે, દ્રવ્ય પણ તેટલાં જ હોય છે; અર્થાત્ અનેક પર્યાયો અનેક દ્રવ્યના નામથી ઓળખાય છે અને તેથી પર્યાયભેદે દ્રવ્યનો ભેદ પડે છે. જેમકે અનેક તાંતણા તે અનેક તંતુ દ્રવ્ય છે અને અનેક તાંતણાના સમૂહરૂપ પટ--વસ્ત્ર તે એક દ્રવ્ય છે. તાંતણાઓ તંતુરૂપ દ્રવ્ય કહેવાય છે અને આતાન--વિતાન (તાણા-વાણા)ની ક્રિયાથી સમૂહરૂપે એકત્રિત થયેલા તંતુ પટ દ્રવ્ય કહેવાય છે, માટે જ તંતુમાં પટ રહે છે અને પટમાં તંતુ રહે છે, તંતુની અપેક્ષાએ પટ પર્યાય છે અને તંતુ દ્રવ્ય છે ત્યારે પટની અપેક્ષાએ તંતુ પર્યાય છે અને પટ દ્રવ્ય છે. નિરાધાર કોઇપણ પર્યાય હોઈ શકે જ નહિં અને તેથી જ દ્રવ્ય આધાર છે અને પર્યાય આધેય છે. પ્રત્યેક ક્ષણે બદલાઇને અનેક સ્વરૂપ ધારણ કરવાવાળા પર્યાયો ભિન્ન--ભિન્ન દ્રવ્યોના નામથી ઓળખાય છે; કારણ કે તે સર્વ પર્યાયો ભાવસ્વરૂપ છે અને જે ભાવ છે તે જ સત્ છે કે જેને દ્રવ્ય કહેવામાં આવે છે. વૃદ્ધ, સ્ત્રી, જોગી આદિ અનેક અવસ્થાને ધારણ કરનાર બહુરૂપી એક વ્યક્તિ હોઇને ભિન્ન ભિન્ન રૂપોની અવસ્થાથી ભિન્ન ભિન્ન વ્યક્તિ તરીકે ઓળખાય છે, ધારણ કરેલી અવસ્થાવાળી વ્યક્તિના સંકેત ધારણ કરે છે, માત્ર અવસ્થાથી કોઈ ઓળખતું નથી.

કોટ પાટલૂન અંગરખું ખમીસ ટોપી આદિ અનેક અવસ્થાને ધારણ કરનાર વસ્ત્ર ધારણ કરેલી ભિન્ન ભિન્ન અવસ્થાના આધારભૂત કોટ, અંગરખું આદિ વસ્તુ(દ્રવ્ય)ના નામથી ઓળખાય છે પણ તાંતણા કે વસ્ત્રના નામથી ઓળખાતું નથી. આધારભૂત મૂળ દ્રવ્ય એક હોવા છતાં પણ પર્યાયદૃષ્ટિથી તે અનેક દ્રવ્યરૂપે જણાય છે. ભિન્ન ભિન્ન પર્યાયોમાં અર્થક્રિયાના ભેદને લઈને ભિન્ન ભિન્ન દ્રવ્યોના સંકેતથી ઓળખવામાં આવે છે.

માનવ જગત દુનિયાને પર્યાયની દૃષ્ટિથી જોતું નથી પણ વસ્તુ( દ્રવ્ય )તરીકે ઓળખે છે. સ્થૂલ દૃષ્ટિથી એક જ વસ્તુથી બનેલી અનેક વસ્તુઓને સર્વથા ભિન્ન ભિન્ન વસ્તુ તરીકે માને છે; કારણ કે એક જ દ્રવ્યની બનેલી અનેક વસ્તુઓ ભિન્ન ભિન્ન અનેક કાર્યોમાં વપરાય છે. એક વસ્તુમાંથી બનેલી પાંચ વસ્તુઓ પરસ્પર એક બીજાનું કામ કરી શકતી નથી. જેમકે–માટીરૂપ એક જ દ્રવ્યમાંથી બનેલા ઇંટ–નળીયું–ઘડો–તાવડી–ગોળો આદિ વસ્તુઓ ભિન્ન ભિન્ન કામોમાં ઉપયોગી થતી હોવાથી ભિન્ન ભિન્ન વસ્તુ માનવામાં આવે છે. ભીંતો ચણવામાં ઇંટો કામ આવે છે અને છાપરું ઢાંકવામાં નળીયાં કામ આવે છે. પાણી ભરવામાં ઘડો કામ આવે છે અને રોટલા શેકવામાં તાવડી કામ આવે છે, પણ ઇંટોથી છાપરું ઢંકાય નહિં અને નળીયાથી ભીંતો ચણાય નહિં. ઘડાથી રોટલા શેકાય નહિં અને તાવડીથી પાણી ભરાય નહિં. આ પ્રમાણે એક જ દ્રવ્યના ભિન્ન ભિન્ન પર્યાયો ભિન્ન ભિન્ન અર્થક્રિયા કરતા હોવાથી ભિન્ન ભિન્ન વસ્તુ( દ્રવ્ય )તરીકે દુનિયા ઓળખે છે.

વસ્તુમાત્રમાં જે અનંત ધર્મ કહેલા છે તે પર્યાયોની અપેક્ષાથી જ છે, એક જ પર્યાય બે ક્ષણ સ્થિર રહી શકે નહિ. દરેક ક્ષણે બદલાયા કરે છે. દ્રવ્ય સ્થિર રહે છે; કારણ કે દ્રવ્ય પોતે આધાર હોવાથી પરિવર્તનશીલ નથી, પણ પર્યાય બદલાય છે અર્થાત્ અવસ્થા બદલાય છે પણ અવસ્થાવાળો બદલાતો નથી પણ અવસ્થાવાળું દ્રવ્ય ભિન્ન સંકેતને ધારણ કરે છે; કારણ કે ભિન્ન અવસ્થાની ક્રિયા પણ ભિન્ન થાય છે, તેથી દ્રવ્યનો સંકેત પણ બદલાઈ જાય છે. મૂળ વસ્તુ હોય કે અવસ્થાંતરને પ્રાપ્ત થયેલી વસ્તુ હોય, દરેકમાં અનંત ધર્મ રહે છે, અનંત ધર્મના આધારભૂત ધર્મી પણ અનંતા છે, અને તે મુખ્ય ધર્મીમાં ગૌણપણે રહે છે. તોયે કેટલાક મુખ્ય ધર્મીનો સંકેત બદલાતો નથી. જ્યાં સુધી મુખ્ય ધર્મીની અવસ્થા સર્વથા પરિણામાંતર થતી નથી ત્યાં સુધી અનેક પર્યાયોનું પરિવર્તન થઇને ભિન્ન પર્યાયો( વસ્તુ ) થવા છતાં પણ મુખ્ય વસ્તુના સંકેતપૂર્વક જ ભિન્ન સંકેતરૂપે ઓળખાશે. જેમકે–એક હજાર તાંતણાના વસ્ત્રમાંથી એક તાંતણો નિકળી જાય તો તે અવસ્થાંતરને પ્રાપ્ત થાય છે અને તેના આધારભૂત અવસ્થાવાળું દ્રવ્ય પણ ભિન્ન અર્થક્રિયાને અનુસરીને ભિન્ન થાય છે, આ અર્થક્રિયાની ભિન્નતા દિગ્–દેશ–કાળની અપેક્ષાથી થાય છે કે જે ભાવની ભિન્નતાનું કારણ બને છે, અને તે સૂક્ષ્મ પરિણામ--પરિવર્તન સ્થૂળબુદ્ધિથી ગ્રાહ્ય થઇ શકતું નથી તેથી તે પૂર્વના વસ્ત્રના સંકેતથી ઓળખાય છે. અર્થાત્ વસ્ત્રનો સંકેત બદલાતો નથી. આવી જ રીતે બે--ત્રણ--ચાર આદિ તાંતણાઓ ન્યૂન થવા છતાં પણ તે વસ્ત્ર જ કહેવાય છે. છેવટે

તેના બે ટૂકડા કરવામાં આવે તોપણ તે વસ્ત્ર કહેવાય છે અથવા તો ગૌણ દ્રવ્યપણે રૂમાલ પણ કહેવાય છે. રૂમાલ જેટલા કાર્યોમાં વપરાય છે તે બધાય ધર્મો મુખ્યપણે રૂમાલના અને ગૌણપણે વસ્ત્રના કહેવાય છે. શરીર ઢાંકવામાં--પહેરવામાં-ઓઢવામાં વસ્ત્ર કામ આવે છે, રૂમાલ કામ આવતો નથી. અર્થાત્ રૂમાલનું કામ વસ્ત્ર કરે નહિં અને વસ્ત્રનું કામ રૂમાલ કરે નહિં, કારણ કે બંને ભિન્ન દ્રવ્યો છે. જ્યારે વસ્ત્રનો દરેક તાંતણો છૂટો પડી જાય છે ત્યારે તે મુખ્ય દ્રવ્ય વસ્ત્રનો સંકેત ધારણ ન કરતાં તાંતણા કહેવાય છે. વસ્ત્રપણામાં પહેલાંના તંતુઓ વસ્ત્રની અપેક્ષાથી દ્રવ્ય કહેવાય છે અને વસ્ત્ર પર્યાય કહેવાય છે અને પટમાંથી છૂટા પડેલા તાંતણા પર્યાય કહેવાય છે અને વસ્ત્ર દ્રવ્ય કહેવાય છે, અર્થાત્ વસ્ત્રની પૂર્વાવસ્થારૂપ તંતુ તે પરિણામી દ્રવ્ય અને પર અવસ્થાના તાંતણા તે પરિણામરૂપ દ્રવ્ય કહેવાય છે; પણ વસ્ત્ર બળીને ભસ્મ થાય છે ત્યારે અર્થાત્ વસ્ત્ર રાખોડીના રૂપમાં પરિણમે છે ત્યારે મુખ્ય કે ગૌણપણે વસ્ત્ર કહી શકાય નહિં પણ ભસ્મરૂપ દ્રવ્ય કહી શકાય અને તે વસ્ત્રના ધર્મોથી ભિન્ન અનેક ધર્મોના આધારભૂત હોય છે; કારણ કે તેની અર્થક્રિયા વસ્ત્રની ક્રિયાથી ભિન્ન હોય છે.

સંસાર, અચેતન તથા ચેતન સ્વરૂપ જીવ તથા અજીવ એમ બે દ્રવ્યના પરિણામસ્વરૂપ છે, અર્થાત્ તાત્ત્વિકદૃષ્ટિથી વિચાર કરીએ તો જીવ અને અજીવ એમ મૂળ દ્રવ્યો બે જ છે. જેટલી વિવિધતા તથા વિચિત્રતા જણાય છે તે બંને દ્રવ્યોના પરિણામરૂપ છે. પુદ્ગલસ્વરૂપ અચેતન અજીવ દ્રવ્યના પરિણામથી અથવા તો અરૂપી--ચેતનસ્વરૂપ જીવ દ્રવ્યની સાથે

થયેલા પુદ્ગલ દ્રવ્યના સંયોગી પરિણામથી અનેક ધર્મો આશ્રિત ધર્મોવાળી દુનિયા દૃષ્ટિગોચર થઇ રહી છે. દ્રવ્યોમાં સ્વતઃ તથા પરતઃ પરિણમન થાય છે, અરૂપી દ્રવ્યોમાં પરતઃ અને રૂપી દ્રવ્યોમાં સ્વતઃ પરિણમન હોય છે. સ્વતંત્રપણે શુદ્ધ જીવદ્રવ્ય અરૂપી અને અજીવદ્રવ્ય રૂપી તથા અરૂપી પણ છે. પુદ્ગલ સંયોગી જીવ તથા પુદ્ગલ રૂપી અજીવ દ્રવ્યની પ્રવૃત્તિ--નિવૃત્તિમાં ધર્મ, અધર્મ તથા આકાશ આ ત્રણ અજીવ દ્રવ્યો સહાયક તરીકે છે, અને તેથી પાંચ મૂળ દ્રવ્યો છે કે જેને લઇને પંચાસ્તિકાયમય લોક કહેવાય છે. ધર્માસ્તિકાયાદિ ત્રણ અરૂપી અજીવ દ્રવ્યમાં પરિણમન જીવ તથા પુદ્ગલના સંયોગથી થતું હોવાથી તે પરતઃ પરિણમન કહેવાય છે. અને પુદ્ગલ દ્રવ્યમાં અન્ય વિજાતીય દ્રવ્યના સંયોગ વગર પણ પરિણમન થાય છે માટે તે સ્વતઃ પરિણમન કહેવાય છે. અરૂપી જીવ દ્રવ્યમાં અન્ય રૂપી તથા અરૂપી દ્રવ્યના સંયોગથી પરિણમન થાય છે તેથી તે પણ પરતઃ પરિણમન છે. અવસ્થા માત્ર પરિણામ છે અને તે પર્યાયના નામથી ઓળખાય છે. પરિણામ જેના થાય છે તે પરિણામી કહેવાય છે કે જેને દ્રવ્ય પણ કહેવામાં આવે છે. અર્થાત્ પરિણામી તે દ્રવ્ય અને પરિણામ તે પર્યાય. આ બંને પરિણામી તથા પરિણામ ભિન્ન પણ છે અને અભિન્ન પણ છે. પરંતુ સર્વથા ભિન્ન નથી. જેમકે--દૂધનું પરિણામ દહીં, દહીંનું પરિણામ માખણ અને માખણનું પરિણામ ઘી. આ પ્રમાણે પરિણામની અપેક્ષાથી પરિણામી ભિન્ન છે; પણ પરિણામી દૂધની અપેક્ષાથી અભિન્ન છે. પરિણામ પરિણામીસ્વરૂપ છે અને એટલા માટે

જ જેટલા પરિણામ છે તેટલા ભિન્ન દ્રવ્યોના સંકેત છે. પરિણામી મૂલ દ્રવ્ય દૂધ તેના ઉત્તરોત્તર પરિણામ દ્રવ્ય, દહીં, માખણ અને ઘી કહેવાય છે. મૂળ પરિણામી દ્રવ્ય શુદ્ધ હોય છે અને અવાંતર પરિણામી દ્રવ્ય તથા પરિણામ સ્વરૂપ દ્રવ્ય અશુદ્ધ છે. જે દ્રવ્ય કોઈ પણ દ્રવ્યના પરિણામસ્વરૂપ ન હોય તે તાત્ત્વિક મૂળ પરિણામી દ્રવ્ય કહેવાય છે અને સર્વથા પરિણામાંતરને પામેલા પરિણામને અવાંતર પરિણામી દ્રવ્ય કહેવામાં આવે છે. અને જ્યાં સુધી જે દ્રવ્ય સર્વથા પરિણામાંતર પામે નહિં ત્યાં સુધીના પરિણામો પરિણામ દ્રવ્ય કહેવાય છે. મૂળ પરિણામી દ્રવ્ય તાત્ત્વિક અક્ષર છે અને અવાંતર પરિણામી દ્રવ્ય અતાત્ત્વિક અક્ષર છે અને જે પરિણામો (પર્યાયો) છે તે મૂળ દ્રવ્યના હોય કે અવાંતર દ્રવ્યના હોય તે ક્ષર કહેવાય છે. તાત્પર્ય કે પરિણામી અક્ષર છે અને પરિણામ ક્ષર છે.

